લીલી સુકી.

એક વારતા.

(અંગ્રેજી ઉપરથી.)

બનાવનાર—બહુમનજી નવરોજજી કાબરાજી.

પ્રકાશક:

ખુરશીદ એન્ડ કંપની.

ચોપડીઓ વેચનાર અને પ્રગટ કરનાર,

૬૯, ગનબાવ લેન, કોટ, મુંબઈ.

આવૃતિ પહેલી. ઈ. સ. ૧૯૨૫.

કીંમત રૂ. ૨॥.

આ પુસ્તક મી૦ અરદેશર ખરશેદજી દેશાઇએ કુમટા સ્ત્રીટ, કોટ, મુંબઇ
મધે આવેલા ખુરશીદ પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું છે અને ૬૯, ગનબાવ
લેનમાં આવેલી ખુરશીદ એન્ડ કંપની માટે ત્યાંથીજ પ્રગટ કર્યું છે.

દીબાચો.

આ 'લીલી સુકકી' વારતાનું નશીબ બી તેના નામ મુજબ 'લીલું સુકકું'જ છે. એ વારતાને એક અલાહેદાં પુસ્તક રૂપે બાહર પાડવા મરહુમ ભાઇ બહમનજીએ જયારે હું 'નવરંગ પ્રેસ'નો સામુદ્રીવાન સ્વામી હતો ત્યારે મને ભલામણ કરી હતી, પણ કોણ જાણે કેમ મને તે ગમ્યું નહી, અને એ મરહુમ ભલા મિત્રની બીજી વારતાઓના પુસ્તકો મે પ્રવરતાવ્યાં. પછીથી જમાનો પલટાયો, માહરા બાબમાં નશીબના ફાંટાબાઝ ચકકરે અજબ ચકરાવો લીધો, અને મને આજની અતિ કફોડી હાલતમાં મેલ્યો. એ ઐયામમાં વળી ભાઇ બહમનજીએ માહરી વાહરે ધાઈ મને 'લીલી સુક્કી' બાહર પાડવા આગ્રહ કર્યો. "બાવા, એ માહરી 'લીલી સુક્કી' તમને જરૂર લાભ આપશે. તમે પાછા તરતા થાવો એ જોવા હું બહુ ખુશી ને ઇન્તેજાર છું. લઇ જાવો, મને એનું કંઇજ જોઇતું નથી. એ બાહર પાડો ને તમારાં લીલાં સુક્કાં નશીબને બને તો અજમાવો." આવા ઉત્સાહી શબ્દોથી એ ભલા વૃધ્ધ મિત્રે મને ઉત્તેજન આપ્યું, અને મેં 'લીલી સુક્કી' છપાવવા હાથમાં લીધી. પરંતુ 'લીલી સુક્કી'નું 'લીલું સુકકું' નશીબ પણ માહરાંજ 'લીલાં સુક્કાં' નશીબ જેવું એટલે તે બાહર પાડતાં મહિનાઓની ઢીલ થઇ અને તે દરમ્યાંનમાં એ માહરા ખરા દિલશોઝ રફીક પણ સ્વર્ગે સીધાર્યા એટલે આ દીબાચો સ્નેહભીની આંખે આજે મને ઘસડવો પડે છે. એ ભલા મરનાર આજ હૈયાત હોત તો શું લખત તે હું કહી શકતો નથી, પણ હું એટલું તો બાહિમત કલ્પી શકું છું કે એ ભલા મેહેરબાને મને મદદ થઇ પડે એવું સાચાં દિલનું ઘણુંક લખ્યું હોત.

આ વારતા માટે માહરે કાંઇજ કહેવું નથી. એ મને ઘણી ગમી છે, અને મરહુમ ભાઇ બહમનજીના હઝારો વાંચનારાંઓ અને વખાણનારાંઓને પણ તે અવસ્ય ગમશેજ એવી માહરી સપુર્ણ ખાતરી છે.

અરદેશર ખરશેદજી દેશાઇ.

મુંબઇ, તા૦ ૨૧ મી જુલાઇ, ૧૯૨૫.

"But what strange art, what magic can dispose
The troubled mind to change its native woes?
Or lead us willing from ourselves to see
Others more wretched–more undone than we?
This books can do; nor this alone: they give
New views to life, and teach us how to live;
They soothe the grieved–the stubborn they chastise,
Fools they admonish, and confirm the wise;
Their aid they yield to all; they never shun
The man of sorrow, nor the wretch undone;
Unlike the hard, the selfish and the proud,
They fly not sullen from the suppliant crowd;
Nor tell to various people various things,
But show to subjects what they show to kings."

લીલી સુક્કી.

એક વારતા.

પ્રકરણ ૧ લું.

રાંદેર તરફના ફાંટાબાજ તાપી નદીના એક ફાંટાને કિનારેથી રમણ્ય કુદરતનો નાદર નકસ નિહાલતો એક સોહામણો પારસી જવાંન ધીમે કદમે આગળ વધતો હતો. તે એકલોજ હતો. તે ફરવા નિકલેલો હતો, અને ઠેઠ સુરતથી ચાલતોજ તે અહીં સુધી આવ્યો હતો.

તે એક ખુશનુમા સહવારનો દીલચસ્પ દેખાવ હતો. ઉગમણુ તરફ તુરતના તલુ થયલા ખુરશેદની નુરમંદ નુરાંણીમાં તે ગરીબ ગામડાંની તરો-તાજગીભરી આબોહવા ખુશી સાથ ખીલી રહી હતી, ને પહેલા પ્રહરનાં તે નરમાસભર્યાં તડકાંની રજાલ આસપાસની કુદરતની કદમબોસી કરતી આગળ વધતી હતી.

સઘળું શાંત હતું. એક શેહેરનો ઠાઠ કે શેહેરની ગરબડભરી ધમા-લથી આં એકાંત ગામડું કોઇ રીતે ગાજી વાજી રહેલું હતું નહીં, ને તે છતાં જાણે એ તેની શાંતતાજ એ ગરીબ ગામડાંની મનોહર મોહીની હતી. કોઈ ગરીબ ભરવાડો કે નાચીઝ કામદારો જેમને તન રગડીને બે પૈસા ખાટવા છેક સહવારને પ્રહરથી પોતાનાં ગરીબ બિછાંણુંઓમાંથી બાહેર આવવું પડતું તે રાહદારી ફેરયાઓ કે છુટાં છવાયાં જતાં આવતાં ગાડાંઓની વસ્તી માત્ર નજદીકમાં એક ગામ વસાયલું હોવાની 'ગુવાહી

આપતાં હતાં—તે સિવાએ સઘળું શાંત એકાંત હતું. વળી "ના ઈઇ રે લે રે મીઠઠે નિપારે"નો ગાયન રૂપી શરોદ દુરથી ને આગળથી અવારનવાર સંભળાતો, કેમજે પાછળી રાતથી રાંદેરનો મીઠઠો સાકર જેવો નીરો વેચવા નિકળી પડેલા નીરાવાલાઓ રાંદેર તરફથી સુરત ને સુરતથી પાછા રાંદેર જતાં આવતાં પોતાના એ પુકારોથી તે શાંત હવાને ગજાવતા, અને પછી જરા વારે તે અસલ શાંતતા ને ચુપકી પાછી પસરી રેહતી !

એ હરોલમાં તે પારસી જવાંન એ મનપસંદ ચુપકી ને શાંતતા વચ્ચેથી રસ્તો સોહોધતો ખુશમિજાજી આગળ વધતો હતો. તે એક જવાંન શેઠયો હતો. કુલીન માબાપને પેટે અવતરેલો હતો, ને તે રેલછેલ વચ્ચે ઉધરીને પોતાનો વારો આવતાં ખાન્દાંની કુનેહથી કામ લઈ તેણે તે રેલછેલમાં ઓરબી વધારોજ કર્યો હતો.

તે હાલ "રજા" ઉપર હતો. તેનું મુંબાઇનું ઘરબાર છોડી રજા ઉપર ફરવા નિકળી પડેલો તે હાલમાં સુરત ખાતે થોભ્યો હતો, ને ચાલવાનો ઘણો શોકીન હોવાના સબબે સહવારને પ્રહર પોતાનું ગરમ બિછાણું છોડી ગુલાબી ઠંડીની લેહેરમાં લેહજત મેળવતો તે સુરતથી પાંઉપેઆદો પુલ ઉતરીને ફરતો ફરતો ઠેઠ રાંદેર આવ્યો હતો. તેના દોસ્તો ખાંડીમુડીના હતા, પણ તેને "કંપની"ની તુંભા ન હતી. ઘણાંકોને એકલું ફરતાં ઘધરીને તાપ ચઢે છે, પણ જવાંન ફીરોઝ તો તે વર્ગનો હતો કે જેઓને એકાંતજ જ્યાદા પસંદ આવે છે, ને કંપનીના કંટાલા કરતાં એવી એકલી સેહલઘાહિમાં જેઓને કાંઇ ઓર મજાહ મળી શકે છે.

તે ખુદરતની ખુબસુરતીઓમાં માનનારો હતો, અને તેથી શેહેરની ગરબડો ને તકલીદ શોભાઓથી કાયર થયલો આએ ફીસમનાં એકાંત સોહોધવાને તક મળવે તે કદી પછાત પડતો નહીં તે રાંદેર આગળ બી એમ તો અવારનવાર આવેલો હતો અને એ એકાંત ને ગરીબ ગામડું તેની ઉપર ફહેલી ફીસમે તેને પસંદ પડેલું હોવાથી આજે બી તેણે એજ તરફ હેરયુ લીધેલું હતું.

તે એક નૌજવાંન, દેખાવલો અને રોબદાર જવાંન હતો. તેનો પહેર-વેશ પારસી હતો, અને માથાંના મુગટ તરીકે શેરયાં જેવી પાઘડી કે પાનસેરયા ફેંટાને બદલે હાલમાં એ કીસમની મુસાફરીની સેહેલઘાહમાં સગવડનો ખ્યાલ કરી તેણે એક "ટરકીશ કેપ" પેહડેલી હતી, કે જે ભરાવદાર ગુચ્છડાંની "ટરકી ટોપી" ને કાલા કોટપાટલુનના ઠઠેરામાં તે ખુબસુરત જવાંન ખસુસ કરીને શોભી રહેતો હતો.

તે પોતાના હાથમાંની દીંગોલાં જેવી જાડી ને મજબુત લાકડી ગુમાવતો ને એકાદ જાણીતા ઇંગ્રેજી ઑપેરાનો રાગ સીસોલીમાં વગાડતો નફકરો અને ખુશાલ આગળ વધતો હતો. જેને કાલની ફીકર નહીં અને પોતાની હાજતો ઉપરાંતનું આપવાની તે કરમ બક્ષેસના કરનાર બાપે બુલંદ એકબાલના પુન પ્રતાપે નવાજીસ ફરમાવેલી તેને એવી સેહેલઘાહામાં સુખ સિવાય બીજો શો અનુભવ થવો જોઇએ? એટલામાટે તે હાલમાં બી જોઇએ એટલો સુખી ને ખુશી હતો—સુખની એક સરજત કે જે તે સરજનહારે કાંઈ બધાનેજ બક્ષી નથી.

તે નામીચાં ને પુરાણું મેહરહોમજીનાં ખાન્દાંનનો એક નબીરો હતો, કે જે ખાન્દાંન અમો જે વખતને વાસ્તે આ વારતા લખ્યે છીએ તે વખતે ખરા ધનવાંન ને ટેકવાલાં ખાન્દાન તરીકે પારસીઓમાં જોઇએ એટલી નામના કરી રહ્યું હતું, અને પોતાના પૈસાના સબબેજ નહીં પણ પોતાને મોટાં જાણવાના તોર ને તુમાખને ખાતર પણ ફીરોઝ મેહરહોમજીનું ખાન્દાન ખાસ કરીને પંકાયલું હતું. તે એક સુગાંત્રું કુટુંબ હતું. પોતાને ત્યાં તે સાહેબે પુરતું આપવાની નવાજીસ કરેલી એટલે પૈસા વગરનાં તે બધાં તુચ્છ કમીનાં બલ્કે નકામાં એવી નજીસ તરાંહની જે નામોશીબરી સુગ કેટલાંક ધનવાંન કુટુંબો ધરાવાની ભેજાંમાં રાઇ રાખે છે તેવાં એક કુટુંબને જવાંન ફીરોઝ લગતો હતો. મગર સંતોષ માની લેવા જોગ એ હતું કે તે પોતે એક લાયક ને શુધ્ધો જવાંન હતો ને તેથી તેના મુવેલા બાપદાદાના બલ્કે હાલનાં હૈયાત કુટુંબના તે મરજાત ને ટેકને તુચ્છકારનાર અને ધીકકારનાર હતો.

તેનો બાપ બેહેસ્ત પાંમી ચુકયો હતો, ને તેથી તે મરનારનો એ એકનોએક સપુત હોવાથી કુટુંબના વડા તરીકે હાલમાં ફીરોઝ એકલોજ હતો; મગર તેનાં માતાજી મોટે ઘરનાં અભઇજી તરીકે પોતાનાં એ એક-પુરાં ફરઝંદ ઉપર હજી સુધી એટલો રોબ ને કાબુ રાખી જાણતાં હતાં કે ખરી રીતે ઘરમાં વડાં તેવણુજ હતાં, ને ફીરોઝ પોતાની માતા તર-ફના પુજ્ય ભકિતભાવને લીધે હજી આજની ઘડી સુધી ઘણી ખુશી સાથે તેમનો કહ્યાસાર ને તાબેદાર રહ્યો હતો.

તેની ઉંમર સુમારે બત્રીસ વરસની હશે. તે એક ગબરૂ જવાંન હતો, ને તે પોતાની આટલી બધી ઉંમર થવા છતાં અદરાયા પરણ્યા વગર સાબુલ્યા સુકાલ્યા જેવા દોડતો ફરતો હતો. તે એકજ વાતનો તેનાં ઘરમાં હંમેશનો કકલાત ને ફેસ્તો થતો રહયો હતો. તેની માતા ને તેની બેહનો (કે જેમાંની એક તેના કરતાં નાધલી ઉંમરની છતાં પરણેલી અને બચરવાલ હતી તેઓ) ફીરોઝની આએ "ઓછી અકકલ" સામે બંડ મચાવતાં, પણ ફીરોઝ તેમને બાતીએ હાથ આપનારો હંમેશ એકનો એકજ જવાબ કરતો જે "એ બધું મારૂં કામ છે—તમારૂં નહીં, ને તેને વખતવારે તે થઇ રેહશે. મારે મારાં સુખને સારૂ પરણવાનું છે-તમોને કોઇને રાજી રાખવા નહીં. હું કાંઇ પણવા ના તો નથી કેતો જે તેની વાત?"

તેણે ભલેભલે ઘેરનાં માંગાં પાછા ફેરવ્યાં હતાં. છોકરીઓની માતા-ઓ ગણત્રીની ગણાય નહીં એટલી તેના પરથી પોતે ઓઢઈ પંચરાઇ જતી, ને પોતાની એકાદ "દીકરીની તાક" ગલેથી જે ગઈ તે ખરી એવા ભુલભરેલાજ નહીં પણ શરમભરેલા ગભરાતથી તેને જીતવાની બાજી માંડવા તેઓ દુકતીઓને આગળ રહીને લેસન આપતી!

એ શું પસંદ કરવા જોગ છે? જેઓને પોતાનાં પ્યારાં બચ્ચાંઓની પાકીજગી પર વિશ્વાસ નહીં હોય તેઓ તે બચ્ચાંનાં બલ્કે પોતે પોતાનાં શત્રુ છે. જેઓ પોતાનાં બચ્ચાંને નીતીમાં સાબુત કદમ નહીં જાણવાનો

કમકમાતભરયો જોખમ કરે તેઓ પોતે પોતાનાં બચ્ચાંને કેળવવાની કમતાકાત અને નાલાયકાત લાઅવાજ કબુલ કરે છે, અને એથી વધારે શરમભરેલું બીજું શું હોય? દીકરી તે દોલત છે–લક્ષ્મી છે, ને જેઓ દીકરીઓ જણીને તે "જોહેર" થી કંટાળે, ને તેમનો વ્હેલો ઉઠાવ કરવાને આકરાં ગાભરાં પડીને કુવામાં નખાવી દે તેઓ પાક ખુદા તરફની પોતાની પવિત્ર ફરજોમાં ઓછાં ને પછાત છે એમ કહેવામાં સહરાગત શી છે?

પણ આપણે આપણી વારતાથી વેગલાં જઇશું નહીં. ફીરોઝ પ્રત્યે અમે ઉપર કહ્યું તેમ એ સઘળી અધીરી માતાઓના કાવાદાવાના દાવપેચની કશીજ અસર થઈ નહીં, અને તેથી હજી સુધી તે પોતે એક છુટાં ખુલખુલ જેવો છુટો ને સ્વતંત્ર હતો. તે પરણવાને ના ફાં કરનારા અગરગચ્ચાઓના વર્ગનો ન હતો, પણ લગ્ન એ એક સોરતી માની લેઇને તે એ વાતમાં ઘણી સંભાળથી કામ લેવા ચાહતો હતો, જેથી મોટે ઘેરનાં માંગાંઓથી લોભાઈ જઇને તેને પોતાનો સંસાર ઉતાવળે બીગાડવાને એકે લાલચ થઇ નહીં. તે એ સવાલને જીંદગીમાં મોટામાં મોટી અગત આપતો હતો, અને તેથી ધીરે સાંસને ને વખત વેળાએ લાયક માદબુબ હાથ આવતાં સુધી તે ધીરજથી ખોટી થવાને ખરાં દીલથી ખુશી થયો હતો.

અને હવે અમો ધારયે છીએ કે આ વારતાના એ જવાંન નાયકના સંબંધમાં પહેલી હરોલના દીબાચા રૂપી સઘળા ખુલાસા અમે આપી ચુકયા છીએ, એટલે હવે આપણે તેની સેહેલગ્રાહમાં રાંદેર તરફ ખુશાલ હેરયું લેતો જ્યાં તેને આગળ છોડી આવ્યાં છીએ ત્યાં પાછો પકડી પાડી આપણી વારતામાં રીતસર આગળ વધશું.

પ્રકરણ ૨ જું.

તે એ રીતે નભરવસ આગળ વધતો હતો તેટલાંમાં તે જતો હતો તે બાજુમાં ગામ તરફ સડકનો જે રસ્તો ફાંટો લેતો હતો ત્યાંથી તેને

અચણુચ ગભરાટની એક ભયભીત ચીસનો અવાજ સંભળાયો, ને તેણે ચમકીને પાછળ ફરી જોયું તો એક મસ્ત આખલો ટાંકેલા સીંગડાંઓનું માથું નિચે નમાવી પવન વેગે દોડી આવતી એક પારસી સકુમારીની પુઠે એક ધસી આવતા દરયાવના મોજા પેરે ધસડાઈ આવતો હતો!

ઓ તે જીવસતોસત પળો!

તે છોકરીનો જોખમ જોવાને તામોસ નહીં થઇ શકે એટલી હદ સુધી ભય ભરેલો હતો, કેમકે તુફાંનુની મસ્તીમાં ચઢેલો તે મસ્ત આખલો તેને બીજા થોડાંક કદમોમાં પકડી પાડી તેનાં સીંગડાંઓ વડે વીંધી નાખી હવામાં ઉંચે ફેંકે એવો જરાએ જરા મામલો નજરે આવતો હતો, ને ત્યારે ફીરોઝ કેમ થોભે? તે બીજીજ પળે વંટોળ્યાની અદાથી તે અબળા-ની વ્હારે ધસ્યો, ને એક આંખના પળકારામાં તે જોખમની વચમાં એક કુદકાથી ઝીપલાવી દઇને તેણે એવી દલેરી ને સીફતથી તે મંદાધ હેવાંનને તેનાં માથાં ઉપર ગુમાવીને પોતાની દાંગનો એક ફટકો મારયો કે તે દુખના એક બરાડાથી તરત પાછો પડયો, ને બીજી પળે તો કોઈ જોરાવર હમનબ્દંને એ મીસાલે પોતાની સામે મેદાંન પડેલો જોઇ તે હીચકારો ઉભે પુછડે પીઠ ફેરવી નહાસતો થયો.

તે પછી તે હિંમતવાન જવાને તરત પેલી અત્યંત બીહઘેલી બાળા પર ધ્યાંન આપ્યું, કે જે બાજુમાંનાં ખેતરમાં એક પડી ગયલાં મોટાં ઝાડનાં થડ ઉપર હવે ફસડાઇને બેસી ગઈ હતી. તે હાંફતી અને કાંપતી હતી, ને પોતાના આ નહીં વકી રાખેલા સુભાગ્ય બચાવ માટે શુગરગુ-જાર બનેલી તે હરખથી છેક આજેજ થઈ ગઈ હતી. તે કેટલો વાર સુધી તો કશું એ બોલીજ ન શકી, કે જે દરગ્યાનમાં જવાન ફીરોઝે તેને પુરતી હીંમત અને ધીરજ આપતાં પોતે તરત જોઈ લીધું કે તે એક સુમારે સોલથી સતર વરસની ખીલતાં સૌંદર્યની એક સૌથી દીલકશ સુંદરી હતી!

તે એક "ગામરેની ગોરી" હતી, ને એવાં એકાંત ગામડાંમાં શહેરી સુધરેલીઓને તેમની સુંદરતામાં શરમાવે એવાં પરીસુરત હોસાંનની આ એક મનોહર મધુરી વસે એ વાતની ખાત્રી થતાં જાણે તે પોતાની અકલથી હેરાન રહયો! તે અબળાનો તંદરોસ્ત ને ભરેલો ચહેરો, કે જે ઉપર ખુદરતના ગોલાબનો રતાસ પ્રગટ પડેલો પ્રદિપ્ત દેખાતો હતો, ને જે ગુલાબી ચેહરો વળી તેણીના આ હાલના તરતના સમાગમના મોટા ગભરાટમાં ઉશ્કેરાયલો નહીં બયાંન થઇ શકે એટલી હદ સુધી દીલપઝીર થઈ પડેલો દેખાતો હતો, તે જોતાં તેને તાબરતોબ તે શહેરી સુધરેલીઓ યાદ આવી કે જેઓ કલરના લેપરા ને ફાશીનનાં ચવિત્રાંથી પોતાને સુંદર દેખાડવાની જીગરતોડ જેહમતમાં પોતાનો જન્મારો આટવી નાંખે છે, ને તે છતાં જેઓ આ કોમલાંગી સુકુમારીના "પાપસને" પુગી શકતી ન હતી!

"મરે, મુવો મારી આએ લાલ ચટક જેવી સારી જોઇને ભરકયો," તે મધુરીએ મીઠા વાંસલી જેવા શરોદે કહ્યું, કે જે અવાજ વટીક સાંભળતાં જીંદગીમાં પહેલીજ વાર જવાન ફીરોઝનું જીગર છેક અંતરનાં ઉંડાણ તુલક કાંઇ અજબ જેવી કીસમે ભેદાયું. "હું મારે મારી મેરે આએ દુધની તરાંમરી લેઇને હાં ચાલી આવતી'તી, તેવામાં મુવાએ તો મને માથુ ઉંચકીને બાજુમાંથી દીઠી, ને દીલમાં શું એક વ્હાર્રૂ આવેલુ હોય તેમ પછી તરતજ જીવ નાંખતો કે મરી ગીઓ મારી પુઠે પરેલો! ઓ મઈરે તમારી પરથી, તમે નહીં હોતે તો હું તો અત્યારે મરી બી ગેઈ હોતે જો!"

"ખોદા મદદગાર છે તો મારનાર જખ મારેછ, બાઇ," ફીરોઝે કહ્યું, "હુ કબુલ કરૂંછ કે તમારો જોખમ ઘણો જીવસટોસટ હતો."

"અરે ખોદાપરથી મરૂં તે જાણે તમોને મારે વાસ્તે ફીરેસ્તા મોકલ્યા," તે હજી બેતાકાત બેઠેલી બોલી. તેનું દુધનું વાસણ બાજુમાં પડેલું હતું.

"તમે કાંહાં જતાં'તાં?"

"જી હું તો આણીફા અમારો સાવરયા કરીને ગવલી દુધવાલો છે કેની તેના પાસે અચ્છેર દુધ લેવા જાતીથી," તે સુંદરીએ સહમજાવ્યું.

"અત્યારે સહવારને પોહોર એમ એકલાં ઘેરની બાહાર નીકળતાં તમુને બ્હીક લાગતી નથી?" ફીરોઝે હવે સઘળો ગભરાટ સમી ગયલો હોવાથી ખુશ મીજાઝે હસીને પુછ્યું.

"બ્હીક શાંની, ભઈ?" તે સુંદરીએ કહ્યું. "હું તો રાત અવાર બી એખલી બેધરક ચાલી જાઉં. મને જરા બી બ્હીક નથી. અમારાં ગામમાં બધા લોક માએના પેટ જેવાં. આણીફા બ્હીવાનું શું હોય? એ તો મુવા એ આખલાએજ મને આજે એમ બીહવરાવીને મારી નાખી; પણ હું એ મુવાને ઓરખું તો! અમારાં ગામના ગરવાજી ગોવાલ્યાનો એ મુઓ મસ્તાન સાંઢ છે. જેને તેને હેરાંન કરે. હું જઈને આજે પુઇજીને કેહવા તો મુવા ગરવાજીની જઇને તેવણ છત્રીપત્રી ઘોઈ આવશે જે ફરી એને એખલો ને છુટો નહીં મુકે."

ફીરોઝને ભારે ગમત પડી. આ ભોલીભાલી મધુરીની એ મીઠ્ઠી મીઠ્ઠી વાતથી તે જાણે પોતે પોતાને ભુલી ગયો. તે હોસાંન, તે હલક, ગામડેની તો પણ સલુકવંતી અદા—એ સઘળું જોતાં તે ખુશીથી છક થઇ ગયો. તે તારૂણી જોબનના બાહારમાં ઝુલતી ને ખીલતી એક કાચી કલી હતી, ને તે કોમલાંગીનું કસાયલું બદન ને રગડાયલું હાડકું તેની તમામ તનદુરસ્તીની ગુવાહી આપતું હતું. તે સીધી પતળી ને ઉંચી હતી, મગર વા આવે તો ઉડી જાય એ કીસમની શેહરી સુધરેલીઓ જેવી તે તનબદનમાં જરાએ કટાંયલી કે ગળાયલી ન હતી.

"તમે કેટલી બધી હુસ્યારી બતાવી!" તે છોકરીએ વળી પાછું તે હેસાંન યાદ કરી કહ્યું, "હું તો જાણુંજે બીજો કોઈ હોતે તો એ જોખમ કરતેજ વધતો."

"મેં ફક્ત મારી ફરજ બજાવી," પીરોઝે સાદાઇથી કહ્યું. "કોઇ બી ઇનસાન તમારા જેવી એક અનાથ છોકરીને એવા જોખમમાં ફસેલી જોઇ ખામોસ રહી શકે એ હું માનતોજ નથીઃ—મગર તમે રેહોછ કાંહાં?"

"મારૂં ઘેર જી ગામની પાદરે પેહલુંજ છે," તે ભોલીભાલીએ તરત પોતાની ઓલખપીછાંણ તે પરાયાને આપી. "તમે પેસુ પંદોરીને તો નહીં ઓરખતા હોવો?"

"પેસુ પદોરી?"

"હા, તે બેહેસ્તી મારા ફુવા થાએ, ને હું મારાં બગલી ફુઈ સાથે હાલમાં અહીં રહેલી છેઉં."

"બચ્ચગીથીજ અહીં છેઓ?"

"નહીં, હું તો છેક બાર વરસની થઇ તાંહાં તક મુંબઇ ઉતી," તે છોકરીએ વગર ખંચાવે પાક નિર્દોશતાથી પોતાનો જાન બચાવનારને ઘણી ખુશી ને ઉલટથી પોતાની આગળી પાછળી કહી. "મારાં માય બાવા તો બીચારાં મને ચાર વરસની મુકીનેજ છ છ મહીનાને આંતરે ગુજરી ગીએલાં કેહછ, ને તાહાર પછી હું મારી મેહરી માસી સાથે મુંબાઇ રહેલી, ને કેવી મજાની ઇરફાસે બી જાતીથી, પણ પછી મેહરી માસી બી ગુજરી ગીયાં એટલે મને કોઇએ તાંહાં રેહવા નહીં દીધી, ને બગલી ફુઇએ જોર કરીને હાં તેરાવી લીધી."

"ત્યારે શું તમારાં બગલી ફુઈ ઘણું વરસનાં અહીં રહેલાં છે?"

"ઓ, તેવણુનો તો હું કેહુંજે કદાચને બધો જનમારોજ અહીં અટવઇ ગીએલો હોશે." તે સુંદરીએ હસીને કહ્યું. "અમારાં આએ ગામમાં મારાં એ બગલી ફુઈ વરાં છે, ને બધાં એવણુનો ધાક કરે. તાગાદ કોણુની જે માતીડો હોય કે બૈરી હોય પણ એવણુની સાંમે માથું ઉંચકે? અમારાં ગામમાં આયાં ગીયાં, નાલ્લાં મોટાં, જાતપરજાત પર મારાં બગલી ફુઇનો તો એવો તહરાસ જે બોલ્યાની વાત નહીં!"

"ત્યારે તમારાં બગલી ફુઈ તો જાણે રાંદેરના રાણી છે?" ફીરોઝ હસ્યા વિના રહી શક્યો નહીં.

"ખરેખરાં રાણી જેવાંજ," તે છોકરીએ કહ્યું. "ઘરડાં ઝપ છે પણ હજી એવાં ચોટયા જેવાં છે! તે દાહરે મુવા બદલુ બુકલાએ જરા મને સારૂં નહીં લાગે તેવું કંઈ કેહ્યું તે મેં એવણુને કહ્યું, એટલે ફફડેલાં જઇને તેને છાતીમાં છાપટ તો એક એવી મારી જે મુવો બળદયા જેવો છે તોબી લોહી ઓકતો મરવા પરયો!"

"ને તમારૂં નામ શું?" ફીરોઝે આ સુંદરીને લગતી સઘળી કેફયત-માં હદ વનાની ઉલટ લઇને હજી પુછ્યું.

"મારૂં નામ રતન છે: મને હાંના લોકો રતુ પંદારીને નામે ઓરખે, કે નહીં તો બગલીની રતાં કહીને બોલાવે."

ફીરોઝે ખરાં દીલના અફસોસની એક આહ ખેંચી. આ બાળા નામે રતન એક ખરૂં રતન હતું, કે જે તેની તેજી ને ઝલેહ છતાં આ ગામડાંનાં એકાંતમાં અભણોના સમાગમ વચ્ચે પોતાની નૌતમ સુંદરતા અને જાતી તેજ બુધ્ધિ હરામ ગુમાવતી હતી! શું એને આ એકાંતનાં અંધકારમાંથી ઉગારી લેવાને કાંઈ નહીં થઇ શકે?

"પણ ચાલો, બા, હવે મને જવા દેઓ. વાર થશે તો ફુઈજી દહવારો પારશે," એ ખુલાસાઓની હરોલમાંજ યાદ થતાં તે હવે ચમકી-ને ઉભી થઈ!

ફીરોઝ તે ગુલબદનને તેનાં સીધાં સરોવર જેવાં તનબદનમાં ઉભેલી જાબજા વખાણુની આંખ્યોએ એકાદ પળ જોતો ઉભો! શું આ એક ખુશીનો ખાબ હતો? આવી બારીક ટીપટાપની ખુદાની કીસબી કારીગરીથી ઘડાયલી એક સંપુર્ણ સુંદરતા તેણે આગળ કદી દીઠી હતી નહીં. ભલી ભલી નાજનીનો તેણે જોઇ હતી, ને ભલી ભલીઓ જેઓ પોતાને પેહલા નંબરની નામીચી સુંદરીઓ જાણવા ને માનવાનો

ફાંકો રાખતી હતી તેઓએ તેના ઉપર જાનફેસાંનીની ફીદાગીરી દાખવવાની દરેક હીલચાલ કરી હતી: અને એમ છતાં તે સઘળી આ એક જ પરીસુરત ગામરેની ગોરી રતન આગળ પાણી ભરતી હતી! તેણીની પોહલી પેસાંની, ઉંચું ને ઝલકતું નિદાર, પરવાળાં જેવા હોઠ, ભરેલા ગાલો, અણયાલું નાક, ઉંચી ને ગોરી ગરદન, ને સામટી રીતે આંખે ઉડીને વલગે એવું તનોમન જોબન જોતાં જવાંન ફીરોજ બેધ્યાંન, બેભાંન, બેફાંમ બની ગયો!

પ્રકરણ ૩ જું.

તેણીએ જવા માગ્યું, પણ તે તેને કેમ જવા દીએ? તે આખો દીવસ તેની બાજુમાં બેસીને તેની બટાકબોલી જબાંનથી તેણીને લગતી ને તેના ગામડાંને લગતી મીઠી મીઠી વાતો સાંભળ્યા કરે એ તેને સ્વર્ગનાં સુખ જેવું આબાદ ને સુખકારક દેખાયું!

"એટલાં જલ્દી જશો! એટલી શું ઉતાવળ છે?" તેણે માંગી લીધું.

"તમે જાણુતા નથી," તેણીએ કહ્યું. "બગલી કુઈનો એક તરારો તમે સાંભળો તો તમારાં હાડેહાડ ધ્રુજે. એવણુ જો જાણે કેની કે મેં તમારા જેવા એક જવાંન સાથે એટલો વખત બેસીને વાત કીધી તો મને તો જીવતીજ ફાડી ખાએ!"

"એમાં બુરૂં શું છે?"

"બુરૂં તો કંઇ બી નહીં; કેમજે મેં એમ વાત કીધી તેથી મારાં દીલમાં કંઈ પાપ નથી," તેણે હીંમતથી સાચ્ચો જવાબ કર્યો, "પણુ એવણુને તો જુવાન્યાઓને નામેજ ભરકણુ છે. કોઇ બી જુવાન્યા સાથે એવણુ કદી બી મને વાત કરવા દેતાંજ નથી; પણુ એ તો તમે અમારાં ગામડાંના લોક જેવા નથી ને ઘણા સલુકવાળા દેખાઓછ તેથીજ મેં બી હીંમત પકડીને તમારા સાથે એટલી બધી વાત કીધી. તમે મારી

પર એટલો બધો ગુણ કીધોછ જે હું નગુણી બની તમારા સવાલોના જવાબો આપ્યા વગર કેમ ચાલી જાઉં ?"

"પણ શું ત્યારે બગલી પુઇ તમારી પર જુલમ કરેછ ?"

"જુલમ જેવું તો નથી," તેણીએ વિચારવંત અદાઓથી કહયું, "તેવણ દીલનાં તો બીચારાં ઘણાં સાફ ને ભોલાં છે, પણ સભાવનાં ઘણાંજ કરક ને આકરાં છે. આખો વખત પોતે જંદઅવસ્તા ભણ્યા કરે તેમ મને બી ભણાવ્યાજ કરે, ને મારો તો જીવ ઘેરમાં બધો ગભરઇ ગભરછ આવે. હું તો એમ અસેમસે કામેકાજે બાહાર ખુલ્લી હવામાં નિકરવાનું મળે त्हारे ઘણીજ ખુશી થાઉં. હમણાં બી એવણનાજ પગની અજાતથી દુધનો કલસ્યો ઘોરાઇ ગીયો તે મને સાવરયાને ત્યાંથી દુધ દોહવારી લાવવા આવવાનું ઠીક પરી ગીયું, પણ તેટલાં તો તો મુવું તમે નહીં હોતે તો આજે જીવથી જતી રહેવાનું થતે !"—અને હવે તે ખુશ મિજાજે હસી પડી.

"હવે તે વાત યાદ ના કરયા કરો," ફીરોઝે માંગી લીધું. "એ એતેફાકથી મને તમારી સાથ પીછાંણ થઈ તે મને સાંચું ઘણુંજ ગમ્યું. તમોને બી ગમ્યું કેની ?"

તેણીએ આ પાધરા સવાલથી ઓશરાઇને નીચે જોયું, કે જયારે ફીરોઝે કાંઇક બજીદાઇથી તે સવાલ પાછો રજુ કરયો.

"તે હું કહી શકતી નથી," તેણીએ નીચી નજરે ને ધીમે સ્વરે કહ્યું. "પુઇજી કોઈ સાથ મને મળવાજ દેતાં નથી, ને હું ઘેરનાં લડોરાંથી પરવારૂંછ ત્યારે અમારાં ઘેરને લગતા ચોકમાં મેં એક નાલ્લી જેવી વારી કીધેલી છે ત્યાં હું પબારા ખાયા કરૂંછ. મને બા અહીંના લોકની કોઇની સોબત જરા બી ગમતી નથી. તે લોક બધાં એવાં એબલગામણાં ગલીચ ને અભણ છે !"

"ત્યારે તમારાં માએબાપ શું સુખી હાલતમાં હતાં ?"

"સુખી એટલે શું પૈસાવાલાં ?" તેણીએ તુચ્છકારથી કહ્યું. "જરા બી નહીં, ને તે લોક પૈસાવાલાં નહીં હતાં તે ઘણું સારૂંજ થયું."

"એટલે. તે કેમ ?"

"હું બધાં પૈસાવાલાં નામેને ધીકકારૂંછ." તેણીએ જોશથી કહ્યું. "પૈસાને લીધે તે લોક છકેલાં તોચ્છરાં ને તુમાખી હોયછ. મુવાં મોટાં નામે ખોટાં."

"એમ તમોને કોણ કેહછ ?"

"કોણ, વરી બગલી પુઈ. તેવણ એ બાબદમાં ઘણું સહમજેછ. અમે લોક વેચતું સીવ્યેછ તે એવણ જહારે મારીં સાથે સીવવા બેસે ને લાહાત પર આવેલાં હોય તો એ મુવાં બધાં તુમાખી પઇસાવાલાઓની એટલી વાત કરે—એટલી વાત કરે કે તમે માનશો નહીં પણ એ બાબદમાં તો તેવણે મને બી પોતાનાં મતને મળતીજ કરી મુકીછ."

"તમારી ભુલ છે," ફીરોઝે નરમાશથી કહ્યું. "પાંચ આંગળાં કાંઇ સરખાં છે ?"

'એ કહેવત અહીં આએ વાતને લાગુ પરેજ નહીં," તે બાળા બજીદ થઇ. "તમે પોતે શું પૈસાવાલા છેઓ ?"

તે હા કહેવા જતાં ઝટ ખંચાયો ! તેણે જોયું કે આ નવી દોસ્તી જો તે નિભાવા ચાહતો હોય તો તેણે ના કેહવાનાં એક જુઠાંણુંમાંજ આશરો સોહોધવા જરૂર છે, ને રતનના ચેહેરાની ચમકે તેનાં અંતરનાં ઉંડાણુમાં પહેલીજ નજરે એટલી જોરાવર અસર કરેલી હતી કે તેણે તેથી—તેના એ પાધરા સવાલના જવાબમાં નાજ કહી.

આથી તે જરા શંકાશીલ થયલી સુંદરીનાં મનનું એક ઝપાટે સમાધાન થઇ તેને ધીરજ મળેલી દેખાઈ. તેનો જાન બચાવનાર એક પઇસાવાલો શેઠયો હોય એ ખ્યાલ ફીરોઝે જોયું કે તે ખમી શકતે નહીં !

એ ફકત ફુરવણીનું પરીણામ હતું. બગલી ફુઇને અમે એ કારણથી પઇસાવાલાઓ વિરૂધ્ધ જે જોરાવર અણગમો હતો તે આ કોમલાંગીના

કાનમાં ઉપરાઉપરી તેવણે રેડેલો હોવાની આ એક ઘણીજ માડી અસર માત્ર હતી, કેમકે સહમજની થતાં સાથે તે જે આચાર વિચારો સાંભળી આવી હતી તેજ તરબીયતને અનુકુળ આવતી તે ઉછરી એમાં અજાયબી શી હોય ?

"હવે મને ખરેખર જવા દેશો ? મેં ઘણું તાહેલું કીધું," તેણીએ વળી માંગી લીધું.

"તમે મને કોઇ વખત એમજ ફરીથી અત્રે મળશો ?"

"મારો તો અવારનવાર આએ રસ્તો છે," તેણીએ કહ્યું, ને નવો વિચાર થતાં પુછ્યું, "તમે શું અહીંજ રેહોછ ?"

"હું સુરત રેહુંછ, પણ સાંહાંજ સહવાર રાંદેર ફરવા આંઉંછ," ફીરોઝે અડાવ્યું. "તમો કાલે સહવારે અહીંજ પાછાં મળશો ?"

"સહવારે તો હું નથી ધારતીજે મને બને," તેણીએ વિચારવંત અદાઓથી કહ્યું. "રોજ સહવારે કંઇ બગલી ફુઈ મને ઘેરમાંથી બાહાર નીકરવા દેતાં નથી, પણ ગમે તો કાલે સાંહજે આવજો. બગલી ફુઇ ઉજીરન ગેહમાં ઘણો વખતવેર ભણુવા બેસેછ તે વખત હું કદાચ આવશ; ને ચાલો હાલ તો સાહેબજી."—અને એમ કેહતાં તે દુધનું વાસણ લઈ ત્યાંથી ઉતાવળી ચાલતી થઇ.

તે ગઇ. તે ગઈ, અને ફીરોઝ તેને ખેંચાઈ રહેલી આંખ્યોએ જ્યાં હતો ત્યાંથીજ જોતો ઉભો !

તે એક "પીકચર" હતું. તેની ચાલવાની અદા ને વાત કરવાની મરોડમાં પણ તેણે ઘણુંક એવું જોયું કે જે કેળવણીના પ્રકાશથી જલ્દીજ દીપતું કરી શકાય. તેનું ચીત ચોરાઇ ગયું.

તેને આ છોકરીને જ્યાદા મળવા ઘણું ગમ્યું. ફરી ફરીને મલીને તેણીને સમર્તુ બીજુ જે જાંણુવાનો તેને લોભ થયો. તેણે જોયું કે તે બાળા નિર્દોષતાની એક મુરતી માત્ર હતી. ગામડેનાં લોક બાજે વખત બોલાં

ભટાક પણ દિલનાં સાફ ને સાચ્ચાં હોય છે તેનો આ છોકરી એક દીલ-કસ પુરાવો માત્ર હતી. તેના પર ફીરોજ કશીજ અસર કરી ન શક્યો હતો, ને તો પણ એક વાતચીતને બરના સોબતી તરીકે તેજ તેણીને ગમ્યો હતો, જેથી દીલમાં કશાં બી પાપના વિચાર વિના ને દગલબાજીના એક ડર વગર તે તેને વલતી સાંહજે ફરીને મળવા પ્રામીસ થઇ ગઈ હતી.

બીજા હાથપર ઇનસાફની રાહે કેહવું જોઇએ કે જવાંન ફીરોઝનાં દીલમાં પણ દગો કશોજ ન હતો. તે એક શુધ્ધો ને સાચ્ચો જવાન હતો, ને પોતાની હોરમત માટે ઘણું સારૂં માનનારો હતો. તે તો આ સુંદરીના મોહક મુખડાનો એક બેતાકાત શીકાર ને પરસ્તાર થયા હતો, ને તેણીને માટેના પહેલ્લીજ નજરના એક વગર સહરાગતના સાચ્ચા ને બળવાન પ્યારની અસરમાં અસીર થઈ તે પોતાની આ અચણુચ બરપા થયલી અવદશાથી જાબજા હેરાન રહયો હતો!

તેણે રતનને જતી જોઇ. હરણી જેવાં ચપલ કદમે દુધનું વાંસણુ લેઇને સાવરયા દુધવાલાનાં ઝુપડાં ભણી જતી તે મધુરી દેખાઇ ત્યાં સુધી તેને જોયા કરવાને તે થોભ્યો, ને પછી તે દેખાતી બંધ થઈ ત્યારે ઉદાસ દીલે ને ભારી કદમે, વિચારોમાં ચકચુર ગીરફતાર, તે સુરત ખાતેનાં તેના ઉતારાનાં મથક ઉપર જવા જેમ તેમ જેહમતે પાછો ફરયો!

પ્રકરણ ૪ થું.

પેસુ પંદોરીની રતન જેવી રતનનો ચમકતો ચેહરો જોવા પછીથી જવાંન ફીરોઝ ખ્યાંન બેખ્યાંન બની સુરતમાં પોતાનાં મુકંમ ઉપર આજેહેં હાલે પાછો ફર્યો તે આ વારતાનાં છેલ્લાં પ્રકરણમાં આપણે જોઈ આવ્યા. રતન એક ગોરી ગામરયણ—ગામરેની ગોરી હતી. રાંદેર જેવાં એક ગામ-ડાંમાંજ તેનો આખો જન્મારો ગયો હતો એમ ન હતું. તેણીએ મુંબઇમાં વસતી ઓછી કેળવણીનો થોડો ઘણો લહાવો પણ લીધો હતો, કે જે પછી

તે માબાપ વનાની બાલક છોકરીની મેહરી માસી બી મુંબઇમાં ગુજરી જવા કેડે મરનાર પેસુ પંદોરીની વિધવા તે તેણીની બગલી કુઇએ તેણીને રાંદેર તેડાવી લીધી હતી, ને તેઓના ધાકમાં તેનું તે પછી સદા સાંજ રહેવું થયું હતું. એ રીતે તે ગામની સ્વચ્છ આબો હવાના સબબે અને એક ખડતલ, મહેનતુ અને ઉદયોગી જીંદગીનાં પરીણામમાં તે પરીસુરત છોકરી જ્યારે ખુબસુરતીના ખરેખરા બાહરમાં ગુલેગુલાબ જેવી, મજબુત બાંધાની, આસુદી અને તંદરોસ્ત ઉઘરી ત્યારે અફસોસ કે કેળવણીના સંબંધમાં તે ખરેખર ઘણી પછાત રહી ગઇ.

તેણે ફીરોઝને પોતાની ઓલખ આપતાં તેની જઇફ બગલી કુઇની ઘણી પુરતી પીછાંણ આપી દીધી હતી. તે બગલી કુઇનો આખાં રાંદેરમાં કેવો જબરો તહરાસ ને ધાક હતો તેના દસતાંટમાં તેણે જે કહ્યું હતું તે ફીરોઝ કદી ભુલી ગયો નહીં. તે મધુરીએ રમુજ આપી હતી કે રાંદેરમાં બગલી ફુઇ ઉમ્મરે વડાં હોવાને લીધે એક રાણી જેવુંજ રાજ કરતાં હતાં, અને બહલુ બુકકા જેવા બલદીઆઓ વટીક તેવણુની છાપત ખાઇને જમીનમાં માથું ખોસી તેવણુનો ધાક કરતા ચાલી જતા હતા! સારાંશ, એવી એક ભેજાંફાટેલ ને કડક ડોસીને હસ્તક આ મીઠા સ્વભાવની અને ચતુર બુધ્ધિની ચાતુરીને ઉઘરવાનું હતું.

તેણીને માટીડાઓ સાથે વાત કરવાનો હુકમ નહીં હતો, અને ખરેખર તો બગલી કુઇને એ હોકમ કોઇ બી રીતની સખ્તાઇ સાથે અમલમાં મુકવાની કદી ફરજ પડતીજ ન હતી, કેમકે તે ગામના અભણ જવાનોમાંથી કોઈ બી સોબતી તરીકે તે સુંદરીને પસંદ આવ્યો ન હતો. એટલા માટે સાવરીઆ દુધવાળાને ત્યાં અચ્છેર દુધ લેવા જતાં રસ્તામાં એતેફાક અકસ્માતને લીધે તે ફીરોઝ સાથે વાત કરવા થોભી તે તેની સુઘડ અદાઓ અને એક મહસ્થને શોભા આપે એવા શોભાયમાન મુખ-કાનુંજ પરીણામ થયું હતું એમ કહ્યા વિના ચાલશે. તેની લાલ ચતક જેવી સાડી જોઇને ગરવાજી ગવલીના આખલાએ ભડકીને તેની પુઠ પકડી,

જે સંકટમાંથી શીરીઝે તેને ઉગારી તેનાં હેથાંનમાં તે પોતાને લગતી વીગતો સમજાવા થોડો વાર થોભી હતી તે આપણે યાદ કરવાનું છે. શીરીઝ કાંઇ એ અકસમાતની ઉમેદ કે વકકાથીજ રદિર આવ્યો હતો એમ ન હતું. તે અમે આગળ સમજાવ્યું તેમ એક રજાની સેહેલગાહ અર્થે સુરત આવ્યો હતો, અને ત્યાથી સહવારને પ્રહર તાપી નદીનો મહીમા જોતો તે ફરતો ફરતો રાદેર આવ્યો. તે કુંવારો હતો, અને ભલાં ભલાં ધનેતર ઘરનાં માગાં તેણે આજતુલક પાછાં ફેરવ્યાં હતાં—એવા એક બેઅ-સર જવાનનાં જીગરનાં ઉંડાણમાં આ ગામરેની ગોરી અસર કરી શકી એ એક મોજેજો માત્ર થયો!

તે પછીથી શીરીઝ તે તરફના ધકેલા પછાડામાં વિશેષ પડયો. તે સહવારે સાંજે અને રાત્રે આણીતરફ ઉપરાસાપરી હેરીયું લેતાં થાકયો નહીં, કેમકે તે એ ખુશીના ખુરશેદના ચંદ્રસમ ચેહેરાનાં પાક દર્શનનો અભીલાસી થયો હતો. તેને બીજું સુખ કે બીજો કરાર નહીં હતો, કે જ્યારે રતન તો બિચારી તેને તેણીનો જીવ ચાહે ત્યારે મળવા જઇ શકે એટલી સ્વતંત્ર ન હતી! તેનાપર બગલી ફુઇનો મોટો ધાક અને જુલમાત હતો, જેના સબબથી તે જરૂરનાં કામ વગર પોતાનો પગ ઘરમાંથી બાહેર કાઢી શકતી નહીં. એ ઉપરથી એ મીલાકાતોની ગેરહાજરીને લગતી નાઉમેદી દરમ્યાન શીરોઝને બારે ખરખરો થતો હતો કે તે પહેલીજ મીલાકાત દરમ્યાન તેણે ભેદ ખોલીને પોતાનું દીલ લુટાઇ જવાની વાત તે સુંદર લુટારાને કહી નહીં સંભળાવી. તે એક પહેલીજ નજરનો ખેલ હતો—એક નજર કે જે પુરાંણ જેવાં પુસ્તકો માહેલી લખાવત અને સમજાવતોથી પણ અધીક છે!

વળી સંતાપ એજ ન હતો. સુંદર રતનનાં દીલમાં પ્યારની એક બી લાગણી એ મીલાકાત દરમ્યાન તે પેદા કરી શકયો ન હતો એ પણ અફસોસ હતો. તેણી તો એવી કોઇ બી અસર કે લાગણીથી બીલકુલ બેઅસર અને બેખબર એક ખુશાલ બુલબુલ જેવી સ્વતંત્ર અને

સુખી હતી, અને વળી વિશેષ સંતાપજનક એ હતું કે તે શ્રીમં-તોને ખરેખરાં જીગરથી ધીક્કારતી હતી, કે જ્યારે ફીરોઝ પોતે એક કુલીન અને શ્રીમંત આસામી હતો! તેણીના એ વાહીયાત વિચારો બગલી ફુઇની સુફયાણી તાલીમને આભારી હતા. એ બગલી ફુઇને કોઈ લુચ્ચા શ્રીમંતે એક વાર મોટી છક્કર આપેલી હોવાને લીધે તે પોતાની જીંદગીના છેડા સુધીનો તમામ તાલેવંતો સામે અભાવ લઇ ન્હાઠી હતી, અને તેજ લાગણીઓ તેણે રતન જેવા આ એક કુમલા છોડનાં મગજમાં ઉતારઉતાર કીધેલી હોવાને લીધે તેનાં મનમાં પણ તેજ આચાર વિચારો જડ ઘાલી ગયા હતા. તે તાલેવંતોમાં પોતાની બાળક બુદ્ધિની સહરાગતથી ને આમ-ડેનાં એકાંતના લાંબા સહવાસને લીધે હવે સઘળું વધારે શીહા જોતી આવી હતી,—તે એટલે સુધી કે તેને મનથી મુંબઇના તમામ ધનવાનો છેલ, લુચ્છા અને દબલબાજ હતા!

અને, ત્યારે, રૂતનને જીતવાના માર્ગમાં એ એક મોટા પાહાડ જેવી મુશ્કેલી હતી. તેણીને તેણે હજી પોતાનું નામ ઠામ બતાવ્યું ન હતું, પણ તેણે જોયું કે એવાં એક બેમુલાં રતનને જીતવાને ચકી તેને થોડો પ્રપંચ પણ કરવોજ પડશે, ને તે પરણીને અંતે તેની ભુલ બતાવી ને સુધારી શકે ત્યાં તુલક તો, પરણુવા પેહેલાં, જો તે તેને કબુલ રાખવા રાજી થાય તો તેણે મધ્યમ સ્થિતિના એક ગરીબ માણુસ ને તે બી વળી સુરતના રહીશ તરીકે રજુ થવું પડશે. એ તે જાણુતો હતો કે વાજબી ન હતું, પણ રત-નનાં અજબ જેવાં હોસાંનની ચમકથી તે એટલો બધો અંજાઇ ગયો હતો કે એ એક ન્હાની ઠગાઇ તરફ આંખવિંચામણું કરયા વના તેને ચાલે એમ ન હતું.

તે પોતાની જોડે તેને જેમ બને એમ જલ્દી પરણી લઇ જઇને સર્વેને મુંબઈમાં છક કરવા ચાહતો હતો. તે જો ચાહતે તો તેની સ્થિતિને પેશ પડતાં સરકલોમાંની તરેહવાર ચેહરેનમુનોમાંથી એકાદને મુંબાઇમાંજ પોતાની મોહરદાર બનાવી શકતે, પણ તેણે તે તરફ જે ખુબસુરતીઓ જોઇ હતી તેમાં સંગીન કરતાં પોલાંણુ એટલું વિશેશ જોયલું હતું, ને

ખુદરતી ખુબસુરતી કરતાં પફપાઉડરના લેપરા ને કાપેલા બાલનું ભુતરાંપણુ એટલું જ્યાદા જાણેલું હતું કે આ સાદી ગામરેની ગોરીએ તેનું મન હરી ને ચીત ચોરી લીધું તેમાં તે પોતે જરાએ અજબ થયો નહીં.

પણુ રતન પોતે હાલમાં પાછી બાહેર ફટકતી કેમ ન હતી? તે એકજ સહવારની દીલખુશ મિલાકાત પછી તે આજ સુધી પાછી જોવામાં આવી નહીં. ને એ ધકેલા પછાડામાં પડેલો શીગઝ સુરતથી રાંદેર ને રાંદેરથી સુરતની ફોકટ આવજા કરયા કરતો હતો. તેને એક વાર પાછી જોવા ને મળવાની તલબગારીમાં તે આખું રાંદેર ખુંદી મારતો, પણુ વ્યર્થ!

તેને પહેલીજ વાર મળીને સુંદર રતન દુધ લેવા ગઇ તે વેળાએ રસ્તામાં વિચાર કરતાં તે જવાનની હીંમત, સાહલેસાઈ અને સુંદર મુખડો વિગેરે તેને સઘળું ઘણું ગમ્યું. તે એક દોસ્તીને લાયક જવાન તેણીને દેખાયો. તે ખાસકરીને તેને ચાહતાંજ શીખી એવું કશુંએ ન હતું, મગર આ જવાન તે ગામના બધા રખડેલ ને અભણુ પોરયાઓના વર્ગથી ઘણો ચઢયાતો હોવાથી ને તેનામાં વાતચીત કરવાનો અદબ ને સલુક ધ્યાન ખેંચવા જોગ હદ સુધીનાં હોવાને લીધે તે તેને એટલો ગમ્યો હતો, કે જેનાં પરીણુામમાં તે તેના જોડે વાત કરતી ઘણી ખોતી થઇ, ને તેને ઘરમાં પાછી ફરતાં બહુ વાર લાગી ગઇ.

“એ ઓરાવ રે, રતુ,” એ ઉપરથી તેને પાછી ફરેલી જોતાં સાથે બગલી ફુઇએ તરારો મુકીને હવારી ખાધી, “એ તું કાં દટઈ ગેઇથી જે દુધનો એક ગોટલો લઇ આવતાં તુંને એમ એટલી વાર લાગી રે, હેં;”

તે ખરો જવાબ કેમ દે? તે તેનાં ફુઈની નાડ ઓળખતી હતી.

“હું જરા કિનારે સેહેલ કરતીતી, ફુઇજીમાય,” તે ઉપરથી તેણીએ ઉડાવીને કહ્યું.

“કિનારે સેહેલ! અહીં ઘેરમાં ગારેગારે કામ પરેલું —હજી તા મરધાં છોરવાનાં, લોબાંણુને વરે બકરીનું દુધ દોહવવાનું, માહરે વરે કાંજી કરવાની, ચોખા ધોવાના, બજાર લાવવાનું, રાંધવા સીધવાનું, માહરા

સદરાપર નામ પારવાનું—એમ ખાંડી ખાંડી કામ છે, ને તુને સેહેલ શાંની આવી આવી રે ? જો પેટબરી ! કાંઇ નહીં તાહરા પગે એ રવરાતો લાગોછ તો હું બી તો ખરી કે હવે તુંને ઘેરમાંથી પગ બાહાર કાહારવા દેઉંજ નહીં.

હવે બગલીફુઇ જે બોલે તે પાલે તેમાંની હતી, ને તેણે તે મુજબ કેટલાક દિવસો સુધી તો મરતાં રતનને ફરી બાહાર ફટકવા દીધી નહીં. એ ઉપરથી રતાં તે ઘરનાં લડોરાંથી પરવાર મળતાં પોતાના વિચારો સાથે એકલી પડતી ત્યારે તે ફુઇના જુલ્માત માટે ઘણા ગમખારીભરયા ખ્યાલો કરતી, અને પેલા લાયક જવાનની યાદ એક વાર તેનાં મનમાં દબાંણુ કરી આવતી ત્યારે તેને મળવા તે વધતી ઉલટમંદ થતી.

તેને હજી સુધી પ્યારની હસ્તીનીજ ખબર ન હતી. તે સ્ત્રી વેશમાં આવે તેટલાં તો આ ગામડાંનાં એકાંતમાં આવી રહી હતી, અને હયાં તેને વાંચવા લખવાનો પણ કશોએ હુકમ ન હોવાથી તે બચ્ચાં જેવીજ બેખબર ઉઘરી હતી. તેનાપર બગલીફુઇ બારીક નીગાહ રાખતી. તે ડોસીને પોતાને જવાનીમાં એક સુરતી શેઠયો ઠગા ગયો હતો, ને તે દગલબાજ પારસીએ તેણીનું જીગર પોતાની ઠગાઇથી વિંધી નાંખ્યું હતું ત્યારથી તે તે શેઠયા ને શ્રીમંત નામજાતને ધીકકારતી હતી—તે એટલે સુધી કે પેસુ પહોરી જેવા એક ગરીબ પણ પ્રમાણીકને પાછળથી પરણીને તે તેની પાછળી જીંદગીમાં વધતી ઓછી સુખી થઇ તે છતાં જવાનીનો તે જખમ તે હજી સુધી મુતલગ ભુલી જઇ શકી ન હતી, ને તેનાં પરીણામમા બાપડી રતનને ઘણું ખમવું પડતું હતું.

તે એક કેદીની હાલતમાં હતી, કેમજે તેને ઘેર બાહેર પગ કાઢવાનો બગલી ફુઇનો મુતલગ હુકમ ન હતો, ને એમ કેટલાક દિવસો ગબડી ગયા. તે પછી એક રાત્રે સરેસ્તા પ્રમાણે સઘળાં બારી બારણાં ચપટ બંધ કરીને બગલી ડોસાંઉંઘોંટાવા ગયાં. તે એક ન્હાનું ઘર હતું કે જેમાં આગળા ખંડમાં બગલી ડોસાં પોતે સુતાં હતાં, ને બાજુમાંનીજ કામરાંની દીવાલ આગળ પાછળા ભાગમાં રતનની ખાટલી પડેલી હતી. હવે જે

રાતને માટે અમો અત્રે હાલમાં લખ્યે છીએ તે રાત્રે રતનને જલ્દીથી ઉંઘ આવી નહીં, કે જ્યારે ડોસાં તો પહેલી રાત્રેજ વ્હેલાં ઘોંટાઇ ગયાં હતાં. તેવણુની ફરીયાદ એ હતી કે પહેલી ઉંઘે જો ઉંઘ નહીં આવે તો સારી રાત તેમને જાગવું પડતું હતું, માટે સરેસ્તા મુજબ એવડાનું એક કોપટું ચઢાવી સમી સાંહજેજ બુકબાચકો ખાઈ તેવણુ જલદીથી ઘોંટણુવાસો લેતાં, જ્યારે રતન તો કાંઇ કામ લઇને બેસતી ને ઘણી મોડેથી સુતી.

એ મુજબ મજકુર રાત્રે બગલી ફુઇ ઘોંટાઇ જવા પછી પણુ રતન પોતાની ન્હાની બારીમાં બેઠી હતી. બાહર ખરી બપોર જેવી દીલખુશ ચંદણી પડતી હતી. તે નદી તરફનો દેખાવ ઘણોજ રમણ્ય અને લલચાવનારો થઈ પડયો હતો. એવામાં વળી તે તરફનાં એક ઉંચાં ઝાડમાં એક બુલબુલે પોતાનું ગાયન શરૂ કરયું, કે જે દીલપઝીર શરોદ સાંભળતાં રતન તો જાંણે છેકજ ધ્યાન બેખ્યાન બની ગઇ.

તેણીને બાહેર દોડી જવા ઘણુંજ મન થયું. કેવી રજ્યાંમણી રાત, ને તે પોરી કેમ તે આ કોટડીનાં એકાંતમાં ગુજારે ? તેને ડર કશો હતો નહીં. રાત અવારે પણુ કામ પડે તો તેણી બેધડક બાહેર ચાલી જઇ આવતી. આપણી શેહેર ઘેરમાં બીહે તેવી એકાદી શહેરી શીરીનબાઇ જેવી તે કાંઇ બીહીકણુ બિલાડી ન હતી, ને તેથી એક ઝપાટે સાડી પેહડી તે અલગ અલગ પાછળું બારણું ખોલી પોતાના કંપાઉંડમાં નિકલી પડી. બગલી ફુઇના ધાઃને લીધે તે કાંઈ ઘણું આગળ જવા ધારતીજ ન હતી. ધોળા દિસ જેવી ચંદણી ઘેરવા ને પેલાં ગાંનતાંનનાં સુરમાં ચઢેલાં સુરીલાં ગળાંનાં બુલબુલનો મીઠડો શરોદ સાંભળવા તે બાહેર આવી હતી. તે બુલબુલ નજીકનાંજ એક મોટાં ઝાડમાં છુપાઇ બેઠું હતું, માટે તે ઉડી ન જાય તેની સંભાળથી તે જરા આગળ વધી—તેટલાંમાં અરે ! પેલો જવાંન પારસી વાદલાંઓમાંથી તુટી પડયો હોય તેમ, તેની સામે ઉલટમંદ ધસી આવ્યો !

રતનને પેહેલા ગભરાતમાં તો એ મામલો જોઈ નહાસી જવાનું મન થયું, પણુ શીરોઝે તેને આગ્રહ કરીને રોકી.

"એક જરા થોભો, રતન," તેણે માંગી લીધું. "હું તમોને કોઇ સંજોગથી મળવા તો આ ખુશનુમા ચંદણીનો લાભ લઈ અત્યારે બી અહીં સુધી ઘસડાઇ આવ્યો! તમે કાંએ મને મળતાં નથી?"

"મને હોકમ નથી," રતાંએ તેના જોડે વાત કરવી ઘતારટ હશે કે નહીં તે વિશે દગમગતાં વિચારવંત કહ્યું. "તે દાહરે તમારી સાથે એટલી બધી વાત કરવા હું ખોતી થઇ તેથી માહરાં બગલીફુઇ માહરાપર ઘણુાંજ ગુસ્સે થયાંછ. ને મને ઘેરની બાહાર પગ કાહારતી બંધ કીધીછ. હમણાં તો તેવણુ સુઇ ગીએલાં છે તેથી ચોરી છુપીથી હું જરા આએ બુલબુલને ગાતું સાંભળવા આટલી બી બ્હાર આવીછઃ પણુ શું તમે ખરેખર માહરે લીધેજ અત્યારે બી આએ તરફ આયા? મરે, કેવું અજબ જેવું!"

"એમાં અજાયબી શું હોય?" ફીરોઝે પ્રોટેસ્ટ કરયો—અને તે પછી તે કેવી રીતે પ્રમાણીક હેતુઓથી તે સુંદરીને ચાહતો હતો તે વાત તે ભડકી નહીં જાય તેમ તેણે ટુંકમાં પણુ રફતે રફતે તેને થોડી ઘણી કહી, તે ઘણી અજબ થઇ, બલ્કે તુરત વેળા તો તેણીએ તે વાત હસીજ કાઢી, પણુ એટલું કરયું કે તેના અતીસ્ય આગ્રહના જવાબમાં વલતી સાંહજે નદી કીનારે કાંઇ બી કરી તેને પાછી મળવાનું તે જવા પેહલાં પ્રૉમીસ કરી ઘરમાં જતી રહી.

તે એક ઘણી ટુંક મીલાકાત હતી, પણુ તેથી તુરત વેળા જવાન ફીરોઝને મોટે સબ્યારો મળ્યો, ને બગલી ફુઇને મનાવી પટાવી વલતી સાંહજે નદી કીનારે ઠરાવ પ્રમાણે મનોહર રતન તેને વળી પાછી આવી મળી ત્યારે તો તેનાં સુખની સીમા ન હતી.

તે ઘણોજ રાજી થયો, ને તે મીલાકાત દરમ્યાંન ધનવાન આસામીઓ માટેના તેણીના વિચારો ફરીથી તપાસવા તેણે પાધરો સવાલ કરયો, "ત્યારે જો તમારી સાથે કોઈ શેઠયો કે પૈસાવાલો જવાન પરણુવા માંગે તો તમે સાફ નાજ કેહો કે, રતન?"

"બચ્ચીતજ," તેણીએ જોશથી કહયું, "ફુઈજી શું સુખી થયાં તે મેં તમોને કેહયું કેની! મુવા એ પૈસાવારા બધા એવાજ!"

"પણ બધા કાંઇ એકસરખા હોતા હોશે? આપરાં પાંચ આંગળાં કાંઇ સરખાં છે વારૂં?"

"બગલીફુઇ કેહજે તે લોક મુવા અયાસી બાયલા ને લુચ્છા હોયછ," ધનવાન જવાનોનાં લાયબલનો તેણે જે બચાવ કરયો હતો તે પર જરા બી ધ્યાન આપ્યા વના તે સુંદરીએ કહયું. "ગરીબોમાં જે નીતી, હીમત ને સચ્ચાઇ હોએ તે એ પૈસે પોખાયલા પોરયાઓમાં કાંહાંથી હોએ?"

"હું ફરીથી કેહુંછ કે એમ ધારવામાં ખરેખર તમારી ઘણી મોટી ભુલ છે," ફીરોઝે આ બેહુંદાંપણાંથી કાંઇક નારાજ થતાં પાછું કહયું. "તમારી બગલી ફુઇએ તમારામાં એવા વિચારો ઉભા કરવામાં ખચ્ચીત એક અજીમ ગુન્હા કીધેલો છે. ગામ ત્યાં ઢેડવાડો તો હોય, પણ તેથી એક આખા વર્ગને માટે બુરૂં માનવું ને બુરૂં બોલવુ ગુન્હાભરયું છે. એ પૈસાવાલાંઓમાં બી ભલાં, નીતીમાન, હીમતવાન, સખી ને એવા સર્વ સદગુણો ધરાવનારાં ગણત્રીનાં ગણાય નહી એટલાં નિકળશે."

"એ બધા તમારા ભુલભરેલા વિચાર છે," તે ભોલી બાળાએ હસીને હઠ પકડી રહેતાં કહયું. "તમે પૈસાવાલાંઓમાં ફરયાં નહીં હોશો એટલે તમોને બિચારાને કાંહાંથી ખબર હોય? માહરાં બગલીફુઇએ જેટલી દુન્યા જોઇછ તેટલી તો હું કેહુંછ જે કોઇએજ નહીં જોઈ હોશે."

"ત્યારે જો કોઇ પૈસાવાલો તમારા હાથની માંગણી કરે તો બગલીફુઇ કદી બી હા નહીં કેહે?"

"બગલીફુઇને કાંહાં સેકો તાંણોછ—પેહેલાં તો હું પોતેજ મરતાં હા નહીં કેહું તેની વાત કરોની!"—અને તે ખુશ મિજાજે હસી પડી.— "પણ વળી શેહેર ઘેરની બધી અલબેલીઓને મુકીને મુંબઇનો કોઇ પૈસાવાલો શેઠયો અહીંજ શું ધુર મુકવા મને સોહોધતો આવવાનો હતો વારૂં?"

ફીરોઝે એ ઉપરથી આ છોકરી આગળ પોતાના પૈસાના તાપ ને ઠાઠથી જાહેર થવાની અને પોતાનાં માન પામેલાં ખાન્દાની નામનો રોબ બતાવવાની બધી આશા ફોકત જોઇ, ને સાદા આકારમાં તે અત્યાર સુધી રજુ થયો હતો તેજ ડગાઇ જારી રાખવાની તેણે જરૂર પીછાણી. તેણે રતનના પાધરા સવાલોના જવાબમાં પોતાને ફીરોઝશા સુરતીને નામે, સુરતની એક આફીસમાંના કર્લાક તરીકેજ ઓળખાવ્યો, કે જ્યારે તે ભોળી કુમારીકામાં તેના પોશાકના ઠાઠ કે પેસાંનીના રોબની તેને એ હાલતથી જ્યાદા જાણવાની કશીએ સહમજ કે પોંહોંચ હતી નહીં.

તે પછી તેઓ દીન પ્રતી દીન વધતી આવતી દોસ્તીમાં અવાર નવાર મળતાંજ રહ્યાં. રતન બાજે વખત બગલીફુઇથી છુપી છાની આવતી અને મળતી, અને ખરેખર તો એ ઘણું અવટીત આચરણ હતું, તોપણ ઇનસાફની રાહે રતનના બાબમાં કદી શકાશે કે તે તેના પરના એક વગર અગતના જુલમાત અને જાપતાનું પરીણામ માત્ર હતું. છોકરાંઓ જે બાજે વખતે બિગડે છે તેમાં તેમને કેળવી નહીં જાણનાર માબાપ કે વડીલોનીજ જવાબદારી વધારે છે એમ કેમ ના કહી શકાશે ? છોકરીઓ બિગડી અથવા વીખરી જવાની બેહુંદી બલ્કે શરમભરેલી ફીકરથી જે માબાપો તેમને એક પાંજરાંમાં પુરેલાં જંગલી પ્રાણીની અદાથી બંધી ને જાપતાના જુલમાતમાં ગોંધી રાખે છે તેઓ દેખતી આંખના અંધાપાથી તેઓના સંબંધમાં મોટો બિગાડનો પાયો નાંખે છે એ અચુક અનુભવથી સિધ્ધ થયલી વાત છે. અધુરી કેળવણી અને હદ બાહેર છુટાપણું જવાંન છોકરીઓની નીતીરીતીમાં એક મોટો બીગાડ કરે એ વાસ્તવીક છે, પણ તેમજ વળી અધીરાં માબાપોએ સમજવાનું અને યાદ કરવાનું છે કે ઉપર કહેલી કીસમના જાપતાથી એ છુટાપણું તે શી ચીજ છે અને તેની મોજ કેવા પ્રકારની હોવી જોઇએ તે જાણવાની એક અયોગ્ય જીગ્નાસા ઘણીક કુમારીકાઓને લલચાવીને અપજશમાં સીધી પાધરી ઘસડી જવાનું સાધન થઇ પડે છે: પણ આપણે આપણી વારતાથી વેગળા ગયા.

"તાહરી બગલીપુઈ સાથે મને ઓરખાણ થઇ જાએ તો આપરી બધી મુશ્કેલી ટળી જાએ, નહીં ?" એ ફીસમની એક મીલાકાત દરમ્યાન ફીરોઝે એક દિવસ રતનને પુછયું.

"ભરોસે ભુખા ના રેહતા," રતને હસીને કહ્યું. "તેવણ તમોને ને મને પીછાંણ છે એમ જો જાણશે તો આપુને બેઉને જીવતાંજ ફારી ખાશે; પણ વરી તેવણ સાથે દોસ્તી કરવાનું તમોને કેમ એકાએક મન થઇ આયું ?"

"તું સમજી નહીં, ડીઅર,"–ફીરોઝ છેલ્લી થોડીક મુલાકાતોથી લગાર વધારે છુટથી અને વાહલથી તેણીની જોડે વાત કરતો હતો. "તે ડોસાં સાથે જો મને ઓરખાણ થાય તો તારે આવવા જવાને મને પહીંગો થઇ જાએ, અને આએ એમ ભરાઇ છુપાઇને મળવાની આપરી જંજાલોનું સેવટ આવી જાએ."

"તે કાંઈ થવાનું નથી," રતને કહ્યું. "અને તમો સુજમાંજ રોજ બોલશો, ને એટલું બી આપરે ધરીચપકો બે વાત કરવા બે ચાર દાહડે બી એકઠાં મળીએછ તેમાંથી બી જતાં રહીશું."

ફીરોઝને એ સાંભળીને મનમાં ને મનમાં ઘણો ખેદ થયો. તેણે જોયું કે એ નાસાગોસાથી કાંઇ તેની મોતેબર મુરાદ પાર ઉતરવાની નથી. તે આ ઇનામ જીતી જવા અધીરો બની ગયો હતો. રતન વગર તેની આખી જીંદગીનું સુખ હરામ હતું, અને તોપણ હજી સુધી તે સુખી જીંદગીની તેની ઉમેદ ફકત એક તાંતને વળગેલી દેખાતી હતી !

તે રતન વગર જીવી શકે એમ ન હતું, જેથી રતનને જોડે લઇ જ્યા વિના તે પોતાને વતન અને પોતાને ઘેર પોતાનાં સરેસ્તાના કામ-કાજો ઉપર ધ્યાન આપવા પાછો ફરી શકે એમ પણ ન હતું. તેણે પોતાના કુટુંબ ઉપર, તેથી અનેક તરાહનાં જુઠાં બાહણાં લખી વાલ્યાં હતાં, અને તે હજી આ બેમુલ રતન કેમ હાથ આવે તે માટેના પ્રપંચોના ખ્યાલો કરતો એ તરફજ ખોતી હતો !

તેને અશુદ્ધ વર્તન પસંદ ન હતું. ઠગાઇમાં ઠગાઇ તે એટલીજ કરતો હતો કે તે રતનને પોતાનાં ખરાં નામ અને ખરી સ્થિતિથી અંજાણ રાખતો હતો, અને તેના જેવા એક શુધ્ધા ગ્રહસ્થને મન તેટલી ઠગાઈ પણ જોઇએ તે કરતાં વિશેષ હતી. તે રગેરગ ઉમરાવી તોરનો, સાચો અને આહલેસ જવાન હતો. તે રતનને પરણીને પોતાના મેહેલની પતરાણી કરવા માંગતો હતો, અને તેને સુખી કરીને પોતે સુખી થવા ચાહતો હતો. એટલા માટે તેણીને ઉધુ ચત્તું ને જુઠું સાચું સમજાવી નહસાડી લઈ જવાનું અયોગ્ય આચરણ જે તેની જગ્યાએ ઘણાખરા જવાનો કરતે તેનો તેને ખ્યાલ વટીક થયો નહીં. રતન તેને ચાહતી ન હતી, તોપણ દેખીતી રીતે તેના જોડેની વાતચીતમાં તેને મોજ અને મજાહ મળતી હતી, માટે તે તેની પ્રમાણીક "આફર"નો તુચ્છકાર કરશે એવો તેને કશોએ ભય રહયો ન હતો. જે ભય અને વસવસો તેને હતો તે જેફ બગલી ફુઈના સંબંધમાં હતો, કે જે આખી દુનીઆના જવાંનોને લુચ્છા અને ઠગારા માનતી હતી, અને તેથી રતનને કોઇની સોડ સાંધવા પણ રજાજ આપી શકતી ન હતી. એમ છતાં તુરત વેળા કામ સુધરે એવો કશોએ ઉપાય ન જોઇ તે લાચાર થયો, અને ભવિષની ઉમેદો તેણે વખતને સ્વાધીન રાખી.

એક દીવસ એ મુજબની મીલાકાતોમાં એક તેવીજ ચંદણી રાત્રે તેઓ કિનારાની બાજુમાં એકઠાં મલ્યાં, અને ખુશાલ હસ્તાં બોલતાં અને વાતચીત કરતાં હતાં. તેઓ બન્ને એકમેકના સમાગમમાં સુખી દેખાતાં હતાં અને આખી દુન્યા તેઓ થકીજ હોય તેમ નિર્દોષ પ્રકારની ગુફતેગોમાં તેઓનાં મન મળી રહયાં હતાં; પણ એવામાં કમ્મરમાંથી વાંકો વળેલો, કમ્મરે બે હાથ ટેકવેલો એક જેફ અબળાનો શીહા આકાર તેમના સામે અચણુચ ઉભો થયો, અને રતન એક ચીસ સમેત ગભરાઇને બે કદમ પાછળ હઠી કે તે તો બગલી ફુઇ હતી!

તે બગલી ફુઈ હતી કે બગલી ફુઇનો ભુત? તે બેહસ્તન તો ઉપર કહેલા સરેસ્તા મુજબ બેવડાનો ટકોરો ચહડાવી ખાઇ જોભરીને તેમની

પેહેલી રાતની ઉંઘનો લાહવો લેવા વેહેલો ઘોંતનવાસો થઈ ગયાં હતાં. રતન તેમને સારી રીતે ઉંઘમાં પડેલાં જોઇનેજ તો આવી હતી, અને તે છતાં તે સત્યાનાસગીયાં ડોસાં અચણુચ હયાં કયાંથી ફુટી નિકળ્યાં?

તે એક જોવાજોગ દેખાવ હતો. રતન હરણુ હાલ થઈ ગઇ હતી. અને ફીરોઝનો ચેહરો પણુ લોહીનો એક છાંટો ન હોય તેમ ગભરાતનો મારયો ફીક્કો પડી ગયો હતો. તેને આ અણુગમી અને અચણુચી મીલાકાતથી હદ વનાનો ગભરાત બરપા થયો.

"તું મરે, પેટભરી," બગલીફુઇએ શાંત ગુસ્સા વચ્ચે એકાદ પળ સઘળું માજનું ધીરજથી જોઇ લેવા પછી ખુબ જોશથી બખાલ્યું. "અત્યારથી તું આવા કોટાં કાવત્રાંમાં પરી મુઇછ? અત્તરઘરી કાઈ કર તાહરૂં ને ફેહરાંમણુ પર ઘેરમાં!"

"પણુ ફુઇજીમાએ—"

"બસ, સીવી નાખ તાહરૂં! એક બોલ વધારે બોલીચ તો મહીરાં સાસરાં મુઇની જબાંન ખેંચી કાહરસ," બગલી ફુઇએ જીવ જીકાતીઓ. "ચાલ, મર, જા,"—અને તેવણે રતનને એક ધમકો મારીને ઘર તરફ એક ધક્કો મારયો.

ફીરોઝની આંખમાં એ જોઈ ચીતરી આવી ગઇ, પણુ તે શું વચમાં બોલી શકે?

"ને તમે કોણુ છેઓ રે?" હવે ફીરોઝ પર ધાડ આવી, "જરથોસ્તી છેઓ કે દુરવંદ? કોઈ માએબાપ વગરનાં બચ્ચાંને આવી રીતે ભુરો રસ્તો બતાવતાં કંઇ લાજ શરમ નથી આવતી? લેઆનત પરી તમારાં જીવતર પર!"

"મેં તમારો કાંઈ અપરાધ કર્યો નથી," રોબવંતા ફીરોઝે અને તેવાજ ગુસ્સાથી હીંમત એકઠી કરી કહ્યું. "તમારાં રતનબાઈ સાથે મને અચણુચી ઓરખાણુ પરેલી છે, અને હું આએ તરફ અતરે ચંદરણીમાં

સેહજ ફરવા આયો તેવામાં એવણુ સાથે પાછી માહરી જરા મીલાકાત થઇ ગેઈ અને અમો લોકો તમારેજ વરે વાત કરતાં હતાં."

"મારે વરે ?"

"જી, હા. તમારાં રતન તમારા સ્વભાવની માહરી આગળ ઘણી તારીફ કરતાંથાં, અને તમે એ માએબાપ વગરના બચ્ચાંનાં માએબાપ થયાંચ તે સારૂ પોતાનું હેસાંન જાહેર કરતાંથાં."

"તેમ કરવાની આએ રીત ને આએ રસ્તા હોયજ નહીં," બગલી પુઇએ હજી અફરાતફરી કરી, "તમે તમારૂં મોહોત ચેતીને ચાલજો, ને કહરામણુ પરો તમારે રસ્તે ! ફરીથી જો એ પોરીને રસ્તામાં ઘેરીછ તો તમારૂં કીધું તમે જાણો !"–અને ગુસ્સામાં ગાલ દેતી ને બખાલતી તે પટપટતી કાંહની જવાન ફીરોઝનો કશો બી ખુલાસો સાંભળવા થોબવાની દરકાર કીધા વગર કાંસતી કરાંજતી પોતાનાં ઘર તરફ ચાલતી થઇ, કે જ્યાં સુંદર રતન તો કાંઇ જાંણુતીજ નહીં હોય તેમ રાતોવહી સેહતાન દાબો કરવા ગુપચુપ ગોતું મારી ગઇ હતી.

ફીરોઝ બેહદ દલગીર થયો. આ નહીં વકી રાખેલા ઘોંટાલાથી સઘળું કાંટાનું કતેસર વળી ગયું, અને એ સંકડામણુમાંથી બચવાને શું કરવું તે માટેના દુખી દરીઆફતો કરતો તે નાકાપર તેની ગાડી ખોતી થતી હતી તેમાં બેસી ઘર તરફ પાછો ફર્યો.

પેલા હાથ પર બગલીપુઈ તેવણુની પેહલી ઉંઘમાં "વલોરૂં પારવા માટે" રતનને ખુબ ગાલબેલ દેતાં, બખાલતાં અને ફફડતાં ચટકતાં પોતાના ઘર તરફ પાછાં ફરયાં, અને બારી બારણું બેવડી ચોકસાઈ સાથે અફ્રાજીકથી પાછાં બંધ કરી રતન આગળ ગયાં. તેઓએ તે પોરી ઉપર ગાલોનો એક મસ મોટો વરસાદ વરસાવ્યો, અને કેહ રે મોહડાં શું ભાવે તેવા રીતે તે ગરીબ બાળાને મન ભાવતા આરોપોથી ગુંગલાવી, પણુ રતાંના ધરા ગામ ગયા હતા. તેણે કશોજ જવાબ કરયો નહી. પોતાની ચાલનું ખોટારૂં તે પોતે સહમજી શક્તી હોવાના સબબે સાંમો

એક બી જવાબ આપવાને તેની જીભ જાણે ઉપડી શકી નહી! એ રીતે રાત્રે તો તે રમખાણુ જેમતેમ નરમ પડયું, પણ સહવારે પડતાં સાથે એનો એ રીતનો એવડાં જોસથી પાછો જારી થયો!

"પણ એમાં મારો એવો મોટો તે વાંક શું થયો, ફુઇજીમાએ, તે તો જરા મને સમજાવો?" રતાંએ રડીને ફરીઆદ કરી. "એક વખત પેલા મુઆ ગરવાજી ગોવલ્યાનો આખલો માહરી લાલ સારી જોઇને ભરકીયો ને મને સીંગરાંથી વીંધી નાખવા માહરી પુઠે પરયો તેમાંથી એવણે બીચારાએ મને બચાવી તાહારથી અમુને પીછાંણુ પરેલી છે."

"તે એ વાત તું આજે મને કેહછ તે આગલ મને કહેલી કે રે, હેં પેટબરી?"

"તમોને શું કેહે, ધુર? તમોને કેહતે તો તમે કદીને કાલે બી મને ઘેરમાંથી પગ બાહાર કાહારવા દેતેજ નહી!"

"ને બાકીજે હવે તું ઘેરમાંથી પગ બાહર કાહારશે ખરી કે?" બગલીફુઈએ ખીજવાઈ ચીચવાઇને કહયું. "તું ભસ્તે ભરઇ માહરી જાંણુ અજાંણુ ઘેરમાંથી હવે પગ બાહર કાહર તો ખરી કે પછી ખખરેલાં તવાથાએ દામ દઇને ચોટલાબરીના પગજ દહજારી મુકું!"

"મરે, માહરીપર કેવો તમારો જુલમ છે!"–અને રતન વળી એ સાંભળી રડવા લાગી.

તે જાંણુતી હતી કે ચોરી છુપીથી બાહર બહરવાસ જવાનું બી હવે તો તદન અશકય હતું. બિલાડી ઉંદરની ચોકી કરે તેમ હવે બગલી ડોસાં તેણીપર બારીક નિઘાહદારી રાત ને દાહડો રાખયાં જશે એ તેને રોશન હતું, જેથી તે બાપડી ઘણી અકલાઈ. તેની જીંદગીનું એકજ સુખ આ સ્વતંત્રતા અને છુટાપણું હતું. તેને બાહેર ફરવા હરવા ને ખુદરતની ખુબસુરતીઓની મજાહ મેળવવા ઘણુંજ ગમતું હતું, વાસ્તે આ નવેસરનાં કેદખાનાની વિપતથી તે બાલક છોકરી છેકજ હીંમત હારી ગઈ.

અને વળી બુરૂં એ થયું કે જીહની મારેલી સુંદર રતન હવે તેણીનાં એકાંતમાં તે રોબવંતા ને દેખાવડા જવાનનો વિચાર વધારે કરયા કરતી હતી! તે જેમ તેને નહીં મળતી તેમ તેને મળવાને વધારે ને વધારે તલબગાર થતી, ને તેનું કામકાજપર કશુંએ ચિત લાગતું નહીં, જેથી તે ઘણુંક એવું દોહોરૂં કરતી કે જેનાં પરીણામમાં તે ફુઇ ભત્રીજી વચ્ચે વળી એક મોટી ઝુબેસ જાગતી! તે સમવયનો, મલતાવડા સ્વભાવનો, ખુશ તબ્યતનો એક જવાંન હતો, કે જેના જોડેની તકરાર ને વાતચીતમાં કાંઈ ઓર કીસમની મજાહ રેહતી હતી. જેથી તે નવીન અનભવ આ ભોલી કુમારીકાને ઘણો ગમી ગયો હતો. અત્યાર સુધી તેને બગલી ફુઇના સહવાસથી વિશેષ પરીચય કોણુ જોડે હતો? તે બગલી ફુઈ જોડે કદી બી કશી તકરારમાં ઉતરતી નહીં કેમજે તે જાંણુતી હતી જે તેમ કરવું પથ્થર સાથ માંથુ ફોડવા જેવું હતું. એટલા માટે બગલી ફુઇને તે ફકત હા જી હા કરયા કરતી, ને બંગલાં ડોસાં સાત બોલે તો તે એક જવાબ કરતી હતી. હવે ફીરોઝ જોડેની દોસ્તીમાં એથી ઉલટુંજ હતું. તેઓ તરેહવાર તકરારમાં ઉતરતાં, ને એકમેકને માહત કરવાની મોજમાં એકમેકની વાતચીતથી બંને ઘણાં રાજી થતાં હતાં; મગર તે સુખ આપણી ન્હાનકડી રતન માટે હવે આજે કયાં હતું? આજે તો તેને મળવાના વાંધા હતા, ને ફરીથી કદી તે સોહાંમણો મુખડો નજરે આવશે નહીં એવો સઘળો સીહા મામલો તેની નજર સાંમે ખડો થયો હતો, જેથી તે અતી ઘણી દુખી થઈ,—તે એટલે સુધી કે તે પોતેજ પોતાનાં દીલમાં બરપા થયલી એ એક લાગણી માટે અજબ થઇ! તે શું પ્યારની લાગણીઓ હતી?

તેને હવે તે એક સોહામના અને મીઠા ચહેરાના સ્વપ્ના વટીક થતા હતા! તેણીને લાગતું હતું કે એવો ચેહેરેનમુન જવાન આખી ધરતીપર કોઈ હોવો જોઇએ નહીં, ને પૈસાવાલો વર્ગ જે સાધારણે ઘણો ખુબસુરત કેહવાય છે તે વર્ગમાં તો ખચ્ચીત કરીને આવો એક બી જવાન હશેજ નહીં એવી જાંણે તેની ખાતર જમા થઈ.

તેનું બાલક જીગર હવે આ બંધી સામે બંદ મચાવા લાગ્યું. ફીરોઝ જોડેની અવલ મીલાકાત આગમચ તે ગમે ત્યારે ઘરમાંથી જતી ને ગમે ત્યારે આવતી, માટે છુટાપણાંની કીંમત ને કદર તેણે હમણાં જેવી આગળ કદીએ જાંણી ન હતી. પોતાનાં મનને ભાવતાં આસામીઓને મળવામાં બી મોજ હોય છે એ સુંદર રતનનો નવોજ અભ્યાસ હતો, અને ત્યારે તેને એ ગામડાંનું એકાંત કે જ્યાં આજ સુધી તે સંતોશી રહી હતી તે કરડવા આવતું હોય એવી લાગણીઓ થઈ. તેણીએ પુછ્યું ને પોતાનાં મનને પાછું પુછ્યું કે શું અત્રેનાં આ એકાંતમાં ફીરોઝ જેવા મળવા લાયક આસામીઓને મળવાના સમાગમ વગરજ તેની તમામ જીંદગી ગુજરવાની ને આખર થવાની હશે? બગલીફુઇ કોઇ જોડે તેને મળવાંજ ન દેતી હતી તો આ કીસમની એકાંત જીંદગીનું છેવટજ કેમ આવે?

તે બગલી ફુઇ જોડે રીસાઈ રહી. તે પોતાનાં મનથી અજબ થવા લાગી કે બગલી ફુઇએ કરેલી હરધુત પછી હવે તે જવાન રાંદેર તરફ આવતો જતો બંધ થયો હશે કે હજી આવતો હશે? દેખીતી રીતે તેને મળવા તે જવાનને ઘણું ગમતું હતું, ત્યારે શું તે હવે તેણીને એટલો જલદી ભુલી અને છોડી ગયો હશે?

એક દિવસ બગલી ફુઇને કાંઈ જરૂરનાં કામે સુરત જવાનું થયું, ને તેવણ રતનને ખુબ તાકીદ પર તાકીદ આપી પોતાના આખા ત્રણ સદરા તેવણ આવે તેટલાં સીવીને તૈયાર કરી રાખવાનું કામ સોંપી ગયાં. એટલા માટે તે કામ લઈ રતન પાછળી ગમ જે એક ન્હાની વાડી તેણે બગલી ફુઇની મદદથી બનાવી હતી ત્યાં ગઈ ને તે અરધોક કલાક ત્યાં બેઠી નહીં હશે તેટલાંમાં તેના પગ આગલ ચંપેલીનો એક મોટો દડો આવી પડયો. એ શું? તેણે તે ઉંચકી જોયો. તે બધો સુવાસથી ભરેલો ચંપેલીનો એક તાજો દડો હતો. એ કોણે ફેંકયો?

તેણીએ પાછળ નજર ફેરવી જોયું તો તે બેઠી હતી તેની પીઠ પછવાડેની કામરાંની દેવાલ ઉપર ટીંગાઇને એક હસ્તો ચેહરો તેના ભણી જોતો હતો. તે ફીરોઝ હતો.

"હું અંદર આઉં ?" તેણે વિનંતીથી પુછ્યું.

"નહીંજી નહીં, બગલી કુઈ ચીરડાશે," તે સુંદરીએ ગભરાતથી કહ્યું.

"તેવણુ તો સુરત ગીયાં. તેવણુનો માફો પુલપર વળ્યો પછીજ મેં અહીં આવવાની હીંમત કરીછ," ફીરોઝે ધીમા સ્વરે કહ્યું, કેમકે પારપડોશના ચોકમાં કોઈ બેઠાં હોય તે સાંભળે તેની તેને ફીકર થતી હતી; અને બીજી એક પળમાં તો રતનને કાંઇ બી વિશેષ વાંધો નહીં કરતી જોઇને તે દલેર જવાન વાડ કુદાવી અંદર દાખલ થયો.

ત્યાં તેઓએ સુખ દુખની ઘણીક વાત કરી. તેની કંપની વગર તે જીવી શકતો નથી એવી મતલબનું તે સાહલેસ જવાને તે મનોહર સુંદરીને ઘણુંક કહ્યું. તે કેદ પડેલી હતી તે દરમ્યાંન પણુ તે કેવી રીતના એ તરફના ધકેલા પછાડામાં પાછો પડેલો હતો તે તેણે તેને કહ્યું, ને તેથી રતનનાં મનમાં ઘણું સુખ થયું. ફીરોઝ તે બ્હીતી હતી તેમ તેને વિસારી બેઠો નહીં હતો એમ ખાત્રી થવાથી તે સુંદરીને પરમ સંતોશ થયો.

"તુંને કેદ કરનાર એક અબળા છે એટલે માહરો ઉપાય ચાલતો નથી," તે કેહતો હતો. "જો કોઇ મરદ હતે તો હું હર રસ્તે તેને પુગતે."

"મને બી અમારાં ઘેરનાં એકાંતમાં આગળ જેવું હવે ગમતું નથી," રતને કહ્યું. "તમે મને કંઈ ફરી તો નથી મુકયુંની ? તમોને હું મળી નથી શકતી ત્યારે મુવો માહરો જીવ બી ઘણી મોટી અકરવકરમાં પરી જાએછ."

એ સાંભળી ફીરોઝ પણુ હદથી જ્યાદા ખુશી થયો. તે છોકરીને તેને માટે એવી લાગણીઓ બરપા થતી હતી એ ફતેહના રસ્તામાં એક નવું પગઠયું હતું.

"તુને આએ ગામરાંનું એકાંત નથી ગમતુ તે જાંણી હું ઘણોજ ખુશી છું." તેણે કહ્યું. "આવી નામીચી ખુબસુરતી અહીનાં એકાંતમાંજ પુરી થાય ને નાશ પામે એ પાક ખુદાની બુલંદ શકિતને ગેરઇનસાફ ને અપજશ આપવા જેવું છે,"—અને પોતાની સુંદરતાની આટલી બધી

તારીફ સાંભળી તે ચાતુરી હસ્યા વિના રહી નહીં. "મરે, તમે કેવું મજાનું મજાનું બોલોછ," તેણીએ કહ્યું, "મને તો એવું મોટા મોટા બોલોનું બોલવાનું હું આવી મોટી થઈ તોબી આવરતું નથી!"

આએ મુજબની તે નવાં "પ્યારાંઓ"ની તે દીલખુશ ગેફતેગો હતી કે જેમાં વખત ખુશાલ પસાર થઇ ગયો. બગલી ડોસાં સુરત જઇ મુવેલાં હોવાથી તરત પાછાં ફરે એવું તો કશું હતુંજ નહીં એટલે તેમને મોટી નીરાંત હતી, ને તે તકનો લાભ લઇ તે લાયક જવાને પોતાનો પ્રમાણીક પ્યાર ઘણુંજ દીલજીત જોશ સમેત તે કુમારીકા આગળ રજુ કરયો. ને તેણીને પરણવાનો તેનો સરબસર એરાદો સાંભળી તે ભોલી ગૌમરેની ગોરી એકદમ હયરત થઈ ગઇ.

"મેં તુંને જોઇ ને જોઇ હું તાહરીપર ફીદા થયો, વ્હાલી રતાં," તે કેહતો હતો, "મેં ઘણીક ખુબસુરતીઓ જોયલી છે, પણ તાહરા ચેહરેનમુન ચેહરાએ માહરા દીલમાં જે પેહેલીજ નજરનો જખમ કીધો તેવું આગલ મેં કદી અનુભવ્યું કે જાણ્યું નથી. ઓ વ્હાલી, હું તાહરે ખાતર બધા કીંમતીમાંકીંમતી ભોગ આપવા બલ્કે માહરો જીવ બી આપવા તૈયાર છેઉં."

મકરણ ૫ મું.

ફીરોઝ મેહરહોમજી હવે પડયો પાંથરયો, પડાવ નાખીને સુરતમાંજ ઠડી રહયો હતો. રસીલી રતને પોતાની તેજ ચસ્મોનાં જાદુથી તેને જકડ-પકડ એજ બાજુએ કેદ કરી મેલ્યો હોય તેમ તે જાદુગરણીના પુન્ય હાથનો એકજ તલબગાર અને પરસ્તાર ફીરોઝ પોતાની એ માનીતી ઉમેદવારી માટે શેહર ઘેર અને કામ ધંધો મુકી ચુકી ધીરજથી અત્રેજ ચોણી ગયો હતો. વિદ્વાનો લખે છે કે એક અબળાનાં રસીલાં નેણોનું ઝેર એક ઝેરી સરપનાં ઝેરથી પણ બાજે વખત વધારે કાટેલ હોય છે, જે જવાંન ફીરોઝના કેસમા કેવલ વાસ્તવીક અને ખરૂં સિદ્ધ થયલું

જોવાતું હતું. એક સરપ તો છેક પાસે આવીને દંખ મારે ત્યારેજ તેનાં ઝેરનો પ્રસાર અને અમલ શરૂ થાય છે, કે જ્યારે રતન જેવી એક નખરાંબાજ નાજનીનની મોહીનીનું ઝેર તો તેનાં રસીલાં નેણો દુરથી જોતાં સાથે પણ તે જોનારને બાજે વખત ઝેરની અસર સપુરદ કરી શકે છે! હવે એવી એક ઝેરી અસરની નહીં મોકલો થઇ શકાય એવી ચુગાલમાં ફીરોઝ ફસેલો હતો એમ છતાં તેની લાગણીઓ પ્રમાણીક અને ઉમેદો એક ગ્રહસ્થને શોભા આપે એવી તમામ સાચી હોવાને લીધે તેની અસરમાં તે પ્યાર ગમે એવો ઝેરી કે જોરાવર હોય, તો પણ તેને માટે દુર્વાદ બોલાવો એ ખુદાઈ પ્યારના ખરા ખાલેસ અને પવિત્ર મહીમાને મોટો અપજશ આપ્યા જેવું છે. એ લાગણી એકજ છે. જેમ ખુદા એક છે તેમ ખરા પ્યારની પ્રમાણીક અને તેજ લાગણી પણ એકને માટે અને સદા એકજ થાય છે. "પ્યારના પીંજન પાટલા"ને નામે સાચા પ્યારની ખરી ખુદાઈ અસરની એકાદ વારતાને જે હેમકો દાહયાદોહરા અને સાધુ સંતની અદાથી જ્યાં ત્યા વગોવે છે અથવા હસી કાઢે છે તેઓ ખુદાઈ ખુબીનો દુર્વાદ બોલે છે. એ લાગણી તેની અસરમાં અશો અને પવિત્રાઇમાં એવી બુલંદ છે કે એકાદ એવા સાચા પ્યારની કેફીઅત ખુદ ખુદાની ખુદાઇ સમજાવે છે, ને એક સ્વચ્છ મનને બની શકે તો વધારે નિર્મળ કરવામાં મદદ થાય છે. જેમ અથાણું વનાનો કંસાર તેમ પ્યાર વનાનો સંસાર છે, અને એવા એક પુન્ય અને પવિત્ર પ્યારની જોરાવર અસરમાં જવાંન ફીરોઝ અસીર થયલો હતો. તે એ પ્યારને શોધતો ગયો હતો નહીં, પણ એ લાગણી તેની સદાની બેમાલુમ અસર સાથ સાંમી તેને શોધતી આવી, અને ત્યારે તેનો તે બેતાકાત શિકાર થયો.

તે શ્રીમંત, મોટે ખાંચરેનો અને ખાંન્દાંની હતો, કે જેવા એકને જીતવા માટે મુંબઇમાં તેના દરજ્જાને જવાબ કરતાં સરકલોમાંની રસીલી સજીલી અલબેલીઓ તેના પર ઓઢાઇ પથરાઇ જતી હતી; પણ તેમાંથી આજ. વેર કોઇએ પણ સુંદર રતને કર્યું તે ફીસમનું તેનાં હૃદયનાં અંતરમાં છાપ મારી ધર કરી લીધું ન હતું. તેણે તો આજ તલક ખુબસુરતીઓને તુચ્છ જાણી હતી અને પરણવાની વાતો હસી કાઢી

હતી, અને તેમ છતાં તેજ હાલમાં જેમ દીવાની પછવાડે પતંગ તેમ પરીસુરત રતનની પછવાડે જાંનોનિસાર દીવાનો થયો હતો. તે પોતાની મુશ્કેલીઓ ભુલી જઇ શકયો નહીં. તેના પૈસા અને મુબાઇ માંહેલા તેના હોરદમામને મુકાબલે રતન જેવી એક અભણ ગામરેની ગોરી કોઇ હસાબમાં નહીં હતી. તે ગામરયણ ગમાર એ શેહરી ઠાઠના મુશકેલ અનુભવથી કેવળ અંજાણી અને બિનમાહીતગાર હતી, જેથી તેવી એકને તેની ગુમાખી માતા અને મગરૂર બેહનો તેની મોહોરદાર તરીકે હેતથી આવકાર આપી શકે એ માનવુંજ બેહુંદું હતું; અને એમ છતાં તે હીંમતથી અને હઠાવથી એ બધા જોખમો ને પરીણામોની પરવાહ કરયા વના રતનને વરવા તૈયાર થયો હતો! તેણે ભવિષનો સઘલો જુબો પોતાંને શીર ખેંચી લીધો હતો. "માહરાં માએ નહીં કબુલ કરશે તો હું શું કરશ?" તે પોતાનાં મનને સધ્યારો આપતો, "હું પાકકી ઉમ્મરે પુગ્યોછ, અને તેથી માહરાં મનને જે ગમે તે કરવા જેટલો હું સ્વતંત્ર છું. તે લોકો જો સેહેલ સુજે માહરાં એ લગન બાહાલ નહીં રાખશે તો આયંદે પોતાની ભુલ જોઇને પોતેજ પસતાશે."

તેની માતાએ જે તેને માટે બે ત્રણ મોટે મોટે ખાંચરેની છોકરીઓ તૈયાર કરી રાખી હતી તે તેણે યાદ કર્યું. વ્હાડયા ખાંન્દાનને અને શેઠ ખાંન્દાંનને ઘેરની ચેહરેનમુન અને શ્રીમંત સુંદરીઓમાંથી કોઇ એકને પણ પોતાની પસંદગીથી વરવાને તે માતાએ પોતાના એ બેટા પાસે અનેકવાર આજરખ્વાંહીથી માંગી લીધું હતું, પણ તે સઘળું પત્થર પર પાણી રેડવા સમાન હતું. તે એ છેલ્લી સહેલગાહે નિકળ્યો તે વેળાએ બી તેની મા બેહેન જોડે તેને એજ વાતનો મોટો ઝગડો થયો હતો, તેણે તેઓને રાજી રાખવા માટે પરણવા ધસીને સાફ ના કહ્યું, અને પરણવા માટે ત્યાં સુધી તો એક ફુરનો વિચાર પણ હજી તેણે કર્યો ન હતો!

તે તેની માતાને તાબેદાર ઉછરયો હતો. તેનો બાપ જવાનીમાં સ્વર્ગવાસ પામવા પછીથી તેની માલેતુજાર માતા જ્યારે અખત્યારમાં આવી ત્યારે ફીરોઝ હજી એક નાધલો બાળક હતો, અને તેથી તે રોબ-

વંતી માતાના તહરાસ અને ધાક વચ્ચે ફીરોઝ પછીથી એવી ફીસમે ઉછરવા પામ્યો કે તેની માતાએ કહ્યું અને કર્યું તે ખોદાએ કર્યું હોય એવી તાબેદાર ફરમાનબરદારીથી તે તેણીનો પડતો બોલ ઉપાડતો રહયો. તે હાડે ગરીબ, નમાનો અને કહયાગરો તો અસલથીજ હતો, કે જેનાં પરીણામમાં પોતાની પાક ફરજ માની લઇ તે પોતાની આ મગરૂર માવીતરને અંતની ઘડી સુધી ચાહતો અને માન આપતો રહ્યો હતો; પણ અજીત રતનના પ્યારે તેને એટલો બધો માહાત કીધો કે આયંદે પોતાની મગરૂર માતાની જોરાવર ખફગી ખેચી લેવાના દરેક ભય છતાં એ પરીસુરત રતનનો પરસ્તાર બની તે એ બેમુલ રત્ન જીતી જવાની ઉમેદમાં હજી હયાંજ થોભ્યો હતો!

તેણે રતનને એક બેમુંલ રત્ન ભેટ કર્યું. તે એક ઝલેઝલ થતા હીરાની વીંટી હતી, જેના તેજ પ્રકાશથી રતાં અંજાઈ અંજાઇ ગઇ!

"ઓ ખુદા," તણીએ અકલાઇને પુછયું, "આવો એક બેકીંમતી હીરો તમો કાંહાંથી લાયા હોશો? એ ખરીદી શકવા માટે તમારી પાસે એટલા બધા પૈસા કેમ ને કાંહાંથી આયા?"

તે કહેવા જતો હતો કે એવા બેસુમાર હીરાઓ ખરીદી શકવા જેટલો તે શ્રીમંત ને, ધનવાન હતો, પણ તેણે પોતે પોતાને રોકયો. શ્રીમંતો માટેની રતનની અજીત સુગ તેણે તાબરતોબ યાદ કરી, અને જો તે પોતાના ધનવાનપણાં સાથે જાહેર થાય તો આ બુલબુલ, કે જેણે તેનાં જીગરનાં અંતરમાં માલો બાંધ્યો હતો તે છટકીને નાહસી જાએ તે હેબતાવનારી ફીકરથી તેણે તેને એક ઉડાવનારો જવાબ કર્યો.

"એ આપરી અદરાવાની ઇધાણીમાં તું કબુલ રાખ, વાહલી રતન," ઉલંટમંદ ફીરોઝે ઓજરખ્વાહીથી માંગી લીધું, "તું વાહલીને માહરી એ પેહેલીજ ભેટ છે."

રતાં અજાયબીના એક આહ સાથે તડકાંમાં ઝલઝલ થતો તે હીરો જોતી ઉભી, કે જેના ઝલકાત સાથે સુર્યના પ્રકાશનાં કિરણ એક

લાઇનમાં હરીફાઇ કરતાં ઉતરી આવ્યાં હતાં. તે બાળા ઝવેરાતોમાં ઝાઝું સમજતી નહીં હતી, માટે આ નંગ કેવી મોંઘી કીંમતનું હશે તેનું તેને પુરૂં ભાન ન થયું; તોપણ તે પોતાની બાળકબુદ્ધિથી જેટલું જોઇ અને પીછાણી શકી તેટલું પણ તેને ઘણું ભાસ્યું, અને તેથી તે ઘણી અજબ થઇ.

"તું શું તાહરી આંગલીએ એ હમેશ પેહરી નહીં રાખશે, ડીઅર?" ફીરોઝે માંગી લીધું.

રતન ચીસ પાડીને હસી. કે જે હસવાના રૂપેરી ખણખણાતનો સામી પારે પડઘા પડનો હતો, અને તે પણ પ્યાર-ઘેલા ફીરોઝના કાનને આટે એક દીલ બેહલાવનારૂં 'મ્યુઝીક' હતું!

"હું એ પેહરી રાખું!" તેણીએ હસીને કહ્યું. "ઓ બાપરે, બગલી ફુઇ તાહરે તો મને જીવતીજ ફારી ખાએ!"

"ત્યારે બગલી ફુઇની રજા લીધા પછી હું પોતે એ તાહરી આંગલી પર પેહરાવસ," તેણે ઉમેદવંતો જવાબ કર્યો. "તાહરા કોમલ કર પર એ બેમુલું નંગ ઘણુંજ બીરાજશે.

"મરે, હું એક એવી હીરાની વીંટી કદી બી પહેરશ એમ તો મેં કોઇ દાહરે સપ્ને બી ધાર્યું'તું નહીં!"—અને તે ઘણીજ ખુશાલ અને ઉલટમંદ દેખાતી હતી; "પણ તમે આજે તો આપરે વાસ્તે વાત કરવા આહરાં ફુઇજીને મલવાના ઉતાની?"

"હું આપરા ગઈ કાલના ઠરાવ મુજબ તેજ વાસ્તે તો અત્રે આવેલો છેઉં, ને તુને ફક્ત આએ મારી ભેટ એનાયત કરવાજ મેં બાહાર બોલાવી," ફીરોઝે હેતથી કહ્યું, "હવે હું જાઉંછ તાહરી ફુઇ આગલ. એ ડોસાંની એક હા યા ના પર માહરી આખી જીંદગીની આબાદી કે બરબાદીનો આધાર છે, અને ખોદા તેથી માહરાપર રેહમ કરે."

"મરે, પણ એટલું બધું શું થઇ ગયું?" તેણે સાદાઇથી કહ્યું, "હું નહીં તો બીજી કોઇ સાથ પનસો; કંઇ કુમારા તો નથી રેહી જવાના જે તેની વાત?"

ભોળી રતન! ફીરોઝનું જીગર કઇ કીસમના અંગારાની જ્વાળાથી જળતું થયું હતું તેની તે ભોળીભાળીને શી માહીતી હોય! પ્યારની પવિત્ર અસરની એ બેઅસર બાળાને ક્યાંથી સમજ હોય?

અંતે રતનને પાછલે બારણેથી ઘરમાં વિદાય કરીને ફીરોઝ પોતાના મનનું સમાધાન કરવા એકાદ પળ થોભ્યો, જે પછી આગલે બારણેથી તે હીંમત પકડી બગલી ફુઇને મળવા તે નહાનાં ઘેરમાં દાખલ થયો. તે કાંઇ ઘણો બીહીધો નહીં. કોઇ ગક્ષસને મળવાનું તો ન હતું? આખર કરેને બગલી ફુઇ એક મરતેઇલાહી ડોસી હતી.

બગલી ફુઇ બાહેરજ હતાં. તે આસપાસની કામરાંની વાડ ભરી લીધેલા એક ચોકમાં દાખલ થયો, કે જ્યાં બાજુમાંના કુવાની પાસેજ એક આરણ્યાપર બેઠી બેઠી તે ડોસી ભણતી હતી. તેઓની નજર એક થઇ, ને બગલી ડોસાં ઘણાં તાજુબ થયલાં દેખાયાં. તેઓએ તેને રોકયો. પોતે "પ્હની રહીને" તેની પાસે જઇ શકે તેટલાં બાહેરજ થોબવા તેવણે ઇસારો કરીને તેને કહ્યુ, ને તે ચોકમાંજ એક બાવાઆદમના વખતની બાસ્તી પડેલી હતી તે પર ફીરોઝ તાબેદારીથી જેમ તેમ ગોઠવાઇને બેઠો.

પણ મુવાં ડોસાંને તો હદ વિનાનો વાર લાગ્યો. તેઓ આ અણુ-બોલાવ્યા પરોણાની ખાતર કરતાં એક ખુદાની ખીદમત સારૂ વધારે ખંતી હોય તેમ ભણ્યાજ કીધાં, ને ફીરોઝને અધીરાઈની અનેક અકર વકર થયા કીધી. તે બેઠો અને ઉભો થયો, અને ઉઠીને વળી પાછો બેઠો. અંદર રતન પણ ભરાઇ સંતાઇને એ માંજનું ઘણીજ અધીરાઈથી જોતી ઉભી હતી; પણ દરેક ચીજનો છેડો હોય છે, તેમ બગલી ફુઇની એબાદતનો છેડો કેમ ન આવે? તેવણ શું ભણી ઉઠયાં તે તો તેવણુની બલારત જાણે! યસ્ત ને ન્યાસનાં મથાલાંનું ઘણુંએક તેવણ ગણુગણુ ભણી ઉઠયાં, પણ તેની મતલબ અને સમજ તો અલબત ખુદાને હવાલે હતી.

એ શું વાજબી છે? સમજ વગરની બંદગી ગમે એવાં ખરાં દીલની અને એકાગ્ર ચિત્તની હોય, પણ તે સમજીને કરેલી એક બંદગીની

બુલંદ અસર અને ગંભીરતાને કદી પુગવાની નથી, અને અફસોસ કે પારસીઓ પોતાની બંદગીનો એ ભુલભરેલો ધોરણ સુધારવાને હજી તુલાક શરમભરેલી હદ સુધી પછાત છે! અવસ્તાવાંણીની બુલંદી કે મીઠાશ અમો એક ઘડી બી ના પાડતા નથી, મગર જ્યાં તેના અર્થનું ભાંન નહીં ત્યારે તે પોપટની કીસમનો વગર સમજનો પટપટારો અસલમાં બંદગી કેમ કેહ-વાય? બંદગી તેજ કે જે કલાંમ તમો ભણુતા હોવો તે કલાંમ તમારૂં ચિત તેમાં ને તેમાંજ રોકી રાખે; અને અમો પુછ્યે છીએ કે આપણી આ અસલ જંદ અવસ્તાની બંદગીમાં એ એકાગ્ર ચીત શું કદી બી સચવાયલું રહે છે? નહીંજ. મગજ તે વેળા હરેક બીજા દુન્યાઈ મતલ-બોને લગતા વિચારોમાં આપણુને ઘસડી જાય છે, કે જ્યારે હોઠ માત્ર તે કલાંમો પટપટે છે. એ ઘણું ભુલભરેલું છે—જો કે અલબત વધારે સાદું થઈ શકે તેટલાં એબાદતનો એ અસલ ધોરણુ બી ગણીમત છે. એથી કાંઈ નહીં તો નાસ્તીકપણુંના અધર્મથી આપણો બચાવ થાય છે, ને પાક કરીમોકારસાજ જોડેનું આપણું જોડાંણુ ને પીછાંણુ જેમ ને તેમ જીંદગી પર્યંત ચાલુ રહે છે; માટે બીજું કાંઈ વધારે સારૂં થઈ શકે ત્યાં સુધી આ હાલનો ધોરણુ તેની ખામીભરી રાહરસમને લીધે રદબાતલ સમજાવો ઘટતો નથી એવું અમારૂં આધીન મત છે.

બગલી ડોસાં "પ્હણી" ઉઠયાં. તેવણે ચારે દિસાંઓ નમસ્કાર કર્યો, ને ચારે બાજુ પગે પડીને નાકઘસ્ની કરી. તે પછી તેવણુ દમામથી ફીરો-ઝની પાસે આવ્યાં. "કાંએ બા, અહીં શું છે?" તેવણે કંમરે બેઉ હાથ ટેકવીને રાજવંશી તોરથી પુછ્યું. "તમેજ કેની તે દાહરે રાતે નદી કિનારે પેલી પોરીની સાથે મેં જોયાતા તે?"

"હા જી,"—અને ફીરોઝ નમ્યો.

"વારૂં, ત્યારે, વરી પાછું તમારૂં અહીં માહરા ઘેરમાં શું કામ છે?"

"હું તો, મોટાંમાય, તમોને પોતાનેજ આજે મળવા આયોછ."

"શું કામ? શું છે?"

"હું તમારી રતન સાથે પરણવાની ઉમેદ રાખું છું." તેણે સીધો વાત પર આવતાં એકદમ ખુલાસાવાર કહ્યું. "અને એ અમારાં બારેલાં શુભ કારજ સારૂ તમો મુરબીજીની હું મંજુરયાત લેના આયોછ જી."

"તે કંઈ મલશે બલશે નહીં," દોસાંએ તતરાવીને રોકડું પરખાવ્યું. "આસો રસ્તો પકરો, માહરે કંઇ એ પોરીને એમ રસ્તેથી ચાલતા સાથે પરણાવવીજ નથી."

"એ તમારી ઘણી મોટી ભુલ છે જે તમે એમ માકરી સાથે તોર-છોરથી વાત કરોછ," ફીરોઝે હીંમતથી કહ્યું, "હું ગરીબ છેઉં પણ આબરૂદાર અને ખાન્દાંની છેઉં."

"તમે કોણ ?"

ફીરોઝે જેમ રતનના એ સવાલના જવબમાં પોતાનું નામ અડા-વીને આપ્યું હતું તેમજ આ ડોસીને બી આપ્યું, ને પછી વધાર્યું, "મને પરણવાથી તમારૂં બચ્ચું સુખી થશે. હું એને ખરાં દીલથી ચાહુંછ. હું એને સુખી કરશ. એટલો માહરો સુખન—"

"બસ, થોડું બોલો," બગલી ડોસાંએ ઉશ્કેરાયલા ફીરોઝને રોકતાં કહયું, અને પોતાની તપાસ આગળ ચલાવતાં પુછ્યું, "તમારી કમઈ શું છે ?"

આ પાધરા સવાલથી ફીરોઝ એકાદ પળ દબાયો. કેવું તેનું કેહ-વાનું મન થયું કે તે લાખોની ગાદી સમાલી બેઠો હતો ! પણ નહીં; તેણે જોયું કે એ કીસમનો કાંઈ અભાડો બાળવાથી સાંમી આદાંની સુંઠ થઇ જશે, માટે બન્યું એટલી શાંતતા સાથે તેણે કહયું, "જી માહરો પચા-સનો પગાર છે."

"પચાસનો પગાર ને પોસાક તો સાહેબ ચલેબીનો છે,"—અને ફીરોઝ તે ઘસેલી ડોસીના આ પાધરા તાંણાથી રમુજ પાંમીને હસ્યા વગર રહયો નહીં. "વારૂં, એ દુકતી પોતે શું કહેછ ?"

"તે ઘણી ખુસી છે."

"ખુસી છે ?" બગલી ડોસાંએ જીવ ઝુકાટયો. "ખુસી કોણુની ? ખુસી સાંની ? ખુસી તો કુતરાંની હોય ! એ ચોટબાજરીની તાગાદ શું જે અને પુછ્યા પરછ્યા વગર એ એટલાં બધાં પગલારાં આગલ લે ને વરી ખુસી થાય ?"—અને ત્યાં તેણીએ "રતુ ! ઓ રતુ !"—ને નામના પોકારો અને સાહાદ મારયા.

રતાં તરત દોડી આવી. તે ધુજતી, શરમાતી, ગુલાબી અને રતાસ્યા ચેહરા સાથની સજીલી રસીલી નાજનીનને તેની અકસર પોશાક અને સાદાઇની શોભામાં સુંદરતાભરી રૂબરૂ જોવાથી હર્ષાંત ફીરોઝ જાણે બેતાબ મારી ગયો !

'એ ઓરાવ રે પોરી," તેને જોતાં સમેત બગલી ફુઇએ તકાજો કર્યો, "આએ શું ખરી વાત છે કે આએ પારસીને જાણ્યા પિછાણ્યા ને મને પુછ્યા પરછ્યા વગર એની સાથે પનવા અદરાવાના તેં વિચારો કીધાછ ?"

રતાંએ જવાબ દીધો નહીં. ગભરાત અને ઓશકથી તે નિર્દોષ સુંદરીએ ખામોશ નિચે જોયું.

"અરે બોલ, એકદમ સિવઈ કેમ ગીયું ? તું મરે પેદાની પરતી" તે ડોસી છેક રસપર ચઢી. "બોલી મરની, બોંસી મરની, શું એ વાત ખરી છે ?"

"હા ફુઇજીમાએ," રતને નીચી નજરે ને ધીમે સાદે જવાબ કર્યો.

'બાઈ, એ કીસમે એ બિચારાં બચ્ચાંને તતરાવા થથરાવાની તમોને કંઇજ ગરજ નથી." ફીરોઝે પણ હવે દમ કર્યો. "અમારી બેહની રાજી ખુસી છે, ને પ્રમાણીકપણે તમોને મુરબ્બી જાણી અમે તમારી રજા લેવા આયાં તે કાંઈ ગુનેહગારી કીધી નથી. તમોને રજા નહી આપવી હોય તો ના કેહો ને અમે અમારૂં ફારી લઇશું."

"તે શું તમે જોરજોરાવરીથી પનશો ?"

"હા, જો તમે સેહેલ સુજે નહીં માનશો તો અમો અમારૂં સુઝ્યું કરી લેઇશું," પીરોઝે વધારે ને વધારે હીંમત પકડી દમ કર્યો.

બગલી ડોસી આ સાંબા જવાબોથી દમ મારી ગઈ! હવે તે શું કેહે? તેણે જોયું કે રાધના પાર રાતે વહી ગયા હતા! તે શું નદીના ધસ્યા આવતા રેહને રોકી શકવાની હતી? જો આ બે જણે પરણીને એક થવાનોજ કસ્દ કર્યો હતો તો તે શું કારણ ને શી સત્તાથી તેમને રોકી શકે?

તે નરમ પડી ગઈ. "તમે અંદર આવો, તમે અંદર આવો," તેણે પીરોઝને કહયું, ને અત્યાર સુધી તે તકરાર જે બાહેર ઉભાં ઉભાંજ થતી હતી તેને બદલે હવે તે સાહજન માહજન સઘળું અંદર ગયું. બગલી ડુઈ મુવાંની પાયદસ્તે નિકળ્યાં હોય તેમ કડવું ઝેર જેવું મોઢું કરી ગંભીર દમામથી ને ધીરે કદમથી આગલ પડયાં, ને રતાં અને પીરોઝ ભકરવકર કરતાં ને એકમેકને એસારતો આપતાં તેણીની પુઠે અંદર ગયાં.

ત્યાં સઘળાં નવેસરથી બેઠાં, અને બગલી ડોસીએ ચીપીચીપીને પોતાને પેશ પડતા સઘળા સવાલો પીરોઝને પુછ્યા, જેના સુભાગ્યે તેણે હીંમતથી ને સમયસુચકતાથી તપાસી તપાસીને તે ડોસી રાજી થાય એવાજ જવાબો આપ્યા.

"તમે કોઇ ચીલઝપટયા કે ઉડાઉગીર તો નથી?"

"હું તેવો લાગું છ?" પીરોઝે ગમત પાંમીને પુછ્યું.

"કંઇ કેહવાય નહીં, આજ કાલના દુકતાઓનું કંઈ કેહવાય નહીં," બગલી ડોસાંએ કહ્યું, "મુવાઓનાં ઘેરમાં વાંસ ફરે તો હાંલ્લુ નહીં જરે, ને રોબ જોવો તો બાપ લાખ ચાલીસનાનો!"

"હું તેવો નથીજી," તેણે હીંમત આપી. "હું તો તમારી રતનને આંખો ઉપર રાખશ, ને જીવશ ત્યાં સુધી ચાહવશ."

"જે મુઆઓ એના જેવી એક પોરીને વાહી પટાવીને પનણી જવાના થાય તે બધા એમજ કેહે," ડોસાંએ ચુકબ્યું. "હવે ત્યારે સાંભરો

માહરે માહરી રાજી ખુશીથી કંઈ એને પનનાવવી નથી, પણ જો તમે બેઉ એકમતજ થયાંછ તો માહરૂં કંઇ ચલણુ નથી. એ દુકતીને ગમે તો જાહનમમાં જઇને પરે."

"તમો રાજી ખુસીથી અમને રજા આપશો તો આપરૂં બધાંનું તેથી સારૂં થશે," ફીરોઝે વળી નરમાસથી સુચવ્યું.

"અરે જારે, તુ માહરૂં શું સારૂં કરવાનો ઉતો?" ડોસાંએ છણકો કરયો. "તાહરા જેવા ભાભરભુંજાઓથી શું માહરૂં સારૂં થવાનું ઉતું જે? ખોદા પરથી મરૂં તે માહરૂં સારૂં કરનાર માહરો ખોદાએ પોતે કાંહાં ગીઓ. જે તું માહરૂં સારૂં કરવાનો ઉતો? હું તુંને સાફ કેહુંછ જે હું કંઇ તમારાં એ લગન વેહા કબુલ રાખતી નથી, ને તે છતાં બી તમોને બેઉને કુવામાંજ પરવું હોય તો બલાસરને! એ દુકતી ઠેકાંણે પરસે ત્યાં સુધી હું એને માહરે ઘેર રાખશ, પણ એક વખત એ પનણીને એના વરની સાથે કહરાંમણુ પરી કે પછી હું એનું કારૂં ગોરૂં મોરૂં ફરીથી કોઈ દાહરે જોવાની નથી, કે નથી એને માહરે ઘેરબારે પાછી કદી બી તેર બોલાવ કરવાની."

"ઓ કુઈજીમાએ, તમે કાંએ માહરી પર એટલો બધો જુલમ કરોછ!"—અને રતાં નાહીંમત બની રડવા લાગી, કે જે જોતાં ફીરોઝનું જીગર ચીરાઇફસાઈ ગયું. તે બગલી ડોસાંનો અદબ વટીક ભુલી ગયો. તેણે જઇને તેને ગોદમાં લીધી, ને દીલાસો દીધો.

બગલી ડોસાંએ આ "નાટક" જોઇને અફસોસથી હાથ ઉંચા કરયા. "ઓ વહીરે માય!" તેણીએ પોકારયું. "અમારા વખતમાં માટીડા મનીખ બાઈ બાવરાંઓ સાથે કેવા અદબથી ચાલતા થા! મગદુર કોણુની જે વરાં વડોરાંનાં દેખતાં પણુની બૈરી થતી વર સાથે મોનું ઉંગારીને એક બોલ બી બોલી શકે, ને મુવાં અહી આએ શાં કોટક!"

પણ ખરી રીતે તે ડોસી બાહેરથી એ બધો સુકકો દમ કરયા કરતી અંદરથી અરધી પીગલી ગઇ હતી. ફીરોઝની હીંમત તેમજ

આહલેસાઇ તે મનમાં વખાંણી ચુકી હતી, અને રતનને રડતી જોવાથી તેણીને દયા પણ આવી હતી. એટલામાટે તેણીએ જરા વારે તોરથીજ પુછ્યું, "લગન બગન ઠેરવ્યાંછ કે શું? રાસબાસ જોવારીછ કે? તમારો કંઈ ટપકોબપકો બરયોછ કે? હોય તો લેઇ આવજો, હું દારાબદારૂ મોબેદ રાસ જોઇ આપેછ તેને જરા દેખારૂં તો ખરી?"

"મોટામાએ, શું કરવા એવા જુઠા વાંધા કરોછ?" તેણીને એમ અરધી પીગલેલી જોઇને ફીરોઝે વિનંતી સાથે માંગી લીધું; "માહરો ટપકો-બપકો કંઈ નથી. અમે એકમેકની પસંદગીથી પરણયેછ તો રાસ તે દોરડાં શાંના જોવરાવનાં હોએ? એના જેવી રાસ બીજી શું બનાની છે? અમારી પર દયા કરો ને અમોને તમારા આશીશ આપો. ખુદા મદદ કરે તો આવતા આસ્તાદ રોજે અહીંનીજ અગ્યારીમાં તમે આગલ રહીને અમોને ચાર ચોખા છંટાવી આપો?"

"ઓ વાય, એટલુ જલદી!" વળી ડોસાંની ડગરી ચશ્કી. "મુવું એટલું બધું શું નાહાસ્તું પરી ગીયુંછ? આસ્તાદ રોજને તો વચ્ચે ફક્ત આંઠ દાહારા બાકી રહ્યા, ને દાહરાપર દાહરો ધરી જાએછ તે કઈ વાર લાગેછ કે? એ તો હવે જે હોય તે આવતા મોહર રોજે. તમારે તાંહાંનાં કોઇ મને મળવા ભેટવા બી આવશે કેની? કંઇ પેહરઓઢ બી થશે કેની?"

"માહરાં અંગત સગાં વ્હાલાં કોઇ નથી," ફીરોઝે એટલી એ એકજ ડગાઇ હજી જારી રાખી. "હું તો એકલો છેકલો છેઉં. જે છે તે દુરનાં છે. માહરા તરફથી તો કોઇ આવે એવું નથી. માહરી તરફથી બી તમે ને રતન તરફથી બી તમેજ. આપુને શું ધામધુમ કરવીછ જે તેની વાત? ચુપચુપ અગ્યારીમાં જઇને ચાર ચોખા પરાવી લેવાના તાંહાં!"

"ઓ વાય, પણ મરે એટલું બધું શું થયું? તમારાં નહીં તો માહરાં પારપરોસી બી કોઇ છે કે નહીં?" ડોસાંએ પ્રોટેસ્ટ કરયો. "પોરીને કંઈ પેહેરઓઢ બી કરશું કે કંઇ નહીં? માહરો જીવ મુવો પછીથી સુઆના

કરે કે શું? પેહર ઓઢ નહીં હોય તો એ લગન બગન માહરે કંઇ કરવાંજ નથી. જાઓ તમે તમારા રસ્તે, ને તમારીથી થાએ તે કરી લેઓ. હું બી તો જોઉં કે માહરી મરજી ઉપરાંત તમે શું કરી શકોછ!"

"પણુ માહરાં માએ, પરપેહરામણી કરવા હું કાંહા ના કેહુંછ?" ફીરોઝે પોતાની ધનાઢય હાલત માટે મોજથી ખ્યાલ કરતાં તરત કહ્યું. "સગન સરવરે છોકરીને સાસરે વલાવવા તમારે ગમે તેટલી તીરથો કરોની?"

"ને તેનો ખરચ?"

"ખરચ બધો હું આપશ. કેટલા રૂપ્યા જોઇશે, એક હજાર, બે,. ચાર, દસ હજાર?."

"હ: બે ચાર ને દસ હજાર આપનારનાં આએજ કોઠાં કે?" બગલી ડોસીએ તુચ્છકારથી કહ્યું. "જાઓ, જાઓ, કંઇ શરમ રાખો ને બાઇ બાવરીઓ સાથે એવા ટોલતપ્પા કરવાના મુકી દેઓ!"

"મમઇ, હું ટોલતપ્પા કરનોજ નથી," ફીરોઝે ખાતરી આવે તેમ કહ્યું. "હું ગરીબ છેઉં પણુ એ બધા ખરચને હું પુગી શકશ. તમો તમારે જે જરૂરનો હોય તે બેલાસક ખરચ કરજો, ને તેનાં બેઆનામાં આએ એક હજારની નોટ હાલ તો રાખો."

બગલી ફુઇ હબતી ગઇ! તે મજકુર નોટ અવિશ્વાસ ને અજાયબીથી ફેરવી ફેરવીને જોવા લાગી, ને નોટ પરથી ફીરોઝ પર ને ફીરોઝ પરથી પાછી નોટ પર ટીકરીગોપ કરવા પડી! એ શું? આએ શું કોઇ પૈસાવાલો આસામી હતો?

રતન પણુ ખુબ ચમકી ગઇ. પોતાના વ્હાલા ફીરોઝ પાસ પૈસાટકાની આટલી બધી છુટ અને સગવડ હોય એ જાણે તેણે પણુ માન્યું નહીં!

તે કુલીન ને મોટાં ખાંન્દાંનનો શ્રીમંત જવાન હોવાનો તો તે બંને અબળાઓને કદીજ ખ્યાલ થયો નહીં. તે ખુદાની બક્ષેસથી પાંચ

પૈસા જમા કરી શકયો હશે એમજ તેમણે માની લીધું. અને તેથી તેઓ રાજી થયાં.

પૈસાથી રાજી કોણ નથી થતું ? એ બી એક "ખુદા" છે. એ નાખલો ખુદા અથવા તો મોટું દેવસ્થાન છે. એની શકિત કેવી મોજેજીત છે ! સાધુસંત ને રીશી બાવાઓ એના વડે જોગ ને સોગ છોડી બેસે છે. મુર્ખને દાના ને દાણાને અકકલહીણુ સિદ્ધ કરનાર એજ ચંચલ ચલીત છે; એનાથી શું અધીક છે ?

બગલી પુષ્ઠ વશ થઇ ગઇ. પૈસાવાલાઓની તેને મોટી સુગ હતી ખરી, પણ હાથમાં હાલમાં પૈસાનું પલ્લું પડેલું છતાં તે બિચારી જરાએ કમકમી નહીં. તે દુન્યાદારી મુકી ચુકી ટુંક ખરચથી પોતાનો ગુજારો કરનાર હતી. અને આ જેહાંનથી વાસો ઉઠાવવાનું અજલનું તેડું તેને માટે ઘણું વેગલે હોય એવું પણ કશુંએ ન હતું;—અને તો પણ પૈસા ! પૈસાએ તેને મોમ મિસાલે પીગલાવી, ને પૈસાનાંજ પુન પ્રતાપે ફીરોઝ હવે તેને સેહેલથી પોતાની પક્ષમાં પાછો જીતી શકયો. એવું પૈસાનું પ્રબળ છે, એવું એનું મહત્વ છે. એવો પૈસો અધીક અને અજીત છે !

——:*:——

પ્રકરણ ૬ ઠું.

બગલી ડોસાં મોમ મીસાલે નરમ થવા પછી ફીરોઝ તે બાકીનો દિવસ તેજ મુકાંમમાં આસાનીથી ગુજારી શકયો. તે તેને માટે પરમ સુખનો એક સુભાગ્ય દિવસ હતો. હીંમતથી અને આસાંનીથી, રતનને સદાની પોતાની કરવાની ખાત્રી ભર ઉમેદ સાથે, હાલમાં હવે તે રતનને પડખે રહયો હતો. એથી બેહેતર સુખ શું થાય ? તેનાં સુખની સિમાજ ન હતી.

મધુરી રતન પોતે પણ ઓછી સુખી ને ખુશ ન હતી. તે રહ્તે રહ્તે ફીરોઝને ખરાં દીલથી ચાહતાં શીખી હતી, ને એવો એક લાયક ભરથાર તેણીનાં હાડમારીનાં મોટાં દુ:ખમાંથી સદાનાં સુખ સારૂં તેણીને મુકત

કરવા તેને એમ નહીં ધારેલી કીસમે હાથ આવી ગયો તે પોતાનાં બુલંદ એકબાલ માટે એ મનોહર સુંદરી સુખી ખ્યાલો કરતાં થાકતી ન હતી.

અને એમ દિવસો ગબડી ગયા, કે જે લગનની દોરદપત ને ધામધુમમાં કેમ વહી ગયા તે બી જાણે કોઇને માલમ પડયું નહીં. સુખના દિવસો વહી બી કેટલા જલદી જાય છે! દુઃખનાજ દારૂણુ દિવસો લંબાતા લાગે છે.

બગલી ડોસાંએ એક બી ક્રિયા બાકી છોડી નહીં. પોતાને વિશાસમાં મળેલા અવેજનો તેવણે રૂડોજ ઉપ્યોગ કર્યો. તેવણુ રતનને લઇને સુરત ગયાં, ને એક નવી વારનીસની સપાટની જોડી સાથનાં (રતનને ગમતાં નહીં પણુ પોતાના ટેસ્ટને અનુસરતાં) તેણે તેના વાગા વસાવ્યા ને કપડાં ચપડાં અપાવ્યાં. ચાર દહાડા આગમચથી તો માંદો સોરો રોપ્યો, ને ભગલા હજામનું આખું તકોરખાનું સરનાઇ ને પેપુરી સુખ્ખાંનું સહવારને પ્રહરથી મંગાવીને ઓટલા પર બેસાડયું. તેવણે તોરણો તંગાવી. ઉંબરો છંટાવ્યા, ચોક પુરાવ્યા, વરધવરાં ને સારયા પાપડ કરાવ્યાં અને વ્હેંચ્યાં, ને ટુંકમાં અસલી રસમની હિંદુઓ પાસેની ઉધાર સુધાર મેલવેલી એક બી ક્રિયા બાકી મુકવા કે ચુકી જવામાં આવી નહી.

સારા ગામમાં હોહો થઈ રહી. રતન વાજતે ગાજતેજ પરણુવા નિસરી હતી. કોઇ સુરતી પારસી પોરયો તેના પર ફીદા થઈ તેના હાથનો તલબગાર આવ્યો તેથી આખું ગામ અજબ ને ખુશ થયું. રતન સૌની માનીતી હતી માટે તેણીનો આ ભાગ્યોદય સર્વ કોઇને ગમ્યો, ને ચાંદલામાં રૂપ્યો, બે રૂપ્યા, અરધો એમ સૌ કોઇ પોતપોતાની ગુંજાસ મુજબનું નોંધાવી ગયું. વળી માદાસોરાને દાહડે અગ્યારીમાં ન્યાતનું જમન થયું, ને પરજાતને બી બગલી ફુઇએ સૌ સૌની મીરાસ ને લાયકાત મુજબ રાજી કરયું.

તે પછી વળતે દિવસે ફુઇ ભત્રીજી ઘરમાં કાંઇ કામે કાજે બેઠેલાં હતાં. ફીરોઝ બી તરતનોજ આવી ગયલો હતો. ને તેટલાંમાં બે મોટી

દેવદારની પેટી "ઘેર બેઠાં પુગતી" એવી નોંધ સાથે બગલી પુઇને શીરનામે પોરટરો લઇ આવ્યા. તે જોઇ તે બને અબળા બહુજ અજબ થઇ. આ કીસમનું કાંઇબી આવવાનું ગરીબ બગલી ડોસી માટે બહુજ અસાધારણ હતું, જેથી કાંઇક અજાયબી ને વધતા ગભરાત સાથે તેઓએ તે પેટીઓ ઉતરાવી, ને પોરટરોના ગયા પછી તે ખોલવાની દોડ પોંહચી. તે પોરટરોએ હેલ મજુરી કે બક્ષીસ વટીક માંગી નહી તે બી એક તેમને માટે મસ મોટી અજાયબી થઇ પડી.

તે પેક કરેલા બાકસો ખુલતાં તે બને અબળાઓને ઘણીજ ઝેહેમત થઇ, કેમકે ક્યાંથી ખોલવું તેજ અવલ તો પાધરી ખબર નહીં, એટલે જરા છીની સાથે ઘણા પછાડા મારવા પડયા, અને અંતે એક બાકસ ખુલ્યો તો અંદરથી કીંમતી પોશાકો નિકળ્યા! ત્રણ તો રંગ બેરંગી આંખે ઉડી વલગે એવા કલરની સાડીઓ હતી, જીકની ભરેલી કોરનાં બંડલો હતાં, સુંદર જીણી નેટનું એક સદરા માટે થાંન હતું, ઇજારના કટકા હતા, ને પોલકા અને વાસ્કુત તો ફાસિનનાં શીવેલાં તૈયાર હતાં! વળી એક સુંદર સફેદ ઉંચી હીલના બુટની જોડી ને એક મખમલનાં સ્લીપરની જોડી હતી. અંદર "વ્હાલા પીરોઝ તરફથા" એવી સાદી નોંધ સાથનું એક ખાલી કવર પણ હતું!

રતાં આ સઘળું જોઇ હરખથી રડી પડી. તેનો "ગરીબ વર" તેને ખાતર આ કેટલું બધું કરતો હતો તે જોઇ તે અકકલથી હેરત રહી. વળી પીરોઝ બગલી પુઇને બી ક્યાં ભુલ્યો હતો? તેજ બાકસમાં એક બીજા કાગળના મોટા બાકસમાં સિકારભાતો ઘાટ, વાસ્કુતના કટકા, લાલ મખમલની મોટા પંજાની સપાટ, ગરમ મોજાંની જોડીઓ, રેસમી રૂમાલ, સદરાંના થાંન વિગેરે તેમનો અસબાબ હતો! બગલી પુઇને એ ઉપરથી તે 'પોરયો" હવે વધતો ગમ્યો.

બીજા બાકસમાં ઉંચી કુટ ને પેઆી હતી જે ખાલી કરતાં હવે બગલી પુઇને સહમજ પડી નહીં કે તેવણે બખાલવું કે રાજી થવું? તોપણ તેવણ ચીરડાતાંજ ગયાં. "હરવઇગેર્ઈનાને એમ ને એમ તો કાચું દીવારૂં

ફુઇને નાહસી જવું પડશે! ઓ માયરે, હવે કેમ કરૂં? આજે તો બધી બજારની બજાર હોરી લેઇ આયોછ! એ બધું હું રાખસ બી તે કાંહાં? ઝાહી સબરી જશે તો! લાવ, પોરી, ઉજારી ધોઇને પેલી કબાટ લેઈ આવ! અરે ફીત, જાંણે લખપતી હોય તેમ આજે પોરયો તો બધું કરતો દેખું! એની મમઇ બપઇ દુશ્મન ગેલો તો નહીં થઇ ગીયો હોય! સુવાં અમે બી પણ્યાં અદરાયાતાં, પણ અમારા વર કંઇ અમારે લીધે એમ ઘેલા ગાંડા ને ખસ્તેખુહાર તો નહીં થઇ ગીયાતા,"—વિગેરે.

લગન અગ્યારીમાં કરવાનાં હતાં, કે જ્યાં બગલી ડોસાં પોતાની રતન અને પહરોણુંઓને લઇને સહવારથી ગયાં હતાં. તે દિવસ એક તેહવાર હોય તેમજ આખું ગામ ઇસ્કી થઈ ભભરી નિકલ્યું હતું. બગલી ફુઇ બી ખુબ ઇસ્કી ટાટ થયાં હતાં. ધાટ પેહડીને તેની કાછરી વાલી લીધી હતી. ને પેલો ચુંદરીનો રેશમી રૂમાંલ તો લોકને દેખાડવા તેનો તતરાવીને માથે પોટો બાંધી લીધેલો હતો! તેવણુ કામમાં ને કામમાં હતાં. તેવણુનો પગ ટડતો નહીં હતો! તેવણુ આગલી રાત્રે સુતલગ ઉંઘ્યાં બી નહીં હતાં. તેવણુની ગરબડ, તેવણુનો ગભરાત, તેવણુનો ગુસ્સો સઘળું જોવા જોગ હદ સુધી રમુજી હતું!

તે સુખની સહવાર-- તે સખની સહવાર હતી, ને ભેંસાસુર રાગની પદેરા જેવી ગાયનો સહવેનાનાં ગીત ગાવા બેસી ગયલાં ઘાંટાં સાથે સહવારથી આવી હતી. તેઓએ આગળી રાત્રે "નરસીંહ મેહતા" નો ને "સુરતની આગ"નો વિગેરે ગરબાઓ છેક મધરાત સુધી ગાયા હતા, ને પછી વળી પાછલી રાતથી 'સખી સુરજ ભલે ઉગ્યાઆઆરે"નું "વાડીમાં ઉગ્યા રે" ને "વાડામાં ઉગ્યા રે"વાલું પેલું દીલપઝીર ગાયન તેવાજ શીરીન હલકે જારી કરયું હતું!

ટકોરખાનું તો હતુંજ. માહાસોરાની સહવારથી રોજ રાતના આંઠ સુધી તે આવીને ગામ ગજાવતું હતું, પણ લગ્નને દાહડે તો વળી સુરતથી અમદુ ઉસ્તાદવાલું નાનખટાઇ બેન્ડ બી ખાસ મંગાવવામાં આવ્યું હતું.

કોઈ વાતની કસર કરવામાં ન આવી હતી. તે દિવસે સુર્ય જેવો તેજસ્વી રાંદેરમાં પ્રકાશ્યો તેવો જાંણે આગલ કદી પ્રકાશ્યોજ ન હતો.

સર્વ કોઇ તે સોહાંમણા વર રાજાને જોવાને આતુર થઈ રહ્યાં હતાં. તે કયાં હતો? તેણે ગામનાં લોકને એ દિવસે મોજ કરાવા જોગું પોતાની ગીરોથી ઘણું કરયું હતું, ને પોતે તે એક દિવસ રતનથી બી અલગ થયો હતો. તે દિવસે સાંહાંજ પછી રતન સદા સુધીની તેની થનાર હતી, તો તે એક દિવસનું અલગપણું વગર બખીલાઇએ તેણે ખુશીથી પોતે પોતાને ફરમાવ્યું હતું.

રતન પણ પુર ખુશીમાં હતી. તેને પાછલી રાતથી બગલી ડોસાંએ ખબેરૂં કરીને ઉઠાડી ત્યારથી તે આજના આ અચણુચ ધસી આવેલા રૂડા દિવસ માટે તાજુબ થતી રહી હતી. નસીબ શું નથી કરતું? નહીં ધારેલી લીલી સુકકીનો એક અભ્યાસ કરવા જોગ અનુભવ દરેક આસામીની જીંદગીમાં વધતો ઓછો ફાલે આવે છે! તે એટલી જલ્દી પરણી જશે એવું કોણ ધારયું કે જાણ્યું હતું?

તે શોભી રહી, બુટ મોજાંનાં ઠાઠ સાથના સોલે સિંગારમાં તે જ્યારે મુંબાઇની અલબેલી બની સહવારે અગ્યારીમાં જવા નિકલી ત્યારે તેનું પરીસુરત હોસાંન લોકોને છક કરતું હતું, ને તે પછી વળી સાંહજે નહાન નાહીને તેણીએ જ્યારે પરણવાનો એક કીંમતી પોશાક સજ્યો ત્યારે તો જીકની ભરેલી સફેદ સાડીમાં સજ્જ થયલી તે મંચુરીને જોતાં લોકોએ અજાયબીનાં એક આહ સાથે એકદમ દમ લેવાનું પણ એકાદ પળ ગોયા મોકુફ્જ કરયું.

સાહજનની મિજલસ ઠીક મળી હતી. બદલુ બુઝાને બી તેણે રતનને આગલ કરેલું અપમાન માફ કરી નોતરવામાં આવ્યો હતો, ને કોઇ ખાંધ પર ડગલી મારી તો કોઇ વારકુત પેહડી સઘલા રાંદેરયાઓ સાહજનમાં આવી બિરાજ્યા હતા.

વરરાજા વેળાસર આવ્યો. તેને આ ગામના પ્રમાણીક ગરીબો જોડે સહુ સમારી સાહજનમાં બેસવાની કથીજ સુમ કે શરમ લામી નહીં, ને

ગામનાં લોકે તેની સાહલેસાઇ અને નમનતાઇજ માત્ર નહીં પણ એક અહસ્થને દીપાવે તેવા તેના રોબવંત ચેહરાની ચમક વટીક જાબજા વખાંણી.

આશીરવાદ રતનદારૂ ભપ્પુ ને બહરામદારૂ હજ્જુ નામના બે "બાદશાહો" સારવાના હતા, ને તેઓ જાંમો પીછોડી પેહડી આવી વરરાજા જોડે સાહજનમાં બિરાજ્યા હતા, થાલી ધરનાર પણ તૈયાર હતા, ને સાહજનમાં આંછાંમીછાંના એલાતેલાવાલા તેડઓલાવનાં હંબગને વટીક ભલો ફીરોઝ ખુશીથી તાબે થયો હતો.

તેને એ શુભ લગ્નની ક્રિયામાં કશી કચાસ રાખવી ન હતી. તે પુતલી જેવી રતનને પ્રમાણીકપણે વરવા આવ્યો હતો--બીજા નિચ બુધ્ધિના શ્રીમંતો પેઠે નજીસ દગલબાજીથી તેનો નાશ કરવા આવ્યો ન હતો, તેનાં લગ્ન થવા પછીથી તે કોઇથી રદ થઇ શકેજ નહી એટલામાટે તે દરેક સંપુર્ણ ક્રિયા પરીપુર્ણ કરાવા ખંતી હતો-- જોકે તે ક્રિયામાંનું ઘણુંક વાહીયાત ઢટીંગ હસી કાઢનારાઓ માહેલો તે પોતે એક હતો. તેણે ચોરી સારવાનું, આડા અંતરનું, બે વારના આશીરવાદનું વિગેરે સઘળાં હબંગ દાનાઇથી મંજુર કરયાં, કેમકે તેને મન રતન જેવી એક સર્વોતમ સુંદરીને હાથ કરવા માટે પોતાની લાગણીઓનો એટલો ભોગ આપવાનું તદન તુચ્છ હતું. સારાંશ, વાજતે ગાજતે, તે ગામડાંનાં ગરીબ લોકોના આશીરવાદો ને જાબજા ખુશાલી વચ્ચે, ફીરોઝ અને રતન આયંદે પરણીને ધણી ધણ્યાંણી થયાં. અને કદી નહીં છુટે કે કદી નહીં તૂટે એવા ખોદાને બાર નોંધાયલા પાક કરારો સમેત તેઓ પરણીને મરતાં સુધી સદાનાં એક થયાં;—પણ પછી ?

——:o:——

પ્રકરણ ૭ મું.

તે શુભ મુર્તની મંગલકાર્ય ક્રિયા તમામ થઇ, ને ગામરેની ગોરી રતન શેહેરી શેઠયા ફીરોઝ મેહેરહોમજીની જીંદગીના છેડા સુધી સદાની સુખદુઃખની ભાગ્યણ થવા પામી. તેઓ બંને એકમેકનાં સુખમાં ખુશી

અને સુખી હતાં. કદી નહીં તુટે ને કદી નહીં છુટે એવા એક પવિત્ર ગાંઠની ઓસ્તવારીથી તેઓ સદા સુધી માટે અરસપરસ પાક કરારોથી બંધાયલાં હતાં—કરારો કે જેની પવિત્રાઈ ને બુલંદી, જેની ઓસ્તવારી અને અશોઈ ઠેઠ દાદારનાં દવાર સુધી હરહાલ મંજુર રહેલી ને કબુલ થયલી હોય છે!

તેઓ બંને જાણે એકમેકને માટેજ સરજાયાં હતાં. બે જુદાં જુદાં ખોલ્યાંમાં એકજ જીવ—બે જુદી જુદી માટીની દેહમાં એકજ મોહબતમય જીવન જીવતું હોવાનો તે તરતનાં પરણેલાંનો ઢરાંપરાંભરયો દીલપઝીર દેખાવ હતો. તે એક જંગલનો ગુલાબ હતો કે જે પ્યારના એક મોટા પરીશ્રમ પછી ફીરોઝ તેની દરેક ખુશઓની લેહર સાથે અનામત હાથ કરવા પામ્યો હતો. તે એક પહેલાં પાણીનું આબદાર રત્ન હતું કે જે અજાણુપણુંના શીહા અંધકારમાં પોતાનુ સ્વગ્રહી તેજ હરાંમ ગુમાવતું વગર ઝલેહથી જીવતું હતું, ને તેવાં એકને તેના અણુમોલ પ્રકાશ વચ્ચે હારજીતની એક જીવસતોસત લડત પછી ફીરોઝ હાથ કરવા પામ્યો હતો. તે પરમસુખ હતું. સેહેલથી સર કરેલો કીલ્લો જીતવામાં ગરૂરી કે મોજ નથી, પણ દલેરીભરી જેહેમતથી જેર લાવીને મેલવેલો જય સદા મીઠો હોય છે; ને તેમજ અજીત રતનને જીતવા માટેનાં પોતાનાં સંપુર્ણ સુભાગ્યની જવાંન ફીરોઝ કદર કરતો હતો.

તે ઠાગાથી જીત્યો હતો. જો પરીસુરત રતન જાણુતે કે જેને તે વિશ્વાસથી વરમાળ આરોપતી હતી તે તો મુંબાઈનો એક શેઠયો—એક સુધરેલો ને શ્રીમંત શેહરી છે, તો રાંદેરનાં એકાંતને ગાજતું વાજતું કરનાર આ મધુરૂં બુલબુલ તેને મચક આપતે એવું કશુંજ ન હતું. તે ભોલી કુમારીકાને શેહેરી શ્રીમંતો માટે ઝેરી સરપોના જેવોજ જુલમગાર ડર દીલમાં બાજ ખાઈ બેસી ગયો હતો—એક સુગ કે જે ગમે એવી જોરાવર તકરારોની દલીલથી પણ તેના પવિત્ર હાથનો તલબગાર ફીરોઝ એ પ્યારની પુતલીમાંથી પોતાના પ્યારને પાર ઉતારવાના પછાડા દરમ્યાન દુર કરી શકયો ન હતો! એટલા માટે તે પોતે શુધ્ધ ને સાચો હોવાથી

એ કોમલાંગી કમલાને જીતી જતાં એ એકજ ઠગાઈનું જે અયોગ્ય લક્ષણ તેણે પોતે પોતાને દેખાડવું પડયું તે માટે તે પોતાનાં મનથી પોતાને પુરતો ધિક્કારતો હતો; પણ, અલબત, એ વિના બીજો ઉપાય શો હતો ?

તકદીરના લેખ શું નથી કરતા ? જે જવાંનપર ધનાઢય કુટુંબની સુંદર સકુમારીઓ સેંહેંકડોની સંખ્યામાં જાન આપવાને તૈયાર તેવી એક નામીચી લુટ આ ગામરેની રતન જેવા એક લુટારાને હાથ આવી ગઈ હતી ? તેણે ધોલેદીવસની લુટ કરી. તે ચાતુરીએ તેનું દીલ ચોરી લીધું, ને ત્યારે તે બેદીલ જવાંન તે બાળાના પ્યારનો બેતાકાત શિકાર બની તેનાં પુજ્ય કદમની પવિત્ર ખાક વટીક ચુમનો રાંદેરમાં ઠરી રહયો, જે ઓચંબાભરેલા મેલાપ ને પ્યારનું પરીણામ આયંદે આ રંગરાગભરી શાદી રામસણીની ખુશબખ્તીમાં ખતમ થયું.

ઘસેલી બગલી ફુઈને મનાવીને માહાત કરતાં ગરીબ બિચારા ફીરો-ઝને આતાલ પાતાલ એક કરવાં પડયાં તેની યાદ આપયા વિના ચાલશે. ને એક ચકાસેલા તોરની ચકરમ ડોસી હતી. તેને લાહાત હતો. ખીતે તો ખીલા ઉપાર ને લટે તો ન્યાલ કરી જાણવાવાલાં જે ઢંગધડા વગરના અગરગચ્ચાં આસામીઓ થાય છે તે માંહેલી આ બગલી ફુઈ એક હતી. તેનામાં ઈનસાફ. વિચાર, દયા વિગેરે સદગુણોના તો જાણે દુકાલ ચાલતો હતા ! તે આ શુભ લગ્નની સાંમે હતી ત્યારે એકવગી, ને વળી પાછળથી છુટીને તેની પક્ષમાં આવી ત્યારે પણ એકવગી !

તેણે એ લગન વાજતે ગાજતે કરયાં, ને આખું રાંદેર એવી કીસમે એ ખુશીમાં હલમીલાચ્યું કે જે મીઠી મોજનો અનુભવ તે ગરીબ ગામ-ડામાં આજે બી લોકો દાંતમાં સ્વાદ લેઈ લેઇને યાદ કરે છે ! અલબેલી સુરતથી સઘળું ખાસ આવ્યું હતું, ને એ જીદ્દી ડોસીએ બાપદાદાથી ચાલતી આવેલી અસલવારેની જે જંગલી ને ઉધાર સુધાર ક્રિયાઓ પારસીઓમાં ચાલે છે તે સઘળી અણીથી પણી વેરની કરી કરાવી હતી, કે જ્યારે સમજદાર ફીરોઝ પવનને પીઠ આપી તે બધી વાતને તાબેદારીથી એકમત થયો હતો. તે

ખાંમાં પીછોડીમાં ગાંસડા બંધાઇને, મોહોતની મિજલશ હોય તેમ સાહજન-માહજનને હારે કટાર ને ગંભીર બાંક માંડી બેસવાની વિરૂધ્ધ હતો;—વરરાજા કપાલે મોટો તીલો ખેંચાવી તથા હાથમાં નાલ્યેર ને અધમણુ સ્યાલનો બે ગધેડાં જેટલો બોજો ઉપાડી અદુખરા જેવો. પોતાનાં પહેરા-ણુંઓને આવજો માવજો કરવાને બદલે, જાણે ગામ મુકી ન્હાસી જવાનો હોય તેમ, નવરા બેસીને દાઢી પસવારતા દસ્તુરજીને પડખે માધવજી જેવો. સરવાંમ એક કેદીની હાલતમાં બેસી રહે તે પણુ તેને પસંદ ન હતું. આડા અંતર, બે વારના આશીરવાદ વિગેરે અસલી રકમનાં પારસી લગ્નોને લગતું ઘણુંક બેહુંદુ. કે જે ઉપર ઘણીજ વાસ્તવીક દલીલો સાથનો એક ખાસ્સો મોટો રસીલો રેસાલો લખી શકાય તે સઘળું તે નામંજુર કરનાર હતો, પણુ આપણે ગયા અંકમાં કહયું તેમ તે આ લગ્નની ક્રિયાઓમાં, તે લગ્નની ઓસ્તવારી પાછળથી પુરવાર કરી શક-વાની મતલબથી, એક પણુ કચાસ રાખવા ચાહતો ન હતો જેથી તેણે તે સઘળું મુંગે મોંઢે કરવા દીધું, ને "રતન વહુને" "વહુ આવી રે વહુ ભલે રે આવી," "વહુ આવી વહુના હાથમાં લોટો" વિગેરે સુફયાણું ગાનતાંણુ સાથ સુરત તેના ખાવંદ જોડે સાસરે વલાવામાં આવી.

તેઓ સુરત ગયાં,—તે હાલ તુરતનું તો ખુશખુશાલ અને સુખવાસી જોડું! હાલ તો તેમનાં ચલકતાં સુખનાં તડકાંમાં એક બી સીહા વાદળી દેખાતી ન હતી. સુરત ખાતે ફીરોઝે એક મકાંન ભાડે લીધું હતું, ને તે વળી જરૂર જોગી સામગ્રીં સાથ આરાસ્તા કરાવ્યું હતું. વળી કામ જોગા બે ચાર નોકર નફરો બી ફીરોઝે રાખી લીધા હતા.

તેઓ ત્યાં ફક્ત આંઠ દસ દિવસ રહીને મુસાફરીએ નિકળવાનાં હતાં. પોતાની સુંદર મોહરદારને સોસાયટીમાં રજુ કરવા પેહલાં ફીરોઝ તેને શીખવી કેળવીને સોસાયટીને લાયકની બનાવવા અતી ઘણો ખંતી હતો. તેની તોરવંતી માતા ને તુમાખી બેહેનો આ ગામરેની ગોરીને તેની ગામરયન અદાઓ ને અભણુ હાલત વચ્ચે જોતાં સાથે ગભરાઈ નહીં જાય માટે તે ચાર છ મહીના તેને પોતાની જોડે એકાંતમાં રાખવા ને

શીખવીને પાવરદી કરવાની મતલબથી બાહારોબાહેર ફેરવવા ચાહતો હતો, કે જે દરમ્યાંનમાં સુધરેલી રાહરસમોની તે સાહલેસ સુંદરીને પુરતી સમજ ને આવડ થઇ જાય. એટલા માટે થોડી વધુ રજા ને છુટીની જવાંન ફીરોઝે તેની તુમાખી માતાને લખીને "ચીઠ્ઠી કરાવી" લીધી હતી. તે ધંધામાં તો પોતે પોતાનો માલીક હતો, ને તેથી તે બાજુએ તેને બીહવાનું કે ચિંતાતુર થવાનું કશુંએ ન હતું. વળી ખરચ માટે પણ તેણે ફીકર રાખવાની ન હતી. ખુદાએ તેને તેની હાજતો ઉપરાંત એક લાંબી જીંદગી સુધી પોંહચે એટલું બધું બિસ્યાર આપવાની કદરદાંનીભરી નવાજીસ ફરમાવેલી હતી, તો પછી શું?

તે એક સુખનો સ્વપ્નો હતો, કેમકે પરીઓનાં હોસાંનને લજ્જામાં નાંખે એવી આ પરીસુરત સુંદરીને પોતાની કરી શકવાનુ હજીએ ફીરોઝને હરખાવતું ને મગરૂર કરતું રહ્યું હતું. તે બચ્ચાં જેવી નિર્દોષ ને ભોલી ભટાક હતી. તેણીએ દુન્યા કશી જોઇજ ન હતી, ને સમજની થતાં સાથે રાંદેરનાં એકાંતમાં રેહવા આવેલી હોવાથી એક શેહરી જીંદગીને લગતો એ સુંદરીનો તમામ અનુભવ નવોજ હતો. તે જે જોતી તેથી રાજી થતી ને અજબ થતી, અને ત્યારે તેને સમજાવા ને શીખવવામાં ઉલટમંદ ફીરોઝ માટે એક પેહલા પ્રકારની મોજ હતી. તે તેને ઘણી મોજથી તેના બચ્ચાંસહી વિચારો રજુ કરતી સાંભળતો. પૈસાપરમોહીત થઇ જે હેમકો પરણે છે તેમને ખરાં જીગરથી ધીકકારીને આ પૈસાવાલો જવાન પ્રમાણીક પ્યારને ખાતર આ આસમાનની હુરી પરણી લાવવા માટે જાબજા ખુશી અને મગરૂર હતો.

રતન પાછળી રાત્રે પરણી ઉઠવા પછી હંમેશ માટે બગલી ફુઇથી છુટી પડતાં કેટલીક હદ સુધી દુ:ખી થઈ. બગલી ફુઇના અરધા જંગલી અમલ હેઠલ તે ઇચ્છી શકાય એવી સુખવાસી તો હતીજ નહીં, તોપણ વરસો તક ભેગાં રેહવાનો સહવાસ તેની અસરમાં એવો ખેચાંણકારક હોય છે કે તેથી અલગ થતાં બેઉ બોરહુને વધતો ઓછો સંતાપ થયા વિના રેહતોજ નથી. બગલી ફુઇએ બી તેથી પોતાના સુંદરીના આદર જેવલા

મોંટા રૂમાલ વડે ત્રણ ચાર આંસુઓ જે તેણીના ચીમરાયલા ગાલ ઉપર ગબડી પડયાં તે લુછતાં ઘણી દીલગીરી દેખાડી. તે બાપડી હવે મરતે દહાડે એકલી અટુલી પડી હતી તેનો તેને સંતાપ હતો. રતન ગમે એવી હતી ને તે ગમે એવી તેને ધાક ધમકીના જાપતામાં રાખતી હતી. પરંતુ કાંઇ નહીં તો તે પોતે લાહાતમાં હોય ત્યારે એ વાતનો "લવોકવો" નો ચાલનો હતો ? તે સઘળું રતનનાં જવા સાથ આખર થતું હતું, ને તે સમુલગી પરાયાંને આશરે પડતી હતી તેનો તેને ખરાં દીલનો ખેદ થયો, કે જે બને બોરદુના સંતાપને ભલી મનસનીના પીરોઝે અરસપરસ ઘણોક સધ્યારો આપીને દુર કરવાને પોતાનું બનતું કરયું.

તેઓ સુરત ઝાઝું રહ્યાં નહીં. બગલી પુઈ ઉપરથી રતન સદંતર હેત ઉતારી નાંખે એવું કાંઈ પીરોઝ ચાહતો ન હતો, મગર તે ડોસી વળી પોતાનાં ચકડોલપણાં સાથે તે નવાં વરવહુને ત્રાસ આપતી આવીને ક્યાં બી ટાટે વલગે તે ફીકરથી પીરોઝ તેણીને લઇને રાંદેરની સહરદમાંથી જલ્દી વંજો માપી જવા ચાહતો હતો, અને ખુદ રતનને બી એમ ગામે-ગામ ફરવા ને નવી નવી દુન્યા જોવાના ખ્યાલથી બેહદ હર્ષ થયો.

તેઓ નિકળ્યાં. નવી દુન્યા દેખડાવીને આ નવાં રતન વહુને હુસ્યાર કરવાનોજ પીરોઝને લોભ હતો, માટે ઘર જવા પહેલાંનો આ પ્રવાસ તેમને દરેક પ્રકારે પ્રસંગોપાત થઈ પડયો. લગન પછીનાં પેહલાં દરાં-પરાંમાં એ એખલાસ હંમેશ લાગે છે એવો મીઠો કે એ મીઠાં સુખમાં અરસપરસની કંપની તેજ આખી દુન્યા તેમને દેખાઈ, ને બેઉ એકમેકથી રાજી થયલાં 'હનીમુન" કરવા નિકલી પડયાં હતાં. તેઓ દરેક મોટાં સ્ટેશન પર ઉતરતાં ને થોભતાં, ને જ્યાં વિશેષ જોવા જોગ હોય ત્યાં વધતા દાહડા ગબડાવી કાઢતાં, કે જ્યારે રતનની તાજુબી એ હતી કે એક ટુંક પગારનો આં સુરતી કલાર્ક આ કીસમના દરેક દાહડનો ખરચાલુ બોજો ને મુસાફરીને લગતો માહાભારત ખરચ કેમ ઉપાડી શકતો હોવો જોઇએ ? એ તેણીએ ગભરાઇને સેહેંકડો વાર પોતાના ભરથારને મોંઢે ચઢીને પુછયું બી ખરૂં, પણ પીરોઝ મોહબતની એક મીઠી બકીથી તે

ચટપટખોરા હોઠો ઉપર સીલ કરતો, ને જ્યારે રતાં વધુ બજીદ થતી ત્યારે મહિનાઓથી થોડુંક જમા કરેલું હોવાનું કહીને તે એ ભોલી બાઈજાને મનાવી લેતો.

——:*:——

પ્રકરણ ૮ મું.

એ મુસાફરીની સેહેલની મોજમાં રતાં જેવી એક સ્વભાવીક તેજ બુદ્ધીની અબળાને શિખવવાનું ચંચલ ફીરોઝને જરા એ મુશ્કેલ થયું નહીં. તે સુધરેલી રીતીઓને જવાબ કરતી રવેસનું ઘણું ખરૂં શિખતી ચાલી, ને ઈંગ્રેજી અભ્યાસમાં બી સપાટાબંધ "પ્રૉગ્રેસ" દેખાડતી રહી. ફીરોઝ સમજાવતો હતો કે એ મનની કસરતથી તેમની ફુરસદનો વખત સોહવાઈ જતો હતો, અને તેથી એ અભ્યાસનો ઓજો આપણાં સુંદર રતનવહુને ખાસ કરીને અનુકુલ આવ્યો.

પણ એ સઘળું છતાં, કેહવાને અજબ જેવું છે કે, શ્રીમંત શેઠેરીઓ તરફનો પોતાનો અભાવ જે તેણીની રંગેરગ ને નસેનસમાં જાણે જામી ગયો હતો તે રતાંએ કદી પરહરયો નહીં. એ ભુલ સુધારવા ફીરોઝે ફેરવી ફેરવીને અનીખના તારા તોડયા, ને ત્યારે તે વરવહુ હવે તો એ બાબદમાં એકમત ન થતાં લગભગ લડી પડવા લાગ્યાં! રતાંને સમજ પડી નહી કે તેનો ખાવંદ એ વગર અર્થની પંચાત કાં સોહોપ્યા કરતો હતો! તે અગારનવાર તેની તે તકરાર અનેક જુદા જુદા તોરથી રજુ કરયા કરતો, જે રતાંને જેટલું અજબ કરનારૂં તેટલુંજ પજવનારૂં થઈ પડયું. તેની બગલી કુઇને એક શેઠયાએ ભયંકાર દગલબાજીનો અપજશ આપ્યો તે વાતનો ભય તેનાં કુમલાં મગજમાં, તેની આવી બાળક ઉમરે તે કંગાલ કેફ્યત તેના આગળ રજુ થવા પાંમેલી હોવાથી, ઘણોજ ઘર ઘાલી બેસી ગયો હતો. સાંરાશ, એ એક વાતમાં તે વરબૈયર હંમેશ જુદાં પડતાં, ને એક મત ન થવાનાં પરીણામમાં બાજે વખત લડીને પણ ઉઠતાં, કે જ્યારે બે ચાર દિવસ સુધી બંને એકમેક સાથ ઉંચે મોંઢે

રહેતાં, ને એકમેકને આયંદે અરસપરસ મનાવીને સલ્લાહ કરતાં પછીથી ઘણી જેહમત થતી.

કોઇ વખત રતન અજબ થઇને પુછતી, "પણ તમે મને એ બધું મોટે ઘરનાઓને લગતું શિખવવા ખંતી રેહોછ તેનું કારણ શું? મને મુંવા મોટે ઘેરનાંઓ સાથે કામજ શું છે? હું કાંહ તેવાં તેવાંઓ સાથે ભેરાવા જવાની છેઉં જે તેની વાત?"

"તોબી શિખવું જોઇએ," ફીરોઝ બાજે વખત તેના આ પાધરા સવાલોથી ફીકકો પડી જતાં લેપડો લગાવતો. "શિખવામાં બુરૂં શું છે? આપણાં મગજને જેટલી કેળવણી આપ્યેં એટલી ઓછી છે."

રતન આ મુસાફરીની સેહેલ ને જગેજગનાં હવાપાણીનો લાભ લઇ એક રાતા ગુલાબ જેવી ઝળકતી અને તનદરોસ્ત બનતી ચાલી. તેની ખુબસુરતીમાં તો કસરજ ન હતી, ને તેને વળી આ 'ચેન્જ'નો ટેકો મળી જવાથી તે મનોહર કીસમે સુધરતીજ ગઇ, જેથી ફીરોઝ પરણ્યા પછીનાં નવાં દરાંપરાંની સઘળી નવાઇ સમી જવા બાદ બી તેનાં ઉપર વધુ ને વધુ ફીદા થતો રહયો. તે એ દીલપઝીર સુંદરતાથી ખરેખરો મોહ પામ્યો. તે પોતે એવા સંપુર્ણ ટેસ્ટનો, અનુભવી, ઘડાયલો, હુસ્યાર ને સુધરેલો આસામી હતો કે તેની ને તેનીજ કંપનીનો રાત દિવસનો સહવાસ પડવાથી રતનના વલગર ટેસ્ટો ઘણી હદ સુધી સુધરતા ચાલ્યા.

તેણીને પૈસા ખપી જવાની ને મોહતાજ હાલતમાં આવી પડવાની ફીકર વારંવાર થતી. જો ફીરોઝ તેનાં ગુલબદન તન ઉપર શોભે એવી એકાદ મોંઘીદાટ સાડી લેતો કાં ઑરડર કરી મંગાવતો, તો તેણીને તે ગમવા છતાં તેને એકાદ દિવસ તે ચિંતાતુર કરી મેલતું, કેમજે ફીરોઝ જેવો એક સાદો ને ગરીબ આસામી પોતાના ઇંગ્રેજી તોરના ઠઠેરા માટે ને તેણીની પોતાની સુંદરતાની નકસી માટે આવો વિખ્યાત ખરચ કેમ કરી શકે તેજ તેને મુતલગ સમજાતું ન હતું!

ફીરોઝને જે વિશેશ ગમતું તે એ હતું કે આ ગામરેની ગોરી હમેશની તનદરોસ્ત અને આસુદી હતી. શેહેરી સુધરેલીઓ નાજુકીને

ખુબસુરતી માને છે, અને નાજુક નહીં હોય તોબી નાજુક હોવા ને થવાનાં નખરાં કરવામાં મોજ જાણે છે, તેઓનાં દીલપર મરઘીનું પીછ પડે તો તેઓ બેસુદ્ધ થઇ જાય છે, કે જરા દીવાનો કાકડો ચઢી ગયલો જુએ તો ચીસો પાડીને ઘેર ગજાવી મુકે છે; અને ત્યારે આપણે પુછશું કે એ શું નાજુકી છે? "લેડી" એમ થવાનું હશે? પણ લેડી થનારાંનાં ઢણુક એજ ક્યાં છે? તેઓ કમરમાંથી વાંકી ચાલે છે, અવાજ જોઇએ તે કરતાં વધારે ધીમો બનાવે છે, વિગેરે. એ સઘળાંથી થાય છે એમ કે તેઓ નાજુક દેખાવ કરતાં માંદી મરઘીઓ વધારે દેખાય છે. ફીરોઝ એ બધાં ફીતુર ધિક્કારતો હતો. તેની પોતાની બેહેનોમાં એ બધાં ચરત ને નખરાં તેણે જોયલાં ને ધિક્કારેલાં હતાં, માટે એવી મડમરીઓના વર્ગમાં તેની રતન ન આવતી હતી તે માટે તે ખરાં દીલથી ખુશી હતો. તેની રતન કાંઈ કદાવર ને જોરાવર ન હતી. સ્ત્રીવેશને શોભાવે એવી દરેક નાજુકીની શોભાની તે એક અનુપમ સુંદરતા હતી, પરંતુ જે સુધરેલીઓ નાજુક દેખાવના પછાડામાં કાયલી, કંટાયલી, તવાયલી અને સુકાયલીઓ ખરેખરી બને છે, તે માહેલી આ સુંદરી નહીં હતી.

"હું કેવું ચાહુંછ," એક દિવસ ફીરોઝે ઘણાં હેતથી કહ્યું, "હું કેવું ચાહુંછ કે શેહેર ઘેરની ગરબડથી અલગ હું તુંને લેઇને તાહરી સોબતનાં સુખમાં અહીંનાં આવાં એકાંતમાંજ સદા રહી શકું."

"એકાંતમાં?" રતને અજબ થઇને કહ્યું. "મરે, એવાં એકાંતને શું કરે! અમારાં રાંદેરમાં કાંઈ ઘણું એકાંત નહીં ઉતું છતાં હું બધી કંટાલીને કાહાર કાહારમાં પરી ગેઇતી!"

"હા, પણ ત્યારે તો તું એકલી હતી: તાહરે લાયકનો ત્યારે તો કોઇ સોબતી નહીં હતો?"

"અને હવે?"

"હવે તો હું તાહરી પાસે ને પાસે છેઉં કેની?" ફીરોઝે કાંઇક ઠપકાથી શાદ આપી.

તે પેટ ધરીને હસી. “તમે તો છોઓજ તો!” તેણે કહ્યું, “પણ તેથી બરચું કંઈ મને સોહવાએ નહીં.”

ફીરોઝ આ અવિચારભર્યો બલ્કે બેકદર જવાબ સાંભળી રાજી થયો નહીં, શું એ બનવા જોગ હતું કે આ છોકરી કે જેના ઉપર તે જાણે પોતાનો જાન સદકે કરતો હતો તે તેને બદલામાં તેવાજ ધાડા પ્યારથી હજી સુધી ચાહતાં શિખી નહીં હતી! તેમ જો હોય તો શું તેણે ઉતાવલે પરણીને ધીરજથી પસ્તાવાનું હતું? તે જરા દબાયો.

“ફીરોઝ,” તેવામાં રતને પુછ્યું, “હું એક વાત પુછું! મને કંઈ પુછવા ગમેછ!”

“પુછની બેલાસક?”

“તમારામાં તમારી હાલની હાલતથી વધારે સારા થવાનો લોભ કેમ નથી?”

“નથી એ તેં કેમ જાંણ્યું?” ફીરોઝે હસીને કહ્યું. “અમારા ખાન્દાંનના બધા મોટા મોટાઓ—”

“ખાન્દાંન? મોટા મોટાઓ?” તે છોકરી તાજુબ થઇ ગઇ. “વરી તે શું? તમે તો ગરીબ ખાન્દાંનના છોઓ કેની?”

ફીરોઝે જીભ કરડી. જબાંન લપસી જવાથી તે આ શું આટો બાંફતો હતો! તેણે જોયું કે રતન જો તેની ખરી હાલત જાણવા પાંમે તો તેને કદી માંફ કરે નહીં; તો તો અરસપરસ મોંઢાં જોવાનો વેહવાર પણ નહીં રહે એવા મોટા કજ્યાનો ધરતીકંપ થાએ! એ સઘળું તેણે અનુભવથી જાણ્યું હતું, ને કમનસીબે એ અગતનો અનુભવ તેને ઘણો મોડો મળ્યો. રતન છેડાય તો હાથથી જાય એમ હતું, ને તેને પૈસાવાલાંઓની હદ વગરની સુગ હતી, એટલે ફીરોઝને પોતાનો એ માહા જોખમભર્યો ભરમ જીવની પેઠે સંભાળવો પડતો હતો. તે પોતાને ઘરનાં અને દોસ્ત આસનાચોનાં કાગળપત્રો માટે બી બ્હીશો પડતો, ને તે ઘણી વખત રતનથી છુપાવતો કે રખે આગ સળગીને ભડકો લઈ ઉઠે!

"મને શોભ નથી એ તેં કેમ જાણ્યું?" ફીરોઝે ગભરાતાં તેણીનો સવાલ ઉડાવીને હસ્તે ચેહરે પાછો સવાલ કરયો.

"એમ કે તમે આવાં જંગલોમાંજ પડી રહેવા ચાહોછ?"

"તે તો તાહરે માટેનો માહરો હદવંનાનો પ્યાર પુરવાર કરે છે," ફીરોઝે કાંઇક દીલગીરીથી કહ્યું.

"પણુ તેમ કાંઈ માહરો પ્યાર તમારીપર નથી!" તેણીએ તકરાર કીધી; "પણુ, મરે, ગમે એવા પ્યાર છતાં બી આપરે અદદુ ને બદદુ અહીં એકલાં એકલાં દદરયા ને સબરયા કરયે તે તો મુવું મને જરા બી ગમે નહીં,—" અને ફીરોઝે આના જવાબમાં ચુપકીજ અખત્યાર કરવામાં વિશેશ ડાહપણુ જેયું.

ફીરોઝને ઘેરે પાછો ફરવા ઘણી જરૂર હતી. તેની મગરૂર માતાએ ઘણા ઠપકાથી અને ઘણા ગુસ્સાથી હવે લખ્યું હતું. તેણીએ તેનો એ દેશ-વટો ઘણો ધિકકરી કાઢયો હતો, ને ઘેરબાર ને કામ ધંધો મુકી, પોતાનાં વ્હાલાંઓ માટે બીનકાળજીદાર બની તે આમ ગામેગામનો ભટકવારો લઇ બેઠો હતો તે માટેની તે તુમાખી માતાએ પોતાની સખ્ત નાપસંદગી લખી વાલી હતી. "દરેક ચીજની હદ હોવી જોઇએ," તે લખતી હતી. "તુંને શું તાહરાં ઘેરબારનો કે માએ બેહેનનો વિચારજ થતો નથી? આવતા આસમાન રોજે તુંને જીભરાયું બત્રીસમું વરસ બેસશે, ને હું જાંણું જે હું તે સપરમે દાહરે જરા સારા સગનની ધામધુમ કરશ, પણુ તાહરૂં તો દુશ્મેનનું અહીં પાછો આવવાનું ઠેકાણુંજ કાંહાં બરયુંચ? અત્યાર સુધી કેઠે બી થર પરવાનો તું વિચાર કરતો નથી તેથી બી માહરાં તો આએ સીનાં બધાં સરી ચાલ્યાં! હું હવે કાંહાંવેર જીની મરવાની ઉંતી? તાહરા બાપના ગુજરવા પછીની હું કેવી ઝુંરપજર પરીછ તે તું જરા જેતો ખરો? જરા બી માહરૂં માનતો ખરો? આએ માહરા દોરા વિચાય તેટલાં, દીકરા, તું ઝરૂં દાહયો થા, ને તાહરી કોઇ ઘેરશોભત બૈરી લાવીને મને ઠેરવ. દાદી-શેઠની પીલુને શું છે? પટેલની જીલુને શું કુતરાએ કરદી? વાહરયાની વીલ્લુને

શું ધાર ધધરી? નહીં તો પેલી છોટી મોટી છે તે બેમાંથી એકનો વિચાર કર! પેલી ચણી વટેણી છે તે બેમાંથી ગમે તો એકને કબુલ કર! લોક શું જાણે જે તું માય મરે એવો અકકલ વેચીને બેઠોછ? બધાં મને બદ-નામ કરેછ જે તમે માએ જેણાં માએ છેઓ ને શું તમારો દીકરો તમારો એટલો બી ધાક નહીં કરે? સારે સારે ને મોટે મોટે ઘેરનાં કાજ પગરનના જાંસાથી લોક બધું માહરૂં ઘેર ખણી ખાએંછ. ખરેખર, દીકરા, હવે તો હું એ દુ:ખ ખમતાં બેંમાન પરીછ, તેથી તાહરી અખ્ખઈરિહી સાલગીરીની આગળ તું મુંબાઈ આવી પોંહચે તેમ કર કે હું તુંને સાત સત્તર બતાવીને તાહરી રાજી ખુશીનું તું કેહ તેની સાથ તાહરૂં કરૂં, કે માહરાં પેટમાં મરતે દાહરે જરા તાહરક તો પરે? તાહરી બેહેનને વાસ્તે જાંહાં પુછુંછ તાહાં મુવાં બધાં સાતે પાતે ગરે પરેચ ત્હારે હું કરૂ તે બી શું?"

આ રીતનો તે છેલ્લાં કાગળમાં પરયારો ને કકલાત લખાઈ આવ્યો હતો, ને ફીરોઝ તે વાંચી નેહાયત દુ:ખી થયો. તે એનો શો જવાબ કરે? શું કહે? શું લખે? તેની માતા તેને મોટે મોટે ખાંચરે પરણાવાની ઉમેદ-ભર ને તલબગાર હતી, કે જ્યારે તે તો માહરો વ્હાલો પરણીને કેવારનો પાર પડી ગયો હતો! તે પેલા એક ચકાસેલા વર્ગમાંનો નહીંજ હતો કે જે ધસેલાં મગજના અગરગચ્ચાઓ પરણવાના પવિત્ર અધીકારને પાપ પુકારે છે, અને સંસારને મદદ થવાની પોતાની ગુંજાસ છતાં મકકાઇણુઠઠા જેવા એકલડોકલ રહી પોતાની સમજદારીનું લોકોને માપ લેવા દે છે: જેઓ સોસાયટીનાજ નહીં પણ ખુદ ખુદાના અપરાધી છે, ને તેમની એ હેમાકાતનાં પાપ માટે ખલકત અને ખુદા એ બંનેને જેઓ સરબસર અને બેતકરાર જવાબદાર હોય છે. તે કાંતરયાગેપ ટોળાની સંફનો ફીરોઝ ક્યાં મેમ્બર હતો? તે તો સારઅસાર પીછાંણવાવાળો હતો, અને લગનની મોતેબ-રીમાં માનનારો હતો;—અફસોસ એટલોજ હતો કે તેણે પરણવાને અયોગ્ય ઉતાવળ કરી, ને નહીં કરવાનું તે ઉતાવળે કરી નાંખવાંની કચુંબર કરી નાખી,

તેણે એ ઉપરથી તેની માતાને તેણીનાં મજકુર કાગળના જવાબમાં એક ઉડાવનારો, ધીરજ આપનારો, સંભાળભર્યો કાગળ લખ્યો. તેણે

હાલમાં તેનાં લગ્નની વાત કરવાનું મોકુફ રાખવાનું તેણીને પાસે માંગી લીધું, અને પોતાની સ્યાલશ્રેહની ખુશબખ્તી માટે ભાગ આપી ભાગ લેવા સારૂ હાજર નહીં થઈ શકવા માટે હાથ જોડીને માંફ માંગી. તે "અનિવાર્ય રોકાણો"ને "દીલપઝીર દેખાવોની અજીત મોહીનીઓ"ના સબબે આ પ્રવાસ અધુરો મુકી આવી શકતો નહીં હતો એવા તે બાપડાને અનેક ઓરંગાઓ ફેંકવા પડયા ! બીજો ઉપાય શો હોય ?

પ્રકરણ ૯ મું.

તેઓ આગ્રામાં વિશેશ થોભ્યાં.

તવારીખનું તે પુરાંણું શેહેર કે જે મુસલમીન શાહાનશાહ શાંહાજાંહાંની અસલ જાહોજલાલીની જાણે જીવતી સાહદત પુકારતું આજ બી જોવાજોગ ઇમારતો ને ચિતાકર્ષક ખંડયેરો સાથે ગરૂરીમાં ખડું છે ! તેનો કુશાદે કિલ્લો, તેનો વખણાયલો તાજ, તેના આસમાનમાં સર લગાડી ઉભેલા મિનારા, તેનાં બાદશાહી રંગરાગ ને હકુમત દાખવનારાં આલીશાઁ મુકાંમો, કે જે સઘળું જમાનાની ગીરદેશ ને વખતની કોહાડી હેઠલ હાલમાં મટીમાં મળી ગયલું પણ હજી જોવાજોગ છે ! તે મોટા મેહેલો, કે જે એકવારના એ છત્રપતી મુસલમીન રાજાઓના રોબ ને દ્રવ્યની અણુહદ રેલછેલનો દરેક જોનારને અભ્યાસ કરાવ્યા વના રહેતા નથી ! તે ગંજાવર તાજમેહેલ કે જે આગ્રાનીજ નહીં પણ આખાં ભરતખંડની એક મોટી રોણક યુંરોપ પણ એક અવાજે સ્વિકારે છે, ને ત્યારે એવા એક આલીશાં શેહેરમાં આ વરવહુનું સુખવાસી જોડું થોભ્યું એમાં અજાયબી શી હોય ?

તેઓએ આગ્રાનાં "ધી સ્ટાર હોટેલ" નામનાં એક એકાંત તોબી પેહેલે વાંધેનાં, મોટા અને આબરૂદાર હોટેલમાં ઉતારો લીધો હતો. રીચાર્ડ જ્યાં જતો ત્યાં પારસીઓનો પડોશ ને સહવાસ બનતાં સુધી પકતો મેલતો, ને તેથી બધું ઇંગ્લીશજ સોહોધતો, એટલા માટે કે એ તરહના

પરદેશી યુરોપ્યનોમાં તેને પીછાણી કાઢનાર કોઇ મળી આવે નહીં. તો બનતાં સુધી પોતાની ખરી અટક ને ઓળખ પણ કોઈને આપતોજ નહીં, તે રતાંથી બહુજ બીહીધેલો હતો. કાચે પાયે રતાં તેનું શેઠયાપણું. ને તવંગરી જાંણી લીએ તો ભયભીત ખરાબી થઇ પડવાનો દરેક સંભવ હોવાને લીધે તે આ વાતમાં હજી સુધી બ્હીલો પડતો રહયો હતો. હવે એકાએક થયું એમ કે જે નામીચાં હોટેલમાં તેઓ ઉતરેલાં હતાં ત્યાં તેમના રૂમની બાજુમાંનાજ રૂમ્સ એદલજી ઇંડાવાલા નામના કોઈ પારસીનાં કુટુંબે રોકયા હતા, ને તે વાતની એક બે દિવસ સુધી તો ફીરોઝ કે રતાંને ખબર બી પણ પડી નહી! એમ છતાં ખબર પડી ત્યારે પેહલી હરોલમાં તો ફીરોઝને ત્યાંથી પોબારા ગણી જવાની લાલચ થઇ, પણ આવાં એક નામીચાં શેહેરમાં આવી તે જોયા વગર જતાં રહેવાનું એક તો તેને ગમ્યું નહીં, ને બીજું તો એ હોટેલમાંથી બીજાંમાં એમ એકદમ બેસબબ જઇ રહેવાના નબોજાંપણાં માટે બી તે પોતાનું મન મનાવી શકયો નહીં. એ ઉપરથી તેણે મન મોટું કરીને ત્યાંના મુસલમાન ખાનસમાઓથી તે કુટુંબ કોણ હતું તેની પસગવસ ખાનગી તેહકીક કરવા માંડી, ને ત્યારે તે જાંણીને તાજુબ થયો કે તે તો ઇંડાનાં પારસી વેપારીનું એક કોઈ ગામડયું કુટુંબ હતું? તે ખાનસમાઓનાં કેહવા મુજબ તે પારસી પાસ પૈસો ઘણો હતો, ને તે પોતાની અકસર બોલાઇ વચ્ચે પોતાની મોટાઇ બતાવાની તે નોકર આદમીઓ આગળ પણ સેહેંકડો વાર ઉકમાઇ લઇ ચુકયો હતો કે તેની તે બધી મોટી દોલત ને આયપત માટે તે મુંબાઈનાં પાંઉબજાર માંહેલી તેની ઈંડાંની દુકાંનેજ આભારી હતો!

તે હાલમાં ફરવા નિકળ્યો હતો. તેની સાથ તેનું કુટુંબ કાંઇ ઓહલું ન હતું. એ એદલજી ઈંડાવાલો પોતે તેની બૈરી નામે મીઠીબાઈ ને તેનો દાહરેવારેનો દીકરો નામે નાદરશાહ મલી તે ત્રણ આસામીનું કુટુંબ, હાલમાં ચીચોરા થઈ પડેલા હોવાથી, ફરવા નિકળ્યું હતું, "જીવ્યા ચાંને જોયલું ભલું" એ આ પસ્તાકયાં કુટુંબનો "મૉટો" હતો, ને લોકો

હજારોના ખરચ ખાતા વેલાત ધકેલા ખાય ને ખુદ પોતાની હિંદ સર જમીનમાં જે જોયલું જોવાય નહીં એટલું બધું જોવાનું ખુદાએ આપેલું છે તે જોવાનો લોભ કે ઉલટજ નહીં રાખે એ ધંધાવાલા એદલજીબાનો રોજનો બલાપો ને અફસોસ થઇ પડયો હતો !

તે ગમે તે હોય. મગર પીરોઝે તો આ સઘળી કેફીયત જમા કરી એક છુટકારાનો દમ ખેંચ્યો. તેણે જોયું કે હવે તેણે ફીકર કરવા જેવું કશુંજ ન હતું, કેમજે તેનાં પીરોઝ સુરતીનાં ધારણ કરેલાં નામે તેને આ પસ્તાકયાનું કુટુંબ કદી બી ઓળખી શકે એમ દીસતુંજ ન હતું. તે કુટુંબ જોડે પીરોઝની આગળ કદી બી ઓળખ થઈ હોય અથવા તેઓએ તેને કેઠે બી નજરે જોયો હોય એ તો જવાન પીરોઝને લાગ્યું કે માનવુંજ બજા હતું.

તેણે તેઓને, એટલા માટે, તેમને ઢંગેધારેજ રેહવા દેવાનું ચુકવ્યું. એવાં ગામરયાં ગુમરયાં તેની કેળવણી, તેના પૈસા ને તેના દરજ્જાને પેશ આવે એમ ન હતું. પૈસાના મહત્વમાં આ જવાંન માનનારો નહી હતો, મગર તે બાપીકાં ખાન્દાનનાં પુરાતમપણાંને અગત આપનાર આસામી હતો, માટે આ શ્રીમંત પણ અભણ અને ગામરયું કુટુંબ તેના ટેસ્ટને તેનાં મત મુજબ જવાબ કરતું સિધ્ધ થયું નહીં. એ ઉપરથી તે તેમને વટાડવા ચાહતોજ નહીં હતો, પણ રતને તો તેની એ મરજી ને ચુકાદા સામે નાતાબેદારીનું જબરૂં બંદ મચાવ્યું. "મુવું તમારામાં એ કોણ જાણે શું છે, પીરોઝ ?" તેણીએ હોઠ ચઢાવીને ફરયાદ કરી. "તમો તો કેઠે બી પારસીઓને મળવા દેતાજ નહીં."

'સૌને પોતપોતાના દરજ્જાનો ખ્યાલ રેહવોજ જોઇએ," પીરોઝે ગુસ્સાથી કહ્યું.

"દરજ્જો ?" રતને અજબ થઈને કહ્યું. "વરી પાછી આવી ત્યારે મુવા દરજ્જાની વાત ! મેં તમુને કહ્યુંની જે આપુને ગરીબ માણસને

એવા દરજ્જા ફરજ્જાની વાત કરવાનું નહીં શોભે ? વરી આપરે કીયાં એવાં ધનવાન પરી ગયાં જે તેની વાત ?"

"હા, પણ ગરીબના દરજ્જાના બી તબકકા હોય છે," ફીરોઝે તકરાર કરી.

"ધુર ને ધુમારો," રતાંએ ખિજવાઇને કહ્યું. "હું તો મુવું એવું મોટું મોટું ને લાંબું લાંબુ બોલતી બી નથી ને સમજતી બી નથી."

એમ છતાં ફીરોઝની મરજી નહીં એટલે "પાસેવાલાંઓ" ને બોલાવા ને તેમના જોડે દોસ્તી કરી નાંખવા માટે તેણીનો જીવ ગમે એવો બી તલપાપડ થવા છતાં તેણીને મન મારવુંજ પડયું. એવામાં એતેફાક થયું એવું કે તે હોટેલની બાજુમાંનાજ એક કોઈ જાગીરદારને ત્યાં કાંઇ મહોત્સવ હશે માટે તેણે સામેનાં ચોગાંનમાં એક રાત્રે આતશબાજીની યોજના કરી, ને તે "તમાસો" ખાનસમા ખબર આપવા આવ્યો કે તે હોટેલની ઉંપરની આગાસીમાંથી દીલખુશ કીસમે જોઇ શકાતો હતો. આ રતન તાબરતોબ લઇ પડી. તેણીએ તે જોવા જવા વિનંતીથી માંગી લીધું ને પેલાંઓને મળવાના કંટાલાને લીધે ફીરોઝે પોતે આવવા જ્યારે ઠડાવથી નાજ કહી ત્યારે તેણીએ એકલીએ જવાની પણ જીકકર કરી. "તમે નહીં આવતા તો નહીં, પણ જરા મને તો જવા દેઓ ?" તેણીએ હઠ લીધી. "હું જરા જોઇને આવતી રેહવસ."

"પણ તાંહાં પેલાં પાસેનાંઓ બી આવશેની ?"

"આવશે તેથી શું થઈ ગયું ?" રતાંએ ફફડાત બતાવ્યો. 'તે લોકને લીધે હું નહીં જાઉં ? હું તે લોકને બોલાવતી જવશજ નહીં—હવે તો બસ ?—તે લોક મને બોલાવતાં આવશે તોજ હું જરારતી બોલીશ. હું તો આતશબાજીજ જોવા જવા માંગુ છું. મેં માહરા આખા જનમારામાં આતશબાજી કોઇ બી દાહરે જોઇજ નથી."

"તે બતાવા હું કાંહ ના કેહુંછ ?" ફીરોઝે ગુસ્સાથી કહ્યુ. "ચાલની, હું તુંને ચોગાંણમાં લઈ જાઉં ? તું કેહે તો ખુદ એ જાગીરદારને ત્યાંજ જોવા લઈ જાઉં ?"

"તે બરસું મને એમ રવરવા રખરવા ને પરાયાં પરજાતો વચ્ચે હીણું છીનાંની કાંની ધક્કામુકી ખાતાં જોવા જવુંજ નથી," રતાંએ તરડાઇને કહ્યું, "ઉપર જવા દેતા હોવો તો દેઓ, નહીં તો બન્ના ગઈ,"—અને ફીરોઝે એક કકલાતની રાત બચાવા, "સેહેતાંન દાભો" કરવા, અંતે તેણીને ઉપર એકલીને જવાની રજા આપી.

તે ગઈ.

તે ઉપર ગઈ, ને ફીરોઝ તેણે આવી એક સુંદરી પરણી લાવવામાં ડાહપણ કર્યું હતું કે નહીં તે વિશે વધારે ને વધારે ચિંતાતુર સવાલો પોતાનાં મનને પુછતો પોતાના ઓરડાનાં એકાંતમાં એકલો બેસી રહયો. તેને કાંઈ ગમ્યુંજ નહીં. તે રતનપર ગુસ્સે ન હતો. રતનને તો હજી તે જેવા ને તેવા પ્યારથી બલ્કે રોજ ને રોજ વધતી ફીદાગીરીથી ચાહતો હતો. તેનાં બચ્ચાં સહી રૂસણું ને ગુસ્સાનાં નખરાંથી તો ઓર બી તેને તે વધારે વ્હાલી લાગતી. એ જાતની "તણપાંચ" તો બધાં વર બૈયરોમાં રોજની થતી આવે છે. વર બૈયર મરાયાં બી ભલાં ને દોસ્તી કરેલાં બી ભલાં! બેમાંથી એકને ઓછું પડયું, અથવા બેમાંથી એકની જરા મરજી ન સચવાઈ તો અલબત ચકમક તો પડેલીજ જાણવી, પણ તેથી કાંઈ વર બૈયરના વધતા ઓછા પ્યારનું માપ ભરાતું નથી. એટલા માટે ફીરોઝ એ વાતથી કોઈ રવેશે હેરાંન ન હતો. તે તો હવે આ પરણી મોહરદારને કેમ છતી કરવી ને વળી એ મોહરદારની આગળ પોતે કેમ છતો થવો તે બધી મુશ્કેલીઓથી મુંજાતો હતો. રતાં જો જાણે કે તે મોટો ધનવાંન ને ખાન્દાંની છે તો તેની પણ પીડા હતી, ને તેનાં ઘરવાલાંઓ જો જાણે કે તે એવી એક ગામરેની ગોરીને પરણેલો છે તો તેની બી આપદા હતી! તે બાપડાને તો બેવડી આગમાં બળીને ભસ્મ થવાનું હતું, અને ત્યારે શું તેણે ઉતાવલે પરણીને ધીરજથી પસ્તાવો કરવાનુંજ થશે?

બીજા દાયપર રતન વેળાસર અગાસી ઉપર ગઇ. હૉટેલવાલાઓએ પહરોણુંઓની ખાતર સારૂ તરેહવાર કીસમની ત્યાં ખુરસીઓ ગોઠવેલી

હતી, અને ડબલ કાકડાનાં મોટાં લાંપો દીવાલમાં લગાડી લીધેલા હોવાથી તે મજલા ઉપરની ખુલ્લી અગાસીમાં ઘણું ખુશનુમા લાગતું હતું.

રતાં ગઈ ત્યારે ત્યાં થોડાંક યુરોપ્યન ઉતારૂઓ જમા થયલાં હતાં, જેથી તે ગઈ તેવી પોતે અગાસીની એક બાજુનાં ખુણામાં એકલી જઇ ઉભી ને બાહાર જોવા લાગી. તે પછી જરા વારે ધંડાંવાલાનાં મીઠીબાઇ ઉપર આવ્યાં. તે અઢાર ઉમરની, નજદીક પચાસની ભરતીમાં આવેલી, આંગે ભરેલી એક બૈરી હતી. તેને દીલમાં સાડી પેહેડીને ઉપર આવવાના મહલાજાનું ભાન થયું નહીં હોય! લાલચટક ઘાટની ચલકતી ઇજાર કે દીલમાંનાં છીંટનાં વાસ્કુતનો તેણે ભપકો દેખાડવો હશે તે તો તેનો જીવ જાણે, તે વાસ્કુત ભરજ આવી. તેની અઢાર ઉમર હતી એટલે જાણે સાડી વગર બેમલાહજે ફરવાનો તેણે પરવાનો લીધો હતો! "હવે આપરે દોહાં થયાં; આપુને હું રે ભઈ?" તે વગર સાડીએ ફરવાનાં બેમહલાજાપણાના બેહુંદા બચાવમાં હંમેશ કેહતી.

તેણે પોતાનાં આંગ ઉપર ઘરેણાંનું તો પ્રદરશણ કરેલું હતું. કાનમાં મોતીનાં મોટાં મોટાં ચોકઠાં ચઢાવેલાં હતાં, ગળાંમાં ભારી સુન્નાંની સાંકલીઓ હતી, હાથમાં જાડી ને અસલી બાંધણીની ત્રણ ત્રણ બાંગડીઓ ને તેટલાંજ ચીતલ હતાં, ને આંગળાંઓપર સોના રૂપાંની આસરે અરધી દજન વિંટીઓ હતી. રતાંએ તેને જોઇને ડોકું કીધું, અને તે પોતે જ્યારે ઉભીજ રહી ત્યારે મીઠીબાઇ તેની આગળ ખુરશી ખેંચી લાવી તેપર ગોઠવઇને બેઠાં.

તેને (રતનને) એ બૈરી સાડી વગર ઉપર આવી ને યુરોપ્યનો તેનો પેહરવેષ જોઇ ઠીઠી ઠાઠા કરતાં હતાં તેનો ખ્યાલજ ન થયો. તે પોતે બી ગામરેનીજ હતી કેની? તેનાં બગલી ડોસાં ફક્ત દીલપર સાડી નાંખી બેઇને તો આખા રાંદેરના મોહલ્લા રખડી આવતાં, ને સુરત જવા જો સાડી પેહડવીજ પડે તો એક પગનીજ પેહડતાં, એટલે રતાંની એ બધાં બેમહલાજાપણાં માટેની સુગ જાણે મરીજ ગયલી હતી.

"મને તો જીભરાયા નાદીરે કહ્યું જે તમે ઉપર આએવાં તે મકુંજે ચાલ રે જીવ જરા હું બી તો જાઉં કરીને હું બી હાં આવી," એદલજી ઇંડાંવાલાનાં મીઠીબાઇએ આવતાં સાથે ખુલાસો કરીને કહ્યું. "હું મકુજે અએલાંજ નથી તે એ મહે બે વાત થાહે ને ઓરખાંણુ પરહે."

રતન આ મેહેરબાંનીના જવાબમાં ઘણુજ દમામથી નમી. "તમારી ઘણી મહેરબાની." તેણીએ પોતાના સરેસ્તાના મીઠા સ્વરે કહ્યું, અને તેટલામાં તો પેલો "જીભરાયો નાદીર" પોતે પોતાની માની પછવાડે ઉપર આવ્યો. તેનો બી રોબ તો ઘણો હતો. તે બી માયબાપ જેવોજ કદાવર ને ઇસ્કી જવાંન્યો હતો, મગર તેના પોશાકમાં બી તેસ્ટનું તો ખુન દગલે ને પગલે થયલું તરત જણાઈ આવતું હતું. તે બાંક મીયાંની ટોપી બી માંથાપર નાનખટાઇ વાજાંવાલાઓ પહેડે તેવી વાંકીજ હતી!

તે આવતાં સાથે રતનને અદબથી નમ્યો.

રતને તેનો તેવાજ મીઠા લેહકાથી જવાબ કરયો, ને તે પછીથી પોતાની મા બેઠી હતી તે ખુરશીની પીઠ પકડીને તે બૈરાંઓની વાતચીત સાંભળતો ઉભો.

"અમે તો આણીફા જરા ફરવા આવેલાં," મીઠીબાઇએ વગર માંગ્યા ખુલાસા આપ્યા, "તમે મમભાઇનાં કે?"

"નહીં જી, અમે તો સુરતથી આયાં."

"હુરતથી?" તે ડોસીએ કાંઇક નારાજ દેખાતાં કહયું, "અમે તો આ મમભાઇનાં. બેહેનને કેહું જે મારા વર મમભાઇના હેઠયા છે. ધંબારમાં નાત થાએ તીઆરે બાટલીવાલાની હાતે બેહીને એક પંગતમાં આરપર જમે—હેઠે નાતની હાતે બેહવાની વાત નહીં."

રતાં આ શેઠાણીપણુાંની સાહદતથી ઘણી અજબ થઇ. એક ઇંડા વાલો શેઠયો ને તે શેઠયાઓની પંગતમાં ધંબારમાં જમી આવે તે કાંઇ જેવું તેવું માન? તેણીને એ તોરના શેઠયાઓની સુગ ન હતી. તેવા આમરીયા ગુમરયાઓની તો તે સાંમી હીમાયતી હતી!

"તમારા વર શું ધંધો કરે?" રતનને પોતાની ઉકમાઈ ને મોટાઇની વાતોથી અજબ થતી જોઇ તેણીએ કાંઈક મગરૂરીથી પુછ્યું. "તમે કોણુને તાંહાંનાં કેહેવાઓ?"

"જી હું તો પીરોશા સુરતીની ધણ્યાંણી. મારા વર સુરતની સરકારી ઓફીસમાં ક્લાર્ક છે." રતને સાદાઇથી કહ્યું.

"હો, બહુ કલેરક?"—અને મીઠીબાઇએ તો ઝટ મોંઢું કુમલાવ્યું! તેવણુ જાણે કે આવાં નામીચાં "ઓટાલ"માં આ વરવહુનું જોડું તેમનીજ સંઘમાં ઉતરેલું તે કંઇ નહીં તો જરા પૈસાવાલું હશે, પણુ આએ તો છેક ઘેંક નિકળ્યું તે જાણીને તેવણનું એ પોરીને સામું બોલાવતા જવાનું પાણી ઉતરયું! એટલા માટે પોતાની એ નાઉમેદીની વાત ઉડાવવાની મકસદથી તેણીએ પાછળ ઉભેલા પોતાના પોરયાનો ઝારયો કાડયો. 'ઓવાએ, નાદીર, એ મુવા બોય બુટલેરની પખીના પછવારે પછવારે મારી ખુરહી પકરીને હાંનો ઉભો રીએ? એ બાહાર આવની? આણીફા આવની? બૈરાંને જોઇને બીહે કે હું? એવણુ કોઈ મોટે ઘરનાં નથી નો! એવણુ તો બિચારાં કોઈ હુરતી કલેરકની બઇએર લાં દેહું."

"જી હા, હું તો બા સાદીમાદી છેઉં," રતને હસીને કહ્યું.

"ને મને સાદાંમાદાંજ પસંદ છે, બાનું," નાદરે હવે તરત બાહેર આવતાં નમીને કહયું. "અમે પોતે પૈસાવાલાં થયાં તો શું થઈ ગીયું?"

તે પોરયો અક્કલ કામ નહી કરે એવાં પરીસુરત હોસાંનથી તદન છક થઇ ગયો હતો. તે મોટી ઉમરનો હતો પણુ હજી કુમારોજ હતો. તે સારાં માઠાં જોતાં બલદયા જેવો રહી ગયો હતો. તેને ઘણુ મોટે ઘેરની બાહાનુબ પરણી લાવવાનો અભખરો હતો. પોતે તો કમરપર કાંકરો મુકી એક પાઇ બી રળ્યો ન હતો, પણુ બાપના પૈસા તે પોતાના નહીં તો શું? તે બાપીકા પૈસાપર ઘણી શેખી કરતો, ને એ મગરૂરીને

લીધે પોતાના કરતાં ઘણું ચઢયાતું જોતાં જોતાંજ આજ વેર અંદુખરા જેવો એકલડોકલ રહી ગયો હતો.

તે રતનપર પહેલીજ નજરથી ફીદા થયો, ને કહેવાને અજબ જેવું છે કે રતનને પોતાને બી આએ અગરૂચ્યો ગામડયો ગમ્યો ! અલબત એ ભોલી છોકરીનાં દીલમાં જરાએ પાપ ન હતું, મગર તે સરખેસર-ખાંની સોહબત ને કંપની માટે વ્હીલી પડેલી હતી, ને તેના આચાર વિચાર હજી પુગ સુધરેલા નહીં હતા, તેવામાં તેને આ ગામડયાં મા દીકરાની કંપની ઘણી માફક આવી !

એવામાં તો આતશબાજી શરૂ થઇ, ને તે ત્રણે જણે એક હારમાં ગોઠેવાઇને તે તમાશો જોયો. નાદર રતનની બાજુમાંજ બેઠો હતો. તે તેને તરેહવાર વાતચીત કરાવી તોલ તપ્પાથી રીજવતો હતો !

એ રાત પછી તેઓની મિત્રતા વધતી ચાલી. અલબત જ્યારે ફીરોઝે જોયું કે તે ત્રણુ જણુનાં કુટુંબમાંથી કોઇજ તેને ઓળખતું ન હતું ત્યારે તેને ઘણી હીમત આવી. ને તેણે તે ઉપરથી અવલમાં રતનપર તેઓને નહીં મળવા દેવાનો જે આંકોશ ને જાપતો નાંખ્યો હતો તે લગભગ કાઢી નાંખ્યો. તે પછી તે પોતે બી પોતાની મરજી ઉપરાંત ફરજ્યાત એ કુટુંબને થોડો ઘણો મળતો ભેટતો થયો. મીઠીબાઇ રતનને જાણે પોતાની 'મોટામાયગીરી"થી નવાજીને નેહાલ કરતી હોય તેમજ વરતતી હતી. તેને મનથી રતન છેક તુચ્છ હતી, ને તે રતનની મુરબ્બી જેવી હતી, જ્યારે રતન પોતે જોકે પોતાનાં મનથી તે ડોસીની આ ઉકમાઇપર હસ્તી હતી, તોપણુ તે બધાનો સમાગમ તેને વગર શકે ઘણો ગમતો હતો. એને બદલે જો કોઇ તેના ફીરોઝની માતા જેવી મગરૂર ને તુમાખી અબળા એમ કરતે તો રતાંનાં બીગ ફરી જતે, ને તે એક મિનીટ બી તે કીસમનો "ઇતરાત" લઇ ચલાવતે કે તાંમોશ કરતે નહીં !

"આપરે તો બા ગરીબીમાંથી મોટા થીએલા," એક દિવસ એદલજી ધંડાંવાલાંએ તેઓ બધાં અગાસીપર અચણુચાં એકઠાં થઇ ગયાં હતાં ત્યારે

વાત પરથી વાત નિકળતાં વળી ફુકમાઇ લેઇ લેઇને પોતાની મોટાઇની લબાંસ હાંકી. "અમહથથકું જુઠું કેહવું, આપરે તો એક રોટલીપર પાણીનું આંચરૂં મુકી તે ખાઇ પાણીનો ગોટલો પીને બી દાહરા કાહરેલા બાપ, ને આજે વરી ખદાએ આએપું તાહરે આએ રીતે મ:ધી મેવા ખાવાના બી દાહરા આયવા !"

રતનની આંખ આ એકરાર સાંભળતાં ખુશીથી ચમકી નિકળી ! તેણીને એજ તોરનાં આસામીઓ ગમતાં હતાં, ફીરોઝની પદવીનાં નહીં. જેઓ બાપીકા પૈસાથી ધનવાંન અને શેઠયા થઇ નિકળેલા તેમને માટે સુંદર રતાંને જસાએ સારૂં મત બરપા થતું હતું નહીં, પણ આ એદલજી ઇંડાંવાલા જેવા ગામરીયા બોચ આસામીઓ કે જેઓ છેક મોહતાજ મુફલસીમાંથી વધેલા તેજ તેણીને ખાસ કરીને ગમતા હતા ને તેજ મતલબનું મત તેથી તેણીએ તરત આપ્યું !

"હું એ સાંભરીને ઘણીજ ખુશ છેઉં," તેણીએ હર્ષીત જીગરે કહ્યું. મને તો બા એવાંજ માણુસો ગમે ! બાપદાદાનાં ખાંન્દાંની નામ કે આઇતા પૈસાને શું આગ લગારે ?"—ને તેણી ખુશ મિજાજે ખરખર હસી પડી.

ફીરોઝનો ચહેરો એ સાંભળતાં ફીકકો પડયો. તેને પેલા ઓદાણી ઇંડાંવાલાપર એ કચુંબર કરવા માટે ખાર તો એવો આવ્યો કે તે ડબરાનું માસથી ભરેલું ડોકું ભચડી નાખવાની લાલચમાં તે જેમ તેમ જેહેમતથીજ મન મારી શકયો.

તેણે ખબરાતથી અવલ તો એદલજીપર તેનાં એ સરફ અગરજચ્યાંપણાં માટે ડોળા કાઢયા, ને પછી રતનને ગુસ્સાથી કહ્યું, "તારી મુફલાંણી અક્કલના એવા વાહીયાત વિચારો તું નહીં આપે તો નહીં ચાલે ?"

રતન થથરી ગઇ ! તેણે પોતાના વરને પોતાપર પાંચ લોકના દેખતાં એટલો બધો ગુસ્સે થયલો આજ તુલક આગળ કદી જોયલો ન હતો ! તેને પોતાને બી, તેથી, જોકે ગુસ્સો તો ઘણો આવ્યો પણ તે લોહીનો ગોટ ગલી ચુપ રહી.

પણ પેલા દોહોર ડાહયા નાદરથી તે ખમાયું નહીં. આપંણે ઉપર જોયું તેમ "મીયાં તો મીયાં પણ પીંજારાબી મીયાં" તે રવેસે એ ઈંડાં-વાલાનો નાદર રતનનાં પરીસુરત હોસાંન પર ફીદા થયો હતો, ને તે 'પોતાની રતન" ને તેથી એમ જાહેરમાં થયલું આ અપમાન ખમી શક્યો નહી. "તમે બી શું મારા ભઇ એવણુને બિચારાંને એમ ઝઝેર ઝંઝેર કરયા કરોછ ?" રતનના તે નવા હીમાયતીએ વચ્ચે પુરાઇને કહ્યું; પણ તે બીજીજ પળે તો એક અકસર હીચકારાની અદાથી છેકજ થથરી ગયો, કેમજે કશુ બી કહયા વના ફીરોઝે તેનાપર ડોળા એવા તો દમા-મથી ને ગંભીર રોબથી કકડાવ્યા કે તેથી તેનાં હાજાંજ ગગડી ગયાં! તે તરત દમ મારી ગયો, ને આ રીતે કાચું કાપ્યું તેથી તે પોતાની નાદાની માટે વળી પાછળથી ઘણો પસ્તાયો ને લજવાયો.

ફીરોઝને, એમ છતાં, તે વરવહુ વચ્ચે તે પોરયાનું માથું મારવાનું જરા થઇને ગમ્યું નહીં. તેના જેવા એક કેળવાયલા, વગવાલા અને ધનવાન ખાવંદની મોહરદાર જે મત આપે તેની હીમાયતમાં એક ગામ-રચો બોચ—અભણુ ઈંડાંવાલો તેની પોતાની સામને અવાજ ઉઠાવવાની સરકશી કરે એ તેણે જોયું કે અતેરૂં થતું હતું; પણ નાદરને ડોળાના દાબથી થથરાવ્યા ઉપરાંત અજબત તે તુરતવેળા જ્યાદા કશું કરી શકયો નહીં. જો તે ચાહતે તો તાબરતોબ લગભગ રાજવંશી તોર જેવાં પોતાનાં ખરાં સ્વરૂપ સાથે ત્યાંજ પ્રગટ પડતે ને જાહેર થતે ને નાદર ઇંડાંવાલો ત્યારે હજી વધારે થથરી જતે; કે જ્યારે આય તો એવું થયું કે નાદર જે પોતાને આ કોઇ સુરતી કલાર્કથી હજાર દરજ્જે વધારે ચઢીઆતો સમજતો હતો તે તેનાં એ તુમાખ ઉપર મનમાં ને મનમાં તુચ્છકાર બતલાવ્યા વિના રહી શકયો નહીં !

"એ ગધેરાનો તુમાખ જોયો કે, માયજી ?" સૌ પોતપોતાના ઓરડાઓમાં વગેસગે થવા પછીથી નાદરે ખુબ તરેહથી તેની મા આગળ બખાળવા માડયું, અને ફીરોઝને બે ચાર ગાલ ચોપડીને વધાર્યું, "જાણે

બાપ લાખ ચાલીસનો! એવી એક પરી જેવી પોરી એ એબીઅલ પોરીઆને ખોદાએ જાણે પરણુવા કબુલજ કેમ થઇ હોશે!"

"પોરી કોઇબી ઢંક ક્લાસનીજ હોશે," તે હેમક માતાએ મત આપ્યું.

"નહીં, માયજી, તમારી તમામ ભુલ છે," નાદરે જુસ્સાથી કહ્યું; "તે એવી તો સુંદર છે કે આપરાં મુંબાંઇમાં મોટાંમાં-મોટાં કુટુંબોને બી શોભા આપે. તમારે એની દોસ્તી જરૂર સંધરવી જોઇએ, માયજી. આપરા આટલા બધા પૈસા ટકા છતાં મોટે ખાંચરે કોઇ આપુને મુતલગ વજન નથી આપતું તે એવી એક ચેહરેનમુન પોરીને જો આપરે આગળ પારશું તો બધાં જરૂર સાંબા આપરી ખુશામત કરતાં ને આપુને સોહોધનાં આવશે."

"તું તો ગાંડો છે," તે માતાએ ઠપકાથી કહ્યું. "એનો વર કંઇ આપુને એમ આગળ પગલું બી ભરવા દે? કાલે મેં વાતપરથી વાત નિકળી ત્યારે કહ્યું જે માહરા એદલજીને મલતા ભેટતા રહો કે તેવણનું કાંઇ લખવા કરવાનું કામકાજ ઓહે તો તમુને બે પૈહા ખતાવહે. હું તો જાણું જે કેવોક રાજી થાહે, પણ રાજી થવાને બદલે મુવાના ખાધાએ તો મને એવા ડોરા કકરાએવા કે હું તો બધી હપતી ગેઈ!"

"એ લુચ્ચો એ પોરીને લાયકનો વરજ નથી," નાદરે વધતા જુસ્સાથી કહ્યું.

એમ છતાં મીઠીબાઇએ પછીથી પોતાના એ ધોતાલ દીકરાની સુરીઆણી સલ્લાહ મુજબ તે પોરીને હાથ કરી લેવાના વધતા ઓછા પછાડા બી મારયા ખરા, અને રતનને તેઓ તરફ વધતી ઢલતી જોઇ ફીરોઝને ખીજવાવા ને નારાજ થવાનું વધતું ને વધતું કારણ મળતું રહ્યું. તે ચાહતે તો રતનને લઇને ત્યાંથી તરતજ જતો રેહતે, પણ તેણીને હયાંથી ઉતાવલ કરીને જવા નહી ગમતું હતું, અને તે તેણીનો અવીશ્વાસ કરીને તેને લેઇને જતો રહયો એમ તે સુંદરી માની લીએ તે પણ તેને ગમતું ન

હતું. તે પોતે એ ગામરથાં ગમાર કુટુંબથી બનતાં સુધી અલગ રહેતો. તેને મોંઢે મારી બોલાવવામાં આવતું ત્યાં સુધી તે તેમના જોડે બોલતો. તે બી ટુંકું ને તીખાસભર્યું બોલતો. અગત કરીને તે નાદર સામે ઘણો ભરાયલો રેહતો. બહુ એકમેકને અણગમતા હતા. એવી એક સુંદરતા આવા એક ખરબચડા ખવાસના જવાનપર તેણીનું પરીસુરત હેસાંન. હરાંમ ગુમાવતી હતી એ હેમક નાદરનો અદેખાઇભર્યો રોજનો સંતાપ. અને બલાપો હતો !

રતનને સફેદ મોગરાંનો ઘણો શોખ હતો, અને વાતચીતમાં તે એક દહાડે નાદરને ખબર પડવાથી તે વળતે દિવસે દોડયો દોડયો ગામમાં જઇને મઘમઘતાં સફેદ મોઘરાંનો એક ગંજાવર તુરો બનવાવી લાવ્યો, કે જે તેણે "ઘણાં માન અને ઘણાં હેત"ની અદાથી તે મધુરીને પછીથી એનાયત કર્યો ! તે જોઈ રતાં હરખાઇ ગઇ; આવી કીસમની નાજુકી ભરેલી એક ત્રાહીત આસામી તરફની ભેટ સોગાદ રતનના બાબમાં આ પેહલીજ હતી, જેથી તે બાળા હરખની મારેલી, ખુશાલ, પોતાના ભરથાર પાસે તે તુરો હાથમાં લઈ દોડી ગઇ.

"જોયું કે ફીરોઝ ?" તેણીએ હર્ષીત જીગરે કહ્યું, 'આએ કેવો મજાનો મઘમઘતો તુરો બીચારા પાસેના નાદર બજાર વેર ફેરો ખાઇને ખાસ માહરે ખાતર ખરચ ખાતા લઈ આયા !"

તે ભોલી ભારજાની આ ઘણી ગંભીર ભુલ હતી તેનું તેની નિર્દોશતા વચ્ચે તેને જરાએ ભાન ન હતું. કોઇ બી પરણેતરને કોઈ ત્રાહીત આસામીએ આપેલી એક ભેટ ઉપર હર્ષીત આનંદમાં મગન થતી જોઇ કોઈ બી ભરથાર અદેખો પડયા વિના રહે નહીં, કે જ્યારે હીંયા તો અદેખાઇજ માત્ર નહીં પણ ખરેખરા ધીકકારની વટીક રસકસભરી રસાકસી હતી ! સારાંશ, રતાંનો હરખ જોતાં ફીરોઝનો ચેહરો ગંભીર માત્ર નહીં પણ અતીઘણો ગુસ્સાભર્યો ને લાલ થયો.

"શું એ જંગલી હેવાંન તાહરે વાસ્તે ભેટ લાવે ? એની તાકાદ શું ?"

"જંગલી હેવાન! તમે કોણુને વરે ઓછોછ?" રતાંએ અતીઘણી તાજુબ થઇ મિજાજથી કહ્યું.

"જે એ ભેટ તાહરે વાસ્તે બેઆઇભરી હીંમતથી લાયો તેને વરે," ફીરોઝે વધતા ગુસ્સાથી કહ્યું. "તેં એ કેંકીજ કેમ નહી દીધી?"

"કંઇ કારણુ?" રતાંએ છણુકો કરીને કહ્યું. "તમે ભુલી જાઓછ કે આપરા કરતાં તો એ વધારે વગદાર અને પૈસાવાલો છે."

ફીરોઝ આ તાંણુાથી આજેજ થઈ પાસેની ખુરસીમાં બેસી ગયો. એદલ ઈંડાવાલાની પંકતી કરતાં બી તેની પોતાની સ્થિતી તેનીજ પરણેતર તુચ્છ માની લીએ એથી વધારે અપજસ્યું બીજું શું થઈ શકે? ઓ, તેણે કેવું ચાહ્યું કે પોતાના મોટા વગવસીલા—પૈસા અને પદવી સાથે તે એકદમ જાહેર થાય. કેમ બને?

"એ લુચ્ચો માણુસ જોઇએ તે કરતાં તાહરી પર વધારે ધ્યાન આપેછ," તેણે જરાવારે કહ્યું, "અને તે જોવાની તુંને સુઝી નથી? એ આદમી તાહરી પંકતીનો નથી."

ફીરોઝનું પાકી આવે તેમ એ સાંભળી રતન હસી પડી. "અરે વરી માહરી પંકતી તે કેવી થતી હોશે? તમારા ને માહરા કરતાં તો એ લોકો હજાર ઘણું વધે—પછી શું કેહવા માંગેછ?"

ત્યાં ફીરોઝે જેયું કે એ તકરાર લંબાવવાનું સઘળું પથ્થર પર પાણી રેડવા બરાબર હતું, કેમકે રતન હાથથી નહી જાએ તે માટે તેણે પોતાનો ભેદ જો સાચવવોજ હોય તો તેણે પોતે તેણીની સાથની આવી બીનહાંસલ તકરારોથી ખચ્ચીતજ હાથ ઉઠાવવો જોઇએ એમ તરત તેને લાગ્યું. ને એ પછીથી રતન પર ઘણો વીહલો પડવા લાગ્યો. શું તે અદેખો થયો હતો?

એ પછી તે તેજ સાંહજે અગાસી ઉપર અનાયસે નાદરને એકાંતમાં મળ્યો, ને તે તક હાથ કરી તે ગંભીર રોબથી તેના આગળ ગયો.

"તમે આજે માહરી બઈરીને વાસ્તે ફુલની ભેટ લઈ આયા તેવું ફરીથી કદી બી કંઇ કરતા ના, મને તે પસંદ નથી."

"કાંએ ?"

"તમોને કોઇ બી માહરૂં કારણ આપવાની મને કંઇજ દરકાર નથી. તમે જો તમારી શોભામાં રેહવા માગતા હોવો તો ફરીથી એવું કાંઈ કરતાજ ના એટલુંજ ફકત માહરે તમને ચેતાવવાનું છે."

નાદર આના જવાબમાં તોચ્છોડથી કાંઇ તુંદ કેહવા જતો હતો, અને તેઓ મારામારી ને ગાલાગાલી પરથી જરા વારમાં હાથોહાથ થઈ જતે પણ તેટલાં સારાં ભાયગે બીજાંઓનું તે અગાસી પર આવી લાગવું થયું, અને તેથી બન્ને ડાહપણ વાપડી ચુપ થઇ ગયા. એમ છતાં તે દિવસથી તેઓ બન્ને એકમેકના ખરેખરા શત્રુ થયા !

——:*:——

પ્રકરણ ૧૧ મું.

"હું તો એની છત્રી પત્રી ધોઇ કાહાડૂં ને લાગ ફાવે તો થોકી બી નાખું," તે પછીથી નાદર પોતાનાં માબાપ આગળ ચટકફટક કરતો હતો; "પણ શું કરૂં જે પેલી પોરીને લીવે મને કાંઇ નવું જુનું કરી નાખવા ગમતું નથી."

તે માબાપે તે લાડઘેલા પોરીઆને પટાવીને ટાઢો મીઠ્ઠો પાડયો. તેઓએ તેને સમજાવ્યું કે તે એક પૈસા ટકા વગરનો મુફલેશ કલાર્ક હતો, કે જેના તરફથી સારી રીતભાતની ઉમેદ કરવી મિથ્યા હતી.

હવે પેલા હાથપર ફીરોઝનાં ઘેરવાલાંઓ ફીરોઝને પાછો મુંબઇ તેડી લેવાના આગ્રહમાં બને તો હજી વધારે તકાજાભર્યાં થયાં. ફીરોઝની માતા તેના ઉપર ઉપરાસાપરી એનું એજ લખતી રહી હતી. દીકરાની લાંબી ગેરહાજરીથી તે ધનવાંન બાનું બીહી ગયલી અને ચીંતાતુર થઈ ગયલી હોય એવું તેણીનાં કાગળોપરથી ઝટ સ્પષ્ટ જણાઈ આવતું હતું.

તે એમ ઘરબારથી અલગ દેશવટો લઇને પડી રહે તે સામને મુંબાઇમાં તેનાં ઘરમાં એક મસ મોટું તોફાણ જાગ્યું હતું. તે માતાએ મસલત કરવા ખાતર પોતાની વડી (પરણેલી) દીકરી ધનબાઇને ખાસ તેડાવી મંગાવીને એ વાત વિશે વિચાર ચલાવ્યો, કેમકે તેણીને ખટકો થઇ ચુકયો હતો કે ફીરોઝના દેશવટાનાં બાતેનમાં કાંઇ બી ગંભીર ભેદ સમાયલો હોવોજ જોઇએ. અલબત ધનબાઇએ તે વાત હસી કાઢી. તેનો તુમાખી ભાઈ કોઈ ગામડેની તુચ્છ પોરીની મોહીનીમાં ફસી પડે તે વાત તેનાં માન્યામાંજ આવી નહીં.

"ખોદા કરે ને તેમ નહી હોય," તે ચીંતાતુર માતાએ કહ્યું. "તેવું કાંઈ થાએ તો માહરો તો જીવજ નીકળી જશે, ધની."

એટલા માટે તે પછીથી તે મા બેહનોએ એવા તો જોરાવર આગ્રહથી લખવા માંડયું અને ફીરોઝને પાછો તેડી લેવા એવો તો જબરો ધુજારો કીધો કે ફીરોઝ અકલાઈ ગભરાઇ ગયો. તે માતાએ તો અહીં સુધી લખ્યું કે જો તે નહીજ આવશે તો તે પોતે જ્યાં હશે ત્યાં તેને સોહોધતી આવી મળ્યા વિના રહેશે નહીં; ને ત્યારે નાદાનીમાં ફસેલા તે દુ:ખી જવાંને જોયું કે આ કમનસીબ લગનના સંબંધમાં ચાંપતી ઉતાવલથી હવે કાંઇ બી કરી નાખવુંજ જોઇશે. તે પ્યારને ખાતર પરણ્યો હતો, પણ પોતાના પ્યારમાં બી તે પુરતો સુખી ન હતો. તે તો ચોમેરથી જાણે સખત ધડકધુજારા વચ્ચે ઘેરાઈ ગયો હતો. તે એક હાથપર એ લગન પોતાની માતાથી અને કુટુંબથી છુપાવવા માંગતો હતો, અને બીજા હાથપર પોતાનાં કુટુંબને રતનથી છુપાવવાની ફરજ તેને થઈ પડી હતી! તે એ સઘળા વીચાર કરતો બેઠેલો હતો, તેટલાં રતન તેને સોહોધતી આવી. "તમે કાંઇ ઘણું કામમાં છેઓ, ફીરોઝ?" તેણીએ પુછયું.

"ખાસ કરીને કાંઇ નહી," ફીરોઝે કહ્યું; "કેમ વારૂં?"

"નહીં મકુંજે તમે જો કાંઈ તમારાં કામમાં રોકાયલા હોવો તો હું તેટલાં જરા પાસેનાં મીઠીબાઇ સાથે બાહર જઈ આઉં."

'કાંહાં ?"

"એવણુ કેઠે કોઇને મળવા જાએછ તાંહાં એવણુ બિચારાં મને સાથે લઇ જવા માંગેછ."

ફીરોઝનો ચેહરો ફીકકો પડયો!

"હું જોઉંછ કે હું જે કેહુંછ તે પર તું જરા બી ધ્યાન આપવા માંગતીજ નથી," તેણે ઠપકાથી કહ્યું. "તું એ લોક સાથ જાય તે મને ગમવાનું નથી."

"પણ ત્યારે શું બધું તમારીજ મરજીનું થાએ? માહરી મરજીને પાણી ભરવા મોકલી દીધીછ?" તેણીએ લગભગ નાતાબેદારીથી ઉશ્કેરાઇને કહ્યું.

ફીરોઝ એકાદ પળ ઘણો ગુંચવાયો, અને પછી સમજાવીને લગભગ માંગી લેવાની ઢપે કહ્યું, "વાહલી રતાં, તું બોહસ ના કર. તું માહરાં કારણો સમજતી નથી. એ ગામરયાં ગમારો પોતેજ મને ગમતાં નથી તો વળી એ લોકોનાં ફ્રરફ્રેન્ડો સાથે હું તુંને દોસ્તી કરવા કેમ મોકલી શકું?"

સારાં નસીએ ફીરોઝના એમ પતાવીને કહેવાની રતનપર તરત અસર તો થઇ, મગર જઈ નહીં શકવાની નાઉમેદીમાં તેણીને ઘણું ભારી એટલા. માટે પડી ગયું કે નાદરે આગમચથીજ એ ભવિશ વરત્યું હતું! જ્યારે મીઠીબાઈએ તેને પોતાની સાથે લઇ જવા કહ્યું ત્યારે નાદર ઝટ બોલી ઉઠયો હતો કે "અરે એનો બેઅકલી ખાવંદ જો એને જવાની રજા આપે તો હું માહરૂં માથું કપાવી નાખું!' અને રતને એ ઉશ્કેરણીઓ વચ્ચે ઉકમાઇથી કહ્યું હતું કે 'તેવણુ નહીં રજા આપે તેનું કાંઇ કારણુ? હું કાંઈ ગોલામરી બોલામરી છેઉં કે શું નહીં રજા આપે?'—હવે તેથી રતન જોકે અરધી મનાઇ ગઇ હતી તોપણુ એ નાનો જવાબ લઇને તેઓ આગળ જવાને તે છોકરી શરમાતી હતી, જેથી તેણે હજી અરધા

ગુસ્સાથી કહ્યું, "તમે તો માહરીપર જુલમ લેઇ બેઠાછ; મને એક ગોલામ-રીનાજ જાપતામાં રાખીછ!"

ફીરોઝ એ સાંભળી ઘણો દુઃખી થયો. આ નવાં લગનની નવાઇ જેવી લીલી સુકકીના આ સઘળા ઉપરાઉપરી અને ગુંચવાવનારા અનુભવથી તેનો જીવ બધો ગભરાઇ આવ્યો, અને તેણે ઘણી ગમખારીથી કહ્યું, "રતન, તું મને ઘણો દુખી કરેછ ને માહરૂં દુઃખ ઘણું વધારી આપેછ."

"તમોને દુઃખ છે?" રતન હવે ગભરાઇ ગઇ; "શાનું દુઃખ છે? શું કાંઇ પૈસા ટકાનું દુઃખ છે? હું તો ધારતીતીજ કે તમારાથી આપરા બધા આવા મોટા ખરચ નીભાવી શકાવાના નથી!"

ફીરોઝે તેની ભુલ ભાંજી નહી. તે દુઃખનું બીજું શું કારણ સમજાવી શકે? તે કાંઇબી ગોઠવણ કરી શકે અને આ ગુચવણનું સેવટ લાવવા જોગી કોઇબી બંદોબસ્તી નકકી કરી શકે તેટલાં રતન એમ માને એ બી બેહેતર હતું!

તે ઝટ મનાઇ ગઇ. ફીરોઝ તેને લીધે એમ તણાઈ તુટયો હતો તે ખ્યાલથી તે દયાળુ દીલની સુંદરી ઘણી ઉસ્કેરાઇ, અને ત્યારે તેણે ઘણાં હેતથી પોતાના ભરથારને મોટો સધ્યારો આપ્યો.

તે ફીરોઝને ગમ્યું. આ છોકરી તેના પૈસા કે પદવીને માટે તેને ચાહતી ન હતી પણ ખરેખર તે તેનાં પોતાવટ માટેજ તેને ચાહતી હતી એ તે આલેસ દીલના જવાનને ઘણું શુકરગુજાર થવા જેવું ભાસ્યું.

"હું જઇને મીઠીબઇને ના કહી આઉં જે માહરાથી આવવાનું બનશે નહીં," તેણીએ માંગી લીધું, "ને પછી આપરે બેસીને ધીરજથી વિચાર કરીએ કે હવે આગળ કેમ કરવું. તમે કેહો તો હું કંઇ સીવવાનું કામ પાસેવાલાંઓ પાસેથી માંગી લેઉં કે તેના બે પૈસા આપુને મળે?"

"તે આપરે વિચાર કરી લઇએ પછી માંગજે," ફીરોઝે તેને ધીરજ આપી, અને તે ગઈ.

ફીરોઝ તેની આ ચિત્રવિચીત્ર ચાલ ઉપર તેનાં જવા પછી એકાદ પળ એકલો વિચાર કરતો બેઠો. તે ગરીબીની દીલસોઝ દોસ્ત હતી—

પૈસાની નહીં. જે ફીરોઝે તેને કહ્યું હતે કે તે એકદમ પૈસાવાળો થઈ પડયો છે તો તે ચીસ પાડીને તેની ઓરડમાંથી નાહસી જતે, પણ આ તો જ્યારે તેણે જાણ્યું કે ફીરોઝ હતો તે કરતાં વધારે ગરીબ થઈ પડયો હતો ત્યારે તેનું જીગર સાંમું પ્યારથી ભરાઈ ગયું, અને તે દયાની મોહબતથી તેનાં દીલમાં દબાઈને તેને દીલાસો દેવા લાગી! તે એટલા માટે ખરેખર અજાએબ થયો. વળી તે હસ્યા વના પણ રહયો નહીં કે આ સીધી સાદી છોકરી તેની પૈસાની નિર્ધનતાની વાતમાં ઇતબાર લાવી શકતી હતી! તે એક બચ્ચાં જેવીજ નાદાન નિખાલેશ અને નિર્દોષ હતી!

એ પછીથી થોડાક દીવસો સુધી તે વરબઇએરનું ગાડું ઘણા એખલાસ સાથે ગબડયું. ફીરોઝ સુખી ન હતો એ ખ્યાલથી તેની પક્ષમાં રતન વધારે દીલસોજીથી ખેંચાઈ રહી, અને તેથી ફીરોઝ પોતાનાં દુ:ખ વચ્ચે પણ સુખ માની શકયો. વળી તે એક બીજી વાતથી અજાયબ થયો તે એ હતી કે ઇંડાંવાલાનું કુટુંબ બી તેના તરફ તે પછીથી નરમીથી બલકે દયાથી વરતતું જણાયું! તેને એમ તો ખ્યાલજ નહીં થયો કે રતને પોતાની અકસર બોલાઇમાં તેમની તે "નાચારી"ની વાત તેઓને કહી દીધી હોય! તે છોકરીને મનથી તો, અલબત, એ ગરીબાઇનો પ્રમાણીક એકરાર કરવામાં ખેજાલતભર્યું જરાએ હતું નહીં.

"હારૂં થયું જે એ પોએરાએ આપરી હાથે ઘણું હારૂં રાખ્યું નથી," એદલજી ઇંડાંવાલો પોતાની મોહરદાર પાસે સધીઆરો મેલવતો હતો, "નહી તો આપરી હાથે ઢરાંપરાં રાખીઆં હોતે તો આએ વખતે નફામાં જરૂર આપુને એ રૂમરી મુકાવતે!"

"હું તો ધારૂછ કે એનીપર હોટલનાં બીલ બી ચહરી ગીયાં હોશે, ને તેથીજ એ અહીં પરી રહયોછ," નાદરે મત આપ્યું.

"તેમ હોય તો હું તો બા એ પોરીને બે પાંચ રૂપીઆ આપા; મને તો બા એ પોરી બહુ ગમે ને એની બહુ દયા લાગે," મીઠીબાઇએ મત આપ્યું.

પણ નાદરે પછીથી સંભાલથી હોટેલવાલાની મારફતે જે ખબર મેળવી તેથી તો તેઓ સામાં દબાયાં ! તે હોટેલવાલાએ તેમને ઘણુંજ વિશ્વાસમાં ખાત્રી આપીને કહ્યું કે તે વર બઇએર પૈસાની તંગીમાં હોવાની વાત બીલકુલ ગલત હોવી જોઇએ, કેમકે તે તો સાંબા એકના બે ખરચી નાંખીને હાથમાં ને હાથમાં રોકડા પૈસા આપતો, અને આખાં હોટલમાં કોઇ નહી ખરચતું તેવો મોટો ખરચ રાખી તે તો પોતાને માટે સઘળું ઉંચામાં ઉંચું, સોજું અને સૌથી મોટી તજુમલનું ખાવાપીવાનું ખાસ કરાવતો હતો !

"ત્યારે તો એમ હોવું જોઇએ," નાદરે તે ઉપરથી પોતાનાં માત-પીતાને મત આપ્યું, "કે એની પાસે અંત્યાર સુધી પૈસા હોશે ને હમણાં હમણાં તલીઆઝાટક થતો જતો હોશે. હમણાં હમણાં એ ઘણો ઉદાસ બી દેખાયછ, ને વિચારમાં ને વિચારમાં ફરયા કરેછ. માહરી તો ખાત્રીજ છે કે કંઇ બી નવું જુનું છે ખરૂં !"

"પણ ત્યારે તેમ હોય તો આપરી પાહે કંઇ માંગે ટાંગે નહીં ?"

"નહીં માંગે," નાદરે સમજાવ્યું, "કેમજે એ આપુને ધીકકારેછ. એ એની બહરીના બાબમાં મારે વાસ્તે અદેખો પરેછ."

તે પછી તેણે તેજ સાંજે વળી પાછો એક વાર ફીરોઝને ગંભીર અને વિચારવંત અગાસી ઉપર એકલો ફેરા લેતો જોયો, અને તે મનથી રાજી થયો. ફીરોઝ ગમે તે પણ તેનો શત્રુ હતો, ને શત્રુની પડતીમાં મજાહ લેનાર શત્રુઓ ઘણા મળી આવે છે. "હું એને માહરા બાપથી હરૂસે બી એ માંગે તો એકદમ બસો પાંનસો રૂપીઆ ધીરૂં," તે મનથી વમાસતો ને બબડતો હતો, "પણ કમબખ્ત માંગે ત્યારે કેની ? જોઇએ વારૂ, એની એ મગરૂરી એમ છતાં કાંહ સુધી નીભેછ તે તો જોઇએ !"

ફીરોઝ એમ ફેરા લેતો હતો ત્યાં રતાં જઈ લાગી, અને તેનો ગંભીર વિચારવંત ચીંતાતુર ચહેરો જોઇને તે સુંદરી ખરેખર ફીકરમંદ થઇ. તે જવાનનાં સુંદર કપાલપર ચીંતાની કરચલીઓ હતી, હોઠ ચીપ-

રાયલા હતા, ભવાંપર ગુસ્સાનો ચીલ્લો ચઢેલો હતો, અને આંખમાં ઉંડી ઉદાસીની છાયા હતી! તેણીએ જોયું કે તેનેજ લીધે અને તેણીને માટેના મોટા પ્યારને લીધેજ તે આ પ્રમાણે ખરચના બોહમાં ઘસડાઇને ગુન્હેગાર થઇ ગયો હતો, જેથી ગરમ દીલસોજીથી તે તેની પક્ષમાં ઘણી ઉશ્કેરાઇ.

"તમે કેટલા બધા દુઃખી દેખાઓછ, વ્હાલા ફીરોઝ!" તેણીએ દયાથી લગભગ રડી દેઇને કહ્યું. "શું તમારૂં બધું દુઃખ પૈસા ટકાનુંજ છે?"

"પૈસાનું તો ખરૂં," ફીરોઝે મોઘમ તો પણ સાચોજ જવાબ આપ્યો. "એ બધી પૈસાનેજ લગતી મોહકાણોમાં હું ફસેલો છું વાહલી રતાં."

"કંઇ ફકર ના કરો; આપરે મહેનત મસાગતથી આપરૂં પુરૂં કરશું," તેણીએ ઘણાં હેતથી સધીઆરો આપ્યો. 'માહરે માથે ફક્ત છાપરાંનો ઓથો હોશે ને મને ગમે એવું ગરીબ પણ પેટ પુરતું ખાવાનું મળ્યા કરશે તો માહરે મનથી હું પોતાને પુરતી સુખી જાણુશ."

"તું એ બાબદમાં મને ઘણો કીંમતી સધીઆરો આપેછ, રતન," ફીરોઝે હેસાંનથી કહ્યું. "હું પૈસાને ચાહવાવાલાં ભાડુતી આદમીઓને હમેશ ધીક્કારૂંછ, અને તે ભાડુતીપણું તાહરામાં એક જરા બી નથી તે જોવાથી મને ઘણું સુખ થાયછ."

"માહરી દલગીરી એ નથી કે તમે પૈસાના તંગ છેઓ, વ્હાલા; માહરી દલગીરી તો એ છે કે તમે ઘણા ફાંતાવાલા આદમી છેઓ," રતને નરમાસથી કહ્યું.

"તે કેમ?"

"હું કેહવશ તો વરી તમે ગુસ્સે થશો," રતાંએ બીહતાં બીહતાં અને અચકાતાં અચકાતાં કહ્યું. "તમે મને વચન આપો કે તમો માહરી પર જરા બી ગુસ્સો નહીં કરશો."

"જા, હું વચન આપુંછ," શીરોઝે હેતથી કહયું. "તું શું કેહવા માંગેછ ?"

"અહીં કોઈ બાજુ કનૈયાલાલ નામે મોટો જાગીરદાર છે તેને ત્યાં કેહજે એક મોટી પારટી થવાની છે, અને ત્યાં પાસેના એદલજીને ત્યાંનાં બી જવાનાં છે, વાસ્તે તમો મને બી જવા દેશો ? કેવી મેહેરબાંની થશે ?"

"ફાયદો શું ?" શીરોઝે પુછ્યું.

"ફાયદો શાનો ?" રતાએ તકરાર કરી. "મને કેવું જવા ગમેછ ! કેહજે તે બધાં અહીંનાં લોકને નોતરવાનો છે, પણ તમો પોતે તો જશોજ નહી ત્યારે મને જવાની રજા નહીં આપો ?"

"તું જાએ તે મને ગમવાનું તો નથીજ, પણ તુંને ગમતું હોય તો જા," શીરોઝે મોટી આનાકાંનીથી કહયું. તે તેને ના કહી શકયો નહીં. તેની એક "ના"થી તેનું ઉલટમંદ જવાંન જીગર જખમી થઇ જાએ અને તેમના હાલના મોહબતવંતા એખલાસમાં વળી પાછો કચરો પડી જાએ તે તેને ગમ્યું નહીં.

"તમે મને જવાની રજા આપી તેથી હું ઘણીજ ખુશી થઈ," તેણીએ ઉલટમંદ કહયું. "એનાં માએ સાથે નાદર બી આવવાનો છે."

"ત્યારે તેની સાથે તો હું તુંને જવા નહીંજ દેવશ," શીરોઝે તે નામથી સુગાઇ ઉઠતાં કહયું. "એમજ છે તો જા હું પોતેજ આવશ ને હુંજ તુંને માહરી સાથે લઈ જવશ; પણ તાહરી પાસે એવી એક પારટીને છાજતો પોશાકજ કયાં છે ?"

"તે તો નથી," રતને ઓશકાતાં અને અચકાતાં કહયું, "પણ બીચારાં મીઠીબાઇ તેવણ કેહજે—તેવણ કેહજે માહરી પાસે એક સફેદ ફરપ છે—'

"એટલે, તે સાડી આપે ને તે તું પેહરીને જાએ એમ ?"

"હા, પણ એવણ બીચારાં ચાહીને આપવા કેહછ," તેણીએ ફજેત ચેહરે કહયું.

"તે ગમે તે હોય પણ તેવણુ પાસે કશું લેતીજ ના," ફીરોઝે ઠરાવથી કહયું. "હું તાહરે વાસ્તે પોતેજ ઘટતો પોશાક લેઈ આવશ."

'પણ તેના પૈસા ?'

"હું માહરૂં ગજવું જોઇનેજ ખરચ કરશ," ફીરોઝે હસીને તે સુંદરીને સપ્યારો આપતાં કહયું, અને રતન અજબ થતી ને જાઅજા ખુશી થતી ખસી ગઇ.

મીઠીબાઇને, અલબત, ફ્ફડાત લાગ્યો. "હું તો જાણીજ રીએલી કે હું બચારી પોરીને હારી કપરાં આપા તે એના માટીને ગમવાનું નથી."

ફીરોઝે મોટો ખરચ કર્યો. પોતાની સુંદર મોહરદારનું મોહબતવંતુ દીલ શોભી રેહ એવો આ તીરથને મસે તેણે એવો નાદર પોશાક ખરીદયે કે રતનની અકકલ પણ હેરત રહી ! તે કીંમ્મતમાં પોતે ઝાઝું સમજવાવાલી નહીં હતી. મગર તેણીએ જોઇ લીધું કે દરેક સંપુર્ણતા સાથનો આ મનોહર પોશાક ખરેખર ખરચાલુ અને કીમતી હતો !

તે મીઠીબાઇને બતાવવાની મતલબથી ઉલટમંદ તેને તેડી લાવવા દોડી. "જરા માહરા ફીરોઝ માહરે સારૂ વાગો વસાવી લાયાછ તે જોઈ તો જાઓ ?' તેણીએ હસીને માંગી લીધું, અને મુરબ્બીપણુંના દરેક દમામભર્યા દેખાવથી મીઠીબાઈ ફીરોઝની ગેરહાજરીનો લાભ લઈ તેના ઓરડામાં ગયાં. તેણીએ મનમાં ધાર્યું કે એ ગરીબ તે શું એક પોશાક લાવવાનો, પણ તે ઉલટમંદ છોકરીને તે છતાં નાઉમેદ નહી કરવાની મતલબથી જેવો હોય તેવો તે વખાણુવો તો ખરોજ; પણ જયારે તેણીએ તે પોશાક તેના સઘળા ઠાઠ સાથે નજરે નજર જોયો ત્યારે તેણીની આંખ ખુલી ગઇ, અને તે અજાએબીમા ગરક ગઈ ! એક કમીનો કલાર્ક આટલો મોટો ખરચ કયાંથી લાવે ને કેમ નીભાવી શકે એ વાતજ તેની અકકલ કબુલ કરી શકી નહીં !

"તું તો કેહજે એના પૈહા ઘટી ગીયા ત્યારે આએ હું ? આવા ખરચ તો મોટા ધનવાન લખેહરીને ઘેરજ હોય ?"

"ત્યારે તો હુ એ પાછો મોકલાવી દેઉ," રતાંએ ગભરાઇને કહ્યું- "એવણુના આવા વખતમાં હું એવણુને એવા ખરચ કરાઉં તે કેમ ?"

તેણીએ ફીરોઝ પાસે એજ મકસદનું માંગી લીધું, પણ તેણે તો ઉલટી તેને હસી કાઢી, અને પોતાની ગુંજાસ ઉપરાંત કશો ખરચ નહી કરેલો હોવાની તેને પ્યારભર ખાત્રી આપી ચુપ કરી.

એમ છતાં ઇંડાંવાલાનું કુટુંબ બી ઘણી અજાએબીના અકરાત ગભરાતમાં પડયું ! આએ પારસી કોણ હતો ? તે ગરીબ થઇ જવાનું તેની બૈરી કેહતી હતી, તે ફીકરમંદ અને ચીંતાતુર દેખાતો હતો, અને તે છતાં આ હોટેલમાં પાદશાહી ખરચની ખાનીપીનીથી રહેલો હતો, અને વળી આ એક નજીવું જેવું કારણ મળી જતાં તે પોતાની મોહરદારના દહેરા માટે સેંહેંકડોનો ખરચ કરી ઉભો હતો ! ત્યારે એ પારસી કોણ હતો ને એ પારસીનો ભેદ શો હતો ?

પ્રકરણ ૧૨ મું.

એદલજી ઇંડાંવાલો પોતાને પોતાનાં મનથી મોટો વિદ્વાન માની લેતો હતો ! તેને મનથી કે તે માણસને તેનાં "નખમાંથી" પારખી લેતો, અને તેનું કુટુંબ તેની એ કાબેલ્યત કબુલ કરતું એટલુંજ નહીં પણ વળી હમેશ વખાણતું રહયું હતું ! હવે, તેથી, તેજ હુસ્યારીને એદલજીબાએ આ વખત પોતાની યારીએ બોલાવી. જ્યારે તેવણુનાં મીઠીબાઇએ જઇને પોતાના વરને અને દીકરાને તે બેકીંમતી પોશાકની સઘળી અજબ જેવી કેફ્યત કહી અને ખાત્રી આપી કે સરને તાંહાંનાંને શોભે તેવાંજ સાડી કપડાં પાસેનો પારસી પોતાની બૈરી થતીને વાસ્તે વસાવી લાવ્યો હતો ત્યારે તે ડોસાજીએ મોહોત જેવીજ ગંભીરતાથી પોતાનું ગીના દબરા જેવું મોટું માંથુ હલાવ્યું, ને જ્યારે મીઠીબાઇ અને નાદરે એ શો ભેદ હશે તે બજીદ થઇને પુછ્યું ત્યારે એ લાલ બુજરગે બતાવી દીધું કે "જાંહ છે તાંહ એ પોએરો કોઈ બરો ઉઠાવગીર છે. કેઠે બી

એ હાથ મારી આવેલો ને ધન છુપાવેલું તે એમ કોઇ કોઇ વખત કાહાડે, પણ મોરે વેહેલે એ ભરકો ફુટી જવાનો ને પોયરો જેલમાં જવાનો!"—અને કેહવાની જરૂર નથી કે મીસીસ એદલજી ને મી૰ નાદર આ સુફ્યાનાં અનુમાનનેજ એકદમ એકમત થયાં. એમ નહીં તો બીજું શું હોય!

મીઠીબાઇને "ગરીબ બીચારી પોરી" (રતન)ની ઘણીજ દયા આવી, તેવણે તો તેને ચેતેલી રાખવાની બી દરખાસ્ત રજુ કરી, પણ તે બાપ બેટા એકમત નહીં થયા, ને પોતાનાં એ અનુમાનને લગતી એક વરાળ વટીક હોઠ બાહેર નહીં કાઢવાને તેઓએ તેણીને ઘણીજ સખત તાકીદ કરી. "એ તો જે થાય તે ફારેગ જોયા કરવાનો છે," ઇંડાંવાલા એદલજીબાએ સમજાવ્યું, 'હીધીભઇ ચાંન દેખો તો આપહે નજર આવહે' તેવી એ તો બધી વાત છે."

તે મોટી પારટીનાં નોત્રાં તે હૅાટેલનાં પેહેલે વાંધેના બધાં ઉતારૂઓને વકી મુજબ આવી ગયાં. નામો ખાસ મેલવીને જમા કરવામાં આવ્યાં હતાં, કેમકે જે પ્રખ્યાત શેહેરીને ત્યાં એ દબદબાભરયો મેલાવડો થનાર હતો તે ઇંગ્રેજોને પોતાના પૈસાનો રોબ બતાવા બેસુમાર ખંતી હતો, ને તેથી એ મેલાવડો મોટો તેમજ વગવાલો કરવાને તેણે પરીશ્રમ કરયો હતો. તે ઘણો પૈસાવાલો હોવાથી વળી આ એક રાતના ધુમાડા પર તેણે પાપરીની પેરે પૈસો વેરયો હતો, ને પારટીની રાત્રે તેના પોતાના બંગલાને તેણે એક એવાં તો આરાસ્તા પરસ્તાંનના બાહારમાં ફેરવી નાંખ્યો હતો કે જ્યાં બે ઘડી જઇ આવવાનું મનને ખરેખર ઘણું આનંદ ને મોહ પમાડનારૂં હતું.

રતનનો તો હરખ માયો સમાયો જતો ન હતો. તે તો બચ્ચાં સરખી મોજથી એ મોજ ઉપર દીલ લગાડી બેઠી હતી—જોકે ફીરોઝને તો મુતલગ જવા ગમ્યું ન હતું તે ખરેખર તો રતન છેડાઇ પડે તેથીજ જતો હતો. તે પોતે નહીં જાય તો રતન પેલાં ઓઢાંણીઓ જોડે જવાની જીકર લેઈ બેસે ને વગર શકનો એક મોટો મીનાકેસો બરપા થાય, તે

ફીકરથીજ તે જતો હતો. તેને જાંહતાંહથી સેહતાંન ડાભો કરવો હતો. તે હવે અત્રે ઝાઝું થોભવાનો બી નહીં હતો. ત્યાં જે જોવાજોગું હતું તે સઘળું તેઓ જોઇ ચુક્યાં હતાં માટે જેમ બને એમ જલદી આ ગામ-રડાં કુટુંબના સમાગમથી રતનને બચાવી લેવાની મતલબથી તે ત્યાંથી ઉપડી જવાનો હવે લગભગ ઠડાવ કરી રહયો હતો.

તેને મોટી ફીકર પડતી હતી. રખે તે પારટી ફારટીમા કોઇ તેને ઓળખી કાઢનારૂં નિકળે ને તેનો ભેદનો ભડકો ફુટી જતાં રતન સાથે ગંભીર બિગાડ બરપા થવા પાંમે તે ખ્યાલથી તે ઘણો બીહી ધ્રુજી રહયો હતો, અને એમ છતાં ઉપર કહેલા સબબોને લીધે તેને ફરજથી જવું પડતું હતું !

તે એક મોટો ભવ્ય મેલાવડો હતો. કનૈયાલાલ સાહુકારે આખાં ગામનો એક મોટો ને વગવાલો મેલાવડો નોતરયો હતો, અને દરેક ગ્નાતના આગેવાંન શેહેરીઓ ત્યાં જોવામાં આવતા હતા, કે જેમના વચ્ચે રતનની અનુપમ ખુબસુરતીએ ખુશાલી અને અજાયબીનો એક છુપ્પો હોકાર તે હૅાલમાં દાખલ થઈ ને થઇ જારી થયો.

લોકો છક થયાં. યુરોપ્યન અબળાઓ વટીક આ પરીસુરત પાર-સણુનું અજબ જેવું હોસાંન વખાંણુવા લાગી; પણુ તે સઘળાંમાં વિશેશ વખાંણુનાર તો મંચી માકરી નામનો એક ઇશ્કી પારસી જવાંન હતો કે જે પણુ મુંબઇથી આ તરફ ફરવા આવેલો ને એ તરફના કોઇ બીજાં હૅાટલમાં ઉતરેલો અત્રે હાલમાં મેહમાન આવ્યો હતો. તે ખુબ-સુરતીઓનો ચુસ્ત વખાંણુનાર ને મોટો હીમાયતી પરસ્તાર હતો. તેના દોસ્ત આસનાવો વચ્ચે તો તે ખુબસુરતીનો "જડજ" લેખાતો હતો !

તે આ તનોમન સુંદરીની દીલકસ મનોહરતા જોઇ હેરત અને છક થયો, ને તેણી કોણુ હશે તે જાણુવા માટેના ખુબ ખાભરખોડામાં પડ્યો. એવામાં તેણે રતનને ઇંડાવાલાના નાદર ને તેની માતા જોડે હસી હસીને વાત કરતાં જોઇ, ને તેણે નાદારને ઓળખ્યો એટલે તે તેના

પાસે પછીથી તક જોઇને દોડી ગયો. તે મતલબી માણસ હતો. એજ નાદરને મુંબાઇમાં તે સલામ કરવાના બી ચોખા અખાડા કરતો, કેમકે નાદરના ગમે એટલા પૈસા છતાં તે તેને ઓળખતો હતો માટે એક અભણ ગામડયા તરીકે હમેશ તેને હીણતો હતો: પણ હાલ તો તેની ગરજ હતી એટલે નાદરની હેતથી ખેરઆફીએત પુછતો તે પોતેજ બોલતો ને બોલાવતો ગયો.

બીજી ત્રીજી વાત કરી સભ્યતાને ખાતર મંચીએ નાદરને થોડો વાર રોકી રાખ્યો, ને પછી જાણે અચણુચુંજ ધ્યાંન ખેંચાયું હોય તે મીસાલે તેણે તાજુબીથી આંગળી બતાવી પુછ્યું, "એ પેલી કોણ ગર્લ છે વારૂં ! તેં કાંઇ સાંભરયું છે ?"

"હા રે, એ તો અમારી ઘણી ઓળખાંણની છે," નાદરે દેખીતી મગરૂરીથી કહયું. "અમારી સાથે અમારી તરફનાંજ હોટલમાં ઉતરેલી છે."

"કોણ છે ?"

"કોઇ સુરત તરફની છે."

"સુરત તરફની !" મંચીએ અજબ થઇ કહ્યું, "તાજુબ છે કે મે આજ તલક માહરી આખી જીંદગીમાં એવી 'બ્યુટી" કોઇ જોઇજ નથી !"--અને તે ખરૂં અને ખરાં દીલનું બોલતો હતો, કેમજે વચમાનાં મોટાં ઝુમર હેઠલ ઉભી રહીને તે છોકરી ઇંડાંવાલાની બીડીબાઇ જોડે વાત કરતી હતી ત્યારે તેણીનાં સ્વરૂપનાં આતશી તેજ અને પોશાકના દીલચસ્પ ઠઠેરા સાથે તે આ દુન્યાની રેહવાસણ કરતાં કોઇ આકાશી હુરી વધારે નજરે આવતી હતી !

"એ બૈરી કોણની છે ?" મંચીએ બ્રીજા વારે પાછું પુછ્યું.

"કોઇ સુરત તરફની સરકારી આરીસના એક કોઇ કમીના કલાર્કની છે. કોઇ ઘોબાજી જેવો તો છે," એદલના નાદરે ટકોર ચલાવી. "નચો જાણે ભાજીખાઉ કોઇ બિચારાને ચાર ચણા બી નહી આપે તેવો છે."

"ખરેખર ?" મંચીએ ઘણો અજબ થઇને કહ્યું; "ખુદરત બી આજે વખત કેટલાં ચેરાં કાહારેછ ! શું એવા એક ઓદાણીની એક આવી મોહરદાર છે ?"

"હા, પણ તમારે ઇન્ટ્રોડયુસ થવું છે, મી૦ મંચી ? હું તમારી એ બાઈ સાથ ઓળખાંણુ કરાવી આપી શકશ," તેણે ઘણી મોટાઇ ને મુરબ્બીગીરીના દેખાવથી કહ્યું.

"ઠેંકયું, તમારી ઘણી મેહરબાંની, જરૂર કરાવજો. મગર હાલ તો હું માહરા એક ફ્રેંન્ડને સોહોધુંછ. મેં તેને દુરથી જોયો ને હું તેને ભીડમાંથી આગળ જઇને મળું તેટલાં તે નજર ચોરાવીને કાંહાં જતો રહયો ? પછીથી આએ છોકરીની વાતમાં હું તો તેને અત્યાર સુધી ભુલીજ ગીયો."

"તે વરી કોણ છે ?"

"માહરો કૉલેજ ચમ છે. હવે તો બાપનાં મરંવા પછી મોટો માણુસ થયોછ, ને મને ઝાઝો મલતો નથી મગર અહીં તો—"

"કોઈ મુંબાઇનો છે ?"

"હા રે, મુંબાઇનો આજકાલ તો આગેવાન શેહરી લેખાયછ ને !" મંચીએ હસીને કહ્યું. "એ બધી ચીચોરાની મોહકાણુ છે, યાર."

"એટલે, શું કોઇ ઘણો પૈસાવાલો છે ?"

"ઘણો !" મંચીએ કહ્યું. "એ મેહેરહોમજીનું ખાનદાન તો ખરેખુરૂં અસલ ને ઘણુ પુરાતમ લેખાય છે, ને તેમાં એ છોકરાના બાપે ચીન સાથના અફીણના વેપારમાં મોટો દલ્લો મારેલો છે ત્યારનાં એ લોક પારસીઓમાં ઘણાં ઓધાર મોધાર છે."

"મેં બી મુંબઇમાં તે લોકનાં નામ તો સાંભરયાંછ, પણ અમે તે લોકને કોઇને ઓળખતાંતાં નહીં," નાદરે કહ્યું. "એ લોક જો અહીં આવેલાં હોય તો જરૂર અમારી ઓળખાણુ કરાવજો, મંચી. એવાં મોટાંનાં ઢોર ચારેલાં બી સારાં."

"પણ તે છે કાંહાં?" તે મળતાં ભેટતાં ને ભરતીના મોજા પેરે ફરતાં હરતાં લોકોના મોટા સમુહ ઉપર નજર દોડાવી ચીપી ચીપીને જોતાં મંચી વિચારવંત બોલ્યો, ને પછી પુકારી ઉઠયો, "હો, પેલો રહયો.. પેલા મોટા પીલરને અઢેલીને અલગ ઉભો રહયોછ. તે એકલોજ છે."— ને તે જવા કરતો હતો.

નાદરે હદ વનાની અજાયબીમાં તેનો હાથ પકડી રોકયો.

"સબુર, જરા ખુલાસો કરો, મંચી" તેણે ઘણીજ તાજુબીથી કહ્યું.. "જીયો પેલો ડગલામાં બટનહોલ છે તે?"

"હા, તેજ."

"અરે નહીં, તમારી કંઇ ભુલ છે છે ત્યારે તો, એ તો પેલી સુંદર છોકરીનો અગરગચ્ચો વર છે!" નાદરે ગભરાતથી કહ્યું.

"ત્યારે શું તમે કેહતાથા જે કોઇ ચાર ચણા નહી આપે તે એ જવાંનને વાસ્તે?"

"હાસ્તો"

"ત્યારે તમારાં માથાંની દવા કરાવો, તમારી ડગરી ખીસી ગેઇછ," મંચીએ પોતાનો તિરસ્કાર છુપાવ્યા વના કહ્યું, "એ તો શીરોઝ મેહર-હોમજી પોતે છે.—મુંબાઇનો ઉઘરતો શેઠયો છે. ને માહરા જેવા તો એને તાંહ છ દજન નોકરો છે. તમોને ખબર છે, માહરા સાહેબ, એ તો વેપારનું મોટું હાઉસ ચલાવે છે; પણ વારૂં ત્યારે શું પેલી છોકરી એનીજ મોહરદાર છે?"

પણ નાદરનું તો સિવાઇજ ગયું! તે તો જવાબ બી દઇ શકયો નહીં! આ નવા જાહેર થયલા એક ભેદથી તે જાબજા હેરત થયો.

"તમારી હજી બી ભુલ હોવી જોઇએ," નાદરે બજીદ થઇને પાછું કહ્યું. "એ છોકરી ઘણીજ સાદી ને ભોલી છે. તે હજી તો આંઠ દાહરા-પર માહરાં માએ આગળ આંખમાં આંસુ લાવીને ઝારઝાર દુઃખ રડી

ગેઈ જે હાલમાં પૈસા ઘટી જવાથી એ પારસી બિચારો બેજાર ને બેચેન છે."

મંચી મોટે સાહદે હસી પડયો. "એમાં બાપુ તમારી કાંઇ બી મોટી ભુલ છે." તેણે કહ્યું, "એની બૈરી એમ કેહેજ કેમ! અરે એને તાંહાં તો બેશુમાર દોલત છે, ને હજી તો એની એક રાણી જેવી મગરૂર ને રોબવંતી માતા તે બધો શ્રીમંત ઘર ખટલો ચલાવે છે! પૈસાની તંગીમાં એ હોય? તમે માહરા સાહેબ ઉલ્લુ છેઓ ને ઉલ્લુજ રહી જવાના!"

"પણ તાહરે આએ એની બૈરી કોણ છે?"

"તે હું નથી જાણતો," મંચીએ કહ્યું ને ગંભીર થઇને વધારયું, "ખરેખર તો એ પરણ્યો હોય એ વાતજ માનવાજોગ નથી. એ પરણે તો હુંજ નહીં જાણું? હું ગીયેજ મહીને એનાં માયને હજી તો મલ્યો ત્યારે તો એને ધુમસર પરણાવાની લાંબી લાંબી ઉમેદોની તેવણ હરખાઇ હરખાઇને માહરી પાસે વાતો કરતાં હતાં!"

"પણ ત્યારે આએ છોકરી—આએ છોકરી શું એની——"અને બાકીનું નાદર મંચીના કાનપર પડી બોલ્યો.

તેણે ખભાં ચઢાવ્યાં. "એવું લાગેછ તો ખરૂં," મંચીએ કહયું, "જોકે એ તો એક સાધુ સંત જેવો છે. મને એનાં પ્રમાણીકપણાં ને આબરૂભરયા આચારવિચારો માટે આજની ઘડી સુધીં ઘણું મોટું મત હતું. એ એવું કરમ કરે? જો આએ છોકરી તમે કેહોછ, મી૦ નાદર, તેમ ખરેખર અહીં એની બૈરી તરીકે રહી હોય તો અલબત તેમાં કાંઇ બી નામુનાસેબ ભેદ હોવોજ જોઇએ."

"ને એ ભેદને મોટો ટેકો આપનારી વાત વરી એ છે કે અમારી તદન ખાત્રી થઇ ચુકીછ કે એ લુંચ્ચો પારસી અહીં ભરાતો છુપાતો રહેલો છે. તે અગતકરીને પારસીઓથી પોતાની બૈરીને ને પોતાને ઘણો છુપાવેછ. તે પોતે કોઇને મળવા ચાહતો નથી, ને બૈરીને બી કોઇને

મળવા દેતો નથી. બેશક હવે માહરી પકકી ખાત્રી થાયછ કે કંઇ બી કારૂંધોરૂં નકકી છે."

"પણ શું એ છોકરી એને એનાં ખરાં નામે જાણતી કે પીછાંણ-તીજ નથી?" મંચીએ વધારે અજબ થઇ પુછ્યું.

"એક જરા બી નહીં," નાદરે જોશથી કહ્યું, "તે તો એને તદન ખરાં દીલથીજ સુરતની એક સરકારી ઓફીસનો મુફ્લીસ કલાર્ક જાણેછ, તે એટલે સુધી કે એના પૈસા ટકાનાં ચરતથી બિચારી અકલાઇ ગભરાઇને અમારે તાંહાં આવીને અવારનવાર રડી જાએછ!"

"તમે એના પોશાક ભણી જોવો," મંચીએ ધ્યાન ખેંચ્યું. "એના ઠઠેરાપરથીજ તમે એ છોકરીને વાસ્તે શું ધાર્યું? શું એ એક મુફ્લેસ કલાર્કની બૈરી જેવી જરા બી દેખાયછ?"

"જરા બી નહીં," નાદર તરત એકમત થયો, "ને તે બી અમારી મોટી અજાયબી હતી-એટલે સુધી કે માહરાં ભોલાં માવજી તો બિચારાં એને પોતાનાં સાડી કપડાં બી આપવા તૈયાર થયાંતાં, પણ તેટલાં તો એ પારસી આએ મોંઘો દાટ વાગો વસાવી લાયો, એટલે અમારી તો ફીફરીજ ફાટી ગેઈ. માહરા બાવાજી તો કેહજે કોઇ સાહુચોર કે ઉઠાવગીર હોશે, જેથી અહીં સંતાઇ રેહયો છે ને હાથ મારેલું ધન એમ તક ને ટાંકણું જોઈ કાહારયો જતો હોશે; પણ કેઠો ભરકો આજે ફુટયો ત્યારે તો એમાં કંઈ મોહકાણ દેખું!"

"ને તમે હવે ત્યારે શું કરવા ધારોછ?" મંચીએ ધીમે રહીને પુછ્યું.

"શું કરવા? શું વરી? હું એ લુચ્છાને જરૂર ઉંધારો પારશ," તે ગામડયાએ તરડાઇને કહયું. "દેખીતી રીતે આએ કોઈ ગાએ જેવી પોરીને એણે શરમભરેલા અપજશમાં અહીં રાખેલી છે, ને આપરે જર-થોસ્તી છઇએ કે દુરવંદ કે જાણ્યા જોયા ને ખાત્રી થવા પછી બી એવી શરમભરી હેરેમંદી ને પાપભરી દગાબાજી ઠડે કલેજે ચાલવા દેયા કરશું?"

"પણ તમે રમખાંણ ઉઠાવશો તેથી ફાયદો શું ?"

"જાઓ મારા સાહેબ તમે બી," નાદર તો બસ તરવાપાવપર આવી ગયો ! "એ મોટો હોય તો એને ઘેરનો. પૈસાવાળો છે તો અહીં શું ઓછા છઇએ ? એને ને એના બાપને બી પુગશું ! તમોને મોટા તરીકે એની સવારથ ખાયા કરવી હોય તો ભલે ખાઓ, પણ મને બી કંઈ તેવો એવો ધારતા ના."—હયાં જરા તે થોભ્યો, ને મંચીને ચુપ ને વિચારવંત જોઈ જરા વારે વધાર્યું, "લેઓની, હું તમોને ખરૂંજ કેહું—તમારાથી શું કરવા છુપાઉં ? એ પોરી એ પારસીને મુતલગ ચાહતી નથી, ને તેનો તો માહરી પરજ ઘણો જીવ છે, વાસ્તે એ જો કુમારીજ છે તો એક વાર હું એ પારસીની આએ બધી શરમભરી દગાબાજી વિશે હું એની ખાત્રી કરશ. એટલે પેહલો લાભ તો એ કે મને એ પોરી સાથ પરણી જવાનો ચાન્સ મળશે ! એ છોકરી આજે એ લુચ્ચાનો પલ્લો છોડે તો કાલે હું એની સાથ પરણી જાઉં. મને કંઈ કોઇના બાપની ચોરી છે શું ?"

"અરે બાપુ જરા ધીરો પડ, એટલો ઉતાવલો ના થા." મંચીએ હસીને કહ્યું. "કદાચ આપણે ધારી બેઠાછ તેવું બુરૂં કંઈ હોશેજ નહીં તો ?"

"નહીં શું હોય ? નહીં તો બીજું હોએજ શું ?" નાદરે તરડાઇને કહ્યું. "વરી મોટો સતો ને સાધુ એમ થાય કે જાણે અમે તો એના કરતાં કેવાંક ઉતરતાં હોઇએ તેમ અમોને જોઇને મોંનાં મરડે, ને એ પોરીને બી આજે વખત અમોને મળવાની એ મના ફરમાવે !"

"ત્યારે એનાં દીલમાં ચોરી હોયજ કેમ ?" નાદરે તકરાર કરી.

વારૂં ત્યારે કરવું શું ?"

"કરવું તો એજ કે એ વાતમાં વધારે ગરબડ કરવીજ નહીં," મંચી માકરીએ ગંભીર થઇને નાદરને સલ્લાહ આપી. "જે વાતમાં આપુને કશુંંજ લાગતું વળગતું નથી તેમાં આપુને શું પરી જે આપરે

માંથુ મારશે? એ તો બેહોરમત થઈ જવાનો સોદો! કદાચ આપરે ધારયેછ એક ને નિકલ્યું કંઈ બીજું તો અમસ્થકા હરખુત ને બેહોરમત થઈ જઇએ!"

"અને તેથી આપરે ઠંડે કલેજે બેસીને જોયા કરયે?"

"નહીં તો તમે બીજું શું કરવાના હતા?" મંચીએ તુચ્છકારથી પુછયું. "તમોને વચ્ચે પડવાનો હકજ શું છે?"

"એક ગરીબ છોકરીની હોરમતની ધુળ થઈ જતી બચાવવાને એક ગ્રહસ્થ તરીકે—"

"ધીરે, બાપુ, ધીરે!" મંચીએ પાછું કહ્યું, "અવલ તો તેની હોરમતની ધુળ થાય છે તેના તોહરી પાસ પુરાવાજ શું છે? કાંએ નહીં કાંઈ છુપાં લગન હોય?"

"ઓત તારી, એ વિચાર તો મને આયોજ નહીં," નાદરે ફજેત પડી જઈ કહ્યું; "પણ હું એ માનતોજ નથી; કાંઈ બી દગો તો છેજ."

"ત્યારે તમે તમારે ગમે તે કરજો પણ વચ્ચે જો માહરૂં નામ જરા બી લાયાછ તો હું તમોને પુછી શકશ," મંચીએ દમ ભરાવ્યો. "તમો મોહોત ચેતીને જે કરવું હોય તે કરજો; હું તો કાલેજ અહીંથી ઉપરી જવાનો છેઉં."

"તે તો ઘણું હીચકારૂં થશે."

"હું બેહોરમત થવા કરતાં હીચકારો થવાનું પસંદ કરૂંછ," મંચીએ ગુસ્સાથી કહ્યું. "હું ફીરોઝને અને એનાં કુટુંબને એવાં અચ્છી રવેસે ઓળખુંછ ને એ બધાંને નીતી રીતીને રસ્તે એવાં સાબુત કદમ જાણુંછ કે તમારાં જેવાં વાહીયાત અનુમાનો હું કરતોજ નથી, ને તેથી એ વાતમાં વચ્ચે પડવા કે કશું બી બોલવા કરવા માંગતોજ નથી, તે એટલે સુધી કે હવે એ ગરબરથી અલગ થવા હું અત્યારે અહીંથીજ સટકી જાઉંછ! મને એ ખતરાત નહીં જોઇએ, ચાલ બા, સાહેબજી,"—એમ કેહવાને ઘણું અજબ જેવું છે કે આ "ખુબસુરતીનો ખાં" ખરેખર તે

પારટીની મજાહ અધુરી છોડી ફકત આ નવો ઝગડો નહીં જગાડવા ડરનો માર્યો ત્યાંથી ચાલતો થયો !

—:o:—

પ્રકરણ ૧૩ મું.

તે પોતાનાં મન સાથ બહુજ ખિજવાયો. તેણે જોયું કે નાદર જેવા એક હેમક ગધેડા આગળ તેની લુલીની લપે ખરેખર અભાડો આણ્યો હતો. તે ફીરોઝથી બીહીતો હતો. તેના પૈસા, તેની પદ્દી, તેનો રોબ ને તેનું પ્રમાણીકપણું એ સઘળું યાદ કરતાં તેણે જોયું કે તેણે બેશક બીહવાનું ઘણું હતું, ને તેથી નાદર જોડે એકમત થવા સારૂ ને એવાં નજીસ અનુમાનો કરવા તેમજ બાહાલ રાખવા સારૂ તે પોતાનાં મનથી એટલો તરખાયો કે પછીથી ગુપચુપ ત્યાંથી ફીરોઝને મલ્યા કર્યા વગર નાદરને તેની અજાયબી ને તેના વાહીયાત વિચારો સાથે એકલો છોડી તે ગુપચુપ ઘર ખસ્લી ગયો.

બીજા હાથપર નાદર એકલો પડેલો ઘણોજ ગુંચવાયા કીધો. હવે તેણે કરવું શું ? પોતાના હરીફ બલ્કે શત્રુને ઉઘાડો પાડવા તો તેને ઘણું ગમતું હતું, પણ તેમ કરતાં કાંઈ આદાંની સુંઠ થાય ને તેનીજ હસી થાય તો ? તેણે દુરથી રતાંનો નિર્દોશ ને પવિત્ર મુખડો ચાપીચ્ચીપીને જોયો. તેમાં અનીતીનો એક બી છાપ ન હતો, ને તેથી અનીતીથી તે આ પૈસાવાલા જવાંન સાથ રહેલી હોય એ વાત તેની અકકલમાં ઉતરી શકી નહીં; વળી કાંઇ દગાબાજ ઠગારાં લગનથી ફીરોઝ તેને ધુતે તેવા તે પોતે બી દેખાતો હતો નહીં, ત્યારે એ લગનમાં ભેદ શો હતો ? એ લગન છુંપાવા પોતાનું ખોટું નામ પોતાની પરણેતરને આપવા જેવો ફીરોઝને પ્રસંગજ શું હતો ?

તે તેના માબાપ જેવો પૈસાવાલોઓનો પુંજારી હતો, તોપણ તેને બી કેટલીક હદ સુધી પૈસાવાલાં ને પદ્દીવાલાં જાણીતાં આસામીઓની સોડ સાંધવાનું ગમતું તો ઘણું હતું. એટલા માટે આવા એક મોટા

ધનવાનને તેણે આજ સુધી તુચ્છ જાણ્યો ને તેને પોતાનો શત્રૂ બનાવ્યો. તેથી તે કેટલીક હદ સુધી દીલગીર બી થયો. તેને હવે સઘળું દીવા જેવું સમજ પડ્યુ. તે અને તેના માતપીતા જે અત્યાર સુધી તેના છુટા હાથના ખરચ માટે ગુંચવાયા ને અજબ થયાં કરતાં હતાં તે સઘળા ભેદની બી ચાવી તો મળી; પણ એક જે સૌથી મોટો નવો ભેદ બરપા થયો હતો તેનું કેમ કરવું ?

પેલા હાથપર ફીરોઝ પોતે અજબ થયો. "એ પેલા વાંદરને શું થયુંછ ?" તેણે રતનના કાનપર પડી કહ્યું. "એ બીલારાની કાંની દુરથી ને દુરથી આપુને બેઉને ધુરક્યા કાએ કરતો હોશે ? હું અરધો કલાક થયો એનું એ માજનું જોયા કરુંછ,"—અને એ પછી રખેને તે ગામડ્યાં કુટુંબ સાથે ઘર જવું પડે તે ફીકરથી તે રતનને સમજાવી રીફ્રેશમેંટ લેવા બાદ વ્હેલોજ ઘેર તેડી ગયો. તેણે આવતી વખત બી એદલજીબાનાં ફેમીલીને એમજ હાથતાલી આપી હતી—તેને તેઓની કંપની પોતાના દરજ્જાને બરની લાગતીજ ન હતી અને જો કે હાલમાં બી રતને જલદી ઘર જતાં રેહવા સાંમે વાંધા તો ખાંડીમુડીના કરયા, મગર અંતે તેની મીઠી સમજાવતોથી તે મનાઇ ગઇ ને પહરોણુંઓએ જવા માંડ્યુ કે તરત તેઓ બી બંને ઘર (હોટેલમાં) સટકી ગયાં.

હવે તેઓના જવા પછી મીઠીબાઇએ તેઓને ઘણું સોહોધ્યાં, ને જ્યારે તેમની ખાત્રી થઇ કે તેને વળી હાથતાલી આપી તેઓ એકલાં ઘર જતાં રહ્યાં હતાં ત્યારે તે ડોસીને બહુ દુઃખ લાગ્યું, ને ફીરોઝને તેણે મનમાં ને મનમાં ખુબ સેસ ભરી. તે એક કમીનો તુચ્છ "કલેરક" ને તેને એમ ગાડું ભરીને મિજાસ તુમાખ હતો તેથી તે બોલી ભટાક ગામેરણુ ઘણી અજબ થઈ.

વળી તેણે જોયું કે તેના દીકરા નાદરની ખાંધપર અચણુચો સેહેમ્હીને બેસી ગયો હોય તેમ તે એકદમ હદ વનાનો ચુપ થયો હતો ! એ શું થયું ? શું ફીરોઝે તેને કાંઇ મોંઢે છુટું અપમાન કરયું

હશે ! તેણીએ તેને ઘણું મનાવીને પુછ્યું, પણ તેણે કશો બી ખુલાશો કરવા ખીજવાઇને ના કહી,. ને તે મા દીકરાં બને મોડી રાત્રે ફક્ડેલાંજ ઘર પાછાં ફરયાં.

તે આખી રાત શું કરવું ને શું નહી કરવું તેનાં ગંભીર વમાસણો વચ્ચે ઇંડાવાલા નાદરને મુતલગ ઉંઘ આવી નહીં. તે પોતાનાં મનથી કશુંજ નકકી કરી શકતો ન હતો. એક હાથપર તે શીરોઝને ઉઘાડો પાડી રતાંનો વ્હાલો થવા બલ્કે રતનને પોતાની કરી લેવા ઉમેદભર. ચાહતો હતો, ને બીજી તરફથી રખે તેમ કરતાં કાંઇ કાંટાનું કટેસર થઈ જાય ને તેનો પોતાનોજ ફુરચો થઇ પડે તેની તેને બીહીક લાગ્યા કરતી હતી !

એ મુજબ બીજે દિવસની બપોર સુધી ચાલ્યું. અને તેનાં માબાપ બી તાજુબ થવા લાગ્યાં કે એ પોરયાને એકદમ તે એ શું થઈ આવ્યું હશે ? અતે તે બપોર સુધીમાં તો નાદરનું પેટ દુખી આવ્યું, ને તેણે જોયું કે કોઇની બી આગળ એં શીરોઝની વાત કરી દીધા વગર તો તેનું પેટ ઉભાઈ આવશે, ને તે ખરેખર માંદો પડી જશે ! એટલા માટે તેણે અવલ તો "હરૂસેથી" તેની માએને એ ભેદ કહી તેનું મત લેવાનું નકકી કરયું. તેને તેના બાપ કરતાં માએ સાથે વધારે સારૂં હતું, ને માએનો તે વધારે ગુસસુજનો દીકરો હતો એમ ખાસ કરીને કહયા વના ચાલશે.

તેનાં માબાપ કેવા તાજુબ થઇ જશે તેનો તેણે ઘણી મોજથી ખ્યાલ કરયો. એક આંવો મોટો ધનવાન આસામી છુપાં નામની દગા-બાજીથી એક પોરીને વરીને પોતાની સાથે રહેલો છે એમ . જાણતાંજ તેને લાગ્યું કે તેમના તો છેડા ફેરફાર થઈ જ્વાના !

"અરે, પોરા, તુંને છે હું ?" તે માતાએ પછીથી તેને એકલો ને વિચારવંત પકડી પાડીને પુછ્યું. "કાંઈ હમજણુ પરે ? એવો ઘુવર જેવો હાંનો ગઇ રાત પછીનો થઈ ગીએલો ?"

"તેનો સબબ હું હમણાં તમોને કેહવાનોજ હતો, માયજી," તે "પોરાએ" તરત પોતાનાં પેટમાં ગરબડ કરી રહેલી તે વાત કહી દેવાની આ તક હાથ કરી. "મેં એક જણુનો એક ભેદ પકડી કાહારયોછ."

"હું પકરી કાએરૂં ?"

"એક ભેદ—ભેદ, માએજી," તેણે સમજાવ્યું. "એક જાણુની છુપી વાત."

"ઓ વહીરે માએ, તે હું વરી ?" તે ડોસીએ હબતીને પુછ્યું.

"યે, પણ તેમાં તમે શાના નકાંમાં ગભરાઓ જો !" નાદરે ખીજ-વાઇને કહ્યું; અને પછી ધીમે સાહદે વધારયું, "જો જો, વાત પેટમાં રાખવા જેવી છે. હોત બાહાર તે કોટ બાહાર થઇ જશે, ઘણું સંભાળજો !"

"ઓ મરેરે, પણુ ભાંહી મરની, એવું તે હું એક છે જે ?" મીઠી ડોસી વધતી અધીરી પડી.

"પણુ તે હું તમોને કેહું ?" વળી તે "પોરો" ધચુપચુ થયો ! "મને તો તમુને નહીંજ કેહવાની સલ્લાહ મળેલી. માએ, તમારાં પેટમાં એ વાત રેહશે ?"

'મુવો કોઇ ઉખરા જેવો છે !" ડોસીએ છણુકો કરયો. તેને એમ દીકરાને ગમે એમ મન ભાવતી ગાળ દેવાની ટેવ હતી. તે પોતાના દીકરાને મિજાજ જાય ત્યારે તરેહવાર ગાળ દેઇને ઉભી રહેતી, ને કહેતી કે મારી ગાલ તો ઘીની નાલ ! તે ઘણી રાજી થઇને નાદરને ઓવરના લેતી ત્યારે બી "ઓ મરૂં રે મુવા"ની લાળ્યા ફાશીન રીતથી વાત કરતી !

"મુઓ કોઈ ઉખરા જેવો છે," તેણીએ કહ્યું "વાત નહીં, વાતનું નામ નહી ને એકનું એક પિજ્યા કરે ! તું મને ભેદ ખોલીને કંઇ કીએ તો કંઇ હમજણુ પરે કેની ?"

"પણુ વાત ઘણીજ તાજુબીભરી છે," નાદરે પાછું કહ્યું. ખરી વાત એ હતી કે તેની પોતાનીજ અજાયબી હજી ભાગી ન હતી, જેથી તે એ વાત બયાંન કરીને કેહતાં વધતો ગુચવાયા કરતો હતો ! "લેઓ, હું કહી દેઉં," તેણે વધારયું. "તમો શું ધારોછ વારૂં, આએ રતનનો વર કોણ છે ?"

"ધારૂં તાહરૂં તોદડું ને તાહરા બાપનું કલેજું!" ડોસાં તો ખુબ ખિજવાઈ ઉઠયાં. "મુવો કંઇ મેટ છે, વરી હું ધારૂં જે રતનનો વર કોણ છે—કોણ હોય વરી, તે પોરીનો વર હોય, મરદ હોય, પારહી હોય, બીજું કોણ હોય? કંઇ ધેરેબેરો છે હું?"

"તમે મને સમજતાં નથી, માએ, ને અમથી બકબક કરયા કરોછ," નાદરે તે ડોસીના ફફડાતથી કંટાલો ખાઇ કહ્યું. "ખરી વાત એમ છે કે એ પોરયાને જે આપરે સુરતનો એક ગરીબ કલાર્ક ધારયેછ તેમ એ નથી."

"તેરે?"

"એ તો મુંબાઇનો એક પંકાયલો શેઠયો છે," તેણે છેક કાન પર પડી કહયું. "પેલા મેહેરહોમજીવારાંનો ફીરોઝ—"

"હા, તેનું હું?"

"તે એ પોતે છે! લખપતી છે, ને આએ એમ ફરેબ કરીને રહેલો છે; કાંઇ બી દગો છે, તરકટ છે, પાપ છે, ને માહરે એને ખચ્ચીત ઉઘારો પારવો છે!"

——:*:——

પ્રકરણ ૧૪ મું.

તે ડોસી હદ વનાની અજાયબીથી પાસેની ખુરસીમાં બેસી પડી! શું એ બનવાજોગ ને માનવાજોગ હોય કે જેને પોતાના પૈસાની કુમકપર તેઓએ આટલો હરહર કરયો તે પોતે એવાં મોટા ખાંચરાંનો એક અસીલ, કુલવાંન ને લખપતી આસામી હોય? તે ડોસીની ડગરી ખસી ગઇ.

"મરે, તું એ હું બકે? તાહરી ખાત્રી છે? તું કંઇ ગાંડોબાંડો તો નથીજ થયો?" તેણીએ ઘણીજ અજાયબીના અવિશ્વાસથી પાછું અને પાછું પુછ્યું.

"હવે તમે તમારૂં તવાણું છોરોની તો," નાદરે ઘણોજ કંટાલો ખાઇને કહ્યું. "હું કેહુંછ તે ખરૂં છે ને તદન ખાત્રીપુર્વક ખરૂં છે; પણ

હવે એ વાતનો સાર શું કાહારવો? આએ એક લખપતીનો ગાદી વારસ બેટો છુપે નામે અહીં શું કરવા એમ ભરાયલો સંતાયલો પડયોછ: તેનું કારણ શું? તેની બૈરી કોણ છે? તે કાંએ એનું ખરૂં નામ જાણતી નથી? તેને બી એણે વાહી ને ઠગી તેનું કારણ શું?"

"ઓ વાએ, મુવો કંઈ પુછે એટલું ગારે ગારે જે હું જવાબ તે બી કેમ આપું?" મીઠીબાઇએ અકલાઇને કહ્યું; "પણ રાખ, તું પોતે શું ધારે ને હું કેહવા માંગે?"

"હું તો એમ કેહવા માંગુછ, માયજી, કે આએ એની સઘલી છુપી ને ભેદભરી વર્તણુકનાં હેઠાંણુમાં એ જે દગો રમે છે તે ફકત એની આએ ગાએ જેવી બૈરી સાથ રમે છે; તમે શું ધારોછ?"

"હું બી એમ ધારૂં," ડોસાં તરત એકમત થયાં. "જો તું કેહ તેમ એ પેલો મેહરહોમજીવારોજ ખરેખરો હોય તો કંઈ બી મુવાનું પાપ છે, ને આએ ગાએ જેવી પોરીને બી પોતાનું નામ નિહાંણુ નીહ બતાવેલું તે વારે તો—"

"ઘેટસ ઇટ," પોતાની માતાને એમ તેનાં મત સાથે તરત એકમત થતી જોઇ નાદરે ઉલટમાં આવી પાસેની ટેબલપર ઘુમાવીને એટલાં જોશથી લાકડી અફાલી કે ડોસી બિચારી ચીસ પાડીને પોતાની બેડકમાંથી છલાંગ મારી અરધો ગજ ઉંચે ઉછલી, ને પછી તેણીએ પેટ દાબીને પોતાનાં જીવનું સમાધન કરી લેતાં સારી પેઠે એ પોતાના વાઉ દુકતાને સેસ પામડી ઓઢાડી! તે ડોસીને તો ખરેખર અરધો વ્હેમ વટીક ગયો કે 'મુવો ખરેખરો મેટ બેટ થઇ ગીએલો કે હું?"

સારાંશ, નાદરને શાંત થઇને પોતાની માતાને પોતાને પછી શાંત કરતાં ને ધીરજ આપતાં ખરેખર ઘણી જેહમત થઇ. "હવે ત્યારે તમે શું સલ્લાહ આપોછ, માએ?" તેને પછીથી પુછ્યું. "શું આપરે એને ઉંચારો નહીં પારચે? શું રતનને ખાતર એ આપરી પાક ફરજ નથી?"

પણ તે ડોસાંએ તો ઘણી ગંભીરતાથી નાનું દોકું ધુણાવ્યું. "એ આપરૂં કામ નહીં એ તારૂં હાનું કામ? હઉ પોતપોતાનાં પાપે મરહે," તે માતાએ ગંભીરાઇથી જવાબ કરયો.

"છટ, તમારી ભુલ છે," નાદર બજી થયો. 'ધારો કે રતન તમારીજ જણેતી દીકરી હોતે તો? દેખીતી રીતે એનાં લગન થયાંજ નથી ને થયાં હોય તો કંઈ ધુતમધાતમ કરાવી એ પોરીને એણે વાહી કાહરેલી છે, ને તે આપરે જાણ્યા પછી શાંને વાસ્તે લઈ ચલાવવું જોઇએ?"

"પણ ધાર કે એ પોરી પોતે એ બધી વાત જાંણુતીજ હોસે, ને બેઉ હમજણુતીથી એમ નામ છુપાવી બેઠેલાં હોહે તો?"

"તે બનવાજોગજ નથી,"

"ગમે તેમ હોય પણ હમાલજે, નાદીર. કંઈ બી વાંકુ હમુ થઈ જાહે કેની તો એ આબરૂ જવાનો હોદો થહે," તે દાનાવ માતાએ તે અક્કલ પોરયાને ફરીફરીને સમજાવ્યું. "એના પૈહા હુ ને એના વગવહીલા કેટલા? તુને હું ખબર હોય? હું ને તારા બાપ તો એના બધા આખા કબીલાને ઓરખ્યે. થારે થાર તો એના બંગલા ને વારી ગારી છે! એને તાહરાથી કાંહ પોહચાવાનું?"

"અને તેથી આપરે એને ઉંધારો નહીં પારયે, ને એ જે દગાબાજી કરે તે આપરે પકરવા છતાં મુંગે મોંહરે લઇ ચલાવ્યે?" નાદરે તુચ્છકારથી કહ્યું. "વાત લઇ આયાછ!"

"જા, તાહરે તાહરા બાપને પુછ? તેનાનની હલ્લા લીધા વગર કંઇજ કરતો રખે," તે માતાએ અંતે ચુકાદો આપ્યો. "તું કેહે તો હું વાત કરા, પણ જે કરે તે બધું તેવણુને પુછી પરછી ને તેવણુની રાજીખુશીનું કરજે."

એ ઉપરથી તેજ વખતે એકમત થઇને તે માદીકરાની કાઉનસીલ ચુકાદા માટે અપીલ કોર્ટમાં ગઇ અને લાલણુજરગ એદલજી ઉડાંવાલાએ એક સેસન જડજની અદાથી કડવું ઝેર જેવું મોંહ રાખી પુરતી ગંભી-

સ્તા સાથે તે સઘળી હેરત ઉપજાવનારી કેફીઅત સાંભળી લીધી. એ પછી તેવણે આંખ વીંચી, માથે હાથ દઇને કેટલોક વિચાર કીધો, અને છેલ્લે જે ચુકાદો આપ્યો તે નાદરની તરફેણમાં આપ્યો. તેઓએ કહ્યું કે દેખીતી રીતે આ લુચ્છો પારસી આ કોઇ મા વગરનાં બચ્ચાંને ઠગતો હતો, અને તેનાં બાતેનમાં કાંઈ બી ભયંકાર દગલબાજી હોવીજ જોઇએ, કે જે "અધરમ" તેઓએ ચાલવા દેવો જોઇએ નહીં. એ ઉપરથી તે બાપ દીકરાએ મીઠી ડોસાંને વરદી કરી કે તેવણે પેહેલ્લી જોગવઇએ રતનની આગળ સઘળો ખુલાસો કરી દેવો, કે જેથી તે બાપડી ચેતે અને પોતાનું સુજ્યું કરે; પણ મીઠી ડોસાંને એ "કમીશન" ગમ્યું નહીં. તેવણે તકરાર કરી કે એ વર બઇએર એક ગુસસુજનાં હશે તો એમાંથી મોટી પંચાતી ઉઠશે, અને જો રતન ફસી પડેલી હશે તોબી તે વાત તેને જાહેર કરી દેવાથી કંઇ ફાયદો કોઇ વાતે થવાનો નથી. પણ તે બાપ બેટા બજીદ થયા, અને અંતે ત્યારે મીઠી ડોસાંને એ પાક ફરજ ઉપાડી લેવાની ફરજ થઈ પડી. એ અલબત દુનીઆના સરેસ્તાથી ઉલટુંજ થયું, કેમકે ખરેખર તો એકાદ ખાનગી વાત પેટમાં નહીં સમાવી શકવાની કમતાકાત માટે બઇરાંઓનું નામ હંમેશ વાયદું હોય છે, કે જ્યારે હયાં તો આ એક એવો દ્રષ્ટાંત હતો કે જેમાં એક અબળાની દાનાઇ બે અદગરા જેવા મરદોની દેખીતી હેમાકાત ઉપર સરસાઈ ભોગવતી હતી!

મીઠી ડોસાંને સારાં કે માઠાં નસીબે રતન આગળ એ બધી વાત કરવા માટે ઘણી વહેલી તક મળી ગઇ. ફીરોઝ અત્રેથી હવે વહેલી ઉઠાંગરી કરી દેવા માટે તદન તૈયારીમાં હતો, અને તેથી હમણાં બી બપોરનું જમી લઇ તે કાંઇ અસબાબની ખરીદી સારૂ બજારમાં ગયો, એટલે રતન તેના સરેસ્તા મુજબ ફુરસદનાં તાહેલાં કરવા મીઠીબાઇના ઓરડામાં આવી.

મીઠી ડોસાંએ ધીરે રહીને તેનાં લગનની વાત કાઢી, અને આસ-પાસનું કેટલુંક વગર અગતનું પુછીને આસ્તે રહીને સવાલ કર્યો, "આવ, તાહરાં લગન કાંહ થયાં?"

"જી માહરાં લગન તો રાંડેરની અગીઆરીમાં થયલાં," રતને નિર્દોષ જવાબ કર્યો, અને ડોસાં વધારે તરખાયાં કે આ તો કેઠાં લગન ખરેખર થયલાં છે, ને પેલા બે ચકાસેલાઓ નાહેક વરસ વેચતા અને વેચાવતા હતા!

"તેં કાંઇ તાહરા લગનની વાત તો માહરી આગળ કીધીજ નથી," મીઠીબાઇએ વળી જરા વારે પાછું સટકણુ પારયું.

"તેમાં વાત કરવા જેવું કાંઇજ નથી, મીઠીબાઇ," રતાંએ હસીને કહ્યું. "એક માહરાં બગલી ફુઈ બિચારાં માહરાં લગનની સાંબે ઉતાં સિવાય અમારા લગન તો તદન ખુશખુશાલ ને ખુશઅખતીભર્યાંજ થયલાં."

"ત્યારે તો તાહરાં બગલી ફુઇ પોતે લગનમાં નહીં આએવાં ઓહે?" ડોસાંએ પોતાની જુસતેજે આગળ ચલાવી.

"નહીરે જી, આયાતાંને!" રતાંએ પ્રમાણીકપણુાંનાં જોસથી કહ્યું. "પછી તો તેવણુ વહેલાં ઉટી ગીએલાં, ને પોતે આગળ રહીને મને કુમસર પરણાવી આપી!"

મીઠી ડોસાંએ એક છુપી હાય મારી! જો બગલી ડોસાં વટીક આ લગનમાં ભાગ લઈ ચુકયાં હતાં તો પછી વાંધો શો ને કેમ હોય? રતને બગલી ડોસાંની આગળ પાછળની વાત મીઠીબાઇ આગળ કરેલી હશે, જેથી બગલી ડોસાં કેઇ તોરનાં આસામી હતાં તે આ મીઠી ડોસાં સમજી ગયલાં હતાં, અને તેથી તેવણે હાલમાં વિચાયું કે તે છતાં જો તેવણુ વટીક આ લગનથી રાજી થયાં હતાં તો આ "બે માટીડાઓ" એનાં સંબંધમા જે કરતા હતા તે કચુંબર સિવાય બીજું શું હોય?

"પણુ ત્યારે એક એવા ગરીબ નાલ્લા પગારના કલેરકને તું કાંય પરણી?"

"એ તો માય જેવી જેની સરજત," રતને હસીને કહ્યું. "માહરા નસીબમાં એજ સૌથી સરસ હોશે તો!"—અત્રે મીઠી ડોસાંએ તરત જોઇ લીધું કે એક વાત તો નક્કી પુરવાર થતી હતી, અને તે એજ કે રતાંને

તેનો ખાવંદ ચઢતા દરજ્જાનો આસામી હોવાનો હજી સુધી કશોજ ખ્યાલ ન હતો.

"અરે, છોકરી તાહરાં પરી જેવાં રૂપથી તો તું કોઈ મોટા લખપતીને ઘેર જતે જો." તેવણે વળી આગળ ચપકો મુકયો.

"લખપતી ?" રતાંએ નસ્કોરૂં કરીને કહ્યું. "તેવાઓની તો માહરી આગળ વાત બી ના કરતાં."

"ઓ વઈરે માય, કાંય ?"

"મને પૈસાવાલાઓને વાસ્તે કદી સારૂં મત છેજ નહી. માહરી અગલી કુઇએ એ વિશે માહરી ખાત્રી કરી આપેલી છે."

આ રતન પુરતું બોલી હતી, અને જો કોઇ [illegible] [illegible] તપાસ ચલાવતી હતે તો ફીરોઝે પોતાનું નામ છુપાવેલું હોવાનો [illegible] તે એ ઉપરથી તરત પામી જતે; મગર એ લગન [illegible] [illegible] તે વાજબી ને ખરાંજ હતાં કે તેમાં કાંઇ દગો હતો તેની [illegible] [illegible] આગળ તેહકીક કરવા માંડી. 'જી ભરૂં તું તાહરે હાહરે [illegible] [illegible] કે ? હાહરૂં કેહવુંક છે ?"

"નહીંજી, હું તો કોઈ દાહરે હજી સુધી ગેઈજ નથી," રતાંએ સાદાઇથી હસીને કહયું. "માહરા ફીરોઝના અતલગનાં તો કોઇ છેજ નહી."

"અરે એ હાં કોટક !' ડોસાંએ કરાજી બતલાવી; "એ તો એવણની પોતાની ફરજ ઉતી કે કોઈ બી પોતાનાં અમહાં પોતીકાં હાથે મેળવે. મેળવેજ નહી એમ તે કાંઇ હોય ?"

"પણ મને પોતાને બી તેવાંઓને મળવાની કાંઈજ કનવાર નથી, મીઠીબાઇ," રતને કહ્યું, "પણ સબર; ખરૂં કહું તો તમે મને આજે આએ ચીપી ચીપીને બધું પુછોછ તેથી મને કંઇક એવો ખ્યાલ આવછ કે તમે કાંઇ મને ખાસ કરીને કેહેવા માંગોછ ! ખરી વાત ! તેમ હોય તો તમને માહરા સમ છે—અને જે હોય તે જરૂર કેહવો."

"હું તો તુંને એ વાત નહીજ કેહતે, માએ, પણ ઉભરાયા માહરે પેરના માટીદાઓ હમએશા નહી," મીઠીડોસાંએ ભાંગરો વાટયો.

"તમારે પેરના માટીદાઓ ? મરે, એવું તે માહરે લગતું એ શું છે ?"

"એ તાહરા પોતા હંબંધી એક ભેદની અને દગાબાજીની વાત છે, દીકરી, ને તું જો અમારાં નામ પછીથી વચમાં નહી લાવહે તો હું બધું ખુલાહો કરીને કેહું."

રતાં આ દીબાચો સાંભળતાં અતી ઘણી ઉશકેરાઈ! દગાબાજી શી અને ભેદ શો ? તે ગભરાતમાં પડી ગઇ. તેણે તાબડતોબ વચન આપ્યું, અને જે હોય તે ખુલાં દીલથી અને ખરેખરા ખુલાસાથી કેહી દેવાને તેણે મીઠીબાઇને વિનવી ને વિનંતી કરી, અને ત્યારે તે ડોસાંએ તેને ધીરજ આપીને પોતાની બાજુએ પાછી બેસાડી, અને પછી ફીરોઝની તેણીના સંબંધની દગલબાજીના ભેદની તે ભયભીત કેફીઅત તે સુંદરીને સહરાગતના સહરકાઓ સાથે તે ગામરી ડોસીએ કેહવા માંડી.

પ્રકરણ ૧૫ મું.

રતાંના ડોળા તે સાંભળતાં અજાયબીમાં ફાટી ગયા! તેના કાન બેહેર મારી ગયા! શું આ ગજબની વાત ખરી હતી? શું ફીરોઝ જે સચ્ચાઇની મુરતીજ દેખાતો હતો તે આવી ઉંડી ઠગાઇની અગાધ દગલબાજીનો ખરેખર જવાબદાર ને તકસીરવાર હતો? એક પૈસાવાલો ને ખાન્દાંનની સુગમાં મરી રહેલો ધનાઢય જવાંન તેનો ભરથાર? એ ગજબ, કેમ બને? તે કેમ ખમે?

તે ગુસ્સાથી સુષ્ધપુટી ને હૈયાંસુની થઇ ગઇ. તેણીએ એવી ગંભીર દગલબાજીનો આ દીલ ઉસ્કેરનારો કિસ્સો માનવાજ સાફ ના પાડી, પણ તેણે તરત યાદ કર્યું કે તે કેમ ભુલી જઇ શકે કે ફીરોઝ પારસીઓથી ભરાતો છુપાતો રહેલો હતો! તે કેમ આંખ—વિંચામણાં કરે કે તે એ

બીસાબે ધ્રુજી ધ્રપકી રહેલો સદા છુપોજ રેહવા ચાહતો હતો? તેનું ખાન્દાન કોણ હતું? શું એ બનવાજોગ હતું કે તેણીના જોડે મેળવવા કે મીલાકાત કરવા જેવું આ બોહલી ધરતી ઉપર તે તેણીને મોહબતથી મનાવતો ને સમજાવતો હતો તેમ તેનું એક બી સગુંવ્હાલું હોયજ નહીં?

તેની આંખ ખુનખાર કીસમે ગુસ્સાથી ચમકવા લાગી! જો એમ હોય તો? તે કે જેની નસેનસ ને રગેરગમાં પૈસાવાલાં તુમાખીઓ તરફના તુચ્છકારનુંજ લોહી રાતો દીન વહેતું રહ્યું હતું! જો તેને કેહવામાં આવ્યું હતે કે તેનો ભરથાર લુચ્ચો લબાડ ચોર કે ખુની હતો તો તેની બી તેને ઓછી ઝાંઝ ચઢતે; પણ જે પૈસાવાલાઓને હમેશના નીચ દગાબાજ ને જુઠા જાણવાના શીક્ષણ સમેત તે ઉછરી હતી તેમનીજ સંઘમાં તે હાલમાં ફસી પડી હતી, ને ઠગાઇથી તેને ધુતવા ને જીતવામાં આવી હતી એમ જાણતાં ને ખાત્રી થતાં તે દુઃખી બાળાનું જવાન જીગર તમામ ચીરાઈ ફસાઇ ગયું!

તેણીએ અવલ તો ઘણુજ ગુસ્સાથી ડોકું ફફડાવી તે ડોસીનાં પાસાંમાંથી ધીક્કાર સમેત ઉઠી જતાં, એ સઘળા તેણીના ભરથાર સામેના ગલીચ આરોપના પુરાવાઓ માંગ્યા, પણ પછી પોતે તરતજ જોયું કે તે પુરાવાની જરૂરજ ક્યાં રહી હતી? તેણીએ પોતેજ એક ને એક બે મેળવીને સરવાળો મેળવી લીધો. આજ વેર એ ગણત્રીઓ ને સરવાલાપર નિર્દોષ બેખબરીમાં તેની આંખ્યો સદાની બંધ હતી, પણ તે આએ કીસમે અચણુચ ને એક વાર ખુલી જવા પછી હવે બળતા દીવાની જોત જેવું સઘળું તેણીની નજર હેઠલ સ્પષ્ટ આવતું થયું હતું!

"માહરી માય, અમે તો તાહરે હારૂ બીહી ધ્રુજી રીએલાં," મીઠી ડોસીએ આસ્તે આસ્તે ચીંગારીઓ મેલવાનું જારી રાખ્યું! એ તો આદમીનો ખવાસજ હોય છે! લગાડી આપનારાં આદમીઓનો આ દુન્યામાં શું ટોટો હોય છે? પરીણામોનો ખ્યાલ કરવા થોભ્યા વગરનાં અભાડબાલુ અગરગચ્ચાંઓથી આ દુન્યા બધી ઉભાઈ જાય છે. ખસુસ ખરાબી કરવાની મતલબથીજ બુરૂં બોલનાર ને બુરૂં કરનાર હેરેમદોનો તો ટોટો

નથીજ, પણ વળી તે ઉપરાંત મીઠી ડોસીની કીસમનાં વ્હાલાં બનારાં હેમકે કે જેઓ પરીણામોનો ખ્યાલ કરવા થોભવા વિનાની ખરાબી કરનારાં હોય છે તેઓ બી ઢગલે ઢગલે ને ડગલે ડગલે મળી આવે છે! એવાં મતલબી કે પાપી સ્વભાવના દુર્ગુણો વગરનાં નિખાલેશ અંતઃકરણનાં આસામીઓ તો "ફીરેસ્તા" લેખાવાં ઘટે છે, ને કમનસીબે એ આ ધરતીના "ફીરેસ્તાઓ" જોઇએ એટલા મળી નથી આવતા એ આ દોરંગી દુન્યાનો નવાઈ જેવો રવૈયો છે. દુન્યા ભલાઇ કરતાં બુરાઇની હમશરીક વધારે છે.

"માહરી માએ, અમે તો તાહરે હારૂ બીહી ધ્રુજી રીહેલાં," મીઠી ડોસીએ કહ્યું.

"માહરે સારૂ?"

"હારે મા, કેમજે જો એ એમ પોતાનું નામ નીહાણુ છુપાવીને રીએલો તે વારે તો અમોને બીહીક લાગે જે તું એની—તું એની—"

"રાખેલી છેઉં?"—અને એક વાઘણની અદાથી ગુસ્સાની બરાડ સાથે મીઠી ડોસીને ભખીજ ખાવા માંગતી હોયની તેમ રતન ઉછળીને ઉભી થઇ! તે ખુનખાર હદ સુધી ગુસ્સાથી લાલ થઇ. "શરમ છે તમોને કે તમો માહરે વાસ્તે એવું પાપી અનુમાન કરી શકયાં. હું તો માહરા વરની પનણી મોહરદાર છેઉં, ને કોણ મુઆં બેબદામ એમ બેલગામ જુબાનથી માહરે વાસ્તે બુરૂં બોલવાની હીંમત કરેચ?"

"પણ, માએ, તું જરા ધીરી પર, મરી જાઉં," મીઠી ડોસીએ બીહતાં બીહતાં કેહવાની હીંમત કરી. "કદાચ તાહરાં લગન આપરી રાહ રસમ પ્રમાણે હકદાર નહીં થીએલાં ઓહે તો?"

"મુવાં એમ કહેનારાં ને ધારનારાં બધાં દોજખી ને પાપી હોવાં જોઇએ," રતન તો છેક છેલ્લે પાટલે આવી ગઈ! "હું એવી છેઉં બી ખરી કે? માહરાં બગલી કુછ એવી દગાબાજી માહરાજ કેસમાં થવા દે બી ખરાં કે?"

"તાહરે તો બા તું છે ને તાહરો માટી છે," મીઠી ડોસાંએ હારી ખાઇને કહ્યું. "અમે તો તાહરાં ભલાંમાં છીએ. તું અમોને તાહરા હતરૂ દુશ્મેન માની લેતી હોય તો તાહરી મરજી. અમે તો તાહરે હારૂ દયાથી દાઝી રીએલાં."

"કોઇને માહરી દયા ખાવાની કાંઇ જરૂર નથી કેમજે દયા ખાવાનું કાંઇ છેજ નહી," રતાંએ હજી તીખાસથીજ કહ્યું. "હું તો હજી બી ધારૂંછ કે આએ બધી તમારી મોટી ભુલ છે. માહરા ફીરોઝ મને ઠગે તેવા છેજ નહીં."

તે સુંદર ચેહરો છેક હોઠ સુધી ફીકકો મારી ગયો હતો, અને તે મીઠા હોઠો ઉશ્કેરણીઓની લાગણીઓથી થરથર ધ્રુજતા હતા. તે ચતુર ચશમો કે જેમાં આજ સુધી સુખનીજ રોશણી પ્રકાશતી હતી તેમાં ખુનખાર કીસમે લોહી ધાઇ આવ્યું હતું. તેનો ફીરોઝ શું એક દગાબાજ અને શેઠયો? શું શેઠયા નામેજ દગાબાજ હતા? એ ખ્યાલથીજ તેનાં જીગરમાં કંપારી છુટતી અને આખા દીલમાં કાંટા ભાગતા હતા. તે શેઠયાઓને બલકે શેઠયા બોલને રગેરગ અને નસેનસ ધીક્કારનાર હતી, માટે ફીરોઝ પર હાલમાં તેને જીગરનાં છેક અંતરનાં ઉંડાણમાંથી હદ વનાનો ખાર આવતો હતો!

"હું પાધરી માહરા ફીરોઝ પાસે જાઉંછ ને એ વાતની તહેકીક કરૂંછ," તેણીએ ઉશ્કેરાઇને કહ્યું. "એમાં કાંઇ બી તમારી ભુલ છે, તેવણે મને આજ સુધી એક બી દાહરે એક બી વાતમાં ઠગી નથી,"—અને તે મીઠી ડોસીને અગરગચ્ચી હાલતમાં ડાચું વકાસીને બેઠેલી છોડી ગુસ્સા અને જુસ્સાભેર પાધરી પોતાના ઓરડામાં ફીરોઝને મળવા તેને સોહોધતી ગઇ.

ત્યાં જતાં જતાં બી તે આ અજબ જેવી દગાબાજીની વાતની સચ્ચાઇનો સ્વીકાર કરી શકી નહીં. કેમ બને? જે તેને જીવથી જ્યાદા ચાહતો હતો તે તેનાજ જોડે એવી ભયંકાર દગલબાજી કરે, ને પોતે શેઠયો હોવા છતાં

પોતાને એક સાધારણ કલાર્ક લેખે ઓળખાવી તેને ધુતી છેતરીને જીતે અને વાહી ઠગીને પરણી જાએ ? ઓ, એ જુલમાત ખુદા વટીક કેમ ખમી શકે !

—:o:—

પ્રકરણ ૧૬ મું.

તે વર વહુ મળ્યાં.

જીંદગીની એક મોટામાં મોટી જીકકર સારૂ તેમની શાંતી અને તેમનુ સુખ ઉલટ પાલટ કરનાર એ એકજ માહા દુઃખભર્યા સવાલના ફેસલા સારૂ તે ધણી ધણીઆંણી પરણ્યા પછી હવે પેહલીજ વાર રૂબરૂ થયાં.

ફીરોઝ રતાં આવી તે પેહલાં પોતાનાં મુંબાઇનાં 'ઘેર' સબંધી ઘોર કરતો એકલો બેઠેલો હતો. હવે તેને ઘેર જલદી જયા વગર ચાલે એમ ન હતું. તેની મા બહેનોએ છેક છેલ્લે પાટલે બેસી લખ્યું હતું તે આપણે આગળ વાંચી આવ્યાં. તેઓએ તેને નોટીસ મારી હતી કે તે જો હવે સીધો પાધરો ઘેર જલદી પાછો નહિ ફરશે તો તેઓ તે જ્યાં બી હશે ત્યાં તેને સોહધતાં અને તેનો ફેસ્તો કરતાં દોડી પોંહચશે, અને તે જાણતો હતો કે જે બોલે તે બજાવે તે કીશમનાં જે થોડાંક બઇરાંઓ આવે છે તે માહેલી તેની મા બેહેનો હતી; પણ તે ઘર કેમ જઈ શકે ? રતન તો હજી જેવી ને તેવીજ અભણ, નસકારી, અને શ્રીમંતો માટેની સુંગાત્રી રહી હતી ! ખરૂં છે કે તે સ્વભાવીક ઘણી ચપલ બુધ્ધીની હોવાથી થોડું ઘણું ઈંગ્રેજી લખતાં શીખી ગઇ હતી, પણ એક ખાંનદાની બાનું સિધ્ધ થવાનાં લક્ષણ માટે એજ કાંઇ જોઈતું ન હતું ! એ તો ફકત અધુરી કેળવણી હતી, અને અધુરી કેળવણી તો બાજે વખત કડુવા થઇ પડે છે ! છાલકો ઘડોજ છલકાંય છે. એમ છતાં કદીને એ છલકા-વાનો દુરગુણ રતાંમાં નહીં બી હોય તોબી બીજી સઘળી તેની ગામરયણ

અદાઓ અને હઠીલા ખવાસો સાથે તેને એ એવા મોટા મેહલની સાહ્યી તરીકે રજુ કરવી એ શું એક સરફ હેમાકાત નહીં હતી!

તે બધી રીતે કંટાળેલો હતો. ઉપર કહ્યું તેમ રતાં એદલજી ઈંડાં-વાલાનાં ગામડયાં કુટુંબપર હેતથી ઘેલી થતી રહીં હતી તે પણ તે ખમી શકતો ન હતો, અને તેથી હવે ત્યાંથી ઉઠાંગરી કરીને તરત વેળા તો આગળ કેઠે બી જતો રેહવા તે અધીરો પડયો હતો, અને વળતીજ સહવારે ત્યાંથી વટેણા વાવી જવાનું પુરેપુરૂં નકકી બી કરી ચુકયો હતો. એટલા માટે એ એક ઘણો કમનસીબ એતેફાક માત્ર થયો કે રહી રહીને છેક છેલ્લી ઘડીએજ મંચી માકરીએ અત્રે આવીને તેને ઓળખાવ્યો અને સપડાવ્યો, કે જેનાં પરીણામમાં હાલમાં આ સઘળું "ટીપાટમાંનું તોફાંણ" ઉભું થયું હતું!

રતાંએ આવીને અવલ તો ઓરડાનું બારણું સંભાળથી બંધ કરયું, અને પછી ગુસ્સાભેર અદાથી તે ફીરોઝ સામે આવી, કે જે એ મામલો જોઇને ઘણો તાજુબ થયો. એમ છતાં તેતે પાસામાં લેવા તેણે સરેસ્તાનાં હેતથી હાથ લાંબા કીધા, કે જે રતાંએ છણુકો કરી ખીસાડી નાખ્યા, અને પછી દમામથી કહ્યું, "ફીરોઝ, હું તો તમોને કાંઈ ઘણું અગતનું પુછવા આવીછ, અને મને ખોદાયને વાસ્તે સાચ્ચાજ જવાબ આપશો?"

"વરી તે શું?" ફીરોઝે અતીઘણી તાજુબીથી પુછ્યું.

"આપરાં લગન શું કાયદાસરનાં ને ખરેખરાં થયલાં નથી?"

ફીરોઝ તદન ગભરાઇ ગયો!

"કંઇ ગાંડી બાંડી થઇછ?" જરા વારમાં તેણે પોતાનાં મનનું સમાધાન કરી લેતાં કહ્યું; "આજે એવો એક ઘેલો ગાંડો સવાલ કરીને મને 'ઇનસલ્ટ' કરવાનું તુંને અચણુંચુ એ શું વાહરૂં આવ્યું, રતાં?"

"મને એ વિશેનો વેહમ હતોજ નહીં," રતાંએ કહ્યુ. "એ વેહમ તો સુવાં બીજાંઓએ અમથોજ માહરાં મનમાં ઉભો કીધો, કેમકે

ફ્રરાંમદાર ને ખેહરાંમદારનું અમારે તાંહનું ઘણાં વરસનું પંઠક છે, અને તે લોકને સુરત વેરથી આશરવાદ સારવા બગલી કુઇએ તેરયા તેમાં તો કંઈ બી દગો હોઇ શકેજ નહીં. હવે ત્યારે એકજ બીજો સવાલ. શું આએ વાત ખરી છે કે મને કહ્યુંછ તેમ તમે સુરતની સરકારી ઑફીસના કોઇ નાઘલા પગારના કલાર્ક નથી, અને ખરેખર તો મુંબાઇના કોઇ મોટા પંકામલા શેઠીઆ છેઓ ?"

"વળી એ પુછવાનું શું કારણ ?" તેણે વાદલ એકદમ બેરાઇ આવેલું જોઇ ગભરાયલી અદાઓથી પુછયું.

"હું માહરા સવાલનો જવાબ માંગુછ, ફીરોઝ," દગાબાજીનો સંદેહ કંઇક ખાત્રી સાથે રજુ થતો જોઇ રતાંએ તરત તીખાસથી પાછો તકાજો કરયો.

તેણીની આંખો તે ઉમરાવી તોરના એક મનોહર મુખડાપર હાલમાં હેતથી નહી પણ ગુસ્સાથીજ તીકાયલી હતી. તે સરોવરનાં ઝાડ જેવી સીધી, તટાર, તાઇત ઉભી હતી, તેણીના ચમકતા ચેહરા પર એક જડ-જને છાજતીજ ગંભીરતા પ્રગટી નિકળેલી હતી. તેણીની અદા ઉશ્કેરાયલી, ચીલચાલ રોબભરી, અને અવાજ ગુસ્સાભર્યો હતો !

ફીરોઝે જોયું કે હવે ત્યારે તેનો પોતાનો 'ભેદ" છુપાવવામાં સાર ન હતો. તે જાહેર કરવામાં જોખમ હતો માટે તે સચવાયો ત્યાં સુધી તેણે સાચવ્યો, પણ હવે એક વાર તે ખુલ્લો થઇ જવા પછીથી પરી-ણામોને નમ્યા વગર ઉપાયજ ન હતો.

"મને જવાબ આપશો ?" રતાંએ પાછી તલબ કરી.

ફીરોઝે ફીકકું હસવાની કોશેશ કરી. "ખરી વાત ત્યારે માહરે કબુલ કરવાનીજ છે ?" તેણે કહ્યું. "હા વાહલી રતાં, ત્યારે હું ખરી વાત ખુશીથી કબુલ કરૂંછ કે હું સુરતનો નહી પણ મુંબાઇનો રેહવાસી છેઉં અને તું એક મોટે ઘેરની રાણી થવાને સરજાયલી છે. હું

બેહરહોમજીનાં ઘણું પુરાણું ને નામીચાં ખાંનદાનનો નબીરો છઉં, ને માહરે તાંહ પરવરદેગારની બક્ષેસથી પૈસા ટકાની સારી રેલછેલ છે."

રતાંએ આ એક "દુઃખની કેફીઅત" સાંભળતાં કમકમાટની ધ્રુજરી સાથે બેઉ કાંને હાથ દાબી દીધા!

"માહરી વાહલી, તેથી તું એટલી કમકમેછ કાંએ?"—અને ફીરોઝે તેને પોતાની બોરદુમાં ધસડવાનું કીધું, પણ રતાં એક ઝેરી અઝદા આગળથી હઠી જાએ તેમ દુઃખની એક ચીસ સમેત તેની બાજુમાંથી વધતી હઠી ગઇ!

"માહરામાં એવું તે શું છે?" ફીરોઝે વીનવીને કહ્યુ. "બધાજ પૈસાવાલા લુચ્ચા ને દગાબાજ હોય એમ તું માનીજ કેમ શકેછ? હું તુંને જેવા ને તેવાજ પ્યારથી સદા ચાહવશ, વાસ્તે આપરા વચ્ચે વગર કારણનો મીનાકેસો બરપા થતો તું દાનાઇથી અટકાવશે તો હું ધારૂંછ કે—"

પણ રતાં તો દુઃખથી હાથ મસલીને ઝાર ઝાર રડવા પડી. "જે એક વાતમાં ઠગે તે બધી વાતમાં ઠગે," તેણીએ રડતાં રડતાં કહ્યું. "મને મુવા પૈસાવાલાઓ વાસ્તે કદી બી સારૂં મત ઉતુંજ નહીં, ને તમે મને શરૂઆતમાંજ દગાબાજીથી છેતરીને આજની ઘડી સુધી ઉડાવી તેથી એ માહરાં મતમાં હું પોતાને હવે પકે પાએ ખરી પરેલી જોઉંછ."

"તાહરી સરયાંમ ભુલ છે, રતાં," ફીરોઝે ઘણું દુઃખથી કહ્યું. "મેં તુંને ઠગી તે ફક્ત તાહરી તરફનાં માહરાં હેતને ખાતરજ હતું. એમાં મેં બુરૂં શું કીધું? જો હું માહરા પૈસા ને માહરી પદ્દી સાથે જાહેર થતે તો તું મને પરણવા કદી બી કબુલ થતેજ નહીં, અને હું તુંને માહરા જીવથી જ્યાદા ચાહતાં શીખ્યો એટલે મને એટલો ફરેબ રમવાની ફરજજ થઈ પડી."

"અને તમારી જીંદગીના બચાવ સારૂ ત્યારે તમે માહરી જીંદગીનો નાશ કીધો?" રતને ઘણા કકલાતથી કહ્યું. "શરમ છે તમોને! તમે

મને મારા ઠરાવોમાં જુઠી પાડી' અને ખુદ માહરા અંતકરણની વિરૂદ્ધ વરતવાની મને ફરજ પારવાનો માહરીપર જુલમાત કીધોછ. હવે હું તમારી સાથે કદી બી રહી શકવાનીજ નથી. હું હવે એવા રોજના કમકમાત વચ્ચે જીવવાની નથી. મને આજ ને આજ માહરે ઘેર પાછી મુકી આવો."

"પણ મેં એટલું બધું તાહરૂં બુરૂં શું કીધું?"

"તે હું કાંઇજ જાણુતી કે કેહવા માંગતી નથી. જ્યાં માહરૂં દીલ નહી ત્યાં હું કદી પનતેજ નહી. તમે મને તમોને ચાહતાં શીખવાની ફરજ પારી અને તમોને માહરીજ પંકતીના એક ગરીબ આસામી જાણીને હું મુઈ કુવામાં પરી, વાસ્તે તમારી એ શરમભરેલી દગલબાજીને તાબે થવાનું મને હવે શું કારણ હોય?"

"ત્યારે તું પાછી કાંહ જશે?"

"કાંહ વરી, માહરાં બગલીપુઇને તાંહ! તાંહ નહીં જવશ તો શું કાંઈ તમારાં સાહેબચલેબી જેવાં ઘરમાં આવીને ઠોકરે ઠોકરે મરાવાની છેઉં કે? તેવાં એક ઘેરમાં માહરો ગુજારો થવાનોજ નથી. ત્યાં કોઈ મને કબુલ કરવાનું નથી અને હું કોઇને કબુલ કરવાની નથી."

"ત્યારે શું તું મને કદી માફ કરી શકવાનીજ નથી?"

"કદીજ નહીં," રતાંએ વધતી ને વધતી ઉસ્કેરણીથી કહ્યું. "તમારી આએ દગાબાજીથી માહરૂં જીગર બધું ચીરાઇ ફસાઈ ગીયુંછ. તમે એ કરતાં તો મને મારીજ કાંએ નહી નાખી?"—અને તે પાછી રડવા પડી. "જે લોકોએ તમારી દગાબાજી પકડી કાહરી શક્યાંછ તે લોકો સુવાં બધાં માહરે વારતે શું ધારેછ તે તમે જાણોછ બી?"

"શું?"

"જે હું તમારી પનણી મોહરદાર નહીં પણ રાખેલી છેઉં."—અને પોતાંને માટેનું એ જબુન "લાઇબલ" પોતેજ જાહેર કરતાં તે શુદ્ધ આચાર વિચારની અને નીશ્કલંક હેતુઓની પાકદામાન છોકરી શરમ અને હયાની મારેલી છેક માથાંના વાલ સુધી લાલ થઇ ગઈ!

ફીરોઝનો ચેહરો પણ એ સાંભળતાં ગુસ્સાથી ગોલાબી બન્યો.

કોણ ચંડાલો એમ કેહવાની અને ધારવાની હીંમ્મત કરેછ ?" તેણે ગુસ્સાથી પુછ્યું.

"જે લોકોએ આ શરમભરેલું તરકત શોધી કાહારયુંછ તે લોકો."

"પણ તે કોણ ?"

"એદલજીવાલાં."

"નીચ, દગલબાજ, લુચ્ચાં !"—અને ફીરોઝ જાણે તે બધાંને ચોકીજ નાખવા માંગતો હોય તેમ ગુસ્સાથી ઉછલીને ઉભો થયો કે રતાંએ તેનો હાથ પકડયો.

"તે બિચારાંઓએ એમાં ખોટું શું કીધું ?" તેણે તકરારથી પુછ્યું. "એ શરમભરેલી દગલબાજીની વાત તે લોકોએ પકડી કાહરીને મને ભલી ભલાઇમાં ચેતાવી તેટલાસારૂ તે લોકોને દગલબાજ કેહતાં તમુને શરમ નહી આવતી ? તે લોક બીચારાં તમારી પખીન કોઈ ગરીબ નાવારેસ છોકરીને ધુતી છેતરીને દગલબાજીથી પરણી તો નથી આયાં ?"

"ત્યારે શું તું મને તે લોકો કરતાં બી ઉતરતો સમજેછ ?"

"હાસતો; સારાં માણુસો તમે કીધું તેવું કદી કરેજ નહીં."

"એજ તાહરાં ખરાં અભણપણાંની નીશાંની છે," ફીરોઝે તપી આવીને કહયું.

"હું અભણ ઉતી તો મને પણ્યાજ શું કામ ?" તેણીએ તુંદાઇથી જવાબ દીધો, અને પછી વધારયું. "પણ લે ચાલો, હવે ટુકરૂં કરો. મને તમે બગલી પુઇને તાંહ મુકી આવવા માગોછ કે હું એખલી જાઉં ? હું તમારે ઘેરે તો મરી જવશ તોબી આવવાની નથી. મુવાં પૈસાવાલાંઓ વચ્ચે હું કદી પોસાવાનીજ નથી. પૈસાવાલાંને તો મેં અત્યારમાંજ જોઇ લીધાં ને માહરો જીવ બધો ધરઇભરઇ ગીયો. મેં તો ધરનાં ધરથીજ માહરા વિચારો પૈસાવાલાંઓ વાસ્તે કેવા છે તે તમુને કેહી દીધાતા તે છતાં તમે મને ઠગી !"

"પણ પરન્યા પછી તેં માહરામાં બુરૂં શું જોયું?" પીરોઝે હજી બી તેને મનાવા પતાવાનું જારીજ રાખ્યું. તે બાપડો એવી રીતે ચોમેરથી ફસી ગયો હતો કે જ્યાં ત્યાંથી સેહતાન દાબો કરવા અને બને એટલી નાખતી કરવા તે ઘણો આતુર થઈ રહેલો હતો! "પરણ્યા પછી તેં કંઈ બી માહરામાં બુરૂં જોયુંછ? વિચાર કરીને મને સાચ્ચોજ જવાબ આપ," તેણે પાછું કહ્યું.

રતાંને જવાબ કરવાની ફરજ થઈ પડી, અને તેથી તેણીએ લગ-ભગ આનાકાનીથી કહ્યું, "નહીં. પણ તેથી તમે શું કેહવા માંગોછ?"

"ઘણું!" પીરોઝે ઉલટમંદ કહ્યું. "ત્યારે આજની ઘડી સુધી હું જે આસામી હતો તેજ તું જોશે કે હું આજે બી છેઉં ને હવે પછી બી હું તેમજ રેહવશ માહરા પૈસા ને પદ્દી જાહેર થવાથી હું કાંઇ તાહરી સાથે બદલાઇ જવાનો નથી, વાસ્તે માહરી વ્હાલી રતાં આવી એક તુચ્છ વાત જાહેર થવા ખાતર તું મને એકદમ છોડી જવા તૈયાર થાય એ શું ઇનશાન્યતને જવાબ કરતું છે?"

"પણ હું કાંઈ તમારા પૈસા કે પદ્દીને ખાતર તમોને છોડી જવા માંગતીજ નથી." તેણીએ તકરાર કીધી. "તમે વાત ઉલટાવોચ શું કામ? હું તો તમારી ઠગબાજીને લીધે તમોને છોડી જવા માંગુંછ. તમે મને ઠગબાજીથીજ પરણ્યા એ વાત તો ખરીજ છે કેની?"

"હા, પણ તે તો મેં તુંને સમજાવ્યું તેમ તાહરે વાસ્તેના માહરા પ્યારને લીધે મને કરવું પડયું. હું જો ખરી વાત તુંને જાહેર કરતે તો તું મને પરણુતેજ નહી, ને હું જો તુંને પણુતે નહી તો જીવી શકતે નહી!"

તેણીએ જવાબ દીધો નહીં. એ તકરાર ગમે એટલી જોરાવર છતાં તેણી તે મંજુર કરતી હોય તેવું તેણે કશુંજ બતલાવ્યું નહીં. તે ફકત ગુસ્સાથી મોઢું ફેરવીને ઉભી.

"જો, એટલી નાદાન ના થા!" તે કમનશીબ ભરથારે હજી તેણીને મનાવવાનું જારી રાખ્યું. "મેં તાહરૂં બુરૂં કાંઇજ કીધું નથી."

તે તેની છેક લગોલગ ગયો. તેણે તેના હાથ પ્યારથી પોતાના હાથમાં લીધા. તેણે તે મીઠો પણ દુઃખી અને ગુસ્સાભેર ચેહરો પોતા તરફ ફેરવવાની કોશેશ કરી. તે મીઠાસથી હસ્યો; પણ સઘળું બ્યર્થ ! એક છેડાયલાં બચાંનીજ અદાથી હઠીલી રતન રીસાયલી ઉભી.

——:૦:——

પ્રકરણ ૧૭ મું.

"ત્યારે શું તું મને નહીંજ માફ કરી શકશે ?" ફીરોઝે કંટાળાથી જરા વારે પાછું પુછ્યું.

"હું તમોને કહી ચુકી," તેણીએ મિજાજથી કહ્યું. "આપરા વચ્ચે આગળ જેવો એખલાસ આજ પછીથી કદી રહેવાનો નથી."

"પણ વારૂં એખલાસ ના રાખતી પણ મને માફ તો કરશે કેની ?" ફીરોઝે હસીને કહ્યું. "પૈસાવાલાને નહી ચાહવાનો એ તાહરો સદગુણ હું વખાણુંછ. તાહરી જગ્યે જો બીજી કોઈ છોકરી હોતે તો માહરા પૈસા ને પદવીની એ વાત સાંભળતાંજ સાંખી હરખઈ જતે, પણ તું તેને બદલે ગુસ્સાવાલી જુસ્સાવાલી ને તીરસ્કારભરી થાય છે તેથી હું તુંને ઓર બી વખાણુંછ ને જ્યાદા ચાહુંછ."

પણ તેમ છતાં તે મીઠી ચશ્મોમાં મીઠાસ તો જરાએ પાછો ફરેલો દેખાયો નહીં ! તે પુતલી તો ફીરોઝની સઘળી ઠગાઇજ યાદ કરતી હજી બી પણ ઉભી હતી. આટલા રેલછેલ પૈસા છતાં તે બાજે વખત ગરીબીના ઢોંગ કરતો હતો તે સઘળું યાદ કરતાં તેણીનાં બાળક જીગરમાંનું લોહી તપી આવતું હતું.

"જો હું તુંને એક વાત કેહું," ફીરોઝે મનાવા પતાવાનું જારી રાખ્યું. "માહરો એક પૈસાવાલો ફ્રેન્ડ હતો. અમો સ્કુલમાં "ચમ્સ" હતા અને એકમેકને ઘણા ચાહતા હતા. તે એક છોકરીને ચાહતો હતો અને તે તેની સાથે અરસપરસની ખુશીથી પરણ્યો; પણ તે જુઠી ને દગલબાજ સાબેટ થઇ, કેમકે તે તો કોઇ બીજાને ચાહતી હતી અને તેને ફક્ત તેના

પૈસાપર બોબાઇને ઠાગાથીજ પરણેલી જાહેર થઇ. તે બીચારાનું તેથી જીગર તુટી ગયું, અને તે ભરજવાંન વયે કમોહતે માર્યો ગયો, કે જ્યારે તેણે પોતાનાં મોહતનાં બીછાંણાંપરથી માહરા કાંનમાં ચેતવણીનું જે રણ-સીંગડું ફુકયું તે એજ હતું કે કોઇ બી છોકરી તાહરા પૈસાને ખાતર તુંને પરણવા માંગે તો તેમ પરણવા કરતાં તું કુમારોજ રહેજે. જે છોકરી તાહરા પૈસાને પરણીને તુચ્છ ગણે તેનેજ તું પરણજે ને તોજ તું સુખી થશે.' એ બોલ ત્યાર પછીથી હરદમ માહરા કાનમાં ગણગણ વાગ્યા કરતા હતા જ્યાં સુધી કે મેં તુંને જોઇ ને પૈસાને તુચ્છ જાણવાનો તાહરો એકરાર ઘણા હરખ સાથે મેં કાંને કાંન સાંભળ્યો. એ વાતથી તાહરી ખાત્રી થવા દે, રતાં, કે ગમે એવા ઠાગાથી તોબી હું તુંને ફકત પ્યારને ખાતરજ પરણ્યોછ, ને તુંને તેથી સદા સુખી કરવા ને સુખી રાખવાનોજ માહરો નેકમાંનેક ઠેડાવ છે. હવે હું વધારે કાંઈ કેહવા માંગતો નથી. મોટે ઘેરની છોકરીઓએ માહરી ઉપર જીપલાવ્યુંછ અને વાહારયાની વીલુને વરે તો અહીં વેર બોલાતુંતું કે તે મારા પૈસા કે પદ્દીની તુંભા રાખ્યા વગર મને માહરાં પોતાવત વાસ્તેજ ચાહતી હતી. એમ છતાં તે બધીઓમાંથી મેં તુંનેજ માહરી મોહરદાર બનાવી તે માહરા સાચ્ચા પ્યારનુંજ પરીણામ સમજ, ને તાહરાં મનના એક બેવકુફી ભરેલા ફાંટાને લીધે આપરા વચ્ચે એક ઘણો ગંભીર બીગાડ બરપા થતો બારી મુક."

"વાહારયાની વીલુ કોણ છે?" રતાંએ કાંઇક તુચ્છકારથી ને ઠંડાઇથી પુછ્યું.

"તે એક અમારી તરફ મોટે ખાંચરેની જવાંન બાંનું છે," ફીરોઝે સમજાવ્યું. "તે બાપ વગરની છોકરી છે ને તેનો બીસીઆર વારસો છે. મેં સાંભળ્યું કે તે લોકોનો માહરી સાથે તે છોકરીનું કરવાનો ઘણો વિચાર હતો, પણ હું તેને ચાહતોતો નહીં એટલે મેં તેની પરવાહ કીધી નથી. માહરાં કુટુંબમાં પ્યારને ખાતર કોઇ આજ વેર પરણ્યુંજ નથી. માહરી એક બેહેન સારે ઠેકાણે ગોઠવાયલી છે, પણ તે બી હીરા મોતી પૈસા ને પદ્દીમાંજ આજ વેર મરી રહેલી છે. વાહારયાની વીલુ એ માહરી

વરી બેહેનની એક ફ્રેન્ડ થાયેછ તેથી તે માહરાં ઘેરમાં આવતી જતી હતી, પણ હું પ્યાર વગરનાં લગનનો ખ્યાલજ કદી ખમી શક્યો નથી. માહરાં માંએ બેહેનોએ મને પરણવા અદરાવા પોતાનો જીવ પટકી નાખેલો છે, પણ મેં કદી તે લોકોની મીનતજારીપર ધ્યાંન આપ્યું નથી. ને પછી હું અનાયસે અહીં આયો અને મેં તુંને જોઇ એટલે માહરી જીંદગીના વમલમાં મોટામાંમોટો ફેરફાર થયો. હું પરણીને પોતેજ તુંને માહરો ભેદ સમજાવીને કેહવાનો હતો પણ માહરી હીમ્મત ચાલી નહી એટલાજ વાસ્તે કે આપરા વચ્ચે આએ રીતે ઝગડો જાગવાની મને રોજ ફીકર થયા કરતી હતી. હવે એ બધા ખુલાસા પછી તું શું કેહવા માંગેછ ?"

"નવું કંઇજ નહી," રતાંએ તુચ્છકારથી કહ્યું, અને પાછું મોઢું મરડયું !

"પણ વારૂં તું મને છોડી જવાનો તાહરો વિચાર તો તુરત વેળા મોકુફ રાખેછ કે નહી ?"

"હું તમારી સાથે રહીને કદી બી સુખી થઇ શકવાની નથી," તેણીએ તુંદાઇથી કહયું. "એ કરતાં તો હું માહરી બગલીફુઇને ઘેર વધારે સુખી થવશ."

"પણ હું તો ત્યાં બી આવશ," ફીરોઝે હસીને કહ્યું. "હું કાંઇ તાહરો પીછો મુકવાનો છેઉં ? જો, મને વચન આપ કે તું મને છોડી જશે નહીં"

"હું વિચાર કરીને જવાબ આપશ," તેણીએ અંતે અરધી પીગળતાં કહયું, પણ પછી વળી એક પાછો વિચાર આવી જતાં પુછ્યું, "વારૂં, તમારાં માએ બેહનો આપરાં આએ લગનની વાત જાણેછ કે !"

ફીરોઝ આ પાધરા સવાલથી ગભરાઈ ગયો. તે શું કેહે ? તે કેમ કરે કે તેની તુમાખી માબેહેનથી તેને આ તુચ્છ લગન છુપાવવાની ફરજ થઇ પડી હતી ?

"કાંએ બોલતા નથી ?" રતાંએ પાછું પુછ્યું.

"હું આજે તે લોકોને એ વિશે લખવાનો હતો."

"છેક રહી રહીને આજે? છેક આટલે મહીને?" તેણીએ વળી ગુસ્સાથી કહયું. "એજ બતાવેછ કે તમે પોતે બી તમારાં લગનથી એવી રીતે શરમાવોછ ને બીહોછ કે તે જાહેર થયલાં જોવાને વટીક તમે ખુશી નથી."

'પણ હવે હું તે હીંમતથી જાહેર કરશ," ફીરોઝે ઉલટમંદ કહયું. "હું કોઇની બી પરવાહ કરયા વગર ઘણી મગરૂબી સાથે જાહેર કરશ કે તું—"

'તમારી મગરૂબી તમોનેજ મુબારક!" તે ભેજાંફાટેલ સુંદરીએ તીરસ્કારથી કહયું. "હું સહમજી શકુંછ કે તમારાં તાલેવંત ઘેરનાં બધાં મને હીણુશે ને ધીક્કારશે. હું ગરીબ ગામરેની પોરીને તમારાં લખપતી ઘેરનાં ચીનચલાકયાંઓ ને એશકાંમેશકાં સુઘરેલાંઓ કેમ કબુલ કરવાનાં છે જે તેની વાત? ઓ, તમે તો મને જીવથીજ મારી નાંખી રે, મારી નાંખી!"—અને તે પાછી હભતીને રડી પડી.

"તે બધી વાતની તું કાંઇજ ફીકર ના કર," ફીરોઝે સખ્યારો આપ્યો; "હું તે લોકોને" સહમજાવી લેવશ. અલબત તે લોકો ઘણાં મગરૂબ છે અને પોતાનાં ઉંચ ખાનદાંન ને પૈસા ટકાને લીધે ગરીબીની સુગ તે લોકોનાં નાકમાં ઘણી છે એ હવે જયારે બધા ખુલાસાજ થતા આવ્યાછ ત્યારે હું પ્રમાણીકપણે એકદમ કબુલ કરૂંછ, મગર તાહરા સંબંધમાં તે બધાંને સહમજાવીને રાહ પર લાવી નાખવાની હું પુર ઉમેદ રાખુંછ."

"તમે લોક રેહોછ કાંહાં?"

"આપરા તો ઠેકાણે ઠેકાણે બંગલા છે, પણ વધારે કરીને આપરૂં જાથુકનું રેહવાનું મુંબાઇનો એક સૌથી ફેશનએબલ લત્તો જે વાલકેશ્વર તરફ છે ત્યાં છે. ત્યાં દરીઆને મુખરે આપરો બંગલો ઘણો મોટો કુશાદે અને રોણકદાર છે. માહરા ફાધરનાં બેહસ્ત પામવા પછીથી તે બધાંનો હું

એકલો વારસ છેઉં, પણ માહરાં: માયજી હાલ તુરત તો માહરાં ઘેરમાં વડી છે, ને તેવણુની હકુમતને હું પોતે બી તાબેદારીથી માન આપતો રેહું છું."

સારાંશ, તે કમાંનદાર ભનાં ઉપર તે માતાની આપઅખત્યારી નૈ સત્તાની વાત સાંભળતાં ગુસ્સાનો એક ચીલ્લો તરત ચઢી આવ્યો. તે માતાનો અવાજ શીરોઝનાં ઘરના રાજકારોબારમાં દેખીનો સર્વોપરી હતો એમ એક તડાકે તે ચાતુરી ચેતી ગઈ, અને ત્યારે એવે મોટે ઘેર અને અને એવે મોટે ખાંચરે જઇ વસવા માટે બની શકે તો હજી તે સુંદરી વધારે શંકાશીલ બની !

"એવી તમારાં માએ જેવી એક તુમાખી બાનું દાખલા તરીકે આ ધડાંવાલાનાં કુટુંબ સાથે ભેલાય એમ તમો માની શકોછ ?" તેણીએ જરા વારે કાંઇક તુચ્છકારથી પુછ્યું.

"હું કબુલ કરૂંછ કે માહરાં માતા તેવાં નથી, અને એવાં એક અભણુ કુટુંબનો તો માહરાં ઘેરમાં એક ઘડી બી નીભાવ થાય નહીં. મને પોતાને બી ગમે નહીં. એ કુટુંબ આપરી પંકતીથી હજાર દરજ્જે ઉતરતું છે."

'ત્યારે હું તો લખ્ખો દરજ્જે ઉતરતી પુરવાર થવશ ?"

"હું તુંને અમારી પંકતીની કરવા માગુંછ, અને તું જો મને ચાહતી હોશે તો અને માહરૂં કહ્યું કરતી રેહશે તો માહરા કુટુંબને જેબ દેતી હું તુંને સેહજ વખતમાં બનાવી દેવશ."

"તમારાં માએ તમોને કોણુની સાથે પરણાવા ચાહતાં હતાં ?"

"માએનો બી ડોરો વાહરયાની વીલુ પર ઘણો હતો," શીરોઝે હસીને કહ્યું.

"અને તમારી બેહનો કેવી છે ?"

"માહરી બેહનો બી તેવીજ તેજી ને તુમાખી તો છે. વડી હીરૂ જે પરણેલી છે ને પૈસાને ખાતર મોટે ઘરે ગયલી છે તે જરા વધારે તેજી

છે, પણ નાથલી ધની હું ધારૂંછ જે કંઇક વધારે નરમાસવાલી ગરીબોની કદર કરનારી નમાની ને સમજુ છે."

"ત્યારે માહરા જેવી એકને તે તો બીચારી બોજાઈ તરીકે કબુલ કરે ખરી?"

ફીરોઝે જોયું કે તે અણુકાથી બોલતી હતી, અને એ મુજબ એ બધી હકીકત પુછી લઇ તે પોતાનું સુઝ્યું કરવા ધારતી હતી; મગર હવે કશું બી છુપાવામાં માલ નહીં રહેલો જોઇને તે હવે તેને સઘળું ખરેખરૂંજ કહી દેવા માંગતો હતો.

"તમારા કોઇ ભાઇ છે કે?"

"કમનસીબે ભાઇ એક બી નથી; હોતે તો આએ બધાંઓને તે લોકોને સોંપી દઇને તાહરી સાથે ગરીબીમાં વસવા હું ઘણો ખુશી થતે. હું ગરીબ હોતે તે તો તુંને ગમતે કેની?"

"હું કહી શકતી નથી," તેણીએ જોરથી કહ્યું. "મને તો પૈસાવાલા વર્ગનેજ ધીકકારતાં શીખવવામાં આવ્યુંછ, ને ખાન્દાંની સુગમાં મરી રહેલાંઓને વાસ્તે મને કદી બી કશું માન બરપા થઇ શકવાનું નથી."

ટુંકમાં, ફીરોઝ એ મુજબ ઘણી રીકઝીક પછી તે છોકરી પાસે એકજ વચન જે પડાવી લઇ શકયો તે એટલુંજ હતું કે તે કોઇ બી વખતે તેને આગમચથી ચેતાવ્યા વગર તેને મુકીને બગલી કુઇને ત્યાં નાહસી જશે નહીં. ફીરોઝે તે બી ગણીમત માન્યું. "હું માહરો પોતાનો દુશમન નથી," તેણે કહયું. "હું તુંને ઉઘાડી આંખે પરણ્યોછ અને તેથી ઉંઘાડી આંખેજ પરીણામોને બી તાબે થવશ. જો કદીને માહરાં માય બેહનો તુંને પ્યારથી અપોવવા અને હેતથી સંઘરવા નાજ કેહેશે તો પછી હું પાક ખુદાના કસમથી કહુંછ કે તુંને લઇને ગમે એવી ગરીબીમાં રેહવાનું બી હું પસંદ કરશ, અને પૈસો ટકો, ઘેરબાર અને માય બેહનોને વટીક ખુશીથી સદાની છેલ્લી સલામ કરી લેવશ."

રતાંને આ ગમ્યું. તે પકકા ઠડાવથી બોલતો દેખાતો હતો, અને તેનાં બોલવામાં ખરાપણું અને સચ્ચાઇનો જોશ એટલો હતો કે તે સુંદરીપર

તેની અસર થયા વના રહી નહીં. તે તેજદાર ચસ્મો એ સાંભળતાં કાંઇક ગીઠાસમાં પાછી ઝુમી ગઇ!

"તમારી ખાત્રી છે?" તેણીએ પુછ્યું. "એ બધું બોલવું સેહેલ છે તેટલું બજાવવું સેહેલ નથી હો, ફીરોઝ?"

"તુ મને અજમાવી જોજે," તેણે કહયું, "હું માહરા પ્યાર ને પરણી જીંદગીનાં સુખને સૌથી બુલંદ ગણુંછ, ને તેથી એક બી આનાકાની વગર જરૂર પડવે તાહરી સાથ હું દુનીઆનાં કોઇ બી એકાંત ખુણાંમાં જવા ખરાં દીલથી ખુશી થવશ."

"એટલો બધો તમારો માહરીપર પ્યાર છે?"

"એ સવાલજ તાહરે મને કરવો ઘટતો નથી," તેણે કાંઇક ઠપકાથી કહયું. "તેં શું તે અત્યાર વેરમાંજ જોઇ લીધું નથી?"

રતાંને અંતે પ્યારના એ મોટામાંમોટા પ્રયોગે જીતી અને મહાત કરી! તેના ચેહરામાંથી ગુસ્સો એકદમ નમી ગયો, અને તેની આંખ્યો પાછી એકવાર ખુશીમાં ચમકી નિકળી. તે ખાત્રીથી માનતી હતી કે બોલ્યું બજાવવાના સાચ્ચામાંસાચ્ચા ઠેડાવથીજ તે આમ બોલતો હતો.

"ત્યારે હું તમારી સાથે એ નવી જીંદગી અજમાવી જોવા ખુશી છું. જો કે માહરી તો ખાત્રીજ છે કે પૈસાવાલાં ઘેરમાં હું કદી બી પોસાવાની નથી તોબી તમારે ખાતર તમે જ્યારે માહરે સારૂ આટલા બધા બેકીમતી ભોગો આપવા તૈયાર થયાછ ત્યારે તો હું માહરી પોતાની લાગણીઓનો ભોગ આપીને એ નવી જીંદગી જરા અજમાવી જોવા ચાહુંછ."

ફીરોઝ એ સાંભળતાં અતી ઘણો હરખાયો. તેને આએ મીલાંકાત ને તકરારનું આવું સમાધાન સેવટ આવી જવાની એક બી ઉમેદ હતી નહીં, જેથી હવે તેને ઘણી હીંમત અને ધીરજ આવી. "હવે હું ઘણી હીંમતથી આપરાં લગન જાહેર કરશ," તેણે કહયું. "હું આજને આજ એ વીશે માહરાં માયજીપર લખશ, અને આવતી કાલે તો આપરે ગેર જવા અત્રેથી ઉપડી જશું."

"કાલેજ!"

"હા; હવે બીક કરવા શું જરૂર છે? આપરે સેવટના ઠરાવો કરી ચુક્યાંછ એટલે હવે આપુને ડરવાનું શું છે?"

"ત્યારે હું તાબે છું," રતાંએ અજાએબ જેવી તાબેદારીથી નાંખતી કરતાં કહયું. તેણીએ જોયું કે તે શ્રીમંત ને સુંગાત્રી બાંનુઓને મળવું એ એક જોખમભર્યો અખતરો હતો, અને તેથી તે અજમાવી લઇને તે પોતે જેમ વેહલી પાર પડે તેમ એ ચાલુ હભત ધસકના ધડકધુજારાથી તેને વેહેલું બચવાનું થશે!

"ત્યારે હવે સઘલી આપરે લગતી ખરી વાત ઇડાંવાલાંનાં કુટુંબને કહી દઇશું કે તે લોકો માહરે વાસ્તે બુરૂં ધારતા અટકે?"

"ખચ્ચીતજ; તાહરે વાસ્તે બુરૂ બોલનારાં કે ધારનારાંની આંખના ડોરા કાહરી લઇ હું માહરા પગ તરે ભચરશ," તેણે વળી ગરમ થઇ જઇ કહયું.

"પણ જો જો હં: ફીરોઝ, આએ અખતરો ઘણો જોખમભર્યો છે જો! હું પોતેબી ઘણી મગરૂર અને ભેજાંફાટેલ છેઉં, ને મને માહરી ગરીબી સારૂ હીણુવાવાલાં તુમાખી ધનવાનોનો હું એક ટુંકારો બી સાંખી કે સહન કરી શકવાની નથી."

"તુંએ તે અજમાવી જોવા મને કહયું તેટલુંજ બસ છે," ફીરોઝે પુરતી ધીરજથી કહયું.

કાલ કોણે જોઇછ? તે આજની આ તેઓ વચ્ચેની સલ્લાહ માટે શુકરગુજાર હતો અને આવતી કાલ તેણે પરવદેગારને સોંપેલી હતી. તે આપદે સઘળું સમાધાન ઉતરવાને વાસ્તે ઘણો ખાત્રીબેર અને ઉમદવતો હતો.

તેઓએ તે પછી ઘણી લંબાણુ ગુફ્તેગો કરી. પોતાના મેહેલ જેવા મોટા આરાસ્તે બંગલા અને તેનાં મનોહર 'સીચ્યુએશન'ને લગતી, પોતાના પૈસા ટકા, વાડી ગાડી, નોકર નફ્રોને લગતી, પોતાની પેદાસ ને પૈસાની રેલછેલને લગતી, પોતાની ઓફીસ, ધંધો, મોટાઇ અને મોજ શોખને

લગતી વિગેરે એકથી અનેક વાત મોટા ઉમંગથી તેણે તે સુંદરી આગળ રજુ કરી અને સુંદર રતાંએ તે ઘણી મોજથી ધ્યાંન ધરી સાંભળી.

———:*:———

પ્રકરણ ૧૮ મું.

ફીરોઝે પોતાની મોહરદારની પાક હોરમતની રક્ષા કરવાનું ખુદ પોતાને હાથ રાખ્યું. તે સાંજે હોટલની ઉપલા મજલાની અગાસી ઉપર જ્યારે સરેસ્તા મુજબ સઘળાં એકઠાં થયાં અને ઇંડાવાલાંનું આખું કુટુંબ બી તેના વડીલ સાથે ત્યાંજ હતું ત્યારે તે પોતાની મોહરદારનો હાથ ધરીને તેને ત્યાં તેડી ગયો. તેનો ચેહરો દમામભર્યો, તેની ચાલ ટેકાવદાર, તેની અદા રોબવંતી હતી. તે ગરૂરીથી સર કસી ઉંચો અને તટાર ચાલતો હતો. તે જરાબી ગભરાયલો દેખાતો ન હતો.

"આએ માહરી પરણી મોહરદાર છે," તેણે તે કુટુંબ આગળ જઇને સેહજ ડોકાંના લેહકાથી નમતાં કહયું, "અને હું ફીરોઝ મેહરહોમજી પોતે છેઉં. માહરૂં ખરૂં નામ મેં ચોકક્સ સબબો સર છુપાવ્યું હતું, પણ તેટલા સારૂ આએ પાકજાદ બાંનુને વાસ્તે બુરૂં ધારીને અથવા બુરૂં બોલીને એવણને હલકાં અનુમાનથી અપમાન કરવાવાલાં આસામીઓ પોતે ખરેખર હલકી બુન્યાદનાં હોવાં જોઇએ."

"ઓ નહીં રે મરૂં." ઓ નહી રે બાવા, અમે તો એવું છેક ધારતાંતાંજ નહીં," લખપતી ફીરોઝની પદવી પંકતી ને પૈસા જાહેર થતાં મીઠી ડોસાંએ તારબતોબ ગભરાઇ અકળાઇને ઉલટમાં ઉલટીજ ગબરડી ખાધી!

"મારા જવાંન મિત્તર," અને એદલ ઈંડાંવાલાએ હવે આ નવી દોસ્તીની તલબ ને ઉમેદ કરતાં ઘણુાજ ઘરોબાના દરેક દેખાવથી શેકહેન્ડમાં હાથ લાંબો કીધો, કે જે ફીરોઝે જોયોજ નહી તેમ અખાડા કર્યો, અને તેથી લાગેલી ખેજાલત અને ખસીઆણુંપણું વટીક ખીસાંમાં મેલીને તે પૈસાના પુજારી બુઢાએ હસ્તે ચેહરે કહ્યું, "મારા જવાન મિત્તર, આએ

ખુલાહા થવાથી અમો હોથી ઘણાં ખુશી છીએ. ખોદા તમારી જોરી સહલામત રાખે અને તમો હુખીઆરાં રહીને અમો ગરીબોને ભુલી જાતાં રખે."

પણ નાદરને તો શું બોલવું કે શું કરવું તે સુજ્યુજ નહીં ! તેનાં સઘળાં ગલીચ અનુમાનો ખોટાં નિવડયાં તેથી તેને ખેજાલતજ એટલી અઘી લાગી, ને રતન તેને ફાલે ફાજલ પડવાની ઉમેદમાં તે બાપડો પોતે પાછો નાઉમેદ થયો તેનો ખીજવાતજ તેને એટલો બધો બરપા થયો કે તે ત્યાં ઉભો રેહવાને પણ જાણે મન મનાવી શકયો નહી'

'હું ખુલાસો કરવાની કશીજ અડચણ જોતો નથી," ફીરોઝે દમામ સાથે જારી રાખ્યું, "કે માહરાં તુમાખી માએ એહનોથી મને માહરાં લગન તુરતવેળા છુપાવવાનાં હતાં તેથી હું છુપે નામે ને ભગતો સંતાતો આંજવેર રહેલો હતો; મગર હવે તે બાબદનો બી ફેસલો થઇ ગયલો છે, એટલે હું તે વાત જાહેર કરવાની દરકાર રાખતો નથી. હવે અમે ખરૂં કહી દેઇને ફકત સભ્યતાની એક છેલ્લી સલામ કરવા અત્રે આયાંછ."

"ઓ હું મરૂં રે,"—ને મીઠી ડોસાંએ તો તે બેઉ ઉપરથી ઓવરઇ પોવરઇ જવાના ઓવરણા લીધા ! "ઓ મહેરબાંની, મહેરબાંની," ડોસાંજીએ કહ્યું, અને તેઓ બેઉ નજદીક જમીન સુધી નમ્યાં, એટલે એ પછી વધારે તાહેલાં કરવા થોભ્યા વના ફીરોઝ આવ્યો હતો તેમજ ઘણા દમામથી રતાંને લઇને પોતાનાં ઓરડામા ચાલતો થયો. તે પછી તે રાત્રે સામનસુમન બાંધવા અને અસબાબો પેકપુક કરવાની ધમાલ ચાલી રહી, કેમકે કહેવાની જરૂર નથી કે તેજ દીવસે પોતાનાં એ લગનની વાતને લગતો પ્રમાણીક એકરાર જાહેર કરતો એક કાગલ ફીરોઝ પોતાની માતાજોગો લખીને નાંખી ચુકયો હતો. અને તેથી વલતે દીવસના મેલમાં તેઓ પોતેજ હવે મુંબાઇ તરફ જવા ઉપડી ગયાં. અલબત ચાલુ મુસાફરીની થાક નાજુક બદન રતનથી સહેવાય એવું નહીં હતું એટલે મુસાફરી વચ્ચે વચ્ચે ભાંજવી પડવાની હતી, અને એકેક દીવસ થાક ખાઇને

આગળ વધવાનું હતું, માટે તેઓ તે કાગળ કરતાં એક બે દીવસ અગુ-રાંજ પોંહચવાની વકી હતી.

*   +   *   *   *

ફીરોઝ મેહરહોમજીનો મેહલ જેસો બંગલો કે જે તેના બાપીકા વખતથી "કલીફ્ટન લાડજ" ને નામે ઓળખાતો હતો તે વાલકેશ્વર તરફ પાહાડનાં એક ઉંચાં ચઢાંણુ ઉપર દરીઆને મુખડે આવેલો હોવાથી રોણુકમાં તેમજ રોબમાં ચીતાકર્શક હતો. તે તેમાં વસવાવાલાંઓની મોટાઇનો ગોયા પડઘા પુકારતો ઉભો હતો! તેમાં સઘળું ફરનીચર હાલના જમાનાને જવાબ દેતું, શોભાઈતું, ફીસબી બનાવતનું અને ઇંગ્રેજી તેસ્ટનું હતું. તેને ફરતો કંમપાઉન્ડ ઘણો વીશાલ હતો, કે જે પુશ્કલ ઝાડપાનોથી શણુગાર પામેલો હતો, અને જેનાં ચઢાણુપરથી બંગલાપર પોંહચવા ગાડી ઘોડા માટે હજારોના ખરચે એક ઢલાંણુદાર રસ્તો સફાઇદાર ફીસમે કાપી કાઢવામાં આવ્યો હતો. તેના વરંદા વિશાલ, તેના દાદર કુશાદે, તેની બારીઓ પોર પખાળ, અને તેની બાંધણી પાકી અને મજબુત હતી.

એ બધો દમામ અને બધો પૈસો એ કલીફ્ટન લાડજના મરનાર માલેક તે ફીરોઝના બાપના વખતમાંજ જમા થયો હતો, કે જ્યારે તેની રોબવંતી માતા તે મોટી આયપતવાલી જગ્યાઓના વહીવતમાં પોતાની ઉંચી કુનેહથી અજબ જેવી હદસુધી ફતેહમંદ પુરવાર થઈ હતી. હવે જે ચોકક્સ દીવસને માટે હાલમાં અમો અત્રે લખીએ છીએ તે દીવસે તે મા બેટી–માતાજી મેહરબાઇ અને દીકરી ધનબાઇ—તે આરાસ્તે ડ્રાઇંગ રૂમમાં વાંચતાં બેઠાં હતાં. તે માતાના હાથમાં એક ગુજરાતી વારતાની ચોપડી હતી, અને ધન (ધની)ના હાથમાં તે દિવસનું ઇંગ્રેજી પેપર હતું. એટલામાં ટપાલ આવ્યો, અને એક નોકરે એક નાધલા કોડલામાં કાગળો લાવીને બાજુમાંની એક ટેબલપર જમા કર્યાં.

ધની હરણી જેવાં ચપલ કદમે ને એક કુદકા સમેત તે ટેબલ આગળ ધસી ગઈ.

તેણીએ તે કાગળો છુટાં પાડયાં, અને જે આરીસને લગતાં ફીરોઝને નામનાં હતાં તે આરીસમાં લઇ જવા હમાલને આપ્યાં; પણ તેટલાં તેની નજર તેની આંખમાં રમી રહેલા પોતાના ભાઈના જાણીતા હરફોવાલાં એક એનવેલપ પર પડી, કે "આ લેઓ, ફીરોઝનું કાગળ છે." એમ બોલી તેણે તે ઉલટથી ને હેતથી તાબડતોબ ઉપાડી લીધું.

તે એક ભારી કાગળ હતું. તે ઉપર બબે દોઢીઆંવાલી ચાર તો ટીકીટ લગાડેલી હતી! તે પર તેની માતાનાંજ નામનું હંમેશ મુજબ શીરનામું હતું, અને વળી કવર ઉપર દાબા હાથનાં ખુણામાં "પ્રાઇવેટ" માર્ક કરેલું હતું.

ધની ઘણી અજબ થયલી તે કાગળ લઇ પોતાની મા પાસે દોડી. તે માતાએ તે કાગળ ખુલ્યો, અને તે લાંબો દસ્તાવેજ વાંચ્યો. તે કેવી લાગણીઓ સાથે તેણે વાંચ્યો તે કહેવાને આ કલમમાં તાકાત નથી. તે સ્તબ્ધ થઇ ગઇ! તેનું જીગર ચીરાઈ ફસાઇ ગયું! તેના દીકરાનાં લગન ઉપર તેણે પોતાનું તમામ દીલ લગાડી રાખ્યું હતું. આખી મુંબાઇ હલમળી રહે એવી જબરી ઢીંગસ અને ખાનીપીનીની મસ મોટી ધામધુમ સાથે મોટામાંમોટાં ઘરનું કારજ કબુલ કરીને તે તુમાખી બાનું એ છોકરાનાં લગન કરવાના દાહડાઓ બલકે કલાકો વટીક ગણતી રહી હતી, માટે આ કરપીણુ નાતરસ એકદર કાગલે તેનું હૈયુંજ કોરી ખાધું એ કહુંજ નહીં કેહવાની બરાબર છે તે જાણે એ વાત માનીજ શકી નહીં! કેવો તાબેદાર ને દાહયો દીકરો તે આટલો હુલ્લડ અને ખુબખ થાય એ બનેજ કેમ? શું આજવેર તે છોકરાંના વાંધા સાંધા કબુલ રાખી તે પોતે ધીરજ ખમી બેસી રહી તે આએ મોટામાંમોટી હીણપસ્તી ને નામોસીની ફેજને ખાતર? તેણે શું એ નજીસ લગન કરવા આગમચ તેણીની મંજુરીઆતની બી પરવાહ નહી કીધી?

જે સોફાપર બેસીને તે દુઃખી માતા આ કરપીણુ કેફીઅત વાંચતી હતી તે સોફાની પીઠ પછવાડેથી તેનાં માથાં ઉપર ટીંગાઇને ધનીએ બી તે અજાએબ જેવી કેફીઅત વાંચી લીધી હતી. તે જવાંન બાનુંએ તો

તેણીની અજાએબી વચ્ચે એવડી ઉતાવલમાં તે હેબતનાક સમાચાર વાંચીને તે માતા પુરી કરી શકે તે આગમચ પુરા કર્યા હતા, અને તેથી તે પણ ઠસ થઇ ગઇ. હવે શું કહેવું? શું વિચારવું? શું બોલવું?

તે માતાનું માથું તેણીની જૈફ છાતી ઉપર ગમીથી ઝુમી પડયું!

ધનીએ તે ભોંયપર સરી પડેલો કાગળ ઉપાડયો, અને બાજુએ બેસીને ફરીથી ચીપી ચીપીને તે ધ્યાંનથી વાંચ્યો. તથા વાંચી રહીને ફરી એક વાર તેની માતાના ચહેરાસમું તે અજાયબીના ગભરાતથી જોવા લહી.

"આપરા ફીરોઝ છુપાછુપ પન્યા?" તેણીએ ઘણીજ અજાયબીથી કહ્યું, "ઓ માયજી, કેવું અજબ જેવું! તમોને તો એવણે એ વિશે આગમચથી કંઈ પુછાવ્યું બી નહી!"

"પણ્યો તો ધુર વારી, પણ કોઇ' મુઇ ગામરચનને પણ્યો!" તે માતાએ કકલાત કર્યો. "એ શુદ્ધ ફુટેલાએ પોતાની અકકલ કાંહ બારી મુકી હોશે? એ શું હૈયાં ફુટો ને આંધરો થઇ ગયો હોશે? કોઇ દુબરી દુકતી–કોઇ ભીખારણુ જેવીને એ પનણી મુઓ ત્યારે શું એને માહરો વિચારજ નહીં આયો હોશે? મોટાં ધનેતર ઘેરનાં માંગાં ઠોકરે મારી મારીને એમ જાહનમમાં જઇ પરવાનું એને ગમ્યુંજ કેમ હોશે?"—અને તે માતાની આંખો આંસુથી ભરાઈ ગઇ.

ધનીએ તેની માતાને આજવેર એ ફીસમે આંસુ ખેરવતી કે રડતી જોઇ ન હતી! તે તોરવંતી અને તુમાખી અબળા હતી, અને પોતાનો ટેકાવ આજવેર તેણે એવી તકોબરીના તોરથી સાચવ્યો હતો કે તે મગરૂર ચેહેરો નાઉમેદી કે દુઃખના વમલમાં ફસાયલો આટલો દુખી આજવેર કદી જોવામાં આવ્યો ન હતો!

"રડો ના, માયજી," તે ઉપરથી ધનીએ ઘણી દીલસોજીથી કહ્યું. "આજ વેર મેં તમોને રડતા જોયાં નથી તેથી હું તમુને હમણાં રડતાં જોવાનું સુતલગ ખમી શકતી નથી."

"આવો શીખેલો કેળવાયલો, આવો અકકલમંદ, સાત પાંચને અક્કલ આપે તેવો ને તે એટલો ફુલવેલ્યો, ફુલ્લર નાદાન બલ્કે આંધરો કેમ થઇ ગીયો હોશે?" તે માતાએ ધનીના દીલાસાપર જરા બી ધ્યાંન આપવા વગર કકલાટ કરવો જારી રાખ્યો. "મને કાંઈ સુઝ પરતું નથી કે હવે હું કરૂં તે બી શું? કાંહ મરી જાઉં!"

"પણ કદાચ એ પોરીમાં કાંઇ સારા ગુણો હોશે?" તે દીકરીએ ધીમે રહીને સુચવવાની હીમ્મત કરી.

તે માતા તેને જીવતી ફાડી ખાવા માંગતી હોય તેમ તેણે તેની ઉપર ડોળા કાઢયા! "ખબરદાર," તેણીએ લગભગ ચીસ પાડી કહ્યું, "ફરીથી માહરી સાંમે એવો એક હરફ બી બોલીશ તો મારીજ નાંખશ! તે મરે પેટબરી જે હોય તે, તેણે તો માહરૂં ને માહરાં ઘેરનું નખ્ખોદજ કાહરી નાખ્યું! જા, તાહરી બેહનને એકદમ ચીઠી મોકલી બોલાવી મંગાવ? એ કહરામનપરીઆં બેઉ ઘેરમાં આવે તે આગમચ માહરે તેની સાથે મત કરવું જોઇએ."

પ્રકરણ ૧૯ મું.

તે ત્રણે માદીકરીઓની એક ગંભીર કાઉનસીલ એ પછી આ એક મોહત જેવા માહેતભર્યા બનાવ ઉપર ગોર કરવા ભેગી મળી.

હીરૂ (પીરોઝની વડી બેહેન) અજબ થતી આવી. તેને એકદમ બંગલે આવીને મળી જવાનું તેની માતાનું ફરમાન ધનીએ લખી વાલ્યું તેમાં અલબત તેનાં ખરાં કારણનો કશો ઇસારો આપવામાં આવ્યો હતો નહીં, મગર "એક ઘણું જરૂરનું કામ" અને "જોખમનો સવાલ" એવા એવા ઇસારાઓ આપેલા હોવાથી તે છોકરી અકળાતી ગભરાતી અને બીહદેલી ધ્રુજેલી આવી.

"એ એવું તે શું છે?" તેણીએ આવતાં સાથે ગભરાઈને પુછ્યું.

"વાંચ આએ," તે માતાએ આંખમાં પાછાં પાણી લાવીને આંખ

પુછતાં કહ્યું; અને હીરૂએ ઘણીજ બીહીધેલી અદાઓ સાથે તે અજાએબ જેવો દસ્તાવેજ હાથમાં લઇને વાંચવા માંડયો.

તે વાંચતાં વાંચતાં તેનાં ચહેરાપર પણ જોવાજોગ ફેરફારો થતા રહ્યા. "ફીરોજી પરણ્યો?" તેણીએ બી તે કાગળ પુરો કરતાં બંધાઈ ગયલા દમે જેમ તેમ જેહમતથી કહ્યું, અને તે માતા તેના જવાબમાં તે પરણીને એક થયલાં વરવહુ ઉપર ગાલોનો એક વરસાદ વરસાવા પડી.

"મમા, હવે નાખતી કરો," અહીં વળી પાછી ધની વચ્ચે પડી. "કટલીક ગારો દેઆ કરશો? સહવારે કાગલ આંયુંછ તાહારથી તમે બીચારા ફીરોજીને ગારે ગાર ઘોઇ કાહારયાછ!?"

"વરી બીચારો શાએ થયો?" હવે વડી બેહનનું બી ઉપડયું; "એને એવું આંધરૂં કરતાં શું કાંઇ લાજ શરમ આવીજ નહી હોશે? એક અરધી વગરની ભીખારડી, જેનું ખાંનદાન નહીં, નામ નહી, નીશાંન નહીં, ઘેરબાર નહીં, કેળવણી નહીં, કશુંજ નહીં તેને એ શું જોઇને પરણી બેઠો હોશે?"

"પણ હવે થયું તે કાંઇ નહી થયું થવાનું છે?" ધનીએ હજી તકરાર ઉઠાવી.

"હવે આપરે શું કરીએ?" તે માતાએ ધનીપર ધ્યાંન આપ્યા વગર હીરૂને ચીંતાતુર પુછ્યું. "આપરાં ખાંનદાનમાં એ હલકામાં હલકું લગન થયલું કેહવાશે, કેમજે તારા બાપના કે મારા બાપદાદાઓમાં છેક સાત પેહરી સુધી એવાં હલકાં લગન કોઇનાં બી થયલાં કદી સંભરાયાં નથી!"

"પણ ગરીબની છોકરી સાથે પરણે તે "હલકું" કેમ કેહવાય, માયજી?" વળી ધનીએ તકરાર ઉઠાવી, ને હીલ્લુએ કંટાલાંની ચતચતથી તે પટપટબોરી છોકરીનું મોંહ દાબી દીધું

"હું નહી જોતી, માયજી, કે હવે પછી આપરે શું કરી શકવાનાં," હીરૂએ નાચારીથી અને નાઉમેદીથી કહ્યું; "પરણ્યો તે તો પરણ્યો, એવું એમ પનણીને સાંબો પોતાનોજ ફેસ્તો ને ફજેતી કરવા જેવું કીધું!"

"પણ આપરે તે છોકરીને જરા નજરે જોઇએ તો ખરાં?" ધનીએ વળી પાછું વચ્ચે ઝોકાવ્યું.

અંતે તે માતાએ ધનીને તે ઓરડામાંથી બાહર મોકલી દીધી, અને કાંઇ કામનાજ બાહનાંથી મોકલી એટલે તે બાળા ફરજ્યાત ઘણી આનાંકાંનીથી ત્યાંથી તુરત વેળા ગઈ.

"મને તો લાગેછ," તે માતાએ પોતાની વડી બેટીને કાંને લાગી કહ્યું, "કે એવાં એક ઠુલ્લર લગન કોરટ દરબારમાં નારવા બી પુરવાર કરી શકાતાજ હોશે"

"કાંઇ ઘેલાં થયાંછ, માયજી?" હીરૂએ એ વાહીઆત ખ્યાલ હસી કાઢતાં કહ્યું; "એમ લગનો જો નારવા પુરવાર થઇ શકતાં હોને તો વરસના બારસો છુટાછેડા થયા કરતે!"

"તું સમજતી નથી, પોરી," તે માતાએ કંટાલાથી કહ્યું; "આએ લગનમાં એવું ઘણું છે કે જેથી કોઇબી કોરટ એવાં લગન હકદાર તરીકે કદીબી મંજુર કરી શકેજ નહીં."

"ને જો તેમ થઈ શકતું હોય તો તમો શું એ લોકોના છુટા છેડા કરાવા ધારોછ?"

"હાસ્તો; એક હજાર વખત!" તે માતાએ મુસ્તકીમ ઠડાવથી કહ્યું; "નહી તો હું એવી નામોશીમાં જીવીજ કેમ મરૂં? આપરૂં. ખાંન્દાન શું ને પૈસા ટકા શું? જો એવાં છાન પુતરાંનાં નાચ જેવાં લગન હું ચાલવા દેઉં તો તાહરા બેહસ્તી બાપનું રૂવાન વટીક કમકમે!"

"હું તમારાં એ મતને મળતી થતી નથી, માયજી; એ લગન તોડાવી નાખવાને માહરી તદન ખાત્રી છેકે તમારેથી કાંઇજ થઈ શકવાનું નથી;"—એમ છતાં એ વિષે પોતાના સોલીસીટરની તાકીદે ને છુપી રીતે સલ્લાહ લઈ લેવાનું તે તુમાખી માતાએ પોતાનાં મનથી એકદમ ને નાબારતોબ નક્કી કર્યું.

તેની છાતીમાં કેવા દુઃખના ઘા વાગતા હતા તે તેને એકલીનેજ ખબર હતું ! તે પોતાના બેટાનાં આ લગનથી જાબજા નાસીપાસ ને દુખી દુખી થઇ ગઇ હતી. જે જે મોટે મોટે ઘેરનાં કારજ તેઓને ત્યાં આવ્યાં હતાં અને ફીરોઝે તુચ્છકારવાં હતાં તે ઘરવાળાંઓ બધાં તે ડોસીને કેવાં હસશે તેનો ખ્યાલ કરતાં તે બાપડી ડોસી પાણી પાણી થઈ ગઇ !

તે રાત્રે ફીરોઝ ઘેર આવી પુગવાનો વકી હતી, અને ઘરમાં તેથી ગડબડ અને ધમાલ ચાલુ થઇ રહી હતી. તેઓ કોઇ તેને સ્ટેશન પર સામાં લેવાં ગયાં નહીં, ફક્ત ગાડીજ મોકલી આપવામાં આવી. ધનીએ તો ઘણું જવા માગ્યું, પણ તે માતા અને હીરૂ તે વાતને એક મત થયાં નહીં. નોકર નફરોમાં વટીક એક ધીમી ગુસગુસ ચાલુ થઇ રહી. તેઓનો શેઠ પરણીને સાથે પોતાની મોહરદારને ઘરે લાવતો હતો એ વાત તે જૈફ માતાની દરેક તકેદારી ને ચોકાસી છતાં એક કાનથી બીજે કાન ફેલાઇ ગઈ હતી !

કેવું તે માતા ચાહતી હતી કે તે નવી વહુ જીવતી આ મેહેલમાં કદી આવવા પામે નહી ? કેવું તે ચાહતી હતી કે રસ્તે આવતાં એકાદ વીજલીના ઝટકાથીજ તે કપાઇ જાએ, અથવા તો રેલવેના એક અકસ-માતમાં પુરી થઈ જાએ અને ઘરે આવવા પામેજ નહી ! ! પણ ચાહવું એજ થવુ થતે તો આ દુનીઆ પાયમાલ થઈ જતાં વીલંબ લાગતે નહી.

તેઓ ડ્રોઇંગ રૂમમાં એકઠાં થયાં. હીરૂ ભપકાની ઘણી શોખીન હતી, માટે પોતાની નવી ભોજાઇને જોવાની ઉલટમાં તે ઘણીજ ટીપટાપથી ભારે થથેરા ને ભપકામાં તયાર થઇ. પોતાની સાડીની કલ્લી તે મોટી આખા કાચની આરસીમાં જોઇને પચાસ વખત સરખી કરી રહી, અને પોતાના ચેહેરા ઉપર પફ પાઉડરના ઉપરાછાપરી લપેરા લગાડતી રહી હતી.

કમનસીબે તે બન્ને બેહેનો જોઇએ એટલી દેખાવલી ને સુંદર નહી હતી. તેઓ ખાસ કરીને બદસુરત તો નહીંજ હતી, મગર જો કે ચેહેરાની બાંધણીમાં તેઓ સંપુર્ણ હતી તો પણ જોઇએ એટલી દીલકશ અને

ખેંચાણકારક ખુબસુરતી ધરાવનારી તે બે જવાંન અબળાઓ હતી નહી; અને જો કે હીરૂ તો હવે પરણી ગઈ હતી તો પણ એ તેણીનો હમેશનો છુપો ખેદ હતો, માટે રતાં જેવી એક સુંદર ભોંજાઇનાં ઘેરમાં આવવાથી તેઓ બન્ને રખેને છેકજ જાખી પડી જાએ તેની અગતકરીને હીરૂને વધતી ફીકર થઈ પડી હતી.

"હું તે પેટબરીને લીધે મારા પોરીઆને બી પેટમાં ચાંપી શકવાની નથી," તે માતાએ મસ બલાપાથી કહ્યું, "હું કાંઈ તે બાપલાખાધીને આવજો માવજો બી કરવાની નથી હો, પોરીઓ."

તે પછી તેઓ બધાં ચુપચાપ પડી રહ્યાં. સૌના હાથમાં વાંચવાનું હતું પણ કોઈ તે વાંચતું ન હતું. સઘળાં ખામોશ, ગંભીર ને ગમગીન હતાં. જાંણે કાંઇક મુઆનાજ સમાચાર આવવાના હોય તેટલાં બધાં તેઓ સઘળાં ફીકરમંદ ઉદાસ અને ચુપ હતાં.

અંતે તેઓની પોતાની ગાડી કમપાઉન્ડમાં દાખલ થવાનો જાણીતો ધમધમાટ કાંને આવ્યો.

"અમે ઓટલાવેર લેવા જઇએ કે, મમા?" ધનીએ ચમકી ઉઠીને પુછ્યું.

"કાંઇજ જરૂર નથી," તે માતાએ છણકો કરી કહ્યું,—અને પછી જરા વારમાં તો "માયજી?" "ધની?" "હીરૂ?" ના પોકારો કરતો ફીરોઝ પોતે અંદર આવ્યો. "કાંએ, કોઈ સ્ટેશનપર અમુને લેવા બી નહી આયાં?" તેણે હસીને પુછ્યું, અને ત્યારબાદ એક પછી એક સર્વને તે બગલગીર થયો. હીરૂ અને તે માતાએ તો તેને ફક્ત એક ઠંડીજ કોટી કરી.

તે બધાંનું ધ્યાંન તેની પછવાડે આવતા અને નીચી નજરે ચાલતા એક અતી શોહામણા આકાર ઉપર અજાએબીની આતુરતામાં ખેંચાયલું હતું. તે એક બીહતી ધ્રુજતી દાખલ થતી અબળા હતી, તે રતાં હતી.

ફીરોઝ હવે તરત તેની આગળ ગયો, અને હેતથી તેનો હાથ ધરી તેને આગળ પાડતાં બોલ્યો, "માયજી, આએ તમારી નવી વહુ છે. હીરૂ,

ધની, આએ તમારી નવી ભોજાઇ છે. રતાં, તું તો હવે એ લોકોને બધાંને પીછાંની ચુકી કેની ?"

"માયજી, તમે એને "આવો" કરીને બી નથી કેહતાં !" જરા વાર થોભીને ફીરોઝે પાછું કહ્યું. અને ત્યારે પોતાના દીકરાના ગુસ્સાનો ડર કરીને તે તુમાખી માતાએ ઘણી ઠંડાઇથી કહ્યું, "વરી આયાં તે તો આયાં; આવો."

"આવો," તેવાજ ઠંડા સાહેદે હીરૂએ પડધા પાડયો.

"હું બી તમોને "આવો" કેહું કેની ?" ધનીએ વધતાં હેતથી કહ્યું, અને જઇને રતાંનો હાથ પકડયો. એમ છતાં સામટી રીતે આ મળવા ભેટવાની અરસપરસની ક્રિયા ઘણી અકરવકર ઉપજાવનારી, દુ:ખ પેદા કરનારી ઠંડી અને સુસ્ત હતી.

રતાં એ વેળાએ ઘણી ઉંચી ફીસમના મુસાફરીના ઠઠેરામાં સજ્જ હતી. પોશાકમાં સઘળો યુરોપ્યન તોર અને સુધરેલાંઓનીજ અદા જોવામાં આવતી હતી. ફીરોઝે સંભાળભરી કુનેહથી તે ગોરી ગામરચનને શેહરી સુધરેલી બનાવી હતી !

તેને હજી સુધી કોઇએ બેસવા વટીક કહ્યું નહીં, અને તે તેથી હજી સુધી બેઠી ન હતી; તેને કેહવામાં આવ્યું હતું તેના તેણે ધીમા ધીમા સાદે 'હાજી' 'નાજી'ના જવાબો આપ્યા સિવાય જ્યાદા તે કશુ બોલી હતી નહીં.

"તમે થાકી ગીયાં હોશો," અંતે પોતાના ભાઇને ખાતર હીરૂને થોડીક સભ્યતા બતાવવા ફરજ થઇ પડી.

"હાજી, હું મુસાફરીથી ઘણી કંટાલી ગઈ છું," રતાંએ નીચી નજરે જવાબ દીધો. તે અવાજ વાંસલી જેવો મધુર, મીઠો અને દીલજીત હતો.

"મમા, હું એવણને એવણનો ઓરડો બતાવી આઉં ?" ધનીએ કાંઇક બીહતાં બીહતાં પુછ્યું, અને તેણીએ તરત જોઈ લીધું કે કાંઇક

કાયું કપાયું ખરૂં, કેમકે એમ તેણીનાં નીચા નમવા ખાતર તે માતાનો ચહેરો લાલ ઝુંડ જેવો થઇ ગયો!

"અમારે વાસ્તે કીયા ઓરડા તૈયાર કરાવ્યાછ, માયજી?" ફીરોઝે પુછ્યું.

"વરી કીયા! તારા જે ઉતા તે તાહરે વાસ્તે રાખ્યાછ," તે માતાએ કાંઇક તીખાસથી કહ્યું. અને વળી વાદળ ઘેરાઇ આવતું જોઈ ઘની દુર-અંદેશ સહમજદારીથી એક મીઠાં "આવોજી" સાથે રતાંને લઇને તેનો ઓરડો બતલાવા બાહર પડી.

હવે તે માતા, હીરૂ અને ફીરોઝ એકલાં પડયાં.

"માહરાં લગનની વાત વાંચીને તમે ઘણું અજબ થયાં, માયજી?" ફીરોઝે હવે આ વાંધાભરી વાત એકદમ કરી નાંખવાના એરાદાથી ખુરસી લેતાં તરતજ પુછ્યું.

"તું મને એ વીશે કાંઇ બી પુછતોજ ના, છોકરા," તે માતાએ ઘણુજ તોરથી કહ્યું. "માહરૂં દીલ બધું બરીને બેપર થઇ ગયલું છે તેવામાં તે વીશે હમણાં કાંઈ બી વાત તું કાહરતોજ ના. તાહરૂં કીધું તું જાણે!"

"માહરે તમારી રજા લેવીજ હતી, માયજી, ને તે મેં નહીં લીધી તે માહરો મોટો વાંક હું એકદમ કબુલ કરૂંછ," ફીરોઝે પ્રમાણીક અદા-એથી કહ્યું; "પણ મને બીહીક લાગી જે તમે કદી બી હા' કહેવાનાં નથી! એટલી માહરી તકશીર માફ કરો, ને હવે એ છોકરી સાથે મળી જાઓ. ઘણી નમાની ને દાહી છે, ને જો તમો એને ચાહવાની કોશેશ કરશો તો જરૂર એ તમોને ગમશે."

"જે થવાનું હોશે તે તેને વખત વેરાએ થઇ રેહશે," તે માતાએ તુચ્છકારથી કહ્યું.

"હીરૂ, તું તો માહરી બઇરીપર, મહેરબાંની રાખશે કે નહીં?" તેણે હવે પોતાની બહેનને અપીલ કરતાં પુછ્યું.

"હું ધારૂંછ કે માયજી કહેછ તેજ ખરૂં છે," તે બહેને બી તેવાજ જોરથી કહ્યું. "સૌ તેના વખત વારે થઇ રહેશે. તમે તમારા દરજ્જાથી ઘણી ઉતરતી પદવીની છોકરીને પરણવાની ઉતાવળ કીધી વાસ્તે હવે તો તમારે ધીરજથી જે થાય તે જોવાનું છે. રાહનાં પાણી રાહે જશે,"—અને ફીરોઝ આ પતરાજીભર્યો જવાબો સાંભળી વધુ કશુંબી બોલ્યા વના ગુસ્સાભેર ઉઠીને પોતાના ઓરડામાં ગુપચુપ ચાલ્યો ગયો !

"કાંએ, મમા, શું ધાર્યું ? કેવી છે ?" ફીરોઝનાં ઉઠી જવા પછી અધીરી પડી રહેલી હીરૂએ પોતાની માતાનો અભિપ્રાય જાણવાની તાબ-રતોબ તલબ કરી.

'ધાર્યું' આવતી જતીનું કલેજું," તે માતાએ પોતાની અણુહદ ખફ્ગી ને નાઉમેદી છુપાવવાની હવે કશી બી દરકાર કર્યા વના જોસથી કહ્યું. "વરી ધારે શું ને વિચારે શું ?"

"મને તો લાગેછ, માએજી, કે તમે ધારોછ તેટલું નરસ કંઇ નથી જો," હીરૂએ બીહતાં બીહતાં મત આપ્યું; "હું તો જાણું જે મુઇ કોઈ છેકજ અવરદસા જેવી, ગામરેના પોશાકની, કશી બી ટેસ્ટ વગરની દુકતી હોશે, પણ આએ પોરીએ તો નજર વટીક નીચેથી ઉપર નહીં કીધી, ને બધી શાણુ સલુકભરેલી કોઇ પોરી દેખાઈ. મુઇનું રૂપ કેવું બાગોબાહાર જેવું છે, ને અવાજ બી કેટલો બધો મીઠો છે ! ફીરોજી મોહી પર્યો તેમાં કંઇજ નવાઇ નથી મને તો લાંગતી માએ."

તે માતાએ છાતીપર પથ્થર મેલીને આ "તાહેલું—તવાણું" સંભળ્યું. તેણીએ જોયું કે દુન્યાજ તેની સામે ફેરેલી હતી, કેમકે તેની ગુજસુજની વડી દીકરી હીરૂ વટીક એક લેહજામા ફેરવાઇ ગઇ ! તેણીએ તેને પોતાની મતલબ ફરીથી સમજ પાડી. પોતાના દીકરાને બધી સુઆઈ હલમલી રેહે તેમ વાજતે ગાજતે બરી ઢીંગસ ને મોટી ધામધુમ સાથ પરણાવાનો તેને અબખરો ને લોભ હતો, ને ઘણે પૈસાદાર ઠેકાણે એ કારજ ગોઠવીને પોતાની અસલ મોટાઇ ને નામનામાં તે ઘણો મોટો ઉમેરો કરવા માહતી

હતી તે બધું નવેસરથી તેણે પોતાની આ ગુજસુજની વડી દીકરીને સમજાવ્યું; પણ હજી હીરૂ તો એકમત થઇ નહીં, "ખરબચડા પથ્થરો વટીક ઘસવાથી લીસા ને સુંવાળા થાયછ તો આપરે એ છોકરીને કેળવીને કાંએ નહીં આપરા ઘેર લાયકની કરછું વારૂ?" તેણીએ જીકકર ઉઠાવી: પણ તે માતા એવી બેમીસાલ તકરારોથી વટીક મનાઇ ગઈ નહીં. 'એ શીખે ને સુધરે તાંહાં સુધી શું હું માહરાં વરસ વેચાઉં ને દાંડા ગણાઉં?" તેણીએ લગભગ ચીસ પાડીને પુછ્યું, અને ત્યારે હીરૂએ જોયું કે તેની માતા જોડે તકરાર કરવાનું પથ્થરપર પાણી રેડવા જેવુંજ હતું, એટલે તેણીએ એ જીકકર દાનાઇથી આગળ વધારીજ નહીં.

હવે બીજા હાથપર ભોલી ધની સુંદર રતાંની ખુબ ખાતર કરવા પડી ગઇ હતી. તેનામાં ખાન્દાની સુગનો ધખારો હોય તો અતી ઘણો ઓછો હતો, જેથી જો કે પેહલી હરોલમાં તે ફીરોજનાં અચબુચાં ને છુપાછુપ થયલાં લગનની વાત વાંચીને લગાર દઝાઇ હતી, પણ રતાંને રૂબરૂ જોવા પછીથી તે તરત પોતાની મજકુર સુગને જીતી લઇ શકી, ને રતાંની દીલસોઝ દોસ્ત થઈ ગઇ.

તેને રતાં ઘણી ગમી. રતાંની અનુપમ ખુબસુરતીને લીધેજ ધની તેનાપર ફીદા થઇ એમ નહીં હતું, પણ હીરૂની પેઠે તેણીએ બી તાબરતોબ જોઇ લીધું કે રતાંની વર્તણુકમાં તેઓ ફીકર કરતાં હતાં તે કીસમનું "વલગર" કશુંજ ન હતું. ખરેખર તો તેની કીસમની એક ગામરથપણું આવા મોટા મેહેલમાં એમ આવતાં સાથે ઓશકાવાનું ગભરાવાનું અજબ થવાનું વિગેરે ઘણું હતું, પણ છપ્પન રતને એવી એક બી લાગણીમાં પકડાઇ નહીં આવવાની એટલી ખંતથી સંભાળ લીધી કે તે બધું ધનીને અગત કરીને ગમ્યું, ને તેથી તે પેહલીજ હરોલમાં એ પોતાની નવી ભોંજાઇની દીલસોઝ દોસ્ત થઇ ગઇ. રતાંમાં એ પોતાની ઉંચ પદવીની ગરૂરી કે મોજ વટીક દેખાઇ નહીં. તેની જગ્યે કોઇ બીજી હતે તો આ બધી માલ મીલકત ને રાજ શોભાની આયંદે તે પોતે ધણયાંણી થનાર છે, એ ખ્યાલથીજ હરખાઇ જતે, ને તેનું માંથુ બી તેથી ફરી જતે; પણ

રતાંને પૈસાપર પ્યારજ ક્યાં હતો? તેના ચેહેરાપર તો ધનીએ એક કે બીજી મતલબનો જવાબ કરતો એક બી ફેરફાર જોયોજ નહીં, તે ત્યારે તેનાં દીલની એ સાદાઇ જોઇને તે શ્રીમંત છોકરી ઘણી હેરત થઇ. એમ છતાં તે ભુલી જઇ શકી નહીં કે તેની તુંમાખી માતા તેણીને (રતાંને) કદીબી માંફ કરી શકવાનીજ નથી, અને ત્યારે આયંદે આ બધા કાંટાંના કટેસરનું સેવટ શું આવશે તેનો ખ્યાલ કરતાં તે ઉદાર હેતુઓની છોકરી જવાંન રતાં માટે ફીકરમંદ થયા વિના રહી શકી નહીં. તે પોતે આ મોટા મેહેલમાં રતાંનું ભવિષ ઘણું સીહા માંની લેતી હતી, અને કેહવાની જરૂર છે કે હીરૂ, ફીરોઝ અને રહી સહી રતાં પોતે પણ પોતપોતાનાં મનમાં એજ મત બાંધી ચુકયાં હતાં?

પ્રકરણ ૨૦ મું.

હવે પેલા હાથપર ધની પોતાની આ નવી ભોંજાઇને ફીરોઝને લગતા ઓરડામાં હેતથી તેડી ગઇ. તે મમતાલુ સ્વભાવની ને દયાલુ દીલની હતી, એટલે હીરૂ કરતાં બી તે રતાંની વધતી અદરકદરની થઇ. તે આ મનમોહન સુંદરતાથી છક થઇ હતી. તે પોતે બી વધતી ઓછી સુંદર હતી, પણ આવો એક તેજસ્વિ ને ખરેખરો મોહક મુખડો ફીરોઝની આ ન્હાની લાડકી બેહેને કદી પોતાની આખી જીંદગીમાં આગળ જોયો ન હતો, ને તેથી એવી એકને છુપાછુપ પરણી જવાની તેના ભાઇની ઉતાવલને તેણીએ પોતાનાં મનથી ઘણોક ઇનસાફ આપ્યો.

તે રતાં સાથ ઘણાજ પ્યારથી પલેટાઇ ને હેતથી હલી ગઇ, અને રતાંએ પોતાનો ટેક તાજુબીભરી હદ સુધી જાળવી રાખ્યો. તે વિશાલ વરંદા ને તે ઉંચી ઉભરણીના દબદબાભર્યા ઠાઠથી આરાસ્તા કરેલા કુશાદે ઓરડાઓથી તે છક થઇ ગઇ, પણ પોતાની અજાયબી કે હરખ બતાવવાની તેણીએ કશીજ કમસમજ બતાવી નહીં. હરખ તો તેને હતોજ નહીં ફીરોઝ જેવા એક કુલવાંન ને ધનવાંન જવાંનની મોહોરદાર થઇ તે અત્રે આ આલીશાંન

મેહેલમાં રાજ કરવા આવવા પાંમી હતી તે કરતાં એક સાદા કલાર્કની બૈરી તરીકે એકાદ ગામડાંનાં એકાંત માંહેલાં કોઈ નિર્ધન ને કંગાલ ઝુપડાંમાં તે વધતાં સુખ ને દસઘણી વધતી નિરાંતથી રહી શકતે એમ તેને લાગ્યા વિના રહ્યુંજ નહીં, ને તેથી પોતાની આ હાલની મોટાંમાંમોટી અવદશા માટે તે મધુરીને મસ મોટો ખેદ થયો.

તે ધની સાથ તરતજ હલી ગઇ. તે છોકરીએ એકલીએજ તેને આ મોટાં ઘરમાં મોહોબતમય આવકાર આપ્યો હતો, ને તેજ તેણીની જોડે ચાહીને તેની દરેક ખાતર કરતી અહીં સુધી લાવી હતી એ તે ભુલી જઇ શકી નહીં. અલબત ફીરોઝની માતા ને હીરૂનાં ટીચકાં તો એમ બી ચઢી ગયાં હતાં કે ફીરોઝ જેવા એક શેઠયાની આ મોહોરદારની ખીદમતમાં મુસાફરી દરમ્યાંન એક આયા દાયા બી નહીં હતી, પણ તેઓ શું જાણે કે છેક્ના છેડા સુધી નિર્દોશ રતન તો આ મોટાઇના તકલીદી ઠાઠથી બીલકુલ બેખબર અને બીનમાહીતગાર હતી?

ધનીને તેની ખુબસુરતી ગમી તે તેને ઘણું ગમ્યું. ધનીએ તે મનોહરતા નિર્દોશપણે વખાંણી તે તેને દીલની સાદાઇ ને મનની ભરભર બોલી ભલાઇ ઉપર બી એ ગામરેની ગોરી ફીદા થઇ. અને પરીણામમાં તે નરણુ ઓંજાઇ વચ્ચે સારોજ એખલાસ જલદીથી બરપા થવા પાંમ્યો.

રતાંને ઘણો ઠાઠ સજીને ટેબલ ઉપર જમવા આવવા ફીરોઝે માંગી લીધું. તે "પેહેલી અસરો" ને પેહેલી નજરની ફતેહમાં માનવાવાલો હતો, અને જોકે રતાંને પોતાને એ જરા થઇને ગમ્યું નહીં, તોબી પોતાના ભરથારને ખાતર બને એટલું ખમવાને જીવપર ખેડવા તે કબુલ થઇ ચુકી હતી, વાસ્તે તેણી એ વાતને અતે એકમત થઇ; અને ત્યારે ઘરના સાદા ઠઠેરામાં તે દીલચસ્પ સુંદરતાને પોતાના ખાવંદની બાંહેધરી હેઠલ ડીનર ટેબલપર આવેલી જોવાનું વટીક સુખકારક થઇ પડયું!

તે એક દમામભરયો દીલ બેહેલાવનારો દેખાવ હતો, ને તે તોરવંતી માતા પોતેબી તે ચંદ્રસમ ચેહેરાનું તેજ ને ચમક જોઈ ચમકી ગઇ એમ

કહ્યા વના ચાલશે. રતાં ઘણી નાજુકી ને ઘણી સંભાળથી તૈયાર થઇ હતી. ફીરોઝની અરજને માન આપી તેણીને દ્રેસ કરાવા ધનીએ પોતાની આયાને ખાસ મોકલી આપી હતી—એ ભાગેલા હાથનાં મોટે ઘરનાંઓથી આયાદાયાની મદદ વગર તે વળી દ્રેસ કેમ થાએ?—અલબત રતાંને તો એ આખાં હાડકાંની હરામખોરી મુતલગ ગમી નહીં, ને તે એ જાતની કંગાલ ફેશીનના સુધારાથી કમકમી વટીક; "હું હમેશ માહરે હાથે માહરૂં ફેરી લેતી હતી કેની?" તેણીએ પોતાના વર સાથે જીકકર કરી; પણ એમ છતાં 'ફેશન" નાં ચવિત્રાંને આખરે તે સુધરેલી ગામરેની ગોરીને નમવુંજ પડ્યું, ને પરીણામમાં તે વધારે દીલકશ ચહેરાથી તૈયાર થઇ હતી.

તે આના વટીક અકકલથી હેરત રહી. રતાંના બાલ કરવા જ્યારે તેણીએ તેનું માથું છોડયું ત્યારે તે એક ભારા જેવા ભરાવદાર લાંબા કાળા ઝલકતા બાલની ખુબસુરતીથીજ તે છક થઇ. તે બાલની કમરથી હેઠે સુધીની લંબાઈ, ભમર જેવો કાલાસ ને તેવીજ જલેહ એ સઘળાંથી તે જાબજા અજબ થઇ, અને એવું એક પંખેરૂ તે ઘરનો જવાંન શેઠ હરી લાવ્યો તેમાં તેણીએ પણ ઘણું વાસ્તવીકપણું ને ઘણો ઇનસાફ જોયો.

પ્રકરણ ૨૧ મું.

સુંદર રતાં તે "ડાઇનીંગ હૅાલ"ના દબદબાથી છક થઈ ગઇ. તેની ઉભરણી ઉંચી, અને બારીઓ હવા અને ઉજાસનો એક ધોધ ઘરમાં લઇ શકે એવી પોર પોખાર અને કુશાદે હતી. તેની દેવાલો મજબુત અને ફીકા બ્લુ રંગની હતી, અને તે ઉપર મોટી આખાં કદની સબીઓના તખ્તાનો એક ટેસ્ટભર્યો સણગાર કરેલો હતો. ખુદ ટેબલની રોણક, તેની લંબાઇ ને દબદબાથી બી તે સુંદરીની અક્કલ હેરત રહી; પણ અલબત તે કશું બોલી નહીં. તેની જગ્યે કોઇ બીજી ગમાર ગામડયણ હોતે તો ખુશીની મારી ચીસ પાડી ઉઠતે, પણ આ રોબવંતી ને ટેકાવદાર છોકરીએ તો જાણે તે બધું

તુચ્છ હોય અથવા તેમાં નવું કશુંજ ન હોય તેમજ જોયું, અને ત્યારે ફીરોઝની માતા વટીક અજબ થયા વના રહી નહીં.

ખાંનુ ચુપચુપ ચાલ્યું. પછવાડે ખીદમતમાં ખડા રહેલા બોય ને બટલરોની સમક્ષ કાંઈ બી નબોજું બોલીને અઝાડો બાલવા જેટલી હેમક ફીરોઝની માતા હતી નહીં, માટે ગળે ગાંઠ ને મોંઢે ડુચો મારી તેણે ચુપ-ચુપ ખાયા કીધું—જો કે આવી એક વહુ બાજુમાં બેઠેલી હોવાને લીધે તે સોના જેવું ખાવું પીવું બધું તેને મન તો ઝેર જેવું હતું. તે તો બસ આ "કમકમાટભર્યાં લગન" કેમ તોડી નાંખી શકાય તે ખ્યાલોમાં ગીરફતગાર ગરક ગઇ હતી. એ લગનમાં તેના સોલીસીટરો એવું કાંઇબી સોહોધી કાઢી શકશે કે નહીં કે જેથી તે નારવા ને નાપસંદ લગનના એ બંદમાંથી ફીરોઝને હજી બી છુટો કરી શકાય તેજ ખ્યાલો પર તે પૈસાની સુગમાં મરી રહેલી માતાનું મગજ ચકભમ ભમ્યા ને ફર્યા કરતું હતું!

ફીરોઝ બી કાંઇ બોલ્યો નહીં. તેણે તેની માતાનું બોહીયું ચઢેલું જોઈ તેની બેહેનો હીરૂ અને ધનીને એલાર પેલારની થોડી ઘણી વાતો કરાવી એટલુંજ. ખરેખર તો પોતાની સુંદર મોહરદાર પર તે એવો જાનોનિસાર ફીદા હતો કે તેને કશુંજ અસીકું કે નવું ન લાગે ને શરમા-શરમીમાં તે મધુરી ભુખી ન ઉઠે તે તપાસવામાંથી ફરાગત થઇ બીજી કોઇ બી વાત પર ધ્યાંન આપવાની તેને મુતલગ ફુરસદજ ન હતી! તેને તેની માતાની અદા ને વર્તણુંક સમજમાં આવી ગઇ હતી. રતાં આ ઘરમાં અકારી અને અણઆવકારી હતી એવું તેને પોતાની ચીલ-ચાલથી બતાવી તે જૈફ માતા તેને કાયર ને નાસબર કરવા ચાહતી હતી એ તેણે તિક્ષણ આંખોએ તરત જોયું, ને તેથી તે રતાં પર વધારે વીહીલો પડયો. રતાં પોતે બી એ માંજણું જોતી ને મનથી સમજતી હતી, પણ તેણે વળી પોતાની તુમાખી ને તોરવંતી અદાથી અત્યાર સુધીમાં ફીરોઝની મગરૂર માતાને પુરતું બતાવી આપ્યું હતું કે એવી એક શ્રીમંત અબળાના તુમાખથી કચડાઈ જાય કે ડરી જાય એવી તે

પોતે કોઇ રેજીપેંજી કે નબલી પોચી ને ઑથ વગરની ગામરલન મમાર નહીંજ હતી ! ! ટુંકમાં, તે અરસપરસની ધુરકાધુરકી આ ટેબલ પર પણ જોવાજોગ હદ સુધી દુઃખકારક હતી. જો રતાં કોઇ કુલીન કે પૈસાવાલા ઘેરની છોકરી હતે ને એવો રોબ કરતે તો તે ડોસાં રાજી રાજી થઇ જતે, કેમકે તે પોતે તેવી રોબવાલી ને ટેકવાલી હતી, માટે પોતાના દીકરાની મોહરદારમાંજ તેજ જાતનું તેજ ને પાણી જોવાને તે ઘણી રાજી થાત; પણ આ તો એક અભણ ગામરેની ગોરી ને તે એમ તોર ને તુમાખ ધરાવે તે તેઓથી કેમ જોઇ કે ખમી શકાય ?

"આપરે ઘણુંએ સાથે જમ્યેછ, મમા," અંતે ફીરોઝે કહ્યું, "ને હું ખુશી છેઉં કે તમે આજે ટેબલપર બાહારનાંઓને નોતર્યાં નથી. પેહેલેજ દાહારની એ "સેરીમની" મને ગમતે નહીં."

"હું જાણ્યા તપાસ્યા વગર કામ લેતીજ નથી," તે માતાએ ચસ્સાથી કહ્યું. "હું માહરો પોતાનો હુરયો ને ફેરતો માહરેજ હાથે કરાવતી નથી."

રતાંએ એ સાંભળી ઝટ ઉંચે જોયું, ને આ બધું તેના સંબંધમાં તેણીનીજ વિરૂધ્ધ તેનેજ સંભળાવા બોલવામાં આવ્યું હતું એમ જોઇ તે તુચ્છકારથી હસી.

"કેમ તમુને હસાં આવી ગીયાં, વહુમાએ ?" એ જોઇ ફીરોઝનાં માતા મેહેરબાઇથી પુછ્યા વિના રહી શકાયું નહીં.

"હસ્યાં એટલા વાસ્તે કે તમે મોગમમાં જે માહરે સારૂ બુરૂ બોલોછ તે બધું નહીં સમજી શકવા જેટલી તમો ધારોછ તેવી હું છેકજ બોતસોત નથી." રતાંએ તેજીથી જવાબ કર્યો, ને તે સરોપરો રાખ્યા વનાનો આપેલો સાચો જવાબ સાંભળી સર્વનાં મોંહ ઝટ ઉતરી ગયાં. મેહરબાઇને પોતાને બી ભારે ખસ્યાણું લાગ્યું, અને ફીરોઝ તો સમજીજ નહી શકયો કે તેણે રતાંની સ્વતંત્ર હીંમત વખાંણવી કે તેની માતાનું એમ મોંઢાંપર ને મોંઢાંપર તેણે કરેલું અપમાન વખોડી કાહાડવું ! ટુંકમાં,

એ પછી બધાંનાં માએબાપ મરી ગયાં હોય તેમ બધાંઓએ પાછુ ચુપચુપ જમ્યા કીધું.

ખાંનુ પુરૂં થયું.

એ દરમ્યાંનમાં ફીરોઝને કોઇ મળવા આવ્યું જેથી ફીરોઝ તેને લાયબ્રેરીવાળા ઓરડામાં મળવા ગયો, ને બાંનુઓ જમીને સરેસ્તા મુજબ ડ્રાઇંગ રૂમમાં એકલાં પાછાં ફર્યાં. ત્યાં બી સાસુ વહુની ધુરકાધુરકી તો ચાલુજ હતી, પણ પછીથી ડોસાં બારી આગળની પોતાની મોટી ખુરસીમાં જઇને ગોઠવાયાં, ને જાણે જરા નીંદ લાગી હોય તેમ આંખ મીંચી. એ દરમ્યાન રતાં ઉઠીને આસપાસના ફોટોગ્રાફો જોવા લાગી, ને ટેબલપર ફીરોઝનો છોકરવન ઉંમરનો જે એક "ફોટો" હતો તે તેણીએ ઉલટથી ઉપાડયો. એવામાં ધની તેણીને મદદે આવી. "એ આપરા ફીરોજીની આગળા વખતની સબી છે," તેણીએ કહ્યું.

એ સાંભળી ડોસાંએ પાછી આંખ ઉઘાડી. "કેવો મને તે વખતે એ વ્હાલો ઉતો," તેવણે વળી ભમરડો ગુમાવ્યો.

"અને હવે," રતાંએ કાંઇક તુચ્છકાર ને તાજુબીથી પુછયું.

"હવે એ મને અકારો ઝેર જેવો લાગેછ," તે હેમક માતાએ કહ્યું. "એમાં તાહરો વાંક નહીં બી હોશે ને હું કાંઇ ખાસકરીને તુંને દુઃખ લગારવા ચાહતી નથી. પણ માહરા છોકરાનાં તાહરી સાથનાં લગને માહરાં ઘેરનું હું તો એમજ જાણુંછ કે નખ્ખોદજ કાહારી નાંખ્યુંછ!"

"વાહ શું મજાનું તમે મને ! માહરાં મોંનાપર ને મોંનાપર તર ને ફર કેહી સંભરાવોછ!" રતાંએ એ સાંભળી ઉકળતાં લોહીથી કહ્યું, "ને વરી બીચારાં કેહતાં જાઓછ કે હું તુંને દુઃખ લગાડવાનું કેહતી નથી!"

"એટલે, મુઈ તું પીંજારડીની મને શું પરવાહ છે જે રે?" ડોસાં આ તરકટો જવાબ સાંભળી હવે સઘળી ધીરજ ખોહી દઈ બખાલ્યાં. "હે વરી, બોલતાં નહીં તાંહાં વેર એ તો એકનું સાત તરતર કરીને

ઉભી રેહતી દેખું ! તાહરી તાકાત શું, પેટબરી, જે તું માહરા હીરા મોતીના ચોરીને જંગલની વચ્ચે વાહી પટાવીને, પણની ગેઇ ?"

"માહરી બલારત બી એવું નીચપણું નહીં કરે," રતાંએ ગુસ્સાથી ઘણીજ મનોહર હદ સુધી લાલ થઈ જતાં કહ્યું. "તમારો દીકરો માહરૂં પગપાંણી કરતો સાત વખત સાંબો આયો. વરી એવણુ જોજે ! તમે શું જાણો કે એ લગન બાબે અમારા વચ્ચે કેવાં કેવાં રણ પરયાંછ તે ?"

"મને તે જાણુવાની પરવાહજ શું હોય રે પોરી ?"

"ત્યારે જાણ્યે નહીં તો બોલ્યે બી નહીં," રતાંએ તોરથી કહ્યું. "તમે બોલી રહ્યાં તો મને બી સાંભરી લેઓ જે તમારો દીકરો પૈસાવાલાનો છોકરો છે એમ જો હું જાણુતે તો માહરો સુખનો જીવ દુઃખમાં નહીંજ નાંખતે !"

સઘળાંની આંખ આ અજબ જેવો એકરાર સાંભળતાં અજાયબીથી ફાટી ગઇ !

"તે તું શું એમ કેહવા માંગેછ, પોરી," મેહેરબાઇએ બેવિશ્વાસના દરેક દેખાવથી તોબી તાજુબીથી પુછ્યું, "કે જ્યારે તું માહરા ફીરોજીને પરણી ત્યારે એનું નામ નિશાંણુ ને વગવસીલો જાણુતીતીજ નહીં ?"

"વગવસીલો ?" રતાંએ હદવનાના તુચ્છકારથી કહ્યું. "માહરે મન વગવસીલા. ને પૈસાટકા ઝેરનું ખારૂં છે. હું જો જાણુતે તો તમારા પૈસાટકા ને વગવસીલાને ઠોકરે મારતે ! હું તો અજાણુતાં ફસેલી છેઉં."

"હું માનતીજ નથી," તે છોકરાની માતાએ કહ્યું. "એ વાત માનવાજોગ છેજ નહીં."

"ને હું તમોને તે મનાવાની દરકાર બી પણું કરતી નથી," રતાંએ બી તેવાજ ચરસાથી કહ્યું. "એટલું બી માતર મેં મારા પોતાના બચાવમાં કહેલું છે, ને હવે પછી એ લગન વિશે જે પુછવું હોય તે બધું

તમારા દીકરાનેજ પુછજો. હું જવાબ આપવા સાફ ના કેહુંછ”—ને તે તોરવંતી છોકરી ગુસ્સાથી ધ્રુજતી એમ બોલતાં નિચે બાગમાં ઉતરી ગઇ.

એ વેળા મેહરબાઇની શી ગતી હતી? તેની ને તેની બંને બેટીઓની અજાયબીની સિમા ન હતી! આ એક અભણ ગામરયણ ને તેનામાં આવો ઘસ્સો ને આવો તોર હતો એટલુંજ નહીં પણ વળી તે એટલી હદ સુધી પૈસાથી સ્વતંત્ર હતી કે તે જો ફીરોઝના પૈસા ને પદ્દી જાણુતે તો તેને કદી પરણુતેજ નહીં! ત્યારે શું ફીરોઝ તેને દગલબાજીથી કાંઇ ઉલટીજ ઉલગબરડી સમજાવીને પરણી લાવ્યો હતો? એ તો વધારે બદતર હતું! એ લગન કોઇ વરવાંધાથી તોડાવી નાખવાની તે માતાની ગણુત્રીઓ ખોટી કરવા જોગ આ તો વધારે નરસ ને નાલાયક ખરાબીની વાત હતી!

રતાંના રોબ અને તોરથી તે મોટે ઘેરની મેહરબાઈ પાણી પાણી થઈ ગઇ! આએ કીસમે તેને તાણુાજાણીની તોરછોડના રોકડા જવાબો આજ સુધી કોઇએ આપ્યા નહીં હતા. રતાં એક ગુસ્સે થયલી રાણીના રોબથી બોલીને બહાર ચાલી ગઈ હતી.

“મરેરે, મરેરે, એમનું એમ માજણું ચાલશે તો હું તો બધી ઘેલી દેવાંની થઇ જવશ.” તે માતાએ એ ઉપરથી અરધું રડીને પોતાની બેઉ બેટીઓ આગળ તેણીનાં જવા પછી સંતાપ કર્યો.

“પણુ તમે બમથો તમારો જીવ કુહરાવોછ તે કોઇ શું કરે?” ધનીએ કેહવાની જેમ તેમ હીમ્મત કરી, અને કેહવાને અજબજેવું છે કે હીરૂ પણુ હવે સારી સમજદારીથી તેનેજ એકમત થઇ. તે માતા તેથી એકલી પડી ગઇ.

“મુવાં તમે બધાં એકસંપ થયાંછ,” તેણીએ કકલાટ કર્યો. “તમોને જોવાની આંખ ફુટી ગેઇછ કે આવી એક પેટબરી તોછરી ને તરકરી ડુકતી સાથે હું અત્રે માહરો મોભો ને દબદબો કેમ સાચવી શકશ?”

"તમે તેને ફફરાવાનુંજ મુકી દેઓ, માયજી," હીરૂએ એ આંખમાં તરત સલ્લાહ આપી.

"તે મુધ તરતર માહરાં મોંનાંપર આવેછ," મેહરબાઇએ પાછી ફરીઆદ કરી. "મુઇ નફ્ત નાંખે કેહછ કે જો તાહરો પોરીઓ પૈસાવાલો છે એમ જો હું જાણુતે તો કદી તેની સાથે પણુતેજ નહીં. તમે બી એહનો એ વાત માનોછ?"

"હું તો માનુંછ," ધનીએ તાબરતોબ જવાબ કર્યો. "ફીરોજીએ જાંહ તાંહ એને કંઇ બી છેતરેલી છે."

"માહરૂં બી એજ મત છે," હીરૂએ કહ્યું—અને મેહરબાઇએ ફરીથી જોઇ લીધું કે એ પોરીને કચડી નાખવાનું અથવા એ લગ્ન ખોટાં ઠરાવાનું જો એમ હોય તો હૈયાંફુટા ફીરોઝના એ આંધળા અવિચારના સબબે ખરેખર એવડું અને ચોવડું મુશકેલ થઇ પડવાનું!

પ્રકરણ ૨૨ મું.

રતાંનો ગુસ્સો તેની જવાંન છાતીમાં સમાવેલો સમાતો ન હતો. તે અત્રે હદ વનાની દુઃખી હતી, પણ તેણે ફીરોઝને સઘળું માંજરણું છેકના છેડા સુધી ધીરજથી તપાસવા વચન આપ્યું હતું, માટે તે હજી સબર અખત્યાર કરી રહી હતી. પૈસાની રેલછેલ, તે મોટા મેહલ જેવા બંગલાની લહેરચહેર, ત્યાંનો રોબ અને ઠાઠ, રાચરચીલું અને ભપકો એ સઘળું તેણીને કાટેલ ઝેર જેવું દેખાતું હતું. તે એ માહેલાં કશાંથી બી અંજાઈ ગઇ કે રાજી થઇ નહીં, અને ઉલટું જેમ તે એ સઘળું વધતું જોતી અને અનુભવતી તેમ તે સઘળી બાહારની ચાઇચાઇનું પોલાંણુ વધતી ને વધતી ધીકકારતાં શીખી.

તેણીએ તરત ને તરત તે માતા જોડેની ખટપટની વાત પોતાના ભરથારને કહીજ નહીં. તે તેના પ્યારનાં સુખમાં એટલો સુખી ને ખુશી

દેખાતો હતો કે જે થાય તે હાલ તો જોયા કરવાના એરાદાથી તે તુરત વેળા કશું બોલી નહીં.

વળતે દીવસે પીરોઝે જોયું કે તેની બેઉ બેહનો તો રતાંની પક્ષ અને લાભમાં અરધી મનાઈ બી ચુકી હતી. ધનીએ દીલનાં ઘણાં પ્રમાણીક જોસથી અને હીરૂએ ઓછી વધતી દીલસોજીથી તેનાં એ લગનને તેઓની માતાની હઈસેથી બાહાલી આપી. તેઓનાં કેહવા મુજબ તેનામાં પૈસા ને પદ્દીના સવાલ વ્રતરોગે આ મોટે ઘરની વહુ થવા માટેનું નાલાયકપણું બીજું એકે ન હતું. "મને તો બા એ ઘણીજ ગમેછ," ધનીએ જોસથી કહ્યું. "હું તો માયજી સાથે એને ખાતર એની તરફથી હંમેશ લડવાની."

"તુને લડવું પરશેજ નહીં, ધના," પીરોઝે હેતથી કહ્યું.

"લડવું તો મને લાગેછ કે ખચ્ચીત પરશે ને ઘણું પરશે, પીરોજી," તેણીએ જવાબ કર્યો. "મમાને એ છોકરી મુતલગ ગમતી નથી. તેવણુતો એનાં દુશ્મનજ થઈ લાગાંછ!"

એ ઉપરથી તે પાધરો ઉઠીને એ બીકટ સવાલનો નિર્ણય કરવા ચીંતાતુર પોતાની મા પાસે ગયો. તે નાસતાની ટેબલપર તે દાહડે માથું દુઃખવાના ઢોંગથી બાખસુસ હાજર થઈ ન હતી. આગળે દિવસની રતાં જોડેની ખટપટ માટે હજી તેનું જીગર જલ્યા કરતું હતું, અને ખરેખર તેને કશું ગમતુંજ ન હતું. તે હાલમાં પોતાના રૂમમાં એકલી વાંચતી બેઠેલી હતી, ને ત્યાં તે તેને શોહોધતો ગયો. તે જઈને તેને બગલગીર થયો, અને તેની પાસે ખુરચી ખેંચી બેઠો.

"માયજી, આએ વાત શું ખરી છે?" તે પછી તેણે તરતજ તેણીની થોડી ઘણી ખેરઆફીઅત પુછી લઈને પાધરો પોતાની મતલબને લગતો સવાલ કર્યો. "આએ વાત શું ખરી છે કે તમોને માહરી બઈરી નહીંજ ગમતી?"

"મને તો તે જરા થઇને ગમતી નથી," તે માતાએ તુમાખથી કહ્યું. "મેં તુંને કેવી રીતે માહરા જીવપર ખેરીને ઉછાર્યો તેનો તેં તાહરાં આવાં લગનથી મને ઘણોજ બેકદર બદલો વારી આપ્યોછ, ફીરોઝ; તેં માહરી મુતલગજ દરકાર કીધી નહીં. દરકાર કરતે તો એ રીતે માહરૂં નાખ સેવારવાનું તું કદી કરતેજ નહીં."

ફીરોઝના ચેહરાપરથી એ સાંભળતાં ગુસ્સાનો એક પ્રવાહ પસાર થઇ ગયો. તેની માતાના એ શબ્દો તેને તીર જેવા તેજી લાગ્યા. પણ હજી તે ગમ ખાઇ ગયો, અને કાંઇ બોલ્યો નહીં. તે માતાએ તે જોઇ જારી રાખ્યું.

"જરા માહરી સલાહ નો લેતે? જરા મને પુછતે તો ખરો?" તેણીએ પાછું કહ્યું, "મેં કેવી કેવી હોંસ ઉમેદથી તુંને પાળી પોસીને મોટો કીધો તે બધું આએ ફેજને વાસ્તે?"

"એમાં માહરો ઉપાયજ નહી હતો, માયજી," ફીરોઝે અંતે આગ્રહથી કહ્યું. "હું તમોને પુછતે તો તમો કદી એકમત થતેજ નહીં, અને રતાં વગર હું કદી જીવી શકતે નહીં, એટલે તમારી મંજુરીઆત વગર બી મને એ પગલું લેવુંજ પરયું. એ એવો સવાલ છે, મમા, કે જેનો ફેસલો આવી પાકી ઉંમરે માહરે પોતેજ પોતાને માટે કરવો જોઇએ."

"તોબી મને પુછવાની તાહરી ફરજ હતી," તે માતા બજીદ થઇ. "કેવે મોઠે મોટે ઘેર માહરો વરસોથી ડોરો ખોભાઇ રહેલો ઉનો તે તુંને ખબર છે? અને હવે એમ થયું—"

તેની માતાનો એ "હવે" રતાં તરફ પ્રગટ અણગમો ને તુચ્છકાર બતાવનારો એક ન્હાનકડો શબ્દ હતો તે ફીરોઝે જોયું, પણ હજી તેણે પોતાનો રોષ સમાવ્યો.

"હું તુંને ચોખ્ખેચોખ્ખું કેહી દેઉંછ, ફીરોઝ, કે મને એ દુકતી મુતલગ ગમતી નથી ને કદી બી ગમવાની નથી," તે માતાએ પાછું કહ્યું. "તાહરા બાપનાં મોહતનો ગજબ માહરીપર પરયો તે કરતાં બી હું

તો આએ વધારે મોટો ગજબ માનુંછ. તાહરાં એ લગનને લીધે લોકો મુઆં બધાં મને હસશે, અને સારે સારે ઘેરની માહરી સહીમીતીઓ મને જોઇને મોંનાં મંડશે."

"પણ તેનો કાંઇ સબબ નથી ?"

"તે તુંને એમ લાગે તો ભલે, પણ દુનીઆ તાહરીજ આંખે એ સવાલ જોવાની કે તપાસવાની નથી. તાહરા બાપદાદાનાં આખાં ખાનદાનમાં પેહરી દર પેહરી કોઇએ બી એવાં નામોશીભરયાં લગન કીધાંજ નથી."

"પણ એમાં નામોશી છેજ શું ?" ફીરોઝે હજી જોસથી જીકર કરી. "રતાંની પાસ પૈસા નથી એ વાત ખરી છે, અને તે મોટે ખાન્દાંનની નથી એ બી વાત ખરી, પણ તેમાં એ બિચારી છોકરીનો પોતાનો ગુનાહ કે અપરાધ શું છે ? તેનામાં મોટે ઘેરની વહુ થવાની દરેક લાયકાત અને ખુબસુરતીઓ તો છે ? દુનીઆને માહરી એ બઇરી નહીં ગમે તો તેની મને શું પરવાહ છે ? મને એ ગમી એટલે બસ !"

તેણે એ સાંભળતાં તેની માતાના ચેહરાપર ચીંતા ને ગુસ્સાની કરચલીઓ ચઢેલી જોઇ, અને ત્યારે વાંકા વલી તેણે તે કપાલપર પ્યારથી એક ચુમી લીધી. આથી તે માતા અરધી નરમ થઇ ગઇ, અને તેને પોતાની બગલમાં એકાદ મિનીટ સુધી દાબી રાખ્યો.

"તું મને ખરૂં કેહશે ?" તે પછી તેણીએ કહ્યું. "એ દુકતી કેહછ કે તે જો તાહરા પૈસા ને પદવી જાણુતે તો તાહરી સાથે કદી પણ તેજ નહીં; તે વાત શું ખરી છે ?"

"તદન ખરી છે," ફીરોઝે હસીને કહ્યું. "એને પૈસાવાલાંઓની જબરી સુગ છે. જેમ તમોને પૈસા વગરનાંઓને વાસ્તે કદી સારો વિચાર નથી આવતો તેમજ એને મન વળી બધાં પૈસાવાલાંઓ કમીના અને તુચ્છ છે ! એ અજબ જેવું છે પણ તદન ખરૂં છે, મમા."

"ને તે છતાં તું એને પરણ્યો ?" તે માતાએ મોટી અજાયબીથી ઠપકો આપ્યો, અને ત્યારે ફીરોઝે પોતાના મોટા પ્યારને લગતી તે તમામ

હકીકત સવિસ્તાર બ્યાંન કરીને તેણીને કહી. કેવી રીતે તે રતાંને અચાનક જોવા પામ્યો હતો—તે તેને જોવા પામ્યો ત્યા સુધી કેવી રીતે પરણવાના વિચારોથી તે સદાનો અલગ અને જુદો હતો—કેવી રીતે તેને રતાં જોડે દોસ્તી પડી—કેવી રીતે રતાંને તેને ઠગવી પડી—કેવી રીતે બગલીપુઇએ તેને પેહલી હરોલમાં હંકાવ્યો—કેવી રીતે તેમનાં લગન થયાં—કેવી રીતે તેણે પોતે પોતાની ખુશીનો દેશવરો લઇને રતાંને કેળવી—કેવી રીતે છેલ્લે તેની ઠગાઇનો ભડકો ફુટી ગયો, કે જ્યારે તે જેહમતથી રતાંને મુંબાઈ આવવાનું મનાવી શકયો તે સઘળું તેણે લંબાણુ વિગત થકી પોતાની જૈફ માતાને સમજાવ્યું, અને ત્યારે પીસેલા હોઠો અને બીડેલા દાંતોથી તે માતાએ તે મોટા ગજબની સઘળી કેફીઅત એકાગ્ર ચીન્તે ને ગંભીર ધ્યાંનથી સાંભળી લીધી.

"ત્યારે શું એ લગનમાં એવું કંઇજ નથી કે જેથી તે હજી બી તોરી નાંખી શકાય?" તેણીએ અતે નાઉમેદ જીગરે સવાલ કર્યો.

"તોરી નાંખી શકાય?"—અને ફીરોઝ અજાયબી અને ગુસ્સાની એક છલાંગ મારી ઉછલીને ઉભો થયો!

"હા, જો કોઇ બી સુરતે એમ થઇ શકે તો હું તે જરૂર કરવા માગું છ; તે કરવા જોગ છે, છોકરા," તે માતાએ મોટી આતુરતાથી કહ્યું. "એ લગનને હું માહરી બાહલી કે મંજુરીઆત કદી બી આપી શકવાની નથી, ને તેથી તે જો તોરી નાંખી શકાતું હોય—"

પણ તે પૈસાની પુંજારી માતા આગળ કશું બોલી શકી નહી. તે પોતાના દીકરાને નરમાસભરેલો, નમાનો, માયાળુ અને તાબેદાર જાણતી હતી, માટે આ વખતે તેનો ગુસ્સાથી કાલો ઠણુક મારી ગયલો કરડો ચેહરો જોઇને તે થથરી ગઈ. તેની આંખમાં એકદમ જ્વાલા પ્રગટી નિકળેલો દેખાતો હતો! તે સોહામણો મુખડો બારે ઉશ્કેરણીઓથી કાળો મારી ગયેલ હતો!

"માય," તેણે મોટા ગુસ્સાથી કહ્યું, "હું નથી ધારતો કે તમો આપે બધું ખરાં દીલનું બોલોછો, અને જો ખરાં દીલનુંજ બોલતાં હોતો

તો મ્હારી ખાતરી છે કે તમારૂં માથું ખસી ગીયુંછ. એ નીચ, નાપાક, કંજુસી કામનો તમો વિચાર બી કેમ કરી શકયા હોશો તેનો ખ્યાલજ કરતાં મને તો ધ્રુજરાં છુટેછ !"

"તે ગમે તે હોય," તે જોશપર બલ્કે ઝનુનપર ને ખુનપર ચઢેલી માતાએ તેટલાંજ જોશથી કહ્યું, "પણ એ લગનને હું એટલાં ખરાં દીલથી ધીક્કારૂંછ કે જો તે કોઈ બી દલીલથી રદબાતલ કરવાને મને મ્હરા સોલીસીટરો સલ્લાહ આપશે તો તે હું ખચ્ચીત કરીઆ વગર રેહેવાની નથી."

"તમે મેડ થઇ ગીયાંછ, માયજી, મેડ !" તે છોકરાએ નીરાશીની એક ઉંડી હાયથી કહ્યું. "હું ઉંગારી આંખે પરણ્યોછ ને મ્હરાં પરણ્યાં ધમાન તરફ હું હવે તેથી કદી બી આંધલો થવાનો નથી. એવાં શરમભરેલાં નીચપણુંને હું કદી બી એકમત થવશ નહીં. તમે એવું નીચપણું બતાવી શકયાંછ તે માટે ખોદા તમોને માફ કરે. જો કદી એ લગનમાં તમે ધારોછ તેવું કંઈ બી હોશે કે જેથી એ લગન રદબાતલ કરી શકાય તો હું ખોદાના કસમથી કેહુંછ કે હું તે સંપુર્ણ કીયાઓ સાથે વાબરતોબ ફરીથી પરણુશ, કે જેથી તેવી એક બી બાધનો ખટકો વચ્ચે રહીજ શકે નહીં !"

"બરચો તું ! તાહરૂં મોનું બાર," તે માતાએ દુઃખ સાથે કહ્યું. "તાહરીજ કાંની વીરાજોગીનો ધનજી બી પોતા કરતાં ઉતરતી પંકતીની એક દુકતી સાથે ગરગામરે જઇને પરણી મુઓતો, પણ તેનાં માંએબાપની ફરમાસથી તે લોકોના સોલીસીટરોએ કાંઈ તે લગનમાં કચાસ અંતે શોધી આપી, જેથી તે લગન પાછાં રદ બાતલ થયાં, અને તે દુકતીને સારી રીતે દલ્લાથી રાજી કરીને છેલ્લે અંતે તેને ઘેરબારે મોકલી દેવામાં આવી. ને પછી ધનજી ઘણે સારે ને મોટે ઘેર મોટી ઢીંગસ સાથે ફરીથી પરણ્યો, ને આજે તો બચ્ચાં છોકરાંના કબીલા સાથે સુખીસુખીઆરો છે !"

"તેની જીંદગીપરજ ત્યારે તો ભટ પડી !" તે ખરા ઉમરાવ જવાંને હજી ઘણા ગુસ્સાથી કહ્યું. "તે હેમક હાદારને બાર આવી પોતાની શરમ

ભરેલી દગલબાજી વાસ્તે આયંદે જવાબ શું દેશે ? હું આજ ને કાલ માહરા વકીલને મળીને એ લગનની ક્રીયામાં કાંઇ બી કચાસ હોય તો તે સુધરાવી લેવાની તાબરતોબ ગોઠવણુ કરૂંછ."

"અને હું બી જોઉંછ કે એ નજીસ લગન હજી બી રદબાતલ કરી શકાયછ કે નહીં?" તે માતાએ તેટલાજ ઠડાવથી કહ્યું.

"અફ્સોસ, માયજી, કે તમે એવું નજીસ નાપાક ને હરહરતું ગુનાહ-ભરેલું બોલી શકોછ, અને મને તેવું નીચપણું કબુલ કરવા ઉસ્કેરી સાંબો તમારા ગુન્હામાં વધારો કરોછ! તમોને માહરા પ્યાર કે બેટા તરીકેના તમો તરફનાં માહરાં માનની પરવાહજ નહીં હોવી જોઇએ, કેમકે હોતે તો તમે કદી એવું ગલીચ બોલતે ને કેહતેજ નહીં!"

"એ પીંજારડીએ ગેઇ કાલે નાલ્લે મોંને માહરાં મોંનાંપર કેવું તર-તર કીધુંછ!" તે માતાએ ગુસ્સાથી ઉકળતી છાતીએ હવે વાત ઉલટાવતાં કહ્યું; "પણુ માહરાં ઘેરમાં હું એવું ઢટીંગ હવે ચાલવા દેવાનીજ નથી."

"ત્યારે તમે મને કેહવાની ને યાદ આપવાની ફરજ પારોછ, માએ, કે હવે હું ઉમ્મરનો થએલો હોવાથી બેહેસ્તી બાવાજીનાં વસીયતની રાહે આએ ઘેરનો માલીક હું પોતે છેઉં, અને તેથી ખરી ધણીઆંણી માહરી બઇરી છે. હવે તેથી સમાલજો. તમારી સતાવણીઓથી હવે જરા બી તમે તેને પજવશો તો યાદ રાખજો કે તમારા પગમાં તમે પોતેજ કોહ-દારી મારશો,"—અને તે શુધ્ધો જવાંન તે ચીરડાયલી માતાના જવાબને વાસ્તે થોભ્યા વના ઘણુા ગુસ્સા સમેત તેને ઝાર બેઝાર રડતી એકલી મુકીને તે ઓરડામાંથી બાહેર ચાલ્યો ગયો!

પ્રકરણુ ૨૩ મું.

તે ગુજસુજની નરણુભોંજાઈ એકમેકને પોતાનો વિશ્વાસ આપ લે કરીને સાથે બેસી એકમેકનું દુઃખ રડતાં હતાં. વાંચેનાર જાણે છે તેમ

ધનીને રતાં ઘણી ગમી ગઇ હતી, અને તેથી તેમના વચ્ચેનો આ એખ-લાસ તેનુંજ આવકારદાયક પરીણામ હતું.

"હું તો જાણું જે તમારા જેવી સુખી છોકરી બીજી કોઇ નહીં હોસે !" રતાંએ અજાયબીથી કહ્યું.

"બધું ધમઢોલ ને માંહે પોલ !" ધનીએ અરધું રડીને કહ્યું. "અમે પૈસાવાલાં છઇએ પણ પૈસાથી કાંઇ બધી રીતનું સુખ ખરીદી શકાતું નથી. માહરા પ્યારની નાઉમેદી માહરૂં મોટામાંમોટું દુઃખ છે."

" પ્યારની નાઉમેદી !"–અને રતાં મોટે સાદે હસી પડીઃ તે નિરદોશ છોકરી કે જે એ પ્રમાણીક લાગણીની પવિત્ર અસરથી અલબત આજ સુધી નાવાકેફ અને બીનમાહીતગાર હતી.

"તમે શું પ્યારમાં માનવાવાલાં નથી ?" ધનીએ અજાયબીથી આંખો ઉંચી કરીને પુછયું.

"એક જરાબી નહીં," રતાંએ સાદો પણ સાચ્ચો જવાબ આપ્યો.

"ત્યારે પુરવાર થયું," ધનીએ કહ્યું, "કે માહરા ભાઇ તમોને ખરા પ્યારથી પરણ્યાછ, કે જ્યારે તમે તો તે લાગણીની અસરની વાત જાણતાંજ નથી."

"એટલે, શું હું માહરા ફીરોઝને ચાહતી નથી ?"

"ચાહોછ તો ખરાંજ, પણ એ એક જે લાગણી ને અસર આપરી જાણ પીછાંણ વગર આપણુને પકરી પારેછ તેમાં હું જોઇ શકુંછ કે આજ વેર તમો ફસાયાં નથી. એ તો એવી પવિત્ર અસર છે કે જેને તમો ચાહો તેને વરે આગ કે પાણીમાં જોંકાવી દેવાને બી તમે એ વખત વિચાર કરવાને વરે થોબો નહીં ! હવે તે હાલ તમારો થઇ શકે નહીં, કેમજે દેખીતી રીતે તે કીસમનો તમારો ચાહ અમારા ફીરોઝને વાસ્તે હજી બરપા થયોજ નથી. દાખલા તરીકે ફીરોઝને ખાતર બી તમે અમારાં મમાનો ખારીલો સ્વભાવ ભલાવી કે તામોશ કરી શકવાનાં નથી; હવે ખરા પ્યારને વરે તો એ કીસ-

મનો પોતાનો હેતુઓ લાગણીઓ કે મતલબનો ભોગ કોઇ હસાબ કે ગણત્રીમાંજ નથી !"

રતાંએ તમામ અજાએબીમાં તે તેજ બુધ્ધિની ન્હાની બાળા તરફ જોયું ! તેઓ બન્ને મોરને ખવાડવા નિચે બાગમાં ઉતરી હતી. ફીરોઝ પક્ષીઓનો શોખીન હતો, અને તેથી બીજાં પક્ષીઓ વચ્ચે તેઓના બાગના વિશાળ કંમ્પાઉન્ડમાં બે મોટા ખુબસુરત શુધ્ધ સફેદ મોર બી હતાં કે જેમને દાણા નાંખવા હાલમાં એ બન્ને છોકરીઓ નીચે બાગમાં આવી હતી, અને તે કામ આટોપી લઇને સુખદુઃખની વાત કરતી એકલી બેઠી હતી.

રતાંને સાસરે આવ્યાને હવે ત્રણ અઠવાડીઆં વહી ગયાં હતાં, જે અલબત ઘણાં દુઃખ અને કકલાતનાં હતાં. વળી અધુરામાં પુરૂં હીરૂનો વર બી અત્રે રહેવા આવેલો હતો. તેને તેની સાસુએ ખામખા તેડાવ્યો હતો, અને સાસુ જમાઈ વચ્ચે એ નાપસંદ નેઠા માટે કલાકો સુધીની ઘણી ગુજસુજ ચાલ્યા કરતી હતી. એમ છતાં ઈનસાફને અર્થે કબુલ કરવું જોઈએ કે મોટાફરાંમનો મંચેરશાહ (હીરૂનો વર) પોતાની સાસુનાં એ લગન રદબાતલ કરાવવાનાં વાહીઆત મતને મુતલગ એકમત થઇ શકયો નહીં.

"તે બનીજ કેમ શકવાનું છે ?" તે તકરાર કરતો હતો. "તે બનવા-જોગ હોય·તોબી તે કરવાનું શોભાભરેલું નથી."

"ત્યારે શું મુવાં એ લગન શોભાભરેલાં છે ?" તે માતા જીકકર ઉઠાવતી હતી. "એ બધું કામજ નામોશીભરેલું છે, ને તેથી તે કોઇબી રીતે રદબાતલ થવુંજ જોઇએ."

"પણ કેમ થઇ શકે ?" મંચીએ અજાએબી બતલાવી. "શું તમે કોરટમાં જઇને સોગંદ પર એમ કેહશો કે એ છોકરી અરધી વગરની ભીખારી છે તેથી તમે એ લગન રદ કરવા માંગોછ ? માહરી સલાહ માનો, માયજી," તે પોતાની સાસુને માયના માનભરેલા એલકાબથીજ

બોલાવતો હતો—"તો એ બેવકુફીભરેલો ખ્યાલજ પરતો મુકો. એથી સાંબો બગાર ઘણો વધશે, અને તમારો દીકરોજ સામો તમારો સદાનો દુશમન થઇ બેસશે."

"તે ગમે તે થાય," તે માતાએ ઠડાવથી કહ્યું, "પણ હું તો માહરૂં બનતું કરવાની, ને તેમાં મને માહરી દીકરીઓની કે તમારી કુમક કે મદદ નહીં બી હોશે તો હું એખલી એખલી બી પટકાવશ."

મંચી એટલા માટે પોતાની સાસુની એવી શરમભરેલી ચાલ વિશે પોતાની બાયડી આગળ એકાંતમાં ઘણું બબાળ્યો. 'મને કાંઇ સમજ નથી પરંતુ કે તાહરી માએને શું એકાએક એટલું બધું એ ધુલુંદેવાનું લાગુ પરયુંછ?" તેણે કહ્યું. "પોરીમાં એટલું બધું નહીંજ ગમવા જેવું છેજ શું? ડોસાં પોતે પોતાનાજ પગમાં સાંબી કોહદારી મારી મરશે! કેવી તાહરા જેવી ચેહરેનમુન છોકરી છે જો!"

"ઓહો તમે તો કાંઇ તમારા સારાની બઇરી થતી સાથે પ્યારમાં બી પરી ગીએલા દેખાઓછ?" એ ઉપરથી હીરૂએ હસીને કહ્યું.

તે છોકરી ઠંડા સ્વભાવની અને બેદરકાર તબહેની હતી. અદેખાઈ શું તે કદી તે આજ તક જાણતી નહોતી; પણ તાજુબ કે તેના વરની રતાં માટેની આટલી ટુંક હીમાયતના સબબે તે એ સુંદરી માટે એકદમ અદેખી ને અધીરી પડી, અને રતાંની શત્રુ થઇ ગઇ! તે આખો દાહડો મંચીએ રતાંની હીમાયત કરી કરીને તેને પજવી, ને તેમ તેમ તે રતાં ઉપર વધારે ને વધારે છેડાતી ગઈ, ને પરીણામમાં તેથી સાંબો મંચી રતાંનો નહીં હતો મીત્ર થયો! તે પોતાની સાસુના અને પોતાની બઇરીના એ બાબદના હાવભાવ ખરાં દીલથી ધીકકારવા પડયો. તેઓ તેને કાંએ કબુલ કરી નહીં શકે તેજ તે મુતલગ જોઇ શકયો નહી, અને તેથી એ કીસમે તે સાંબો રતાંનો હીમાયતી થઇ પડયો ત્યારે તેને પોતાની પક્ષમાં પોતાની મદદે બોલાવા સારૂ મેહરબાઇને સાંબો સંતાપ ને પસતાવો થઈ પડયો! એ રીતે તે કુટુંબ બે તડાંમાં વેંહેંચાઇ ગયું. મેહરબાઇ

અને હીરૂ, ધની અને મંચીનાં દુશ્મન થયાં, કેમકે તે લોકો ફીરોઝ ને રતાંને ચાહવાવાલાં અને તે બેઉનાં હીમાએતી હતાં. એટલા માટે હવે ધની સુંદર રતાં જોડે વધારે એખલી પડતી, અને તેમના જોડે વધતો એખલાસ જામતો, કે જેવા તોરથી તેઓ હમણાં ઉપર કહ્યું તેમ મોરને દાણા નાંખવા બેગાં નિચે બાગમાં ઉતરી આવ્યાં હતાં.

બાજુમાં ફુવારો ઉંચો ઉછલતો ઉડતો હતો. તે એક સમી સાંજનો શીતલ સમો હતો. સાંજની શોભા રળીઆમણી અને ખુશકારક હતી. સુર્યનારાયણ તેના તેજ અને તાપમાં નરમાશભર્યો થઇ ગયો હતો. આખા દીવસની ગરમી અને રંજ પછી ઝાડપાંન વટીક માથાં નમાવી નિરાંતનો દમ ખાતાં ખડાં હતાં; અને ત્યારે આ બે સુંદર છોડીઓ હાથમાં હાથ મેળવી એકમેકને વિશ્વાસ આપલે કરતી હાલતમાં તાહેલાં કરતી બેઠેલી હતી!

તેઓને દુરથી બે મરદો મોજથી જોતા ઉભા હતા. એક ફીરોઝ અને બીજો મંચી. મંચીની ઘણી મરજી હતી કે તે તેઓ હતી ત્યાં તેમને સોહોધતો અને વાત કરાવતો જાએ, પણ તે પોતાની બરીથી બીહતો હતો, કેમકે ફીસાદનું મોંહ કાલું થયલું જોવાને તે ખરી દાનાઇથી ખંતી હતો. તે જાણતો હતો કે અદેખી પડી ચુકેલી હીરૂ તેની હીલચાલો પર બારીક તપાસ રાખતી રહી હતી.

ધની ઘણી દુઃખી દેખાતી હતી. તે પોતાની બોંજાઇને પોતાનો વિશ્વાસ સંપુર્દ કરવા ખાતરજ અત્રે તેડી આવી હતી. તેણીએ પોતાના પ્યારની એક ગમખાર કાંહાણી તેને કહી સંભળાવી.

"ગરીબ થવું એ બી એક ખરેખર મોટું પાપ છે," તેણીએ ઘણી દીલગીરીથી કહ્યું. "તમે ગરીબ ઘેરનાં છેઓ તેથીજ તમોને માહરાં મમા ધીક્કારેછ, અને હું પોતે બી જે ખમુંછ તે એવણના એવા નીચ લોભના સબબથીજ ખમુંછ. માહરા બાવાની આપીસમાં બેહેસ્તી બાવાના વખતથીજ ભીમજીભાઈ સુરતી નામે તેવણના એક હેડ કલાર્ક હતા. તેવણ હજુ વેર

અમારી આફીસમાં ફીરોજીના હાથ તલે કામ કરેછ, ને જુના ને વીશ્વાસુ નોકર તરીકે માયજીના બી માનીતા છે. તેવણુ કાંઇ છેક નાગા ભુખા નથી, પણુ આબરૂદરકારથી પોતાનું પુરૂ કરી શકે તેવા ઘણા રાંક આસામી છે. તેવણુનો એક દીકરો હોમજી નામનો છે. હું શું તેની ખુબસુરતીની ને ખરા ભલા ગુણોની તમારી આગળ તારીફ કરૂં, રતન! તેનો બી અમારે ત્યાં જાથુકનો આવવા જવાનો પરીંગો છે, અને તેની સાહેલસાઇએ મારૂં દીલ તમામ જીતી લીધું. તે એક તરતનોજ પાસ થયલો દાકટર છે, અને હું જે વખને તેને ચાહતાં શીખી તે વખતે તે કાંઇ ધંધામાં મંડાયલો નહીં હતો. હવે એક વખત એમ થયું કે માહરાં માએજી પોતાનાં કોઈ સહીમીતાંઓ સાથે નસારી ગયલાં હતાં. એ વખતે અમોને અત્રે ઘણું એકાંત લાગવાથી હીરૂએ તેને અમારે ત્યાં વધારે તેરઓલાવ કર્યા કીધો, ને તે વખતથીજ અમારાં મન મળી ગયાં. હીરૂ એ બધી વાત જાણુતી હતી. માહરી તમામ ખાત્રી હતી કે હું પોતે એમાં પાપભરેલું કે બુરૂં કશુંજ કરતી ન હતી. અમોને તેની સાથે જેમ જેમ વધતી પીછાંણુ થતી ગઈ, જેમ-જેમ મને તેના એકથી અનેક સારા ગુણોની ખબર પડતી ગઇ, તેમ તેમ માહરૂં ચીત વધતું તેની તરફ ચોરાઈ ગીયું. માહરાં માએ એવાં એક લગનની સાંમે વાંધો કરશે એવો તો, અલબત, મને તે વખતે એક સ્વપ્નો બી નહી થયો! એવણુ ગરીબીના સંબંધમાં ઘણાં સુગાત્રાં છે તોબી ઘણીક વખત ભીમજી ને હોમજીને લઇને એક ભોંણુ સાથે બેસીને જમેલાં તેથી મને હીંમત આવી હતી. તેવણુનો ભીમજીભાઈપર ઘણો વીશ્વાસ હતો, અને તેવણુને વરે એવણુને ઘણું માન છે. હોમજી તેવણુનો એકપુરો દીકરો છે, ને તેવા એક લાયક જવાંન સાથે માહરૂં મન મળી ગયું તેમાં જરા બી અજાએબી નથી. તેનાં વાતચીત કરવાનાં સલુક ને સાહલેસાઈ અને બધી વાતની તેની હદ વગરની હુશીઆરી જાણુ તમે જોવો તો જોયાજ કરો! તે એક દેખાવદાર દમામદાર, પતલો ને ઉંચો જવાંન છે. તેની આંખમાંજ કાંઈ એવું છે કે જે બી તેને જોય તે તેને ચાહે. તે એક બાહદુર ને પક્કા ઠડાવવાલો આદમી છે તે તેની આંખમાંજ દેખાઇ

આવેછ, અને તે તદન નીતિમાન અને ઘણુજ પ્રમાણીક હેતુઓવાળો આસામી છે તે તેની વરતણુકમાં વાંચી લેવાતું હતું. તેણે માહરૂ દીલજ જાણે હરી લીધું, અને તે હરી લીધેલું દીલ હું આજવેર માહરા કાબુમાં પાછું મેળવી શકી નથી. તેને મેં હરી લેવાયલાં દીલ સાથે જોયો ત્યારે જાણે માહરી આસપાસ એક નવીજ સોનેરી દુન્યા સજીવન થઇ ગઇ ! માહરી ખુશીમાં જાણે આખી દુન્યાની ખુશી હલમલી નિકળી ! એવી કાંઇક બેહરત જેવી બુલંદ લાગણીઓ માહરા પીરોજીને જોઇને તમોને કદી થઈ હતી વારૂં, રતાં ?"

"કદીબી નહીં."

"એ લાગણી કાંઇ બધાંનેજ થતી નથી," ધનીએ પાછું ચલાવ્યું. "તે કાંઈ કેહી બોલીને આવતીજ નથી, અને નહીં આવે તે છતાં તે બતાવાનું ચીબાંચાબાં થવાનું કદી શીખી શકાતું નથી. એ અસર કાંઈ દેખાદેખીની નથી. તે શીખવેલી નથી; ઢોંગ કરેલી પકરાઇ આવ્યા વગર રેહતીજ નથી. માહરો હોમજી તો મને એક રાણી જેવુંજ માન આપતો હતો, ને મમા નસારીથી પાછાં ફર્યાં ત્યાં વેર માહરી માએતાબની વરી બેહન હીરૂની મરજી ને બાહલીથી અમે હેતથી એકમેકને મળતાં ભેટતાં રહ્યાં હતાં. અલબત મેં માયજીને એ માહરા નવા મોટા પ્યાર વિશે કાંઇ બી લખવાની હીમ્મત કીધી નહીં, અને અમારાં લગનને વાસ્તે તેવણુની રજા લઇ લેવાનું વાહલા હોમીએ પોતાને હસતકજ રાખ્યું હતું. તે લગભગ ત્રણ મહીનાનો એક લાંબો સુખનો સ્વપ્નો હતો ! માયજીને નસારીમાં ઘણું ગમ્યું, અને તેવણુ અત્રેથી નવેમ્બરમાં ગયલાં છેક ફેબ્રુઆરીમાં પાછાં ફર્યાં. તેવણુનાં આવ્યા પછી મેં ઘણું ખમ્યુંછ, ને આજની ઘડી સુધી બી ખમુંછ. હું બાહારથી સુખી સુખ્યારી ને ખુશ-ખુશાલ દેખાઉંછ તેવી ભીત્તરે નથી !

"માયજીનાં અત્રે પાછાં આવ્યા આગમચ પોતાની મોહરદાર થવા માટેની માહરી મરજી માહરા હોમીએ પુછી લીધી હતી. કદાચ અમારી

આવી ઉમ્મરે બાદરાવા પરણુવાનો એવો વિચાર કરવામાં અમે ભુલ કરેલી હોય, પણુ અમે એક જમાના સુધી એકમેકનાં સુખમાં ખોતી થઇ રહેવા માટે ખુશી હતાં. ઓ રતાં, તે સુખી દાહરો કે જ્યારે મેં તેને તેનીજ થવા ને હોવાનું સદા સુધીનું સાચ્ચું વચન આપ્યું તે દાહરાની મોજનું બયાન વટીક હું કરી શકતી નથી? ગરીબાઇ ને તંગદસ્તી કે ખાંન્દાનની શીશીઆરીખોર સુગને લીધે અમારાં લગનમાં વાંધો ઉઠશે એમ અમોને કદીબી સ્વપ્નો થયો ન હતો. અમારી વરતણુક ને અમારાં વચનોમાં પાપભરેલું કે બુરૂં જરા બી હતુંજ નહીં, ને તેથી અમે અમારી ઉમેદોનાં સુખમાં સુખથી જીવતાં હતાં—તે એટલેસુધી કે અમારાં દીલ જાંણે અતે ગંઠાઇને એક થઇ ગીયાં, અને તે એકજ દેહમાં અમે બન્નેના જીવ જાણે સાથેજ જીવતા હતા! મને તો બસ માહરી આસપાસ આંખ નહી ઠરે એવો સુખનોજ ઝલકાત દેખાતો હતો.

“માહરાં માએ પોતાની સહીમીતીઓનાં સહરઘસ સાથે પાછાં ફરયાં. તે વખતે બી હોમજી તો અમારે ત્યાં આવતો જતો હતો, પણુ કાંઇ બી બુરૂં થઈ ગયલું હોવાનો ખટકો માયને એટલાપરથી થયો કે તે સહીમીતીઓએ માહરા હોમીની ખુબસુરતીની એક દિવસ માહરા દેખતાંજ ઘણી વખાંણુ કીધી, અને ત્યારે હું ચુગલીખોર ખુશી ને ઓશકથી સ્વભાવિક રવેસે લાલ થઇ ગઇ! ઓ, કેવું તે વખતે માહરૂં દીલ થયું કે હું બધી ખરી વાત એકદમ કબુલ કરી દેઉં! પણુ માયજીએ શકીલી નજરથી માહરી ગમ જોયું એટલે માહરો તો જીવજ જાણે બંધાઇને બરફ થઇ ગીયો. એવણુ તમે જોયું હોશે, રતાં, કે ઘણું પક્કાં ને પોંહચેલાં છે. એવણુ માહરો ચેહરો જોઇનેજ કાંઇ નવું જુનું થયલું ચેતી ગીયાં. તે પછી જ્યારે બીજી વખત હોમજી સરેસ્તાની મુલાકાતે આવ્યો ત્યારે માયજી તેની તરફ ઘણુંજ ઠંડાં રહ્યાં. તેવણે તેને બેસવા વટીક કહ્યું નહીં, ને અંતે ખશીઆણું ઘણું લાગવાથી જ્યારે ઉભો ઉભો એલાર-ચેલારની બે વાત કરીને તે પાછો જવા નિકળ્યો ત્યારે તેને માહરાં માએ ઘણા ગુસ્સાથી ને મોઘમમાં હુકમ કીધો કે ‘તાહરા બાપને મને જરા મલી જવા કેહજે, હોમજી.’

"તે ડોસો સરકારી હોકમને માન આપતો આવે તેમજ તાબડતોબ આવ્યો. તે પછી તેઓ વચ્ચે શું વાતચીત થઇ તે હોમજી મારફતેજ હું જાણવા પામી. મમાએ તે ડોસાના દીકરાની ચાલચલણ ને ખુબસુરતી વિગેરેની ઘણી તારીફ કરી, પણ પોતાનાં ઘરમાં "જુવાંન જમાંન બચ્ચાંઓ" હોવાનું શરમભરેલું કારણ આપીને હોમજીને અમારે ઘેર આવતો જતો બંધ કરવાની તેણે તેને ઘણી બેહુદી ફરમાસ કરીઃ પણ તે તો તાબેદાર ગુલામ જેવો હતો. તેણે તે "હીંટ" લીધી, ને પછીથી હોમજીને તે તરફ રાખવાનું બી તેણે જોખમભરેલું માન્યું. તે એ વખતે જે પોતે સુખી હતો તે બધાં સારાં વાણાં અમારાં ઘરથકીજ તે માનતો હતો, એટલે માહરાં માયને જરા બી નારાજ કે નાઉમેદ નહીં કરવા સારૂ તેણે તાબરતોબ ઠડાવ કીધો ને કોલ આપ્યો.

'હવે ભીમજીભાઇ માહરાં માયને મળીને ઘેર પોંહચે તે પેહલાં તો કમનસીબે કાંટાનું કટેસર એ થઇ ગીયું કે હોમજીનો માહરાં મમાં જોગો માહરા હાથની દરખાસ્તને લગતો એક કાગળ આવી ગીયો. તેમાં તેણે ઘણીજ ઓઝરખ્વાહીભરી આજુજીથી પોતાનો પ્રમાણીક પ્યાર જાહેર કર્યો હતો, અને એક શીખેલા ને સદગુણી જવાંનને દરેક શોભા આપે એવી રીતે પોતાની લાગણીઓનું અસરકારક રવેસે બ્યાન કરેલું હતું; પણ મમા તો તે વાંચીને રાતાં પીળાં થઇ ગીયાં. અંતે તે કાગળ હાથમાં ઉઘાડું લઇને હું જાંહાં સાલ ભરતી હતી ત્યાં તેવણ આવ્યાં કે હું તરતજ માહરૂં મોહોત ચેતી ગઇ. મને તેવણે પોતાની પછવાડે તેવણના ઓરડામાં આવવાનો ઘણો રોબવંત હોકમ આપ્યો.

"ત્યાં ઓરડામાં અમો જવા પછી તેવણે તેનું આગલું બારણું બંધ કીધું, અને એક માજીસ્ટ્રેટની અદાથી પોતા સામે મને બેસવાનો હુકમ કર્યો. તેવણ એવા તેકાવથી, એવા તોરથી, એવા રોબથી માહરી સાંમે બેઠાં કે માહરી નશોમાંનું ફરતું લોહી વટીક જાણે તાબરતોબ બંધ થઇ ગીયું! 'આએ બેબદામ પોરીઓ એ શું લખેછ?' તેવણે તે કાગળ તે પછી મને પાસ કરતાં કહ્યું.

"હું તો તેવણુનો ગુસ્સો જોઇનેજ ડરી પરી, અને મેં તેવણુના પગ આગળ પરી સઘળું કબુલ કરી દીધું. 'હું તુંને ધમકાવા માંગતી નથી,' તેવણે તે સાંભળીને કહ્યું, 'કેમકે હું જોઉંછ કે આએ બધાં માતર બચ્ચાંનાં ચેરાં છે, પણ હવે એટલેથીજ ચોંકજે, નહીં તો આગલ આવતાં તાહરી ખરાબી ઘણી મોટી થશે.'

"ઓ માયજી!" હું જવાબમાં જેમ તેમ એટલુંજ બોલી શકી!

"મારી ઘણી મરજી છે" તેવણે કહ્યું, "કે એ કાગળ હું એમ ને એમ બીમ પર મોકલી આપું કે તે તેના દુકતાને એવાં ઘેલાંચેરાં માહરાં ઘેર સાથે કહારવા માટે ચાબકે ચાબકે ફટકાવી કાહારે! આવો ટુકરખોર બીખારી, અરધીની કમાઈ ધમાઇ તો હજી મલે નહીં, ને માહરી હીરા મોતીની દીકરી સાથે પરણવાની પતરાજી કરવા નિકરી પરયોછ!"

"હું તેના બચાવામાં કેટલુંક હીમ્મત કરીને બોલી, પણ મને મમાએ સદનતર હસી કાહરી. 'જો એવા જરા બી ઘેલાચેરા વિચારો-મગજમાંથી કાહારયા નથી, દુકતી, તો યાદ રાખજે કે હું તુંને એક ઓરડામાં કેદ કરશ, ને તું ભુખમરાથી મરી જશે તાંહાં સુધી રાત ને દાહરો કાંજી પરજ રાખશ. વરી જો એ દુકતો કંઇ વધારે ચેંચું કરશે તો બીમને બી લાત માહરીને માહરી આરીસમાંથી કાહરી મુકશ. હું એની પતરાજીનો હાલ તો પોતેજ જવાબ કરશ, ને ફરીથી માહરો ઉંબર ઓલંગવાને એને મના લખી વારશ.'

"એ રીતે માહરી જીંદગીનાં સુખનું તેજ એક લેહજામાં ઉડી ગીયું. માહરાં માએના ચેહરામાં તે વખતે જરા બી નરમાસપણું દેખાતું ન હતું. એટલે હું તમામેતમામ નાઉમેદ થઇ ગઇ. તે દાહરેથી મેં ઘણા કંગાલ દિવસો ગુજારયાછ. મને તેની પર એક છેલ્લામાંછેલ્લું કાગલ લખવાની વટીક રજા મલી નહીં, અને તેનાં માહરી પર લખાયલાં કાગલો માહરા હાથમાં મુતલગ આવવા નહીં પામે તેમ અધવચ્ચેજ પકરીને મમા જપત કરી લેતાં હતાં.

"બીજા હાથ પર બીમને એ બધી વાતની માહીતી થતાં તે તો હોમી તરફ વધારે સંખત થયો. તેણે કોમીસરીએટમાં વગ લગરાવીને "અફગાન વોર"માં માહરા હોમીને એક તબીબ તરીકે નાખલી જેવી જગા અપાવી, અને તેનું ભવિશ ખીલવવાનાં જુઠાં બાહણાંથી તે બીચારાને દુરદરાજ જંગલો ખેડવા મોકલી આપેલો છે. એ બધું કારસ્તાંન તે સમજી ગીયો, પણ પોતે અસલથીજ ઘણો નમાનો ને તાબેદાર હોવાથી અને કદાચ વળી એમ કરતાં ભવિશ ખીલી બી જાએ એવા દાનાઇભર્યા વિચારથી તે બીચારો આજ ને કાલ તો પરદેશ ભોગવેછ!"

"પણ શું તેના જવા આગમચ ફરીથી તમે એક બી વખત પાછાં મલ્યાંજ નથી?" રતાંએ દિલગીરીની દીલસોજીથી પુછ્યું.

"ફક્ત એ સધાવ્યો તેની આગળી રાત્રે બીચારી માહરી હીરૂની મદદથી હીરૂની પોતાની હાજરીમાં અમે બાગમાં માત્ર દસજ મિનીટ મળી લીધું હતું. ઓ તે દસ મિનીટ! મરતાં સુધી બેઉ જણે અરસપરસ વફા-દાર રેહવાનાં વચનોની આપલે કરતાં તે દસ મિનીટ ખુદા જાંણે કેમ પુરી થઈ ગેઇ તેનો તો ત્યાર પછી હું આજવેર વિચારજ કરી શકતી નથી! હું રરી રરીને અરધી થઇ ગેઇ. જો એ છોકરામાં કાંઈ બી વાંધાભરેલું હોતે તો હું માહરાં મમાની મરજી સામે થવાનું માહરી નાદાન અક્કલે હુલરાઇ ભરેલુંજ નહીં પણ ગુનાહભરેલું બી માનતે, પણ ફક્ત, પૈસા ને ખાન્દાંનની સુગને લીધેજ મમાએ માહરાં સુખનું બધું આગળ રહીને નખ્ખોદ કાહરી નાખ્યુંછ તે માહરાથી ખમી શકાતું નથી!"

"ને હવે ત્યારે તમે શું કરવા ધાર્યુંછ?" રતાંએ પુછ્યું.

"શું વરી?" ધનીએ ઘણાં દુઃખથી કહ્યું. "પરણુશ તો તેનીજ સાથે પરણુશ, નહીં તો બસ જનમેજનમની કુમારી રેહવશ. તમે માનશો, રતાં, જે બીચારીઓ પરણવાની ઉમેદમાંજ અટવાઇને મરી જાએછ તે લોકોના હાથનો કોઇ ખરીદદાર મળતો નથી, ને મુઆં માહરે વાસ્તે તો બધા ધરાધરી કરીને મરી જાએછ! મુવું માહરામાં એવું તે શું એક છે? જેમ જેમ મોટે મોટે ઘેરનાં કાજો આવેછ ને હું ના કેહતી જાંઉછ તેમ

તેમ મમા વધતાં ને વધતાં રણુપર ચહરતાં જાએછ. હું ઘણું બી માહરૂં મન મારીને સુખી ને ખુશી દેખાવાની કોશેશ કરૂંછ, પણ કોઇ મને સુખ-કરારથી રેહેવા દેતું નથી. બધી અમારી મુરાદ હવે તો પૈસાપર લટકેલી છે! કોઇ એવા સંજોગ થાય કે જેથી કોઇ રીતે હોમી બીચારો ઘણો પૈસાવાલો થઇને અત્રે પાછો ફરે તોજ આએ અમારાં મોટાં દુઃખનું કંઇ બી સેવટ આવે! હું છુપાં લગનને ધીક્કારૂંછ, કેમકે તેમાં બેઆબરૂભરેલું એશક ઘણું છે, ને તેવું વળી કાંઈ થાય તો માએ મને પોતાના તમામ વારસામાંથી બાતલ કરે, ને માહરા પોતાના પૈસાટકા છતાં હું માહરા હેત-વંતા ભરથારને માહરી તરફની તો કોઇ પણ રીતીની મદદ કરી શકુંજ નહીં તે શું કામનું? હમણાં બી થોડુંએકપર માહરે સારૂ એક કાજ આવી ગીયું. કોઈ જીજીભાઇનાં ખાન્દાંનનો શેઠીઓ છે. પોતે બીજવર મુએલો છે ને પચાસની ભરતીમાં તો પોંહચી ગીએલો છે, તોબી જુવાન ને કુમારી બૈરી જોઇએછ તે ચાલ્યો ચાલ્યો અહીં ગરે પરવા આયો! તેને ઘેર પૈસાની રેળછેલ છે, એટલે માયજી તો કુદીજ પરયાં. શું કેહું બેહેન, માહરા જેવી નાલ્લી ઉમ્મરે માહરા જેટલી દુઃખી બીજી કોઇજ હોશે નહીં"—અને તે નિરદોશ કુમારીકા એમ કેહતાં પોતાની નવી ભોંજાઇની હેતવંતી છાતીમાં માથું ખોસી ઝારઝાર રડી!

પ્રકરણ ૨૪ મું.

ધનીના એ મોટા પ્યારની કાંહાંણી કીરતનની વાત સાંભળવાથી સુંદર રતાં બની શકે તો પોતાની સાસુ તરફ હતી તે કરતાં વધારે બેદીલ બની. વળી પેલા હાથપર તે સાસુ પેતિ તેના તરફ હતી તે કરતાં વધારે કીના-બાજ થતી ગઇ, અને એ રીતે ગરીબ બાપડો ફીરોઝ તો બે તરફની આગમાં બળીને ભરમ થતો હતો! તેની મા જાણતી હતી કે તે તેની તરફથી બોલવાને બંધાયલો હતો અને રતાં ખફા થતી હતી કે પોતાની માની વીરૂધ્ધતાના સંબંધમાં તે જોઇએ એટલી તેણીની હીમાયત કરતો ન હતો. વળી તે પોતે એ બેઉની ચાલથી દુખી હતો. તેની માતા જરા એ

નાખતી કરતી ચાલતી ન હતી તેથી તે કાયર થયલો હતો, અને રતાં તે મગરૂર માતાને મનાવી લેવાજોગી જરાએ નમ્રતા દેખાડતી નહીં હતી તેથી તે કંટાળી ગયલો હતો. સારાંશ, તે આખું ઘેર એકમેકથી નારાજ ને બેદીલ હતું. તે ઘરનાં બધાં મેમ્બરોમાં તડાં પડી ગયલાં હતાં, અને તેથી એક સુખી કુટુંબનુ લક્ષણ તે શ્રીમંત ઘેરમાં જરાએ જોવામાં આવતું ન હતું !

રતાનું દીલ સદાનું જળતું રેહતું હતું. તે ફીરોઝને પોતાનાં ખરાં જીગરથી તેની તરફ તેણે ચલાવેલી ઠગાઇ માટે હજી સુધી માંફ કરી શકી નહીં હતી. તે મોટા મેહલ જેવાં મકાનમાં તેને ઉડયા વા વાગતા હતા. તે હથાં કરતાં બગલીફુઇના જુલમાતભર્યા જાપતા હેઠળ તે કંગાલ ગામડાંનાં ન્હાનાં ઝુપડાં જેવાં ઘરમાં હજી લખ્ખો દરજજે વધની સુખી ને સ્વતંત્ર હતી એમ તેને હંમેશ લાગ્યા કરતું હતું. તેને મોટે ઘેરની અભઇજી થવા જરાએ થઇને ગમ્યું નહીં. રાણી જેરા રોબથી ફરવું હરવું તેને મન કંટાલાભરેલું હતું. તે હાથમાં તાંમરી લઇને સાવલીઆ દુધવાલાને ત્યાં એકલી ખુશાલ જીગરે દુધ લેવા જરા રાંડેરમાં રમતી જમતી નિકળતી ત્યારે તે જેવી સુખી હતી તેવી સુખી તેને લાગતું કે હાલમાં તેની બબે ઘોડાની ગાડીની સેહલગાહોમાં વટીક તે મુતલગ હતી નહીં. મોજ શોખ તેને મન ઝેર જેવી હતી. તે તો છુટાપણાં ને કસરતની શોખીન હતી, પણ અહીં તો ઘરમાં કામકાજ વગર કેદ પડી રેહવાનું કે ઘણું થાય તો સાંહાંજને છેડે માત્ર ગાડીમાં એકાદ હેરયું લઇ આવવાનું હતું. તેણીએ કાંઇ નહીં તો ઉધાગને ખાતર પોતાની એક ન્હાની વાડી બનાવવાની ઉમેદ કરી, અને તે ઉમેદ વાતપરથી વાત નિકળતાં એક દિવસે તેણીએ ધનીને કહી. બગલીફુઇએ રાંદેરનાં તેવણુનાં ઘરમાં પછવાડેના ચોકમાં એક ન્હાની વાડી રાખેલી હતી, કે જેની સંભાળ રાખવાનું કામ અલબત સુંદર રતાંનું હતું, અને તે તેણીની પેહલા પ્રકારની મોજ હતી, તેવી એકાદ ન્હાની વાડી ત્યાં બી હોય તો તેને લાગ્યું કે તેની પછવાડે રોકાયલી રહે, અને પોતાના નાપસંદ વિચારોની સોબતથી બચી

શકે. અલબત ત્યાં તો વિશાલ વાડીઓ હતી અને બેશુમાર ઝાડપાંણ હતાં, પણ તેની સંભાળ માટે તો માળીઓની એક ફોજ રોકાએલી હતી, કે જેઓનાં કામમાં માથું મારતી જવાને તેણીને ગમ્યું નહીં. એટલામાટે માળીઓ તેનાં કામમાં માથું ખોસતા ને તેને હરકત કરતા નહીં આવે એવી એક પોતાના કબજાની ન્હાની વાડીની તેણે તલબ કરી, અને તે તલબને લગતો પરચારો તેણે ધની આગળ વાત થતાં કર્યો એટલે તે તાબડતોબ તે વિશે ફીરોઝને ચેતાવા તેની આગળ દોડી ગઇ.

તે એ વખતે તેની માતા સાથે કાંઈ ઘરખટલાના ચઢી ગયલા હીસાબો તપાસવામાં રોકાયલો હતો, અને ત્યાં પોતાની માતાની ખફગીની બી દરકાર કર્યા વગર ધની હીમ્મતથી ગઈ. "મમા બીચારી આપરી રતાંને અહીં ઘણું "ડલ" લાગેછ જો," તેણે કહ્યું.

"તેનું અહીં કોણુને કેહતી હોશે ?"

"તેને પોતાની એક વાડી પોતાને હાથે બનાવવા ગમેછ. એ કેહજે એની બગલીકુંઇને ત્યાંબી એના હસતકમાં એક નાધલી વાડી હતી," ધનીએ શાંતતાથી આગળ ચલાવ્યું.

તે માતા મોટા તુચ્છકારથી હસી પડી. બગલીકુઇને ત્યાંની વાડીનાં સુખ સાથે તે હેમક છોકરી અત્રેની વાડીઓનાં સુખની સરખામણી કરવાની શેખી કરતી હતી તેથી તેને ઘણી રમુજ મળી.

ફીરોઝને તેથી માંહુ લાગ્યું. તેની માતાનાં આવા તુચ્છકારભર્યા હસવાથી તેની મોહરદારની પીઠ પાછળ તેને જે અપમાન થતું હતું તેથી તેને ઘણું લાગી આવ્યું; પણ તોબી તે તુરત કાંઇ બોલ્યો નહીં.

તે માતાએ તેઓ તરફ જરા બી જોયા વગર હવે મિજાજથી ચોપડામાં લખ્યા કીધું.

ફીરોઝે તરત એ સઘળી ધનીની વાત સાંભળી, અને બગલીકુઇને ત્યાંની રતાંની ન્હાની વાડીની વાત યાદ કરી. ખરેખર, તે તેણીની કેવી મોટી મોજ હતી તે ને ભુલી જઈ શકયો નહીં. "જમીનનો એક કટકો આપરે એને આપી દઇએ તો કેમ ?" ધનીએ સુચવ્યું.

"એ ખેતી કરવાની હોશે?" તે માતાએ નીચી મુડીએ લખતાં લખતાં ટહોરથી પુછ્યું.

"એ પોતાનાં ફુલપાંખુ ઉગારવા માંગેછ, અને પોતાને હાથે તેની પછવાડે ઉપ્યોગ કરવાને માટે ઘણી ખાહેશમંદ છે," ધનીએ જવાબ કર્યો.

"હું માળીને જરૂર એ વિશે કેહવશ," ફીરોઝે ધીમે સાહદે કહ્યું.

"અને કાલ ઉઠીને એ કેહ કે મને દુધ દોહવવા ગમેછ અને છાન લીપવાની મરજી થઇછ તો તે બી એના શોખ પુરા પારજે. કાંઇ બાકી રેહવા દેતો ના," તે માતાએ કડવાસથી કહ્યું. "આપરાં ખાન્દાંનની દીકરીવહુઓને બરાબર છાજતુંજ એ બધું કામ છે."

ફીરોઝે કે ધનીએ આએ તીખ્ખા તમતમતા ટીકાઓનો કશો જવાબ કર્યો નહીં.

"એ દુકની બાગમાં ઉતરીને માટીમાં રગરાશે ત્યારે માળીઓ મને કેવા હસશે ને માહરા ઠીઠીઠાઠા કરશે! માહરાં નસીબ પર ભરકું પરેરે,"— અને તે માતાએ કપાલ કુટયું!

"પણ એમાં એટલું બધું બુરૂં છે શું જે?" અંતે ફીરોઝે તકરાર ઉઠાવી.

"બુરૂં નહી?" મેહરબાઇએ જીવ ઝીકાટયો. "તે માલન થઇને બાગમાં ધુલ મટોરાંમાં ધાતીધરીઆંની કાંની હારકાં રગરતી હોશે તેટલાં ધાર કે 'મને સરને તાંહાંનાં મળવા આયાં તો પછી માહરી શું ફજેતી' થાય?"

"એ બધા તમારા મનના ધખારા છે," ફીરોઝે ગુસ્સાથી કહ્યું. "જો હમણાં ધનીએ કે હીરૂએ એવી મરજી કરી હોતે તે તમોને ગમતે, પણ આએ તો એ છોકરી તમોને ગમતીજ નથી એટલે તેનું ચાહેલું ને માગેલું તમોને ઝેર જેવુંજ લાગશે."

"જાહનમમા જઇને પરો," તે માતાએ તુચ્છકારથી કહ્યું. "તેં વળી સાફ તે દાહરે મને માહરાં મોહરાંપર ને મોહરાંપર કહ્યુંતું કેની કે એ

ઘેરબાર તો બધું તાહરૂં છે, તો પછી જા બાગને બી ખણાવી ખોદાવી નાંખ! બઇરી નચાવે તો નાચવાનું બી બાકી રાખતો ના!',

"એ બધું તમારૂં બોલવાનું છે, માએ," ફીરોઝે ખરાં દીલના કંટાળાથી કહ્યું.

"તે પોતાનાં ગામમાં ક્હરાંમણ પરેલી ગમે તેમ ધુર મટોરાંમાં રગરાયા કરતે! એવી એક કછારી ને નસકારીને અહીં લાવવાની જરૂરજ શું ઉતી?" તે માતાએ વધતા ને વધતા ગુસ્સાથી કહ્યું.

અંતે ફીરોજ ઉઠયો. તેણે જોયું કે તેના ગુસ્સાને તે દરેક પળે વધતો ને વધતો વશ થતો જતો હતો, માટે ગુસ્સામાં વળી કાંઇ ગાડુંઘેલું બોલાઈ જાએ કે કાંઇ દોહરૂં થઇ જાય તે પહેલાં બાજી સમાલી લેવા ત્યાંથી ઉડી જવાનું તે કરતો હતો; પણ તે માતાએ ગગડાત કર્યો.

"કાંહ જાએછ?" તેણીએ ગુસ્સાથી કહ્યું. "પેલીને જમીનનો ટુકડો બારવા કે?"

"હા, તેમાં તમારેથી વાંધો કરી શકાશે નહીં," ફીરોઝે ઠડાવથી કહ્યું.

"તું તેવું કાંઇ બી કરશે તો હું તાહરાં ઘેરમાં એક ઘરીબી ઉભી રેહવાની નથી." તે માતાએ ગુસ્સાથી ઉભી થતાં કહ્યું. "તેં મને પગ-પાંણી કીધું તેથીજ હું અત્રે રહેલી છેઉં, પણ હું માહરા બાગના કોઇ બી ભાગને ખણી ખોડી નખાયલો જોઇ શકવાની નથી. તેવું કરવાનો હોય તો મને અહીંથી અતર ઘરી જવા દે. હું માહરે ગમશે ત્યાંહાં જાઇને પરશ."

ધની ગભરાઇ ગઇ.

"મરવા દેઓની, એ વાત જવા દેઓની," તેણે તે ઉપરથી ગભરાઇને પોતાના ભાઇને કાંને લાગી કહયું, "મેં બી કાંહનોકાંહ એ નવો ફીટનો જગારી આપ્યો!"—અને ફીરોઝે અંતે ગમ ખાઇ જઇ દાનાઇથી નાંખતીજ કરી!

પણ એ બનાવે બની શકે તો તે ઝઇફ બાંનુનું જીગર વધારે ચીરી નાખ્યું. પોતાની દીકરી ને દીકરાનાં ઓરડામાંથી બાહેર જવા પછી તે પાછી આએ કમીની વહુને કેમ દુર કરવી તેનાં દુઃખદાયક વમાસનોમાં વળી ઉતરી ગઈ. તે ઓરડાનાં એકલાં એકાંતમાં તે કમનસીબ બાબાં જાબજા દુઃખી થઇ. તેને કાંઇ સમજજ પડી નહીં. આએ કંગાલ, નાપસંદ, કમકમાતભર્યાં લગન રદબાતલ કરાવવાના ભયંકાર વિચાર તેનાં ભેજાંમાં પાછા અને પાછા જોસથી ઉભરી નિકળ્યા; પણ તે કેમ બનાવવું? કેઇ રવેસે પાર ઉતારવું? તે પાર ઉતારવાને શું કરવું?

——:*:——

પ્રકરણ ૨૫ મું.

ફીરોઝનાં લગનની કાંઇ ઝાઝી હોહા થવા પામી નહીં. તેની માતાએ તે નાપસંદ લગનની કેફીઅત દુન્યાથી ખાખસુસ છુપાવી, અને રતનથી શરમાઇને તેણીએ પોતાના દોસ્ત અશનાવોને પહરોણા તરીકે તેડબોલાવ કરવાનું પણ કેટલીક હદ સુધી સદંતર મોકુફ કર્યું, જેથી એ ગરગામડે થયલાં છુપ્યાં લગનની ઝાઝી હોહા થઇજ નહીં, અને જેઓની જાણમાં તે વાત અનાયાસે આવવા પામી તેઓએ તે એક નહી માનવાજોગ બીના તરીકે તદન હસી કાઢી. હવે ફીરોઝે, તેથી, તે વાતને પ્રસિધ્ધતા આપવાની ઝાઝી દરકાર કરી નહીં. તે તેની મા સાથે સીધો પાધરો કંકાસમાં ઉતરી જવા રાજી ન હતો, એટલે તેણે એ વાતની જાહેરાત માટે ઝાઝી ખણખોડ કરી નહીં, અને વળી બીજું તો રતાં તેની મોહરદાર તરીકે જાહેર થાય તે પેહલાં હજી તે પુરતી ઘડાય અને એ મોટાં ઘેરને લાયક થાય એવી તેણે ગણત્રીઓ રાખી.

એ દરમ્યાનમાં અલબત મેહેરબાઇ તો ઉપર કેહવા મુજબ એ લગન રદબાતલ કરવા પાછળ ખાઇપીને મંડેલાં હતાં. તે જ્યારે બી લાગ મળતી ત્યારે ફીરોઝની આંખમાં નિર્દોશ રતનને ઉતારવા અને હલકી પાડવા જોગું ઘણુંક બોલતી, અને તે ઉપરાંત બી બીજું શું શું કરવું તે

માટે તેણે મનમાં નક્કી ઠરાવ કરી મેલ્યો હતો. તેણે પોતાના સોલીસીટરોની જોડે એ લગન રદ કરવા માટે ખાસ સલ્લાહ કરવાનું ઠરાવ્યું હતું, ને તેણીની તે મકસદનો કોઇને વેહમ નહીં જાએ તેથી તે વચ્ચે થોડોક વખત ગાળી કાઢવા માંગતી હતી, કે જ્યારે તેટલાં રતાંને બને એટલું દુઃખ આપીને તે પજવતી રહી હતી. તે નહીં છીટાંનાં છીટાં સોહધીને તે સુંદરી સાથે કજીઆ કરતી.

રતાં તેને, એમ છતાં, ઝાઝું કોહુ આપતી નહીં, અને સાંબા જવાબો કર્યા વગર ઘણું કરીને મુંગા ધીક્કાર સાથે તે તેને છોડી જતી. દાખલા તરીકે એક દિવસ બધાં સાથે બેઠેલાં હતાં ત્યારે ધનીએ રતાંની એક સાડીના કલરને વાસ્તેના ટેસ્ટની વાત કાઢી. તે કલર રતાંનાં મોઢાંપર ખોલતો ન હતો એવું તેનું કેહવું હતું, અને રતાંએ નિર્દોશતાથી જવાબ કર્યો કે "માહરે ગરગામરે રેહવું પરેલું હોવાથી મેં સારા નરસા ટેસ્ટનો અભ્યાસ કરવાની કોઇ દાહરો દરકાર કરી નથી." ડોસાંનું એ- સાંભળીને પાકી આવ્યું.

"ટેસ્ટ કાંઈ શીખેલા આવરી જતા નથી," તેણીએ તે ઉપરથી ઝટ વચ્ચે પડીને કહયું. "એ તો જાત બુનીઆદ પર આધાર રાખેછ. જેની જાત બુનીઆદની જાત નહીં મળે તે ટેસ્ટ શું મુઆં સમજી શકતાથાં?"

"હું તો ધારૂંછ," રતાંએ એ સાંભળી ઘણા ગુસ્સાથી માથું ફફડાવી કહયું, "હું તો ધારૂંછ કે જેઓ પોશાક ને પોશાકના ટેસ્ટમાં પોતાની જાત બુનીઆદ આવી ગયલી સમજે તેઓજ ખરાં જાત બુનીઆદ વગરનાં કજાત હોવાં જોઇએ. જાતવંત હોય તે તો કજાતને બી બુરૂં બોલે નહીં— કજાત હોય તેજ પોતાની જાત જણાવે."—અને એ મુજબ છેક કલેજાંમાં કાતેલ જીવલેણ જેવો ઝેરી લાગે એવો એ તીખ્ખો જવાબ કરી તે નાજનીન ત્યાંથી ઉઠીને તરત બાહર ગઈ! તેણીએ તરત જોયું કે શીરીઝની હાજરીમાં તે ડોસી તેના સાથે જરા બી નાંખતી કરીને ચાલતી હતી, પણ તેની ગેરહાજરીમાંજ તે તેને ખાખસુસ આટલી બધી સતાવતી

ને પજવતી હતી. એ ખ્યાલથી તેના ઓરડાનાં એકાંતમાં તેને દાવાનલ દુઃખ થયું, અને તે એકલી એકલી ઝાર ઝાર રડવા લાગી.

નસીબ સંજોગે એવામાં ત્યાં ફીરોઝનું પોતાનું આવી લાગવું થયું. તેણે તેને રડતી પકડી કાઢી, ને ત્યારે વિનવીને તેનો સબબ પુછ્યો. તેણીએ તે કહયો નહીં. બને એટલું ખમવાના ઠડાવથીજ તે અત્રે આવી હતી, વાસ્તે તે ઠડાવને તે હજી સાચી રેહવા ચાહતી હતી.

ફીરોઝ બજીદ થયો.

એ વખતે તે છોકરી હીમ્મત હારી ગઇ. "અરે ફીરોઝ, તમે મને શું કરવા પરણ્યા?" તેણીએ રડીને ફરીઆદ કરી. "તમે જાણતાતા કે હું અહીં કદી બી સુખથી રહી શકવાની નથી ત્યારે જાણીબુજીને મને કાંએ એમ દુઃખી કીધી?"

"મેં તુંને દુઃખી કીધીજ નથી; હું તુંને દુઃખી થવા દેવાનોજ નથી," ફીરોઝે પ્રમાણીક જોસથી કહયું. "તું મને તાહરાં દુઃખનો સબબ કેહ તો ખરી?"

"તમોને શું જોવાની આંખ નથી?" તેણીએ ગુસ્સાથી કહયું. "અહીં તમારી માએબેહેનો માહરી દુશમન થઈ લાગીછ તે શું તમે જાણતા નથી?"

"તાહરી ભુલ છે," ફીરોઝે સમજાવ્યું. "ધની તો તુંને માહરી હીરૂના કરતાં બી વધારે ચાહતાં શીખીછ, અને હીરૂ બી તાહરી દુશમેન નથીજ. એમ કરતાં તુંને અહી નહીંજ ગમતું હોય તો હું તુંને તાબરતોબ અહીંથી લઇ જવશ. હું તુંને દુઃખી થવા દેવાનોજ નથી. માહરાં માએ તુંને દુઃખ આપેછ તે હું જાણુંછ, પણ હું તેવણુની જેરીને ખાતર આજવેર સબર માની રહ્યોછ કે આયંદે સઉ સારૂંજ થશેજ."

"બધું સારૂંજ થતે જો તમે મને નહીં પરણતે તો; તમારે તમારાં સરકલમાંજ પરણવું જોઇતુંતું; માહરા જેવી એક ઉતરતી પંકતીનીને પરણીને એમ દુઃખી કરવી નહીં હતી."

"પણ હું તુંને ઉતરતી પંક્તીની ધારતોજ નથી ને કોઇને ધારવા દેતોજ નથી," ફીરોઝે ઘણા આગ્રહથી કહ્યું. "તું હમણાં રરતીતી તેનો સબબ તું મને સહમજાવ તો ખરી!"

પણ રતાંએ હવે એક શબ્દ બી વધતા ખુલાસાનો હોઠ બાહર કાઢયો નહીં. તેણીની તકરારજ એ હતી કે ફીરોઝ તેણીને ગમે એટલો બી ચાહતો હતો તોબી પોતાના સ્વાર્થને ખાતર એમ દગાબાજીથી પરણીને તેણીના સુખી સંસારનું સત્યાનાશ કાઢવામાં તે ઘણો ઘાતકી અને ગેરવાજબી થયો હતો, અને ફીરોઝને હવેજ લાગ્યું કે એ તેણીની તકરારમાં ખરેખર ઘણું વજુદ અને વાસ્તવીકપણું હતું!

અંતે, તેથી, રતાંને ત્યાંથી લઇને જતો રહેવાનુંજ ફીરોઝે મનથી ઠડાવ્યું. તે તેની માતાપર ઘણો ખફા હતો. તેણીને એ રીતે પોતાની મતલબને ખાતર તેનાં સુખની આડે આવવાનો (તેણે મનસે તકરાર કરી કે) કશોજ હક ન હતો. તે અલબત એટલામાટે તેની માતાને તેની જૈફીમાં હાથ પકડી ઘરમાંથી બાહેર કાઢી મેળવા ખુશી ન હતો. તે કરતાં તેણે વિચાર્યું કે પોતેજ પોતાની બઇરીને લઇને ત્યાંથી જતો રહેવામાં વધારે શાણપત હતું.

તેની માના છેક એટલી હદસુધી હઠીલી થશે એવું તેણે ધાર્યુંજ ન હતું. તે પોતે તેની માતાને ઘણો ચાહતો હતો એટલે એક માતા તરીકેનાં વાહલથી તે ડોસી વહેલી મનાઈ જશે એમ તેણે ગણત્રીઓ કરી હતી, અને તેમ નહી થયું તેથી તે ઘણો ખીજવાયલો અને નાઉમેદ થયલો હતો.

એક દિવસે તે એમ ખીજવાયલો ઉપરની અગાસીમાં એકલો ફેરા ફરતો હતો તેટલાં તેનો બનેવી મચી તેની આગળ આવ્યો. "તાહરી બઇરીને વારતે તાહરે ચેતવું જોઇએ, ફીરોઝ," તેણે કહ્યું. "તે સુકાતી ને નખાતી જાએછ. તે બીચારી અહીં ખરેખર ઘણી દુઃખી છે તે તું કેમ જોઈ શકતો નથી!"

"હું જોઉંછ તો ખરો પણ શું કરવું તે મને સુઝતું નથી. હું મ્હારાં માએ સાથે સખત થવા માગતો નથી, ને તેથી સખત થઇ શકતો નથી!"

"ત્યારે જુદો રેહે?"

"હું તેજ વિચારમા છેઉં," ફીરોઝે નાચારીના દેખાવથી કહ્યું.

"એ બધાં ગામતને માટે તું પોતે પોતાનોજ ઉપકાર માન," મંચીએ ટપકાથી કહ્યું. "તુંને ત્હારાં સરકલમાંજ પરણવું જોઇતુતું. તેં એ બીચારીને પરણીને ખરેખર ફસાવી મારીછ."

આ બોલો ફીરોઝની છાતીમાં તીરની કાની વાગ્યા. રતાં પોતે બી તેની ઉપર એજ આળ ચઢાવતી હતી; ત્યારે શું એ વાત એટલી બધી ખરી હતી? શું તે તકસીરવાર ને જવાબદાર હતો? પોતાના ખરા મોટા ને બુલંદ પ્યારને ખાતર બી આએ બાલકીને ફસાવવા જેવો તે આપ-સ્વાર્થી ને આપમતલબી થયો હતો? હવેજ તેને લાગ્યું કે તેણે રતાંનાં સુખ માટે કાંઇ બી કાલજી તાકીદથી કરવીજ જોઇએ

તે રતાંને તે ઉપરથી શોહધતો ગયો. તે ચેહરોજ એક દુઃખનો આએનો હતો! તે બ્યાન નહી થઇ શકે એટ્લી સુંદર હતી તે છતાં હદવનાની દુઃખી દેખાતી હતી. તે એક ન્હાની બાળકીમાંથી હવે પુખ્ત ઊમેરે પુગેલી હતી. તેની અદા શોકાતુર ને સઘળા હાવભાવ દીલગીરી-નાજ હતા. છુટાપણાંનું એક શોખીન પક્ષી સોનેરી પીંજરામાં જેમ ઝુર-પંજર પંડે તેમ પૈસાટકાના દરેક ઠાઠ છતાં આ ખુબસુરતી અત્રે સુકાતી ને નખાતી જતી હતી! બગલી પુઇને ઝુપડી આ મહેલને મુકાબલે સ્વર્ગ હતું!

તેની ફીરોઝ તરફની ખફગી દીનપ્રતી દીન વધતીજ આવતી હતી. તેણેજ તેને ગરદન મારી હતી. તેણે નહી તો બીજા કોણે? તે આ સઘળું માજણું આગમચથી જાણતો હતો તે છતાં તેણે તેને કુવામાં હોમાવી હતી. આ પૈસાટકા, ઠાઠમાઠ, આ ભપકોસપકો કે જે બધું તેને મન ઝેર હતું તે ઝેર તેણે તેને જાણી જોઇને આપ્યું હતું!

તે હરૂસેથી તેની આગળ ગયો, અને પ્યારથી તેને કમ્મરમાંથી પકડી. "એ એખલી એખલી બેસીને શું વિચાર કર્યા કરેછ ?" તેણે મોહબતથી હસીને પુછ્યું.

"શું વરી દુઃખના ! સુખના તો હોયજ ક્યાંથી ?"

"દુઃખ માહરી તરફથી ?"

"હાસતો," તેણીએ કહ્યું. "જેણે મને માહરાં સુખથી બાકાત કીધી તેનેજ હું તો માહરાં આએ દુઃખનો જવાબદાર જાંણુ કેની ?"

"ચાલ, ચીંત ના કર," ફીરોઝે હીમ્મત આપી. "હવે બે ત્રણ દાહરામાં એ તાહરાં બધાં દુઃખનું સેવટ આવી જશે. હું તુંને અત્રેથી લઇને જતો રેહેવશ. હવે તો રાજી થઇ ?"

પણ તે બાપડાને શી ખબર કે તેટલાં તો કેટલીક હદ સુધીની કચુંબર થઇ જવાની હતી ! બનાવ એવો બન્યો કે બીજેજ દીવસે મેહરબાઇ ડોસાં ખીજવાયલાં ને ફફડેલાં ઉઠયાં અને તેવણુનો આખો દાહડો ખીજવાતનોજ ગયો. એવામાં અધુરામાં પુરૂં એક નોકરે પાણીનું તંબલર લઇને તેવણુ આગળથી પસાર થઇ જતાં ઠોકડ ખાધી, અને તે પાણી તેવણુની "હીરા મોતીની સાડીપર" છલકાયું. આથી તે "મોટે ઘેરનાં અભઇજી"નો મિજાજ હાથથી ગયો. તેવણે તાબડતોબ તે બીચારા નોકરને પાણીચું આપ્યું, અને તેની જગ્યે બીજે દાહડે એક નવો માણુસ રખ્યો, જે કમનસીબે જ્યાદા ઓદાંની સિધ્ધ થયો ! તે કમબખ્તે તો એવી ભુલ કરી કે જે ભુલે તે આખું ઘેર છોડછંછોર કરી નાખ્યું. મીસીસ મેહરહોમજીને નામનું એક કાંઇ કાગળ ટપાલમાં આવ્યું હશે તે મંજકુર નોકર રતાંના હાથમાં આપી આવ્યો. તેણે એમજ ધાર્યું કે તે રતાંનું હશે, અને રતાંએ બી તે પોતાનું માનીનેજ ઉખેડયું;—એ કે તે ઉખેડતાં તે અજબ થઇ કે તેની ઉપર એવા ઇંગ્રેજી તોરથી લખવાવાલું કોણ હશે ! તે એનવેલપ મોટું જાડું બલુ રંગનું હતું, અને ઉપર કોઇનું સીલ હતું. તેણીએ તે કાગળ તાજુબીથી ઉખેડયું અને

ધીમે ધીમે વાંચ્યું, પણ તે વાચતાં તેના ડોળા ચઢી ગયા! તે નીચે મુજબ હતું:—

"એસપ્લનેડ, કોટ.
મુંબાઈ, તા૦ ૩ જી નવેમ્બર.

"બાઇ સાહેબ—

"તમારા હોકમ મુજબ તમારા દીકરાનાં લગન સંબંધી અમે દરેક ને બારીકમાંબારીક તપાસ કરેલી છે. અમારી પેઢીના મી૦ મેહરવાનજી પોતે એ વાતની જાતે જુસ્તેજો કરવા સારૂ રાંડેર જઇ આવ્યા છે. સુરતનું લગનનું રેજીસ્ટર એવણે તપાસેલું છે, ને જે દસ્તુરોએ આશીરવાદ સાર્યા તે લોકોને બી એવણ મલી આવેલા છે, અને કેહવાને દલગીર છીએ કે જરથોસ્તી દીન ઇમાનની રીતી નીતી પ્રમાણેનાં એ લગન તદ્દન કાયદાસર ને હકવાજબી થઇ ચુકયાં છે, જે તોડી નાંખી શકવા જેવી તેમાં એક બી બાધ દેખાતી નથી. અમે એ લગનની હકીકતો જાહેર કરીને વળી ઘણા ચુનંદા કાઉનસેલનું મત બી લઇ ચુકયા છીએ, અને તે બી એજ મતનો છે કે એ લગન રદ કરાવવાની કોરટને અરજી આપવાનું બીલકુલ બેવકુફીભરયું થઈ પડશે. એટલામાટે એ લગન રદબાતલ કરવાની તમારી ખાહેશ મુજબનું અમો કશુંજ કરી શકતા નથી તે વાસ્તે દલગીર છીએ ને માફ માંગીએ છીએ.

લા૦ અમે છીએ, બાઈ સાહેબ,

તમારા વીશ્વાસુ,
બરટી અને મેહરવાનજી,
સોલીસીટર્સ."

આ તે કાગળ હતો! તે "ઑરીશીઅલ" હતો, પણ ગુજરાતીમાં લખેલો હતો. તે ખાનગી હતો, છતાં મેહરબાઇ કોઇની બી મદદ વગર

પોતેજ તે વાંચી શકે વાસ્તેજ તેણીની ખાસ ખાહેશથી તે એ રીતે ગુજરાતીમાં લખાયલો હતો.

રતાં તે વાંચતાં તમામ હબતી ગઇ! લકવાથી થયું હોય તેમ તેના તમામ અવયવો એકજ પળમાં તે હીણભાગ્ય કાવત્રાંની કળ મળતાં જુડા ને બેતાકાત થઇ ગયા! તેણે જોયું કે ફીરોઝની માતાનો કાગળ તેણે ભુલથી ઉખેડયો તેમાં તે માહનામી સાહેબનો ભેદી ને છુપો હાથ હતો. તે કાગળ વાંચ્યાથી તે નાચીજ ને નાતરસ અબળાની માહ પાપી અને ભ્રષ્ટ બુધ્ધિની તેણીને અજબજેવી રીતે માહીતી થઇ ગઇ!

તેની છાતી ધડક ધડક થવા લાગી. શું આએ કમીની અબળા એટલી હદ સુધી આગળ વધી ગઇ હતી કે ફક્ત પૈસાટકાની નીચ બાધને ખાતર ખુદાને બાર બંધાઇ ચુકેલાં એક પવિત્ર લગનનો પાક ગાંઠ તોડાવી નાખવા વટીક તે તૈયાર થઈ હતી?

તેણીએ કલાકો સુધી બેસીને તે દુઃખકારક કાગળ પર મનન કરયું, અને અંતે તે એકજ ઠડાવ કરીને ઉઠી. "હું પોતેજ જઇને રૂબરૂ એને કહી આઉં કે હું પોતેજ તાહરા દીકરા સાથનાં માહરાં લગન ખુશીથી તોરી નાખું છું," તેણીએ પોતે પોતાને કહ્યું,—અને એમ બોલતી મહાભારત ગુસ્સા સાથે તે કાગળ હાથમાં ઉંધાડોજ પકડીને તે પોતાની નાલાયક સાસુને સોહધતી તેના ઓરડામાં ગઈ.

પ્રકરણ ૨૬ મું.

તે (ફીરોઝની માતા) પોતાના ઓરડામાંજ હતી. તે ત્યાં ટપાલની અતીઘણી આતુરતાથી રાહ જોતી બેઠી હતી. તે આજના ટપાલમાં ઘણુંકરીને પોતાની એક ઘણી અગતની લખાવતનો જવાબ આવી જવાની ગણત્રી કરી રહી હતી.

તે જવાબ હજી કેમ નહીં આવ્યો? ટપાલનો વખત ગઇ ગયો હતો; રોજ તે એથી વ્હેલો આવી જતો હતો. નાસ્તો કરી તે એ જવા-

જની તલબગાર પાધરી પોતાના ઓરડાનાં એકાંતમાં આવી હતી, ને તે અગતના દસ્તાવેજની હજી રાહ જોતી બેઠી હતી.

તેને તે નવા નોકરનો તો ખ્યાલજ થયો નહીં, અને તેથી તે કાંઈ બી ઘોંટાળો કરે એ તેને દુરનો સ્વપ્નો પણુ થયો નહીં. તે તો તે જવાબ ઉપર પોતાના ભવિષની મોટી મોટી ઉમેદો બાંધી બેઠી હતી. તે કાગળ ફીરોઝનું અણુગમતું લગન તોડી નાખવાને લગતો ફેસલો કરવાવાલુ હતું. રતાં તરફનો તેણીનો અણુગમો રોજબરોજ વધતોજ આવતો હતો, જેથી એ લગન હવે જેમ બને એમ તોડાવી નાંખવા માટે તે ક્યાર ક્યારમાં પડી હતી. જો એક વખત એ લગનમાં એક બી ગેરરીતી પકડાય તો તે રતાંને ધકેલો મારીને તેને ઘેરબારે મોકલી દઇ શકે! ફીરોઝ મરતાં સુધી તેને છોડી જશે અથવા બેવફા થશે નહીં એવો તો તેને કશોજ ડર થયો નહીં. તે પછીથી ધમકાવીને કે પટાવીને પોતાના એ બચ્ચાં જેવા ભોલા-દીકરાને ઠેકાણે લાવી મેલવા માટે તદન ખાત્રીભેર હતી. વળી તેને રતાંને પોતાને માટે જરાએ દીલગીરી કે અફસોસ થયો નહિ! ગરીબો તેને મન લાગણી વગરનાં હતાં—તે શ્રીમંત હેમક! "દોરંગી દુન્યા" ના પેલા પુષ્કળ લોકપ્રિય થઈ પડેલા ખેલમાં ખેલની નાયકા દીલબર જે એક મુફલીસ ગામડયન છે તે પૈસાવાલી મનીજેહના ગરીબી માટેના અહંકાર ને તુચ્છકારને ધીકકારી કાઢતાં હંમેશ તાલીઓના ગગડાત સાથે વાસ્તવિક કહે છે કે "તાહરા જેવાં લાગણી વગરનાં હેરી હુધરેલાંઓ કરતાં ખરી અને ભલી લાગણીનાં અમો ગરીબ ગમારોને હ-તર ભલાઇ છે!". જે પૈસાની સુગમાં મરી રહેલાં શ્રીમંતોને ગરીબો માટે કદર કે લાગણીજ નથી તેઓ ઇનસાન્યતથી સદાનાં દુર છે, ને ઉતરતાં હેવાંનોથી બી અધમ ને કપાત્ર છે એમાં સદેહ શો છે?

અલબત એ લગન રદબાતલ થવાથી (તેણીને લાગ્યું કે) લોકોમાં થોડી ક્યાક્ચી ને ગડબડ થશે ખરી, પણુ અંતે તે વાત ભુલાઇ જતાં જલ્દીજ સઘળું પાછું સમાધાન થશે, ને ત્યારે મોટે મોટે ઘરની છોક-

રીઓ તેના એ બાદશાહ જેવા બેટાના પગની ખાખ ચુમતી ઉમેદવારી કરતી આવશે ! તેને ખાત્રી હતી કે એ લગન તોડી નાખવાથી મોટે ઘેરનાંઓ તો બધાં તેણીની પોતાનીજ હીમાયત ને વાખવાખી કરશે, ને એ લગન તોડી નાખવાની તેની દાનાઈ જબજ્જ કબુલ રાખશે. ફક્ત ગરીબો તે માટે ગરબડ કરે, પણ ઓહ, તેઓની શી પરવાહ કરવાની ? તેઓ શી ગણત્રીમાં ? તેઓને અવાજજ શાંનો હોવો જોઇએ ?

તે પોતે હવામાં કિલ્લા બાંધતી હતી એમ તો તેને પોતાને લાગ્યુંજ નહીં ! તે એ બધું કરી શકવા માટે તદન ખાત્રીભેર હતી ! તે તો લગનમાં કાંઇ બી ગેરકાયદે હોવાનો જાણે ગાંઠ વાલી બેઠી હતી. તેની એ મુરાદ આખી દુન્યાના સોલીસીટરો એકઠા કરતાં બી બર લાવી શકાવાની નથી એવો ભય કે વિચાર તો તે બેવકુફ અબળાને થયોજ નહીં !

એવામાં—તે પોતાના એ હેમક તુરંગોમાં રોકાયલી હતી તેટલાં—ધીમેથી કોઇએ તેનું તે અલગું બંધ કરેલું બારણું થોકયું, ને તેના "આવ" કરીને આપેલા જવાબના જવાબમાં સુંદર રતાં દાખલ થઈ ને તે માતા અજાયબીમાં ચમકી ઉઠી.

રતાંનો તોરજ તેને ચમકાવા બસ હતો ! એક અપમાન પામેલી રાણીનાજ રોબથી તે તે ઓરડામાં દમામદાર ફીસમે દાખલ થઈ. તેનો ચેહેરો ગુસ્સાથી લાલ હતો, ને તે ગોરા ગાલોપર ગુલાબો પ્રગટી નિકળ્યા હોય તે ફીસમનો તે લાલાસ વટીક જોનારને અજબ કરનારો હતો. તેણીના હાથમાં એક ઉખડેલું કાગળ ઉઘાડું પકડેલું હતું.

"આએ તમારૂ કાગળ છે," રતાંએ દાખલ થઇને પેલીને થથરાવી નાંખનાર રોબથી કહ્યું. "તમારા નવા ચાકરે તે મને લાવી આપ્યુ ને તે મેં માહરૂં જાંણી ઉખેરયું ને વાંચ્યું છે."—અને તેણીએ તે કાગળ તે ડોસી ઉભી હતી તેની પાસેની ટેબલ પર ફેંકયું.

તેણીનો અવાજ ગુસ્સાની તેજ લાગણીઓના સબબે ધ્રુજતો હતો ! તે ખોખરો હતો. તે પ્યારા લબ કે જે વચ્ચેથી તે

અવાજ અવાજ પામતો હતો તે હોઠ લોહીના છાંટા વગરના ફીક્ક પડી ગયલા હતા !

"એ નજીસ કાગળ વાંચીને તમારી મકસદ ને મતલબ શું છે તે અને સમજાવો ?" રતાંએ તકાજો કર્યો.

તે ડોસી ગભરાઇ ગઇ. તે હબતી ગઇ. તે ચતુર હતી માટે એક તડાકે સઘળું ચેતી ગઈ. તેણીએ જોયું કે નવા નોકરે ગંભીર કચુંબર કરી નાંખી હતી, ને જે કાગળની તે પોતે કાગને ડોલે વાત જોતી હતી તે ખુંનામરકી નિપજાવનારો કમબખ્ત કાગળ રતાંનાજ હાથને એનાયત કરીને તે હેમકે બધો ધાંન બગાડયો હતો ! ! આથી તેને પેહલી હરોલમાં ઘણો ગભરાત થયો, ને તેણીના હીરા મોતીમાં ગંજરાયલા હાથો રતાંએ જોયું કે સરચાંમ એક અપ્રાધીનીજ અદાથી એકાદ પળ ધ્રુજ્યા ! તે પાંણી પાંણી થઇ ગઇ.

રતાં તેની સામે રોઆથી ઉભી હતી. તે એ ડોસીને મુકાબલે એક બાળક છોકરી હતી, અને ડોસીનાં કદાવર આંગ ને રોબદાર દેખાવ આગળ તે તો કોઈ હિસાબ કે ગણત્રીમાં ન હતી; પણ તે છતાં હાલમાં તેના કરતાં બી રતાંના રોબ ને ત્રાસનું તેજ વિશેષ ઝલકતું નજરે આવતું હતું ! તે બાળક છોકરીની તેજદાર ચશ્મોમાં જ્વાળાજ પ્રગટી નિકળેલો પ્રગટ દેખાતો હતો !

"તમારો શું બચાવ છે ?" રતાંએ જરા વારની ચુપકી પછી પાછો તકાજો કર્યો.

અંતે પોતાની વિખરાઇ ગયલી હીંમત જમા કરી મેહેરબાઇએ તે કાગળ એક ઝપાટે વાંચી લીધો, ને વાંચી રહીને પછી દમામથી પુછ્યું, "તું શું પુછવા માંગેછ ?"

"હું અવલ તો એ જાણવા માંગુછ," રતાંએ તિખાસથી કહ્યું, "કે આએ જે કાગળનો નજીસ જવાબ છે તે નાપાક કાગળ અવલ તમે એ સોલીસીટરો પર લખ્યોતો ખરો કે ?"

"હા."

"તમારે એ લગન તોરીજ નખાવવાં છે?"

"હા."

"અને તેમ કરતાં માહરી હોરમતનો નાશ થશે ને મને જનમ સુધીની કાલી તીલી પોંહચશે તેની તમને પરવાહજ નથી?"

"હું માએ તરીકે માહરા જણેતા દીકરાનું સારૂં વાંચવાને બંધાયલી છેઉં," તે હેમક માતાએ ખુલાસામાં કહ્યું.

"ને દીકરાનું સારૂં વાંચતાં બીજાં મરે કે જીવે તેની તમુને દરકાર નથી, એમજ કેની?"

"હા."

"એટલે કે ગમે તેમ કરીને બી તમારે તમારા દીકરાને માહરા બંધમાંથી મોકલોજ કરવો છે?"

"અલબત; એ લગનથી માહરૂં કલેજું ચીરઇ ફસાઇ ગીયુંછ," તે નાપસંદ લગનના ખ્યાલથીજ જાબજા દુ:ખી થતાં મેહરબાઇએ કહ્યું. "એ લગન તોરી નાંખવા હું માહરી દોલતનો અરધો હીરસો બી આપવો પરે તો આપું!"

"તમારી દોલતને દોજખમાં નાખો," રતાંએ અધીરાઇથી માથું ફફડાવી કહ્યું. "આગળ એમ કોઇનાં બી લગન રદબાતલ થયલાં હોવાના દાખલા તમે જાંણોછ કે?"

"એક નહીં પણ એક દજન," મેહરબાઇએ ભાર નાંખીને કહ્યું. "અમો મોટા લોકોમાં એની જરા બી નવાઇ નથી."

"વારૂં, એ તમે ફાંફાં મારોછ તે વાત તમારો દીકરો જાંણે છે કે?"—અને એ સવાલ જરા વારની ચુપકી પછી પુછતાં દુ:ખી રતાંનો અવાજ છેકજ ધીમો પડી ગયો! તે ભિતરની હાચનાં દચકાંઓમાં અરધો બેમાલુમ દુબી ગયો!

તે ડોસી આ લંબાણ પણ હીંમતવાન, આ જુસ્સાભર્યો પણ સાચ્ચો, આ જોશદાર પણ આંસુભરી આંખોએ રજુ થયલો જવાબ સાંભળી થથરી ગઇ! તેણે જવાબમાં પાછું બોલવા માંગ્યું પણ તે કશું બોલીજ શકી નહીં. તે હવે ખરેખર બીહીધી. તેણે જોયું કે આએ પોરી હીંમતથી ને દડાવથી બોલતી હતી, ને તે જે કેહતી હતી તેવું કાંઈ કરે તો તેનો દીકરો તેનું મોંદું બી કદી જુએ નહીં! તેણે હવે શું કરવું? શું કેહવું અથવા બોલવું?

"હું આએ ઘેરમાં આવી ને આવી તમે માહરાં કટટાં વેરીનીજ જગ્યા રાખી છે, ને તમારે તે માટે ખરેખર શરમાવું જોઇએ," રતાંએ જોશથી કહ્યું; 'અને જાણે એ તમારૂં બધું શરમભરેલું કરપીણપણું બસ નહીં હોય તેમ તમે માહરી હોરમતનો ને જીંદગીનો નાશ બી પણ સોહોધ્યો છે, ત્યારે હવે તમારાં ઘેરમાં માહરે એક ઘરી બી થોબવું રવા નથી"— અને એમ કેહતાં જવાબને વાસ્તે થોબવાની દરકાર કર્યા વિના તે ફરી, અને ઓરડામાંથી બાહાર ગઇ.

મેહરબાઇ ગભરાતમાં ધ્રુજતી ઉભી! તેણે હવે શું કરવું? શું નીચી નમી તે કંગાલ ને કમીની વહુની માંફ માંગી કાલાવાલાથી તેને પાછી બોલાવી રાખવી ને થોબાડવી? તે તો દુન્યા ઉલટ પુલટ થતાં બી તેનાથી થાય તેવું ન હતું! "જા, ગેઇ તો માહરી ને માહરા દીકરાની બલા લેતી," તે અંતે હીંમત કરી પટપટી. "મુઈ જાણે કોઇ નાટકવારી હોય તેમ નાચનની કાંની એની આઇબાઇના બતાવી ગેઇ તો અહીં શું માહરાં ખાસરાંને એ મુઈ રેંજીપેંજીની દરકાર છે? ઉલટું માહરૂં ઘેર પાક થઇ જશે! હું માહરા દીકરાના લાભ કે બચાવને વાસ્તે મને જે સારૂં લાગશે તે કરશ ને ફર કરશ!"

તે એ રીતે મનથી બોલતી ને વમાસતી હતી, પણ તેનું હદમ તેને ભિતરે ચીસ પાડી કેહતું હતું કે આ સઘળું તેનાથી ડોહોરૂં થઇ ગયું હતું, ને તેનું પરીણામ ઘણું બુરૂં આવનાર હતું! એટલા માટે

"ખીરોજીને મેં ખુલ્લે ખુલ્લું કહેલું છે કે હું એ નજીસ લગન રદબાતલ કરવાની છેઉં," તે માતાએ તોરથી જવાબ કર્યો.

"અને તેણે તમોને રોક્યાં નહીં? માહરી તરફની બધી ગલીચ અને ધાટકી વર્તણુંક ઉપરાંત આએ તમારી લેઆનતભરી હીલચાલ બી તેણે લઇ ચલાવી? ભટ પરી ત્યારે તમારા પૈસાટકાપર! આગ લાગી જાઓ તમારી એવી તવંગરીપર!" રતાંએ ખરાં દીલના ધીકકારથી કહ્યું, અને પછી તે ડોસીને ઉસ્કેરાઇ આવતી જોઇ નરમ પડી જઈ પોતાની મતલબને લગતી તે તપાસો આગલ ચલાવી. "અને ત્યારે જો અમારાં લગનમાં કાંઇ બી એવી કસર રહેલી માલમ પરતે કે જેથી તમે એ લગન તોરાવી નાંખી શકતે તો તમે તેમ જરૂર કરતે એમજ કેની?"

"કહ્યું કેની જે હા?" મેહેરબાઇએ હવે બધી ધીરજ ખોહી દેઇ કહ્યું. "મુઇ બાપ લાખ ચાલીસને ઘેરની હોય ને બધી મને કોરટમાં સવાલ જવાબ કરતી હોય તેમ સવાલ જવાબ શાંની કરવા આવીછ? ચાલ નિકર માહરા ઓરડામાંથી!"

"તમારી એવી ખુશીજ છે તો હું આએ ચાલી તમારા ઓરડામાંથી," રતાંએ છેક તરયાપાવપર આવી હવે તમામ ધીરજ ખોહી દીધી. "તમારા દીકરાનાં લગન તમારે તોરીજ નાંખવા છે તો જાઓ હું પોતેજ તે દીલની હજારો ખુશીથી તોરી નાંખુંછ! મને તે તોરી નાંખવાનો દરેક હક છે, કેમજે તમારો દગલબાજ દીકરો મને ઠાગાથી જુઠું સમજાવીને પરણેલો છે. હું તમો બધાં નામે મોટાં ને કરણીએ જુઠાં મોટાં લોકોને એટલાં ખરાં દીલથી છેક માહરી બચગીથી ધીકકારૂંછ કે તમારા દીકરાના પૈસાની ને પદ્દીની વાત જાણ્યા પછી તે દોલતના ઢગ માહરા પગ પાસે જમા કરતે તોબી હું તેને ને તેની દોલતને ઠોકરે મારને! એટલા વાસ્તે તમારે હવે વકીલ બારીસ્ટરોની મદદની ઉમેદ કરવા કાંઈજ જરૂર નથી. જે દગલબાજીથી થયલાં લગન છે તે તોરી નાંખવામાં કશોજ ગુનાહ નથી, ને તેથી હું પોતેજ એ શરમ ભરેલાં લગન માહરાં દીલની દરેક ખુશી સાથે તોરી નાખુંછ!"

તે મન મનાવા ને દીલ સહમજાવાની હીંમત બતાવનારૂં એ બધું પોતે બોલતી ને પોતાના જીવને કેહતી હતી ખરી, પણ ખરેખર તો તેના જીવને હવે એક જરા જપ ન હતી કેમકે તેના દીકરાની અને જગતનીજ આંખમાં નહીં પણ તે પાક દાદારને બાર બી તે એક મોટાં પાપની તકસીરવાર અને જવાબદાર હતી, કેમજે તે સાહેબની દરઘેહ બંધાયલાં લગનના પવિત્ર ગાંઠને તેણીએ એક ઝટકે તોડી નાખવાનું માહા પાપ ભર્યું પગલું લીધું હતું. એ બુલંદ અને પાક ક્રિયા તેને મન જાણે મન સમજાવાનો એક ફાર્સ હતો! એ બધું તે પોતાનાં અંતકરણનાં ઉડાણથી સારી રવેસે જાણતી અને માનતી હતી. અને તેથી રતાંના એમ કહીને સદા સુધીની જવા પછી તે સ્વભાવિક રીતે કેટલીક હદ સુધી ફીકરમંદ થઇ. તેને રતાંની પોતાની ફીકર કે દરકાર જરાએ ન હતી; તે તો ફીરોઝના ગુસ્સાથી બીહીતી હતી. તેણે રતાંને જાણીબુજીને ખોટું સમજાવ્યું હતું તે પોતે યાદ કર્યું. રતાંના જુસ્સાભર્યાં સવાલના જવાબમાં તેણે તે સુદરીને એવું કહી સંભળાવ્યું હતું કે જાણે એ તેમનાં લગન તોડી નાંખવાની તેણીની હીલચાલ ફીરોઝ જાણતો હતો અને તોબી જાણી જોઇને આંખવીંચામણાં કરી ને એ લઇ ચલાવતો હતો, અને તેનાજ રતાંને કારી જખમો થયા હતા. એમ છતાં ખરી વાત શી છે તે, અલબત, વાંચનારથી છાંની નથી. ફીરોઝે તો તેની માતાનો એ નેહસ્ત વિચાર એકદમ વખોડી નાખ્યો હતો, માટે રતાંને એમ જુઠું સમજાવ્યાથી તે તેને અપમાન આપવા ઉપરાંત નુકસાંન કરવાની બી જવાબદાર હતી, અને ખુદાની તેમજ ધારાની આંખમાં તે મોટાઇમાં મરી રહેલી અબળા એવડી અને ચોવડી ગુનેહગાર પુરવાર થતી હતી!

અંતે ફીકરમંદ થઇને મામલો બીગડે તે આગમચ તે અટકાવા ને સુધારવાની મતલબથી તેણીએ પોતાના દીકરાને પોતાની હજુરમાં તેડવી મંગાવવા ચંગ વગાડયો, અને તેના જવાબમાં જે નોકર આવ્યો તેણે તે બાનુને ખબર કરી કે ફીરોઝ ઘરમાં ન હતો! આ સાંભળી તે ડોસીએ ખભાં ચઢાવ્યાં, અને તે નોકરનાં જવા પછી પાછું પોતાનું કામ

હાથમાં લીધું. "મુઇ જાહનમમાં જઇને પરે," તે મનથી પટપટી. "માહરે એટલું બીહવું શાંનું જોઇએ? કુવો તલાવ કરશે તો ઉલટું પાપ કપાશે, ને મોરે વેહલે બી દુકતો માહરી મતલબ પ્રમાણે સુધરીને ઠેકાણે આવશે." બે કલાક પછી ધનીએ તેની માતાના ઓરડામાં માથું ખોસ્યું. "મમા, આપરી રતાં અહીં છે?" તેણીએ બીહીધેલી અદાઓથી પુછયું.

"અહીં બે કલાકની વાતપર ઉતી તો ખરી," મેહરબાઇએ ટણુકાથી કહ્યું.

"અને પછી કાંહ ગેઇ?"

"જાંહનમમાં," તે માતાએ ગુસ્સાથી પોકાર્યું. "તેનું મને શું પુછતી હોશે?"

"પણ, મમા, રતાં આખાં ઘેરમાં કેઠે નજરે પરતી નથી!"

"ઓવાય, પણ તેનું હું શું કરૂં? તેના ધણીજીને જઇને કેહે? મને કાંય કંટાલો આપતી હોશે? જોતી નથી કે હું વાંચવા બેઠેલી છેઉં! ખબરદાર જો, ફરીથી હું વાંચતી બેઠી હોઉં તાહરે એમ મને વગર કારણે અરચણ કરતી આવીછ તો,'—અને ધની ઘણી અજબ થતી ને નાઉમેદ તે ઓરડામાંથી પાછી બાહેર ગઇ!

પ્રકરણ ૨૭ મું.

ફીરોઝ ખુશાલ તબીઅતથી રાત્રે છેક મોડેથી ઘરે પાછો ફર્યો. તે અંતે એક નક્કી અને સુખી સેવટપર આવી ચુકયો હતો. તેની મોહરદારને તે ઉંઘાડી આંખે પરણ્યો હતો માટે તેણીની હાલની અસુખી હાલત સામે તે હવે વધારે વાર આંધળો થઈ શકયો નહીં. તેની માતાને જો તે હજી નહીંજ ગમતી હતી તો તેણીને લઇને હવે જુદો થવાને અને જુદો રેહવાને તે પાક ખુદાનાં ઘેર સુધીની ફરજથી બંધાયલો હતો. રતાં હવે જોઇએ એટલી મોટે ઘેરની મોહરદાર થવાને લાયક થઈ ચુકી હતી, અને તેથી

જાહેરમાં તેને લઇને જુદો થવાને વાસ્તે તેને આનાકાનીનો કશો પ્રસંગજ રહયો ન હતો. એટલામાટે ખંબાલાના દરીઆ તરફ એક ઘણો રોણકદાર બંગલો ભાડે રાખવાનું તે આજે સાટું કરી પાછો ફર્યો હતો, અને તે રાચરચીલાંથી આરાસ્તા કરવા વળતે દિવસની તે ગણત્રીઓ કરતો ઘર આવ્યો હતો. તેની છાતીપરથી એક મોટો ભાર ઉંચકાઇ ગયો હતો, અને હવે તે પોતાને માથેનું શીહા આકાશ તદન નિર્મળ અને સ્વચ્છ જોતો હતો!

તે રતાંને એ સઘળી નવી ગોઠવણો વીદીત કરી કેહવા ઘણોજ આતુર હતો, અને તેથી ત્રણ ત્રણ કાંડીએ દાદર ચઢીને તે પોતાના ઓરડામાં ગયો.

ત્યાં કોઇ હતું નહીં. રતાંની સાડીઓ, પંખા, ફુલો, ચોપડીઓ વિગેરે ત્યાં સઘળું વેરવાર પડેલું હતું, પણ રતાં પોતે ત્યાં હતી નહીં! એક ફાટેલું એનવેલપ જમીનપર પડેલું હતું.

તેણે ઘંટ વગાડી રતાંની આયાને બોલાવી અને રતાંને તેડી લાવવા ફરમાસ કરી. પણ તેને તાજુબીભરેલો જવાબ મળ્યો કે રતાં તો છેક બપોરથી ઘરમાં મળતીજ નથી! તે આયાનાં પોતાના અનુમાન મુજબ તે બાહાર ગયલી હજી સુધી પાછી ફરીજ ન હતી.

તે અજબ થયો પણ હજી ફીકરમંદ થયો નહીં. તેનાં ગયા પછીની તેનાં ઘરૂમાં બરપા થએલી ખટપટ તે બાપડો શું જાણે?

. તે તુરત વેળા પોતાના ડ્રેસીંગ રૂમમાં ગયો, અને ત્યાં તેની અજાયબી વચ્ચે તેના ગુચવાડાનું એકદમ સેવટ આવી ગયું. તેની ડ્રેસીંગ ટેબલ ઉપર રતાંના દસ્કતમાં તેના પોતાના જેગું એક કાગળ પડેલું હતું.

ફીરોઝની છાતીમાં તે જોતાં સાથે એક ચમટો તુંટી આવ્યો! રતાં એક કાગળ લખીને ગઇ! તે કયાં ગઇ?

તેણે ગભરાટથી તે કાગળ ઉખેડયું. તે થીચોથીચ અને લંબાણથી લખેલું હતું.

તે બાજુમાંની ખુરસી પર બેસી ગયો, બતીનો કાકરો ચઢાવ્યો, અને પછી ગભરાતથી અને આતુરતાથી તે કમનસીબ કાગળ તેણે વાંચ્યું. તે વાંચતા તેનું કપાલ પરસેવાથી તર થઇ ગયું, અને તેનો ચેહરો દરેક પળે વધતો ફીકકો મારતો ગયો !

તે કાગળ એક છેલ્લી સલામનું હતું ! રતાં તેને એક છેલ્લી સલાંમ કરીને તેનું ઘર અને તેને પોતાને સદા સુધીનાં છોડી ગઇ હતી.

તે કાગળ આ મુજબ હતું:—

"મેં તમોને વચન આપ્યું હતું કે હું તમારાં માય બહેનો સાથે રહીને તે લોકને થોડુંજ સુધી વેહી જોવશ, અને તમે મને વચન આપ્યું હતું કે એ તુમાખીઓ મને નહીંજ સપોવી શકશે તો તમો મને લેઇને તુરત જુદા રેહશો. ધ્યાન કરજો, ફીરોઝ, કે તમે મને ઠગીને પરણ્યા નહીં હતે તો હું કદી બી એ રીતે જનમોજનમની દુ:ખી થઇ જવાનું કબુલ કરતે નહીં. બગલીફુઇએ મને હંમેશ પૈસાવાલાંઓને ધીકકારતાં શીખવ્યુંછ, પણ તે માહરો ધીકકાર એટલી હદ સુધી વધશે ને ખરો પડશે એવું મેં કદી ધારયુંતું નહીં. હવે હું ઘણા ધીકકાર સાથે તમોને ને તમારાં ઘેરબારને સદા સુધીનાં છોડી જાઉંછ. તમારી આસપાસનાં-ઓએ મને જેવી રીતે હીણીછ, ધીકકારીછ ને પજવીછ તેવી રીતે ખુદા તે લોકોને પોતાને હીણે ને સજા કરે એજ માહરી રોજની બંદગી છે. તમારી ઉપર તો હું એકજ વાતને વાસ્તે ખફા છું–અને તે એજ કે તમે મને દગલબાજીથી પરણ્યા.

"તમારી માએ તો હદ કીધીછ ! તેવણે પોતાના સોલીસીટરોને એ લગન કોઇબી રીતે તોડી નાખવાનું લખ્યું, અને દયાલું ખુદાના ભેદી હાથે સરજાયલા ઘણા અજબ જેવા સંજોગોથી તે કાગળનો જવાબ માહરા વાંચ-વામાં આવ્યો છે. તેવણે એ લગન તોડી નાખવાથી મને જે સદાની કાલી તીલી પોંહચે તેનો દયાથી ખ્યાલ કરેલો બી જણાતો નથી. તે ખ્યાલની એવણને દરકારજ નથી એમ માહરી આગળ એવણ જાહેર એકરાર બી પણ કરી ચુકયાં છે. હુંજ તે કાગળ તેવણ આગળ લઇ ગઇ હતી. તેવણ

જરા બી પસતાયાં કે દલગીર થયાં નથી. હું તમોને છોડી જાઉં તો મને પોતાની અરધી દોલતની બક્ષીસ આપી દેવા વટીક તેવણે ખુશી દેખાડી છે, ને હું તેવણુની તે દોલત ને પૈસાપર ફીટકાર નાંખી આવેલી છું. એ વાતની માહીતીથી માહરાં દુઃખની હદ વલી ગઇ, અને તે હદની બી હદ તો વળી ત્યારે વલી કે જ્યારે તમારાં માતાએ મને ખાતરી આપી કે તેવણુની એ પાપભરેલી હીલચાલો તમો પોતે જાણુતા હતા, અને તે છતાં તે તરફ આંખવીચાંમણા કરી તમે તે ખુશીથી લઈ ચલાવતા હતા !!

"હવે ત્યારે આપણને વધારેવાર ધણીધણીઆંણી તરીકે રેહવાનું બી ગુનાહભરયું છે. હવે હું વધારે વાર તમારાં છાપરાં હેઠલ રેહવા માંગતી નથી, તમારો ચેહરો જોવા ચાહતી નથી, અને માહરાં કમીના નામ સાથે તમારૂં નામ જોડેલું રાખવાની દરકાર ધરાવતી નથી. માહરે મન તમે બધાં મરી ગીયાં અને તમારે બધાંને મન હું મરી ગયલી જાણવી. હું હવે અત્રેથી જાઉંછ અને માહરાં અત્રેથી જવા પછી જો કાયદો તમોને ફરીથી પરણવાને મદદ કરે તો માહરી તરફનો એક બી વાંધો જાણવો નહીં. હું તમોને માહરા એ બંધથી ખુશીથી છુટા કરૂંછ, અને તમોને ગમે એવે મોટે ઘેર ખુશીની સાથે ફરીથી પરણવાની માહરી તરફની તમોને પુર રજા ને મુખત્યારી છે.

"મને મનાવા કે શોધી કાઢવાના જુઠા પછાડા મારતા ના. હું તમોને મળી શકવાની નથી, અને મળશ તોબી તમોને કબુલ રાખીને તમારી સાથે પાછી કદી ફરવાની નથી. જો તમો મને તમારે ત્યાં પાછી ફરવા રાહતવાહતના ધારાથી ફરજ પારશો તો હું આપઘાત કરીને બી મરી જવશ. તમે મને ઘણી ચાહીછ ને ખરાં દીલથી તમે મને તમારી ઓહરદાર ગણીછ તે વાત હું ના પારતી નથી, પણ તમારી ગમે એવી મતલબને વાસ્તે તમે મને ઠગી, કે જ્યારે પરીણામ અંતે જે થવું જોઇએ તેજ થયું છે. છેલ્લી સલાંમ, ફીરોઝ! ખોદા તમારૂં હજી બી ભલું કરે ને તમે સુખી થાઓ !

રતાં."

જખમી થયલી મગરૂરી, અપમાન પામેલી ગંભીરતા અને હરકુત થયલી લાગણીઓનો આ કાગળથી બેહેતર પુરાવો બીજો શો થઇ શકે! ફીરાઝ તે કાગળપર માથુ નમાવી રડયો! શું ખરેખર તેણે એટલી હદ સુધી તે છોકરીનું પોતાની દગબાજીથી નખ્ખોદ કાઢી નાખ્યું હતું? શું પોતાના આવા મોટા પ્યાર છતાં તેને તેનાં પાપનીજ હાલમાં એ બધી સજા થતી હતી?

તે સ્વપ્નો જોતો હતો કે તે સજાગૃત હતો તે પણ પેહલાં તે એકાદ પળ તો નકકી કરી શકયો નહીં. તેની વહાલી અને માનીતી રતાં તેની ગોદમાંથી એમ સદા સુધીની જુદી થાય અને જતી રહે એ હેબત-નાક ખ્યાલથીજ તે ડરી ગયો! તે તેના પ્યારા ચેહરાના ઓલાઓ તેની આગળ હીલચાલ કરતા હાલમાં ખ્યાલી નજરે બી જાંણે જોતો હતો, અને તેના મીઠા અવાજના ભણકારા તેના કાંનમાં હજી પાછા ને પાછા વાગ્યા કરતા હતા!

તે એ બંદમાંથી છુટી થઇ જવાનું લખતી હતી! પાક પરવર, તે કેમ બને? મોહોત સુધી તે તેનો હતો, અને તેનોજ રહેવા ને થવા ખુદાને બારનાં વચનોથી તે બંધાયલો હતો. તે આ અને પેલી દુન્યામાં તેની અને તેની એકલાનીજ હતી!

તે કયાં ગઇ?

તેની જીંદગી તેને એકજ પળમાં એક ભાર બોજ સમાન લાગવા લાગી! રતાં વગર તે જીવી શકે એ તેને તદન અશકય દેખાયું. તે જે ખુરસીમાં બેઠો હતો તે ખુરસીમાંથી તે ઉઠી પણ શકયો નહીં. તેના હાથપગ વેરવાટલો થઇ ગયા. તેની આંખોમાંથી આંસુઓનો પ્રવાહ ચાલ્યો જતો હતો, અને કહેવાની જરૂર છે કે તે બધી ખરા, ખાલેશ, ખુદાઇ પ્યારની તાસીર હતી!

તેણે શું કરવું ને કયાં જવું તે તે નકકી કરી શકયો નહીં. રતાંએ તેને નોટીસ મારી હતી કે તે તેને શોહોધી કાઢી શકશે તોપણ તે તેની

જોડે પાછી ફરવા કરતાં મરવાનું વધારે પસંદ કરશે. તેણે તે હીણભાગ્ય કલામો પાછા અને પાછા વાંચ્યા.

તે પોતાની માતાપર હદ વનાનો ખફા થયો. તે માતા આવાં નજીસ કાગળો લખી શકી અને વળી તે કરપીણુ કાગળોને તે પોતે એકમત હતો એવું નિર્દોષ રતાંને સમજાવી વટીક શકી તે પાપના ત્રાસથી તે શુધ્ધો ને સાચો જવાંન થરથર ધ્રુજ્યો! આવી એક ઘેરશોભત વહુ સાથે તે હેમક માતા એટલી બુરી ચાલીજ કેમ શકી હોશે તેજ તેને અજબ કરતું હતું!

ગુસ્સાથી તેની છાતી ભરપુર ભરાઇ ગઇ, અને તેથી અંતે તે ઉઠીને તે એકદર મા આગળ ગયો.

તે પોતાના ઓરડામાં એકલીજ હતી, અને પોતાના દીકરાનો ચેહરો જોતાંજ તેનું કલેજું કપાઇ ગયું! શું ખરેખર તે હેમક અને નાદાન થઇ હતી?

"આએ કાગળ વાંચો, ને મને જવાબ આપો કે શું એ બધી વાત ખરી છે?" તેણે તુંદાઇથી પુછ્યું, અને તે મગરૂર અને રોબવંતી બાંનુ તે દીકરાના ડોળાના દાબ તળે સરબસર થથરી ગઈ!

તેણીએ તે કાગળ લીધું અને ધ્યાંનથી વાંચ્યું, કે જે અરસામાં સમયસૂચકતાથી તેણીએ પોતાની હીમ્મત પાછી જમા કરી લીધી. તેનો દીકરો ધારતો હતો કે તે બીહીશે, પસતાશે, રડી પડશે ને માફ માંગશે; પણ તેવું કશું બી કરવાને બદલે તેણીએ વાંચી રહીને તે કાગળ મીઠાસથી હસીને ફીરોઝને પાછું આપ્યું!

તે હસતું મોઢું જોઇને ફીરોઝ ગુસ્સાથી ઘેલો થયો!

"આપસે આયા સો આને દો," તે માતાએ હસીને કહ્યું. "એ ચોરી પોતેજ તુંને કબુલ રાખવા ના કહેછ ત્યારે તેમાં તું શું કરવાનો ઉતો?"

"આએ કાગળમાં લખેલી બધી બીના શું ખરી છે?" તે હેમક માતાના મજકુર ટીકા નોટીસ કર્યા વગર ફીરોઝે થથરાવીને પોતાનો અવલ સવાલ પાછો રજુ કર્યો.

"હા, ખરી છે; તેથી, તું કેહવા શું માંગેછ?" તે માતાએ દમ ભરાવ્યો. "તું માહરો દીકરો છે કે બાપ? મેં તુંને કહયું'તું કેની કે હું માહરા સોલીસીટરોને એ વિશે લખવાની છેઉ?"

"તે આવી રીતે લખવાનું? શરમ છે તમોને!" તે ગુસ્સે થએલા બેટાએ ઉસ્કેરાઇ જઇને કહ્યું. "કોઇનાં બચ્ચાંની હોરમત લેઈ લેવા જેવું ગલીચ લખતાં તમોને શરમ બી નહીં આવી? તેને હું કેટલી ચાહુંછ તે તમોને ખબર છે? તમોએ તો તેને માહરે ખાતર સપોવી લેવી જોઇ-તીતી. તો હુ. તમોને સદા હેતથી માન આપતે અને ચાહતે; હવે હું તમોને ખરાં દીલથી ધીક્કારૂંછ. તમો ચાહતે તો મને સુખીમાંસુખી માણસ કરી શકતે, પણ તમેજ માહરાં શત્રુ થઇ મને અત્યંત કંગાલ બનાવી આપ્યોછ તો ખોદા તેનો જવાબ તમારી પાસે લેશે."

"પણુ તે બાંહણું કાઢીને નાહસી જઇ મુઇ તેમાં હું શું કરૂં?" મેહરબાઇએ બચાવ કર્યો. "મેં કાંહ તેને કહ્યું જે જા? તે તુંને ચાહતી-તીજ નહીં વાસ્તે તેને તો એ ઓઠું મળી ગીયું તે ખોદાયજી પાયા!"

"બસ કરો, બંધ કરો, માયજી," ફીરોઝે કમકમાત ને કંટાલાથી કહ્યું. "તમારા જેવી જુલમગાર માતા બીજી કોઇ થઇ શકેજ નહીં મેં તમોને આજ સુધી ચાહયાંછ ને ખરાં જીગરથી માન આપ્યુંછ, પણ. તમે માહરાં સુખની જરા બી પરવાહ કીધી નહીં. હું તમારો પરતો બોલ ઉપારી લેતો આયોછ, અને તેનો તમે મને અંતે આવો ધાટકી બદલો વાલી આપ્યો!"

"બધું જુઠું ગરે પડવાનું છે," તે માતાએ જોશથી કહ્યું. "તે પેટબરી પોતે પોતાની ખુશીથી ગેઇ, અને જવાનાં છીટાં બાહણાં સોહોધીઆજ કરતીતી! તે ગેઇ તો બલા ગેઇ!"

"હા, પણ તે ગેઈ તો હવે હું બી જાઉંછ ને સદા સુધીનો જાઉંછ," ફીરોઝે ઠડાવથી કહ્યું. "આજ પછી તમે મને કદીબી જીવતો ફરીથી જોવાનાં નથી,"

"એ બધાં બચ્ચાંના ચેરાં છે," તે બીહીધેલી માતાએ હજી મિઝાજથી કહ્યું.

"તે તમો તમારી પાછલી જીંદગીમાં જાણુશો," ફીરોઝે કહ્યું. "આજ પછી હું આએ ઘેરમાં કદી પાછો આવવાનો નથી, અને મરતાં તુલક ફરીથી તમારો ચેહરો જોવાનો નથી"—અને તે ચાલી જવા કરતો હતો!

તે માતા હવે તદન બીહી ગઇ. આ ભયંકાર બોલોની, તેનો છોકરો તેને સદા સુધી છોડી જાએ તે ખ્યાલથી તેની જઈફ છાતી ધ્રુજી આવી. તેણે દોડીને પછવાડે જઇ તેને બારણાંમાં પકડયો ને બગલમાં દાબ્યો. તે રડી પડી.

"હવે હું કદી કોઈ વાતથી માહરો ઠરાવ ફેરવવાનો નથી, માયજી," ફીરોઝે ઠડાવથી કહ્યું. "આએ માહરૂં ઘેરબાર ને વારીગારી બધું તમોનેજ સોંપી જાઉંછ, તે તમે તે ગમે એમ ભોગવજો ને સુખી થજો. લોકોને તમારે ગમે તે કારણ આપજો, ને માહરો સદાનો ગુમ થવાનો સબબ ગમે એમ સમજાવજો. હું તો માએ, બેહન, ઘેરબાર એ બધું સદા સુધીનુંજ તરક કરી જાઉંછ."

"પણ તું મને કોટી બી નથી કરતો ?" તે માતાએ તેને બગલમાં દાબંવાની વ્યર્થ કોશેશ કરતાં મોટેથી રડીને કહ્યું.

"હવે તે જમાનો વહી ગીયો," ફીરોઝે દુઃખનાં એક દચકાંથી કહ્યું. "હવે તમારે વાસ્તે મને કશોજ પ્યાર કે માન રહ્યું નથી, અને તેથી હું ખોટા ઢોંગધતુરા કરવા માંગતો નથી,"—અને એમ કેહતાં તે એક ઝટકે તે હીણભાગ્ય માતાની મોહબતમય બગલમાંથી સદા સુધીનો છુટો થઇ ચાલ્યો ગયો! તે ચાલ્યો ગયો, અને તે માતાને લાગ્યું કે તેણીની

જીંદગીનું તેજ એકદમ શીહા અંધકારમાં ગરક ગયું. તે પોતાના દીકરાને અલબત ખરાં દીલથી ચાહતી હતી, માટે આએ ફીસમની તેની ધાટકી તોડછોડ અને સદાની જુદાઇથી તેનું જેફ જીગર ચીરાઈ ગયું. તે હંમેશ મનથી માનતી ને મલકાતી હતી કે આવી મોટી ઉંમરે બી ફીરોઝ તેનો કહ્યાગરો ને તાબેદાર હતો—તેનો તેણીની ઉપર એટલો બધો પ્યાર હતો, અને તેને લાગ્યું કે હવે રતાં જેવી એક નાચીજ દુકતીને ખાતર તે આખાં મોટાં સુખી ઘેરનો કચડઘાંણ નિકળી ગયો હતો!

તે કલાકો સુધી પોતાના ઓરડાનાં એકાંતમાં રડતી બેસી રહી. તે રતાંને ગાલો દેતી અને પોતાના દીકરાની જુડાઇને માટેનું કલ્પાંત કરતી હતી.

હવે તે કેમ પોતાની બેટીઓને જઇને ખરી હકીકત કહે? તે કેમ પોતાનો અપરાધ અને પોતાની નબલાઇઓ કબુલ કરે? તે પોતાના જમાઇના ઠપકા થકી બી ઘણી બીહીતી હતી.

તે એક ઘણું દુઃખકારક કારજ હતું. તે બધાંની તાણાજાંણી અને હરઘુત સાંભળવા ખાતરીભર હતી, તોપણ તેઓ બધાંઓને ખરી હકીકત કહી દીધા વગર છુટકજ નહીં દેખાતો હતો!

તેણે તેઓને સર્વને પોતાની પાસે પોતાના ઓરડામાં ભેગાં બોલાવ્યાં, અને તેઓ બધાં અજબ થતાં આવ્યાં. તેઓ તેણીનો રડમસ અને રડતો ચેહરો જોઇને દબાઇ ગયાં. તે તુમાખી બાનુંના તોર અને મગરૂરીનું તેજ તમામ સમી ગયેલું સ્પષ્ટ દેખાતું હતું!

તેણીએ પોતાની મોટી તકસીરની તે તમામ કેફીઅત નીચી મુંડીએ જેમ તેમ જેહમતથી કહી. "કોઇ મુઆ નોકરે તે કાગળ તે કંગાલ દુકતીને લેઈ જઇને આપ્યું તેથી આએ બધો ધાંણ બગરી ગીયો," તેણીએ કહ્યું; અને તેના જવાબમાં તે જમાઈ દીકરીઓએ તેણીને જે પશેમાન અને પાંણીપાંણી કરી તે અત્રે બ્યાન કરીને કહ્યા વના ચાલશે. મંચી તો આ મોટાં ઘેરનાં ફેસ્તા ફજેતાથી લાલ ને પીલો થઈ ગયો,

અને હીરૂ અને ધની પોતાના વાહલા બાઇને ફરીથી કદી નહી મળી શકવાના સંતાપથી ઝાર બેઝાર રડવા પડયાં. ધનીને તો બેવડો સંતાપ થયો. તે તો રતાંને પણ ઘણી ચાહવાવાલી હતી, માટે તે તો રડી રડીને અરધી થઇ ગઇ. અને મંચીએ સૌને ધમકાવીને મુંગા રાખ્યાં, અને છેલ્લે તેઓ સઘળાં એકમતથી એજ અનુંમાન પર આવ્યાં કે ફીરોઝ ને રતાં સદા સુધીનાં જતાં રહયાં હતાં એ ખરી વાતની હવા વટીક હોઠ બાહર કોઇએ જવા દેવી નહી. મંચીએ સમંજાવ્યું કે એ વાતની હોહા થતાં બધાંને લજવાઇને મરી જવું પડશે, અને ઘરના ભાટકા પડશે, માટે ફીરોઝને શોહોધીને તે સમજાવી પટાવી ઘેર પાછો લાવી શકે ત્યાં સુધી નોકરોને પણ એવુંજ સમજાવવાનું નકકી કરવામાં આવ્યું કે તે વર વહુ આગમચથી કરેલી ગોઠવણ મુજબ ફકત બાહરગામની સહેલગાહે પાછાં ગયલાં હતાં. ટુંકમાં, તે મોટે ઘેરની એ મોટામાંમોટી નામોશીની વાત જગજાહેર થાય તે પહેલાં આ બધો બીગડેલો મામલો સુધારીને જલદીજ પાછો રાહપર લાવવા તે મગરૂર માતાએ દુઃખી દીલના મોટા કકલાત અને સંતાપ સાથે પોતાના જમાઇને વિનવીને તેનું અતિ ઘણું પગપાણી કર્યું !

પ્રકરણ ૨૮ મું.

બીજા હાથપર ફીરોઝે રતાંની પણ તે પછીથી જોઇએ એટલી ચાંપતી જુસ્તેજો કરી નહીં. તેને તેની ઉપર સ્વભાવીક ગુસ્સો આવી ગયો. તે અબળાની કદમબોસીમાં તેણે પોતાની પદવી, પૈસા, પ્યાર ઘેરબાર અને સર્વસ્વ સદકે કર્યું હતું, અને તે છતાં તે શું તેને એટલો ઓછો ચાહતી હતી કે આ રવેસે ભુલભરેલાં અનુમાનોથી તેને કહયા કાહવ્યા કે મળ્યા મુકયા વગર તે તેને ગેરઇનસાફ અને અપજશ આપી એકદમ ચાલતી થઈ? તેને અસહય દુઃખ લાગ્યું. જો તેને માટે એ રીતે તેણીને હેત અને

કશું માનજ નહી હતું તો હવે તે હઠીલી અબળા તેનાં મનાવ્યાથી પાછી કેમ આવનારી હતી? હવે તો તે માફ માંગતી આવે તો બી તેને લાગ્યું કે તેને માફ કરવું બેજા છે. તે સંધાને એક લાકડીએજ હાંકી જાણુતી હતી, અને પૈસાવાલાના આખા વર્ગ માટેનો તેનો અભાવ કેવળ બચ્ચાં સહી અને બેવકુફી ભરેલો હતો એમ તેને લાગ્યું. તે જો તેને તેની મોટામાં મોટી ગરીબીને માટે ધીકકારતો નહીં હતો તો તેને પોતાને તેનાં શ્રીમંતપણાં માટે તેણે એટલી હદ સુધી ધીકકારવાનો તેને હકજ શો હતો? "માહરા આટલા મોટા પ્યાર અને તે પ્યારની સઘળી આટલી બધી પુરવારીઓ છતાં એ છોકરી જો મને ચાહીજ નહીં શકી તો એને ચાહવાના હવે મારે પછારા માર્યા કરવાનું બીલકુલ ફોકટ છે," તે મનસે પટપટયો.

એમ છતાં પહેલી હરોલની એક અજમાયસ તરીકે તે શરૂઆતમાં રતાંની ભાલ કાઢવા એક ફેરો રાંદેર તક જઇ આવ્યો. ત્યાં તેને બગલી કુઈ એખલીજ મળી, કે જેણે સઘળી હકીકત જાણ્યા પછી પોતાના મોટા ગુસ્સાનાં તે નિર્દોષ જવાંન પર જાણે ઝાડ તોડી પાડયાં. તે એક શેઠયો હતો એમ જાણુવાથી બગલી ડોસાનાં તો મુવેલાં માયબાપ નવેસરથી પાછાં મરીજ ગયાં! તેને મન શેઠયાઓ નામે હેરેમંદો અને દોજખીઓ હતા, અને તેજ કમકમાટભરી સુગનો ઓગાર તેણે રતાંમાં ઉતાર્યો હતો, માટે તે ડોસીને મન આ જાતની ઠગાઇ તે એક કદી માફ નહી થઇ શકે તે જાતની જુલમગાર ઠગાઇ હતી! ફીરોઝે તેણીને તાઢી મીઠી પાડવા જોગુ પોતાના બચાવમાં ઘણુંક કહ્યું, પણ સઘળું વ્યર્થ! તેણે તો તે સુંદરીને સદા ચાહી હતી ને પોતે એક બી વાતમાં તેના જોડે પોતાનાં ગ્રહસ્થપણુંથી ઉલટો ચાલ્યો નહીં હતો તે બાબેની તેણે તે ચકાસેલા પ્યાલોની ચક્રમે ડોસીને ઘણીક ખાત્રીઓ આપી, પણ તેણીએ તે બધું ધીરજથી સાંભળવાજ સાફ ના પાડયું!

રતાં કાંઇ ત્યાં હતી નહીં, અને હવે પછી ત્યાં આવે તો બી તેને ચેતાવા અથવા ફરીથી તેને મળવા દેવા બી તે ઝનુની ડોસીએ બધો

પોતાનો જીવ જીકાતીને સાફ ના કર્યું. તે પોરી તેને ને તેનાં ઘરને તુચ્છકારથી તજી ગઇ હતી તે વાત સાંભી એ કાતરચાંની ઘસેલી ડોસીને ગમી ! એક શ્રીમંત જમાઇ તરીકે તે તેની ઝુંપડીમાં આવેલો તેને ઝેર જેવો લાગેલો હતો. તેને ગરીબ જાણીને તેનાં રતાં જોડેનાં લગનની તેણીએ પોતાની મંજુરયાત આપી હતી, એને તેવા ગરીબ તરીકેજ જો તે હાલમાં અત્રે પાછો આવ્યો હતે તો એજ બગલી ડોસી તેની અનેક તરેહની ખાતર કરવામાં મરી પડતે પણુ એક પૈસાવાલા તરીકે કદી નહીં—કશુંજ નહીં !

જ્યારે ફીરોઝ મુંબાઇ પાછો ફર્યો ત્યારે બી બગલીફુઇના તીખાસ ભર્યા તાણુાજાણીનો ગણુગણુાત હજી તેના કાનમાં વાગ્યા કરતો હતો. રતાં તરફ તેનું દીલ ખેંચાતુ રહ્યું, પણુ તેમ છતાં દીલથી તેની ભાલ કાઢવા જેવું કરવાનો તેને, ઉપર કહયું તેમ કશોજ ઉજમ થયો નહીં. કોઇક વાર તેને મન થતું કે એકાદ કાબેલ ડીટેકટીવને તે સુંદરીની ભાલ કાઢી લાવવાનું સપુર્દ કરી દેવું, પણુ બીજીજ પળે તે પોતાનાં મનને નાઉમેદીથી પુછતો કે તેમાં ફાયદો શું ? તે સરજત અને સંજોગો પર પોતાનું ભવિશ્ય છોડી બેસવામાં વધારે દાનાઇ માનવા લાગ્યો હતો.

પણુ રતાં એ વેળાએ કયાં હતી ?

તે ગુસ્સાથી ઉકલતી છાતી સાથે પોતાના ખાવીંદના ઘરનો પનોતો સાહયો અને તે વ્હાલા ખાવીંદને પોતાને સદા સુધીનો છોડી ગઇ. તેને એ પ્યારા ભરથાર પર હદ વનાનો ગુસ્સો બરપા થતો હતો. પોતાના ગુસ્સામાં તે કયાં જવાની હતી અને શું કરવાની હતી તેનું પણુ તેને ભાન રહયું નહીં. તે તો ફક્ત કસમ ખાઇને અલગ થઈ ગઇ હતી. તે હેમક માતા તેમના લગન તોડી નાખવા આતાલ પાતાલ એક કરી રહી હતી તે વાતની જાણુ થતાંજ તે પોતે પોતાનાં લગન એક ઝટકે તોડી નાંખી ચાલતી થઇ હતી ! પોતાના કીંમતી પોશાકો, દરદાગીના, પૈસાટકા અને રાચરચીલું જે સઘળું તેના હકદાર ભરથારનું તેને અપાવેલું તેને

અંગત પોતાની મત્તા જેવું હતું તે પણ તે કમકમાત સાથે સઘળું પાછળ છોડી આવી હતી. તે ફક્ત એક સાદામાં સાદા પોશાકમાં, ક્યાં જવું તેનો એક પણ ઠરાવ કે ખ્યાલ કર્યા વગર, તે શ્રીમંત ઘરમાંથી નિકળીને ચાલતી થઇ હતી. તેની પર્સમાં થોડાક રૂપીઆ હતા, જે અલબત તેને તેના ખાવીંદનાજ આપેલા હતા, પણ તેનું તેને સુભાગ્યે ભાન થયું નહીં, અને તેથી તે તેની પાસે વાટખરચી જોગા રહી ગયા. તેનો વિચાર તો અલબત રાંડેર જવાનોજ હતો. બગલીફુઇના ગુસ્સા ને તાણાગ્જાણીનો તેને ડર થતો હતો ખરો, પણ પૈસામાં પોબાયલી અને તુમાખમાં ફુગાયલી ફીરોઝની માતાની પતરાજીને લગતા કદમ દર કદમ થતા કમકમાત આગળ ભોલી બગલીફુઇના ગુસ્સા કે જુલમાતનો ડર તેને મન અલબત કોઇ હિસાબમાં નહીં હતો તે જે વૈભવ અને ઠાઠ પોતાની પાછળ છોડી આવી હતી તેનો તેને કશોજ ખેદ કે ખરખરો થતો ન હતો. તેને મન તે બધું તો તમામ તુચ્છ હતું. તે ભાણુભુલી જેવી, એફાંમ. એઅખત્યાર પાંઉપ્યાદી પડોશનાં એક સ્ટેશનપર જવા ચાલી; પણ એવામાં પાછળથી કોઇએ તેનું નામ પોકાર્યું, અને એક તાજુબીભર્યા સંજોગોનું તે એક પરીણામ માત્ર થયું કે ઇડાંવાલાની મીઠીબાઇ જોડે કટોકટ આવા હીણુ-ભાગ્ય સંજોગો વચ્ચે તેની નહીં ધારેલી મીલાકાત થઇ ગઇ!

તે અભણ અબળા તો આ મોટે ઘેરની માહણુબને જોઇને પોતાના સરેસ્તા મુજબ તેના પરથી ઓવરઇ પોવરઇને અરધી થઇ ગઇ, અને રતાં કે જે આપણે જોયું કે તમામ ઉછાછલી અને નાદાન હતી તેણે પોતાની હીણુપસ્તી ને હરધુતપણાંની સઘળી વાત તે ગામરયણુ બૈયને લંબાણુથી સવિસ્તાર કહી સભળાવી! પરીણામમાં તે ચાવાચીવીખોરી અબળાએ તે છોકરીને પોતાને આશરે લેવાનો અને તેને લઇને તાબરતોબ પોતાને ઘેર પાછી ફરવાનો ઠરાવ કર્યો, અને ઉછાછલી રતાંએ તે આફર એક બોલે સ્વીકારી. તે હેમક છોકરીને એજ તોરનાં આસામીઓ ગમતાં હતાં તે આપણે આગળ જોઇ ચુક્યાં છીએ, અને તેથી બગલી ફુઇને ઘર પાછી ફરવા કરતાં આ ઇડાંવાલાનાં ઘરમાં પનાહ

સોહોધવાનું તેના ટેસ્ટ અને આચારવિચારોને તુરત વેળાના ગભરાતમાં વિશેષ અનુકુલ આવ્યું. તેણીએ જોયું કે ઇંડાવાલાને ત્યાં તે છુપાયલી હશે તો ફીરોઝ ગમે એટલો તેની શોધમાં અટવાઇને મરી જશે તોપણ તેને તેની ભાલ મળી શકવાની નથી, અને તેથી બગલી કુકની ઝુંપડી કરતાં આ ઇંડાંવાલાનો બંગલો તેને જ્યાદા સલામતીભર્યો લાગ્યો.

ઇંડાવાલાની મીઠીબાઇ કોઇ સગાં વાહલાંને વલાવા સ્ટેશન પર આવી હતી, પણ રતાંને લઇ જવાની પોતાની હદ વનાની ઉલટમાં તેણીએ તે સઘળું કામ પડતું મેલ્યું, અને પોતે જે જોડીની ગાડીમાં સ્ટેશન પર આવી હતી તે બાજુમાં ઉભેલા એક પોરયા પાસે સ્ટેશનના દરવાજા પર તરત પાછી મંગાવી ને તેમાં રતાંને પોતા સાથે પોતાને ઘર તેડી ગઇ. સારાં કે માઠાં નસીબે એદલજી ને નાદર બંને ઘરમાં ન હતા. તેઓ જરૂરનાં કામે બાહેરગામ ગયલા હતા, ને હજી એક મહીના પછીજ મુંબઈ પાછા ફરનાર હતા તે બી રતાંને એ ડોસીની ઓથે જવાની લાલચનું કદાપી એક કારણ હોય!

પ્રકરણ ૨૯ મું.

એદલજી ઇડાંવાલાનો હાલમાં મીઠાંનાં અગરને લગતો વેપાર હતો, ને જ્યારે મીઠીબાઈ રતાંને લઇને ઘર પાછી ફરી ત્યારે તે બાપ બેટા એજ કામના સબબે પ્રસંગ થતાં ચાર દીવસ આગમચના બાહેરગામ જતા હતા. તેઓ એમ અવાર નવાર જતા, અને તે કારજ માટે તેઓએ વસાઇમાં એક બંગલો પણ રાખ્યો હતો, કે જ્યાં જરૂર પડે તો આંઠ પંદર દાહડા રેહતા બી ખરા. મીઠીબાઇને એ ઉપરથી હાલમાં ઘણી નાઉમેદી થઈ. આ મોટે ઘેરના ભવાડાની વાત સહરાગતના સહરૂકા સાથે પોતાના ખાવંદ અને બેટા આગળ રજુ કરી શકવાની તેની મોજમાં તેને હજી એકાદ માસ ટીંગાઇ રહીને થોભવું પડશે એ ખ્યાલથી તે દીલગીર થઇ. એમ છતાં ઇનસાફની રાહે કેહેવું જોઇએ કે તે ગામ-

સ્યન બોચ દીલની મેલી જરાએ ન હતી. તે ફીરોઝની હીમાયતમાં તકરાર ઉઠાવીને ઘર આવ્યા પછી બી રતાં સાથે માથેમાથ લડી. તે સઘળી હકીકત વિગતવારે સાંભળી લઇને રતાંને એકમત થઈ કે ફીરોઝની માતા કોઈ ખરેખરી કમજાત ઓરત હોવી જોઇએ, પણ ફીરોઝનો પોતાનો એ સઘળી કેફીઅતમાં તે કશોજ અપરાધ જોઇ શકી નહીં, અને તેથી તેને અપજશ આપવાનો રતાંનો અધીકાર તેણીએ દીલનાં ઘણુંક પ્રમાણીક જોશથી વખોડી કાઢયો. તે ડોસી તે વીખુટાં વર બઇએરને સલાહ કરાવા ખરાં દીલથી ખંતી હતી. તે મોટાંઓની સોડ સાંધવાનું ઘણું ચાહતી હતી, માટે આવા કોઇ પ્રસંગથી તે ફીરોઝનું સારૂં મત જો જીતી શકે તો તેની મદદથી ને પછી પોતાના પૈસા ટકાને મુકાબલે તે મોટાં મોટાં સાથે મળીં અને ફરી હરી શકે એવી તેણીએ ઉમેદો અને ગણત્રીઓ કરી. તે જાણીતી હતી કે તેના વર અને દીકરાને બી એ ગણત્રીઓ ખચ્ચીત કરીને ગમવાની, અને તે ઉમેદથીજ તે રતાંને આશરો આપતી લાવી હતી

પણ રતાં એકની બે થઇ નહી. તેણીએ તો પોતાનાં લગનની વીંટીઓ વટીક આંગલીએથી ઉતારી નાખી હતી, અને તે ઉપરથી તે ભોળી ભારજા એમજ માની લેતી જણાતી હતી કે ખુદાને બાર બંધાયલા બંધ તે હવે એક ઝટકે તોડી નાંખી શકી હતી! ઈંડાં-વાલાનીં મીઠીબાઇ, અલબત, એ તેણીનાં અનુમાનો અને દડાવો હસી કાઢતી હતી તે તેને અજબ કરતું હતું.

"હું તુંને નહી મલતે તો તું કાંહ જતે?" તે ડોસી તેને અજબ અજબ થઇને પુછતી, "એજ છ-તેહનપરથી કાંઈ બગલી ફુઇને ઘેર તો જવાતે નહિ, અને તાહરી ફુઇને ઘેર જવાની ગારી તો છેક રાતે ઉપરતે, ત્યારે તું કાંહ અથરયા ને ગોટાં ખાયા કરતે?" અને તે રતાં પોતે પોતાની મુર્ખાઇ હવે જોઈ શકતી હતી કે જો આ નશીબવાન સંજોગ તેનાં નશીબે નહીં થવા પામ્યો હતે તો તે આખો દાહડો ભુખી તરસી ને પાંઉપ્યાદી કેમ પુનેઈહ ાડ મા રથને તેરીથ ખ્યાલ કરવુંજ ઘણું ભયંકાર હતું!

મીઠીબાઇ પોતાના મેહલ જેવાં મકાનને માટે ઘણી મગરૂર હતી તે મકાન શીરીઝના મોટાં આલીશાંન મકાન આગળ ખરેખર તો કોઇજ હિસાબમાં ન હતું, અને એમ છતાં રતાં તે મોટાં મકાનનાં સંબંધની શીરીઝની માતાની મગરૂરી જ્યારે એક ઘડી બી તામેશ કરી નહીં શકતી હતી ત્યારે આ ધંડાંવાલાની મીઠીબાઇની એ બાબદની પતરાજી સાંભી તેને ગમતી હતી !

કોઇબી આવતાં જતાં સાથે રતાને શીરીઝની મોહરદાર તરીકે ઓળખાવવામાં આવતી નહીં હતી. જો તેવું કશું થાય તો તે ઘેર મુકીને નાહસી જવાનો રતાંનો દ્રઢ નિશ્ચય જોઇને મીઠીબાઇએ દાનાઇથી તે વાતમાં નાખતી કરી હતી. તેને અવલથીજ પોતાની એક બાહરગામવાસી બેહેનની દીકરી તરીકે ઓળખાવામાં આવી હતી, અને તે રીતે પોતાની ખરી પદવી અને લગન છુપાવીને તે છોકરી અસલ હતી તેમ રાંદેરની એક ગામરયન રેહવાસન તરીકે તે ઘેરમાં ઓળખાની રહી હતી.

તેને પોતાના ભરથારના પ્યારનો કે તે ભરથારનો પોતાનો કદી કશો ખ્યાલ કે ખેદ થયો નહીં. તે અત્રે પુરતી સુખી જણાતી હતી સિવાય કે કોઇકવાર પોતાની હાલતનો ખ્યાલ થતાં તે અતીઘણી ઉદાસ થઇ જતી, અને ત્યારે તેનું મગજ કરભાગ કર્યા કરતું. તે મીઠીબાઇને તેના વર સંબંધી એક બી યાદ, તેથી, આપવા દેતી નહીં. તે લગભગ ગુસ્સો કરી પડતી. પોતાની આ સઘળી નામોશી ને હાડમારીનું મુળ તેને જમન તેજ હતો. તેણે તેને ઠગી નહીં હોત અને પેહેલેથીજ પ્રમાણીક પણે તે વરત્યો હોત તો તેઓની આ ફેજ કદી થવા પામતે નહીં ! તે શીરીઝ સામે હજી જેવી તે તેવી ઉસ્કેરાયલી અને ગુસ્સે રહી.

એમ ત્રણ અઠવાડયાં વહી ગયાં, અને તે પછી એદલજી ધંડાંવાળાનું કાગળ આવ્યું, કે જેમાં તે બાપ બેટા પાંચ સાત દીવસમાં ઘર પાછા ફરવાની વાત લખાઇ આવી હતી. અને ત્યારે કેહવાને અજબ જેવું છે કે તે સમાચાર આવતાં જે વાતનો ખ્યાલ આજ સુધી રતાંને બીલકુલ

નહીં થયો તે હવે એકદમ ને અચણુચ થવા પાંમ્યો તેણે યાદ કર્યું કે નાદર પીરોઝને અને પીરોઝ નાદરને મુતલગ ગમતા નહીં હતા. તેઓ એકમેકના લગભગ કત્તા વેરી હતા, અને ત્યારે તેને લાગ્યું કે એજ ઘરમાં રહેવાથી વાત ઘણી બીગડશે. પીરોઝ તેણીને માટે કાંઈ બી હલકાં કે ખોટાં અનુમાનો પર ઉતરી જાએ તે તેને ગમ્યું નહીં, અને તેથી તે બીહીને અતી ઘણી ચીંતાતુર થઇ.

તેણે પોતાની એ પીકરો મીઠીબાઇને કહી. અલબત તેણીએ તો તેની તે પીકરો સરપાંમ હસી કાઢી. "વરી તું તો પીરોઝને પાછી મળવાનીજ નથી ને તેની હાતે હલ્લાહ કરવાનીજ વધતી, ત્યારે એમ એટલી તેનાથી બીહે હાંનું ?" તેણીએ હસીને પુછયું.

"હા, પણ માહરી હોરમતને વગર કારણનો અપજશ નહીં પોંહચે તેથી તો માહરે બીહવું જોઇએ. તમે માહરાં માય જેવાં મેહરબાંન છેઓ માટે મેહરબાંની કરીને મને કેઠે બીજે ઠેકાંણે કાઇ એખલાં બૈરાં હોય તેની સાથે રાખવાની ગોઠવણ કરવાની કાંઈ મેહરબાંની કરો, નહીં તો મને માહરે ગામ પાછી જવા દેઓ."

પણ ધંડાંવાલાની મીઠીબાઇ તેને કોઈ રીતની મદદ કરી શકી નહીં, અને ત્યારે તેને અચણુચો ખ્યાલ થયો કે જો તેણીએ પોતે ખરેજ રસ્તે ઉતરવું હોય તો તેણીએ અત્રે કોઇ એકાંત કુટુંબમાં નોકરી શોધી રહી જવું જોઇએ. તે બગલીપુઇના ગુસ્સાના સઘળા જોખમ છતાં તે ડોસીને ત્યાં જવા તો ખુશી હતી, પણ તેણે જોયું કે પીરોઝ ત્યાં તેની વખતો-વખત ભાળ કાઢવા વગર રહેજ નહીં એટલે પકડાઈ આવવાના અણુગમાના સબબે ત્યાં જવા કરતાં વરસ છ મહીના કોઇ ત્રાહીત કુટુંબમાં છુપે નામે ગુજારવાજ તેને વિષેશ ગમ્યું—એવી મતલબથી કે એવી રીતે છુપાઇને તે જો રહેલી હોય તો પોતાનાં કમજાત સાસરયાંઓ સાથે પાછી રૂબરૂ થવાનો જોખમ ઉભો નહીં થાય. એટલા માટે તેણે પેપરોની જાહેર ખબર ઉપર ધ્યાન દોડાવ્યું. તે ચતુર બાળા પીરોઝને ઘર રહી હતી તે દરમ્યાન સુધરે-

બાંઓને બરનું નવું ઘણું જાણુવા અને શીખવા પામી હતી, અને 'ગવર-નેસ' વિગેરે ફેશનબલ નોકરીઓને લગતી જાહેર ખબરો અવારનવાર પેપરોમાં દેખાવ દેતી હતી તે તેને ખબર હતું. તેણે એ ઉપરથી થોડાંક તરતનાં પેપરો મેલવ્યાં. અલબત તેનામાં એટલી બધી આવડ કશી નહી હતી કે જેથી તે એક શીક્ષકનું કામ હાથ ધરી શકે, પણ કોઈ ડોસાં ડગરાંની સંભાલ અથવા નોકરીમાં રહેવાની તેણીએ ઉમેદ કરી, અને વારતાના વસાંને મદદ થવા જોગા એવા સંજોગો હમેશ થતાજ રહે છે તેમ એતેફાક એક જાહેર ખબર તેની મતલબને પેશ પડતી ને જવાબ કરતી તેની ઘણી મોટી ખુશાલી વચ્ચે તેને તરતજ મળી આવી. હીરજી ખાંનદાનની કોઈ ડોસી ગીરગામનાં એકાંતમાં અસલવારેના એક બંગલામાં એકલી રહેલી હતી, ને તેની નોકરીમાં એક જવાન પારસી છોકરીની જરૂર હતી. વળી અજબ જેવાં સારાં નસીબે ધંડાંવાલાની મીઠીબાઈ જોડે તે ડોસીને છેક અંજાણ્યું બી નહીં હતું, અને તેથી રતાંના આગ્રહને માન આપી મીઠીબાઇ અંતે તેને તે ડોસી આગળ તેડી ગઇ. ત્યાં વાત કરતાં એ ચોકથું બધું આબાદ બંધ બેસી ગયું, એટલે થયું એમ કે એદલજી ને નાદર ઘર પાછા ફરી શકે તે પેહલાં તો રતાં ત્યાંથી ઉઠાંગરી કરીને હીરજીનાં સુખલીબાઇને ત્યાં જઈ રહેવા પ.મી ! તે મીઠીબાઇનો જાબજા ઉપકાર માની ગઈ, પણ વળી એટલું બી પાકકું કરતી ગઈ કે તે હીર-જીના સુખલીબાઇને ત્યાં એ રવેસે છુપાયલી હતી તે વાત નાદર કે એદલજી મારફતે કે બાજી કોઇ બી સુરતે ફીરોઝની કે તેનાં સાસરેવાલાં કોઇની બી જાણમાં ન આવવા પામે. તેના તે ડોસીને ઉપરાસાપરી અને હરરતા કસમો આપી ગઇ.

તેને તે નવું ઘર ઘણું ગમ્યું. તે એક બોહલા કમ્પાઉન્ડમાં છેક અંદરથી એકાંતમાં આવેલો અસલ વ.રેનો એક પુરાણો બંગલો હતો. તે કમ્પાઉન્ડમાં બે બંગલા હતા, પણ એક જે આગળથી હતો તે સારાં નસીબે એક ઇગ્રેજ કુટુંબે રોકેલો હતો, અને અંદરના બંગલામાં મજકુર સુખલીબાઈ એકલી રેહતી હતી. તે એક અસલવારેની, અસલી તોરની

પુરાંણી ઢપઢપની અને ભલમણુસાઇભરેલી કોઈ બુર્જોર્ગ બાંનું હતી. તેને ત્યાં સઘળુંજ અસલવારેનું હતું. તે પોતે અસલવારેની હની, તેનો બંગલો અસલવારેનો હતો, બંગલામાં સઘળું ફરનીચર અસલી ઢપનું અને અસલવારેનું હતું, નોકર નફરો વટીક અસલવારેનાં અને જૈફ હતાં, અને ટુંકમાં સઘળો પહેરવેશ રહેવાસ અને રાહરસમ એ સઘળું અસલવારેનું અને પુરાણું હતું, જેથી તે બધું રતાંને વિશેષ ગમ્યું!

રતાંને તે ડોસીની કશી ઉઠવેઠ કરવી ન હતી. તે ડોસી પોતે સીત્તેર દીવાળી જોઇ ચુકેલી હોવા છતાં હજી ફરતી હરતી અને ચોરયામાર હતી. તેની નોકરીમાં તો એક ખાસ ખીદમતગાર ફરંગન આયા હતી, પણ તે આ ઘંઘાર જેવા બંગલામાં એખલીજ હતી એટલે તેને "લવો-કવો" કરવા જેવો એક સોબતી જોઇતો હતો, અને તેના સગાંવાહલાંઓએ તેને એક જાહેર ખબરથી એવો એક સોબતી મેળવવાની સલાહ આપી હશે એટલે કાગનું બેસવું અને તાડનું પડવું એક થઈ જતાં રતાં ખ્યાલ થનાં સાથે આ સુખવાસી જગ્યામાં સુંખકારક કીસમે થર પડી જવા પાંમી હતી! તેને સીવવા સાંધવા અને વાંચવા કરવાથી જ્યાદા કામકાજ ત્યાં કાંઇજ ન હતું. તેનો વખત પુશકલ ફાજલ પડતો, કે જ્યારે તેના વિચારો અજબજેવી હઠીલાઇથી તેને પાછા ને પાછા ફીરોઝને લગતા ખ્યાલો પર ઘસડી લઈ જતા. તે અત્રે બી રાંડેરની એક ગરીબ રેહવાસણ તરીકેજ રહેલી હતી, અને તેણીની અણુહદ સુંદરતાવાલા દેખાવમાં એટલી બધી સચ્ચાઇ, નિર્દોષતા અને ગરીબાઇ દેખાતી હતી કે ઇડાંવાલાનાં મીઠીબાઇની એકલી એકજ સીફારસ ઉપરથી બી સુખલીબાઈ તેને એકદમ પોતાને આશરે લેવાને રાજી થઈ શકી હની.

તે (રતાં) પોતાનું મન મોટું કરતી રહી હતી કે ફીરોઝ જોડેનાં તેનાં લગનને એક ઝટકે તે પોતેજ તોડી નાંખી શકી હતી! આંગલીએથી લગનની વીંટી ખેંચી કાઢી એટલે જાણે લગનના બંધના પવિત્ર તાર તોડી કાઢી શકાયા એવો તે ગાંઠ વાલી બેઠી હતી. તેનાં જીગરના અંતરમાંથી એક અવાજ એમ છતાં તેની એ બેહુદી મુર્ખાઇ હસી કાઢતો રહયો હતો.

દાદારને બાર બંધાઇ ચુકેલા બંધ એટલા સહેલથી તુટી શકતા નથી એમ તે અવાજ જાણે તેને ફરજ્યાત માનવાની ફરજ પાડતો હતો!

સુખલીબાઈ ધરમ ધ્યાનમાં મરીચરી રહેલી એક જઇફ અબળા હતી. દસ્તુરોનાં તેને ત્યાં વરસાણુ હતાં અને મોબેદોના ખરચાલુ પંથક ચાલતાં હતાં. તેના બહેસ્તીના તે "રોજના ચાલુ દરાંન" વરસોથી કરયાજ કરતી હતી, અને અફરગાન અસ્તમ ને ન્યાસ યસ્ત ભણાવવાનો તો રોજનો તેને ત્યાં કાયદો હતો. તે પોતે બી અશો અને ભણુનાર ગણુનાર હતી, અને રતાં બી તેજ તોરની હોવાથી તે ધરની ચોખ્ખાઇ અને શુધ્ધતા વખાણ્યા વગર રહી શકી નહીં. અલબત તેમાં વાહીઆત અને વહેમભરેલું ઘણું હતું, પણ તે રતાંને સઘળું પ્યારૂં હતું. તે સુધરેલાં શ્રીમંતોની શત્રુ હતી—આએજ કીસમનાં અસલી તોરનાં તવંગરો તેને ગમતાં ને માનીતાં હતાં!

સુખલીબાઇનું બાજુ કોઇ હૈયાત હતું નહીં. તેની એક છોકરી ઘણે સારે ઘર પરણેલી હતી, અને હાલમાં તે બેહેસ્ત પામેલી છોકરીની એક અઢાર વરસની છોકરી માત્ર હૈયાત હતી, કે જે પોતાના બાપ સાથે રહેલી હતી, તે અવારનવાર પોતાની મમાઇની ખબર લેતી હતી, અને છ—છ માસે પાંચ પંદર દહાડા મમાઇને ઘેર ગુજારવા બી આવતી હતી. તેનો બાપ એક આગેવાન શેઠયાંમાં ગણાતો હતો. તે પુશકલ ચીચોરાવાલો હતો. તેઓ સુખલીબાઇને પોતાને ત્યાં પોતાની સાથે રાખવા ઘણું કરી ચુકયાં હતાં. પણ તેઓ સુધરેલાં ને સુધારાવાલાં હતાં એટલે ચોખ્ખાઈ પાખઇમાં અટવાતી આ ડોસીનો કાશીસંગ તેઓ સાથ જઇ શકે એવું કાંઈ હતું નહીં. વળી તે પુરાતમપણુંમાં ઘણું માનવાવાલી હતી—તેને પોતાના ધણીનું ઘર અતીઘણું વાહલું હતું, અને તે સઘળાં કારણોનાં પરીણામમાં તે અત્રેનાં એકાંતમાં એખલી રહેલી હતી. વળી બીજું તો તે એકનીએક દીકરીની દીકરી કે જેની સુંદરતાની જાબજા તારીફ થતી હતી, અને જેની પોતાની ખુબસુરતી અને બાપના બેસુમાર પૈસાને લીધે ભલાંભલાં ઘેરનો તેનાપર ડોલો ખોબાયલો હતો તે હાલમાં લાંબો વખતથી મુંબઈમાં ન હતી. તેના

બાપ જોડે તે કલકતે ગયલી હતી, અને ત્યાંથી ફરીહરીને મુંબાઇ આવનારી હોવાને લીધે તે એક લાંબા વીયોગ માટે મમાઇને મળી ગઇ હતી, કે જે દરમ્યાન અતીઘણું એકાંત લાગવાને લીધે સુખલીબાઇને આવી રીતે પોતાના હાથ તલે એક જવાંન પારસણ રાખવાની જાણે જ્યાદા તલબ થઇ આવી હતી.

પ્રકરણ ૩૦ મું.

સુખલીબાઇને રતન સાથે જલદી જબરાં સહીઆરાં થઇ ગયાં. તે ઓકરીમાં હતુંજ એટલું બધું ખેંચાણકારક અને ખુશકારક કે તે એ અસલવારેની બઇરીને મનપતીજ નિવડી તેમાં અજાએબી કાંઇ નથી. તે ફીશીઆરીખોર, ટચાક કે છનાછી ન હતી. તે આ સુધરેલા જમાનાની જુવાન અબળા હતી પણ સુધરેલાંઓનો છતગત કે તે છતરાત તરફની વલાંણ કે પસંદગી તેનામાં જરાએ જોવામાં ન આવી. તે તો જુવાન છતાં ઘરડી, અસલી, અને અસલના વિચારોને મજબુતીથી મળતી હોય એવી એક ઘરડી ડોસીજ પુરવાર થઇ, અને ત્યારે તેની પછવાડે પગારના પાંચ પંદર ખરચીને પોતાની સહીઅર તરીકે તેને પોતાને ત્યાં રાખવા વાસ્તે તે મોટે ઘરની વીધવા કોઈ રીતે નારાજ કે નાઉમેદ થઇ નહીં.

તે રતાં સાથ કલાકોના કલાકો સુધી તાહેલાં કરતી, અને રાતે બી મોડી રાત સુધી પોતાની મોટી અસલવારેની પોહળી "લો ચેર"માં બેસીને રતાંને સામે બેસાડી વાતો કર્યા કરતી. તે ઘણું બાહરબહરવસ જનારી નહીં હતી, પણ પાંચસાત દાહડે એક વખત પોતાની અસલવારેની અસલી ઘાટની મોટી પખાલ જેવી બ્રોહામમાં પોતાનો પચ્ચીસ વરસનો ઘરડો ઘોડો જોતરાવી, ઘરડા ઘોડાવાળા મકનની બાંહેધરી હેઠલ તે કોલાબાની ખારી હવા ખાઇ આવતી. એ વખતે રતન તેની સાથે ખુશીથી જતી, કેમકે સુખલી ડોસાં ગાડીનાં વીનીજનો ચહડાવીને અંદરથી અંદર સંતાઇ ભરાઇને બેસવાવાલાં હતાં, અને વીનીજનની નાખલી

નાખલી ગરાઓમાંથી પોતે બાહેરનાં બધાને ટીકરીગોપ કરતાં, અને દરિઆની ખારી હવાને અંદર બોલાવતાં હતાં!

તેઓ જે લવો કવો કરતાં તે પટપટારાના ત્રણચતુરથાંઉસ ભાગમાં તેવણના બેહસ્તીને લગતોજ રહનપાટલો આવતો. "મરૂં. માહરા બેહસ્તી" તેવણુંના માનીતો બોલ હતો. અને બેહસ્તીને લગતી વાતો ટોપલે ટોપલે. અને ગારે ગારે કરયા છતાં તે મરનાર બેહસ્તીની એ વફાદાર બેહસ્તન ઠાકતી જણાતી નહીં. તે એક નમુનેદાર જોડી હતી, અને જીવતાં જીવત મોટા એખલાસનાં સુખમાં રહેલાં હોવાના સબબે બેહસ્તમાં જલદીજ પાછાં એકઠાં થવાની ઉંમેદમાં તે બેહસ્તીની આ ચુસ્ત વખાંણનાર આ ધરતીપર વાટ જોતી ખોટી હતી. એમ કરતાં ફરવરદીન મહીનો ને ફરવરદીન રોજ આવ્યો ત્યારે ડોસાં ફરવરદીયાંન જઈ આવવા તઇયાર થયાં. અશો ફરોહરની યાદ આપનારો એ દીવસ તે ભણનાર ગણનાર ડોસાં માટે સૌથી અગતયનો હતો, અને તે દાહડેજ રતાંને ખબર પડી કે દર ફરવરદીન રોજે ડુંગરવાડીપર સેજદો કરવાનો અને ભણવા જવાનો તે ભલી ડોસીનો હંમેશનો ધારો ને રીવાજ હતો,

તે રતાંને બી લઈ ગઈ. "તું કોઈ દાહડો ફરવરદીયાંન ગેઈછ કે, રતાં?" તેણે પુછ્યું; અને રતાંએ પોતે મુંબઈમાં નવી હોવાની વાત અને ડુંગરવાડી કદી નહીં જોયલી હોવાનો ખુલાસો જ્યારે આપ્યો ત્યારે સુખલીડોસાં અતીઘણું અજબ થયાં. તેઓ તેને સાથે તેડી ગયાં, અને રતાં ઘણી ખુશીથી ગઈ, કેમકે તે જગ્યા ઉપર શીરોઝ કે તેનાં લાગતાં-વલગતાંનો ભેટો થવાનો કશોએ સંભવ ન હતો.

તેઓ સહવારે સકાલે ગયાં. "અખાઉ રવા માડીદાઓનો આખો દાહરો દરોરો પરે તેની આવમજ જઈને સેજદો કરી આવવાનો માહરો તો ધારો છે," તે ડોસીએ સમજણ આપી, અને તેથી સહવારને પ્હોર તેઓ બન્ને એ શુભ ફરજનાં ઉટકંઠી થઈને તે તરફ ગયાં "માહરા બેહસ્તી ગુજરવા પછી હું તો એક બી ફરવરદીન રોજ ચુકતી નથી,"

સુખલી ડોસાંએ ગાડીમાં સમજાવ્યું, અને ત્યારે પોતાના ખાવંદને વાસ્તે અચબુચ હયાં પેહલીજ વાર ખ્યાલ આવતાં રતાં પોતે એકાદ પળ જંખવાની થયા વગર રહી શકી નહીં. આએ ડોસી વરસોપર મુવેલા તેના ભરથારને તારીફ નહીં થઇ શકે એટલાં બધાં હેતથી આજસુધી વફાદાર અને સાચ્ચી હતી, કે જ્યારે તે પોતે તો જીવતાં જીવતજ પોતાના જવાન ભરથારને એટલાવારમાં વીસારી ચુકી હતી, એટલુંજ નહીં પણ તેની જોડેનાં પોતાનાં લગનના પવિત્ર ગાંઠ વટીક તે તોડી નાંખી બેઠી હતી! અને તેણે જીંદગીમાં પેહલીજવાર પોતાનાં મનને હવે સવાલ પુછયો કે દાદારની દરગાહે એ શું તેણે ગુનાહ કર્યો હતો? વળી ભરથાર બી કેવો કે જેણે તેને સુખી કરવા ને સુખી રાખવા અંતની ઘડી સુધી તો પોતાનો જાંન વટીક પટકી નાખ્યો હતો!! તે તેના જોડે ઠાગાથી પરણ્યો હતો એ વાત ખરી, અને વળી તેની કંગાલ મા તેમનાં લગન તોડી નાંખવાની જે જુલમગાર આપખુદી લઇ બેઠી હતી તે સામે (તેને કેહવામાં આવ્યું હતું કે) તેણે આંખવીંચામણું કર્યાં હતાં એ પણ ખરૂં, પણ તેમ છતાં તે શું તેને ઓછો ચાહતો કદી બી પુરવાર થયો હતો? અફસોસ કે આ સવાલો ને તુરંગો તેને આજ તક કશાજ થયા નહીં હતા, તે તેણે પોતાને થવા દીધાજ ન હતા! તે થાય એવી તેણે એક કાળજીજ કરી નહીં હતી, અને હાલમાં જ્યારે હમેશગીની યાદ આપનારાં પવિત્ર મઠક ઉપર ખુદ ખુદાની ખુદાઇ જોડે રૂબરૂ થવા તે જતી હતી ત્યારેજ તે લાંબી દ્રાઇવની ચુપકી દરમ્યાન તે મોટી ગાડીનાં ગંભીર એકાંતમાં એ સઘળા ગમખાર વિચારો તેને આવ્યા અને ગયા!

તે ફ્રવરદીઆન જતી હતી. ભલી સુખલીબાઇ તેના મરનાર ખાવંદની યાદને અશો ફ્રરોહરના એ પાક દીવસોએ વફાદારીથી યાદ કરવા ને નમવા જતી હતી તેના જોડે તે બી જતી હતી, અને તે ફરોલમાં તેને એકદમ ભયભીત ખ્યાલ થવા વના રહી શકયો નહીં કે તે એક પોતાની મરજીની લગભગ પાપભરી આપખુદીથી ફીરોઝથી અલગ

અને જુદી થઇ હતી તે દરમ્યાન તે કદી મરી જાય તો? ઓ, તે દહેસતનાક ખ્યાલ! ખ્યાલના ગજબનોજ ખ્યાલ કરતાં તેનાં આખાં અંગમાંથી ધ્રુજરીનું એક ઠંડુ લખલખું પસાર થઇ ગયું.

તેઓ ડુંગરવાડી પર પોંહચ્યાં.

તે છોકરી છક થઇ ગઇ. તે પાક જગ્યાની બેમુકાબલા અશોઈ અને સ્વછતા, બુલંદી અને પુરાતનપણું પાકીજગી અને મોતેબરી કે જે એક પાક મહજબ સાથેજ નહીં પણ ખુદ તે મજહબના મહાન વીદવાન પેગમબર સાથે બલકે સૌથી અશો પાક પરવરદેગાર સાથે મુવાંની યાદમાં જીવતાંનાં જીગરો આમેજ કરી આપે છે તે એક જગ્યા કે જે ઘણી ગંભીર છતાં ખુશકારક છે, જે અશુદ્ધને શુદ્ધ બનાવી શકે છે, અને ફાંની અને મીનોઈ જાંહનો વચ્ચેનો એક મુકાબલો આયના પેરે રજુ કરીને ગમે એવાં ગલીચ મનોને વટીક પવીત્ર અને પાક બનાવી શકે છે, ત્યાંની હરીહાક ઉંચાઇ, દોખમાઓની બુલંદી અને લાસોની વ્યવસ્થાની માહાન ઓલમાઓ અને વિદવાનોએ એક અવાજે બાહલ રાખેલી દુર અંદેશ ગોઠવણોને લગતું ભલો સુખલીબાઇએ તે અજબ થતી છોકરીને ઘણુંક બતલાવ્યું અને ઘણુંક સમજાવ્યું, કે જેથી તેનાં બાળક જીગર અને મગજ ઉપર એક અગાધ ગંભીર અસર ત્યાં ને ત્યાં બરપા થયા વના રહી શકીજ નહીં. તેઓ એક દોખમાની બાજુમાં ઉંચાં ઝાડોના શીતલ છાંયા હેઠળ ઉભાં રહીને એકાગ્ર ચિન્તે ભણ્યાં, સથીમાના નુરી કેબલાનો સેજદો કર્યો, ચાસની કરી ઇત્યાદી; અને પરીણામમાં જ્યારે તેઓ ઘર તરફ પાછા ફર્યાં ત્યારે રતન ગઇ હતી તે કરતાંને પોતાનાં પરણ્યાં ધમાનને અને પોતાનાં પરણ્યાં વચનોના સંબંધમાં વધારે શુધ્ધ અને સાચ્ચી બનીને ઘેર પાછી ફરી એમ કહેવાની કશી બી જરૂર છે?

તેણે સુખલીબાઇથી અત્યાર સુધી છુપાવ્યું હતું કે તે પરણેલી છે. પણ તે વરબઇએરની વફાદારીની દીલ ઉશ્કેરનારી કેરીઅતો સાંભળવાની ઉશ્કેરણીઓ દરગ્યાન તે ઘણીકવાર બોલી પડવાની અણીપર હતી કે

"હું બી પરણેલી છેઉં;" પણ તે કેમ કહે કે હું પરણેલી છેઉં કે જ્યાં તેણે પોતેજ તે લગનના બંધ તો કે દાહડેના તોડી નાંખ્યાં હતાં ?

"અમારા વખતમાં કોઇ પૈસાને વાસ્તે પરણતુંતું નહીં" તે ડોસીએ ઘર પાછું ફરતાં ગાડીમાં પોતાનું નસીહતકારક તાહેલું તવાણું જારીજ રાખ્યું, "અને તેથી કરીને વરબઇ ર આજના સુધરેલા જમાનાનાં વરબઇએર કરતાં એક બીજાને વધારે સારી રીતે ચાહી જાણતાંતાં; પણ આજે તો સુવો બધો મામલોજ ફરી ગીયોછ. દુકતાઓ મરી ગાયા પોહોરયાંના દામ નહી દીઓ તો માથાં ફેરવીને પરણવાને સાફ ના કેહી બેસેછ, ને દુકતીઓ મુવા તેવા ભીખારડાને પરણીને પગમાંનાં પેજારની પેઠે રાખી તેઓને ગાંઠતી કે ગણકારતી નથી, ત્યારે મરી ગીયાં વચ્ચે હેતપ્રીત તે હોવજ કાંહથી—ચુહલામાંથી ? હું તીસ વરસ રતાંને કેહું તે મરૂ માહરા બહેસ્તી સાથે ગુજારવા પામી પણ તું માને કે કોઇ દાહરે અમારા વચ્ચે એક કજીઓ બી કદી થયો હોય ? કજીઆનુ તો માહરા ઘરમાં મોનુંજ કાળું ઉતું. ઘેર ઉતુ ને બહેસ્ત માહરાને તે કોઇ દાહરે કાંઇ માહરો વાંક પરે તો માહરીપર ચીરડાય બી ખરા, પણ હું મરી જાઉં તો સાંબો ટુંકારો નહી કેહુ ને હુંનીહુંજ તાબરતોબ પાછી મનાવી લેઉં. એવાં લગનો આએ ધરતીપરનું બહેસ્ત કહેવાય કે નહી ? તું શું ધારેછ ?"

"કહેવાય તો ખરૂં," રતાંએ માંડ માંડ સાંભળી શકાય તેવા ધીમા સાદે જેમ તેમ જવાબ આપ્યો.

તેણે પોતે તો પોતાનું બહેસ્ત ગુમાવ્યું હતું: તે પોતેજ પોતાના વરને તાતરવીખી થઇને તજી આવી હતી. સુખલીબાઇ પોતાના મરનાર વરનો હંમેશ ગુસ્સો સમાલી લેવાની પોતાની ભલાઇની વાત કરતી હતી, કે જ્યારે તે તો પોતે ગુસ્સે થઇને તે ગુસ્સાનાં પાધરા પરીણામમાં આવા એક હેતવંતા ભરથારને સદાનો તજી આવી હતી.

"વરબઇએરનાં સુખનો પાયોજ અરસપરસની નાખુતી છે," સુખલીબાઇએ પાછું ભાષણ ચલાવ્યું. "ચોરીને ચાંદુ પારીએ તો નહી ઉતા

મુવા ફેસ્તા ફજેતી થયા કરે, પણ અરસપરસ નાખતી કરીને ચાલે, તેનું નામ વરબઇએર, નહી તો મુઆં કુત્રાં કોહલાંથી બી બદતર. મારે વાંક થાય ત્યારે મારો એહસ્તી મને સમાલી લે ને મારા એહસ્તીનો વાંક પરે ત્યારે હું સમાલી લેતી"—અને આવાં મજબુત બેસનોથી પોતાની ભુલના સંબંધમાં રતાંની આંખ ખુલી ગઇ તેને લગતું બ્યાંન કરવું બેજા છે.

તે આખી રાત તે નીરાંતથી ઉંઘી શકી નહીં. તે નમુનેદાર જોડાંની તેણે જે વાતચીત સાંભળી હતી તે ઉપરથી તેના ફીરોઝ જોડેનો તેનો નજીસ વિરોધ તેને હદ વનાનો સતાવતો ને સંતાપતો રહયો. શું તેણીએ બુરૂં કર્યું હતું ! શું તેણીએ ખરેખર ભુલ કરી હતી ? શું પોતાનાં લગનના પવીત્ર ગાંઠ તેણે એ ફીસમે એક ઝટકે તોડી નાખવાનો તેને હકજ નહીં હતો ?

ફીરોઝનો મીઠો મુખડો, તેનો કાકલુદીભર્યો અવાજ, તેની નમ્ર આંખો, તેનું હેતવંતુ જીગર એ સઘળું આજના જેવી અસરકારક ફીસમે આજ વેર તેને એટલું બધું કદી હૈયે ચઢયું ન હોતું. તે ઘડીમાં ફીરોઝને એકદમ ચાહતી અને ઘડીમાં તેને એકદમ ને તદન ધિકકારતી ! તેને હવે એક પળની નીરાંત ન હતી. તેનું મગજ તદન ગુંચવાઇ પડેલું હતું.

વલતી સહવારે સુખલીબાઈ તેનો એ ભખી ખાધેલો ચેહરો જોઇને તાજુબ થઇ, અને તેણે ઘણી નરમાસથી તે સુંદરીને તેનો સબબ પુછયો.

"તમો ભલાં વરબઇએરની વાતચીત સાંભરયા પછી મને આખી રાત તેના તે વિચારો આવ્યા કીધા, ને તેથી ઉંઘ આવી નહીં," રતાંએ ફીકું હસવાની એક બ્યર્થ કોશેશ કરતાં કહ્યું. 'મને એક વાતની ઘણી ગુંચવણ થયા કરે છે."

"શું ?"

"હું તાજુબ એમ થાઉંછ કે જોરાવર કારણ હોય ને એક બઇરી પોતાના વરને તજી દે તે વાજબી કહેવાય કે નહીં ?" તેણીએ અજાયબી ને નિર્દોષતાના દેખાવથી પુછ્યું.

"વાજબી ?" સુખલી ડોસાંએ તો જીવ જીકાટી નાખ્યો, "વરને બઇરી થતી તજી જાએ તે વાજબી ? સુઇરે તે બઇરી !"

"પણ ધારો કે વર લુચ્છો છે, જુગારી છે, વાંકો ચાલે છે, ઘાતકી-પણે વરતે છે તો ?"

"તો બી નહીં," સુખલી ડોસીએ ઠંડાવથી કહયું. "હું તો એમ જાણું કે પરયું તે પજરવાનું ! ગમે તેવો વર તે ખાવીંદ ને ખોદા. બઇ-રીએ તો તેને વેઠવોજ જોઇએ."

"તારે જો એ કરતાં ઓછાં કારણે કોઇ બઇરી પોતાના વરને તજી આવે તો તમો તેને માટે તો ઘણુંજ બુરૂં માનો ?" રતાંએ હસીને પુછયું.

"હું જો જાણું તો હુ તો તે પેટબરીનો ચોટલો ધરીને રેરી નાખું," ડોસાં તો ખુબ રંગપર ચઢયાં. "ધણી ધકેલો મારીને ઘેરમાંથી ઉતારે નહીં તાંહ સુધી ધણીનું ધાંન છોરી જવાનું બઇરી થતીને કદી બી શોભેજ નહીં !

"વારૂં ધારો, બાઇજી," હજી રતાંએ પોતાનાં મનનુ સમાધાન કરવાને લગતા ઉપરાસાપરી સવાલોની જીકકર જારીજ રાખી, "ધારો બાઇજી કે એક મોટે ખાંચરેનો છોકરો કોઇ બીચારી ગરીબની છોકરીને ઉલટુંસુલટું સમજાવીને પરણી ગીયો, અને પછી તે ગરીબની છોકરી સાસરાંમાં પોતાની ગરીબીને લીધે હીણાતી અફરાતી ઠોકરે ઠોકરે મરઇ, તો પછી તેવી બઇરી તેવા વરનું ઘેર છોરી નહી જાએ તો બીજું શું કરે ?"

"હું તો તોબી તે દુકતીને ખોદાને ઘેરની ગુનેહગારજ ગણું," સુખલી ડોસાંએ કહયું. "એમાં તે શું મોટી વાત ? ખમનારીઓએ તો એથી લખ્ખો ઘણા વધારે સાસરેના જુલમો ખમેલા છે. અમારા વખતની છોકરીઓએ સાસુઓના જુલમ કંઇ થોરા ખમ્યા નથી ! એ તો ધણીનું ધાન રાચવવાની જેને ઉંહ્ હોય તે હજાર નવા તોર શોધી કાહરી શકે. એમ જરા જરામાં ધણીને છાંન પુતળાંનાં નાચની કાંની તજી દે ને મુકી દે તે બઇરીજ શાંની કેહવાય ? એ કાંઇ કુલ્લીમાંનો ગોર બોર છે શું ?"

આ તકરારની સમજાવતે બની શકે તો રતાંને વધારે ગમખાર, ચીંતાતુર અને શુદ્ધ બનાવી. તેનું દીલ તે દીવસ પછી ફીરોઝ તરફ વધારે ને વધારે હેતથી સદા ખેંચાતું રહયું. ખુદાની લાકડીને કાંઈ અવાજ છે?

પ્રકરણ ૩૧ મું.

એક દીવસ સુખલી ડોસાં પર એક કાગળ આવ્યું જે રતાં પાસે વંચાવ્યા પછી તેત્રણુ ઘણાં ખુશાલ બનેલાં દેખાયાં. તે કાગળ તેવણુની બહેસ્તન દીકરીની દીકરી વીરબાઇનું લખેલું હતું. તે મુંબાઇ આવનારી હતી, અને આવે તેવી પાધરી મમાઇને ઘેરજ આંઠ પંદર દાહાડા રહેવા આવવાની હતી. તેમાં "વીરા" ને નામની સહી હતી, અને રતાંએ ત્યારેજ જાણ્યું કે તે છોકરીનું નામ વીરબાઇજી હતું; પણ અજાએબી તો જુદીજ હતી. તેણીએ તે પછી તેહકીકથી નકકી કર્યું કે વીરબાઇની માતા (સુખલી ડોસાંની છોકરી) જે મોટે ને સારે ઘરે પરણેલી કહેવાતી તે વાહરીયા ખાંન્દાનની મોહરદાર હતી, અને ત્યારે એ શું માનવાજોગ હતું કે આ વાહરીઆની વીરબાઇ તેજ હતી કે જે તેના ફીરોઝ જોડે પરણવાની હતી? તે કારજ ફીરોઝની માતાએ નકકી કરીને લગભગ પાકકું કરેલું ગોઠવી રાખેલું હોવાની ફીરોઝે સેંકડોવાર તેણીની આગળ વાતો કરી હતી. એ મોટે ઘેરતું કારજ નહીં પાર ઉતરવાના ફીરોઝની માતા મહેરબાઇના અસહય સંતાપમાંથી તો આ સઘળો તેણીના સંબંધનો પ્રીતનો બખેડો જાગવા પામ્યો હતો, અને ત્યારે શું તેજ છોકરી હાલમાં અત્રે આવનાર હતી, અને તે એકવારની બે હરીફો સામસામી એકઠી થનારી હતી? કેવો નહી ધારેલો સંજોગ! કેવું નહી ધારેલું ને નવું નખ્ખોદ!

તે આ સુખી એકાંતમાં સુખથી રહી શકવાનાં પોતાનાં સુભાગ્ય માટે સદા ખુશાલ હતી, ત્યારે આ નવી આફત બરપા થવા ખાતર તેને

મોટો સંતાપ થયો. તેને એ વીરાની તો હરહમેશ અદેખાઈ લાગતી હતી, અને તેજ હાલમાં અત્રે આવતી હતી !

સઘળાં આદમીઓ તે છોકરી અત્રે રેહવા આવનાર હતી એ સમાચાર સાંભળીને જાબજા ખુશી થયલાં જણાયાં. તેની સુંદરતાની તેઓ વચ્ચે હદવનાની તારીફ હતી. તે પારસીઓમાં એક નમુનેદાર ખુબસુરતી કહેવાતી હતી, અને તાજુબ તો એ હતું કે તે આદમીઓનાં કેહવા મુજબ તે જેટલી સુંદર હતી તેટલીજ વળી નમાની, સાલેસ અને સભ્ય હતી. તે આખાં ઘરમાં તેણીના આવવાના સમાચારથી નવી તાજગીને જાણે જીવ આવી ગયો. અને તે એકાંત મથક તે સુંદરીનાં આગમનની ગડબડ સડબડની ધમાલમાં ખુશાલીભર્યું બધું ગાજીવાજી રહ્યું.

એ નવાઈ જેવી સરજત હતી. પોતાની શોખ અથવા હરીફ કે જેના સબબેજ તે પોતાને આ દરજે પોંહચેલી જાણતી હતી તે કોઈ કીસમની અબળા હતી તે પોતે નજરે નજર જોવાનું રતાંને ગમતું હતું, મગર એમ છતાં તેની સાથે રૂબરૂ થવાના ખ્યાલથી તેની છાતી ધ્રુજી આવતી !

તે છોકરી આવવાની હતી તે દહડે તેનો આવવાનો વખત થયો તે વખતે રતાં પોતાની છાતીના ધપકારા વટીક પ્રગટ સાંભળી ને ગણી શકતી હતી, અને જ્યારે તે નવી સુંદરતાને લાવનારી ગાડીનો ગણુગણાટ તેને કાંને આવ્યો ત્યારે તેની હીમ્મતની એકદમ ઓટ થઇ ગઇ, જેથી તે નાહસીને પોતાના ઓરડામાં જઇને છુપાઇ ગઇ. શું અદેખાઇજ તેને એમ હીચકારી બનાવતી હતી ?

નજદીક તે બે કલાક એ રીતે પોતાના ઓરડામાં છુપી રહી હશે, જ્યારે અંતે તેને તેડવાને બે કલાક પછી સુખલી ડોસાંએ માણસ મોકલ્યું, અને ત્યારે તેને ફરજયાત જવું પડયું. એટલાંમાં તો જમવાનો વખત પણ થવા આવ્યો હતો.

તેઓ મલ્યાં.

રતાંને જોતાં સાથે એક તદ્દન ખુશાલ તબીએતની, સરોવરનાં ઝાડ જેવી સીધી અને ઉંચી, ચંદ્રસમાન ચહેરાની છોકરી હસ્તે ચહેરે આગળ દોડી આવી. તેનો દેખાવ દમામદાર, તોર બધો શ્રીમંત ઘરનો. અને પેહરવેસ પૈસાની રેલછેલની સાહદત પોકારનારો હતો, પણ તેમ છતાં તે ભલી, ભોલી ને નમાની નજરે આવતી હતી એ એકજ ઝટકે જોઇ લેવાતું હતું.

"આવોની, તાંહ કાંએ બેસી રેહ્યાં?" તેણીએ હસીને ઓશકાતી અને બીહતી રતાંને આવકાર અને હીમ્મત આપતાં કહયું. "માહરાં મમ-ઇજી તમારી ઘણીજ તારીફ કરેછ. એવણુને એ ઘણુંજ સારૂં સુઝયું. એવણુના આવા બુઢાપાના વખતમાં એવણુને હેતથી સમાલે એવું એવ-ણુની આગળ કોઇ ખરેખર જોઇતુંતું. હું તમોને જોઇને ઘણીજ રાજી થઇ"—અને રતાં એક ધીમું "હાજી, તમારી મહેરબાંની છે," તેથી જ્યાદા કશું બોલી શકી નહીં. તે સભ્ય છોકરીની દયાલુ વર્તણુકથી તેનાપર ઘણી ગંભીર અસર થઈ, ને તે મનોહર ચહેરા સામે તેણીએ અજાએબી અને વખાંણુ સાથે જોયા કર્યું.

"તમોને અહીં મારાં મમઇજીને તાંહાં સોહવાયછ કે?" તેણીએ વળી હસીને પુછ્યું. "એવણુને તો ઘણું એકાંત ગમેછ તે તમોને એવાં એકાંતની તએહ છે કે?"

"માહરે નોકરી કરવાની એટલે બધું ચાલે જી."

"હું તો અહીં આઉંછ કે એક જાણે તદ્દન નવી દુન્યામાં ઉતરી ગેઇ હોઉની તેમજ મને તો લાગેછ," વીરાએ કહયું. "બા મને કંઇ અહીં લાંબો વખત ગમે નહીં. માહરો તો એક બે અઠવાડયાંમાંજ જીવ ગભરાઇ આવે."

તેણે રતાંને ઘણી ગભરાયલી જોઇ અને તે મનથી જરા તાજુબ થઇ, કેમકે તે રતાંને મુતલગ પીછાંણુતી ન હતી અથવા તેણીના સબંધનું કશુંજ જાણુની ન હતી. "ચાલો તમે અહીં છેવો તો મને બી આએ

વખત તો સોહવાઇ જશે," તેણીએ જરા વારે કહયું. "આપરે ત્રણ બઈ-રાંઓજ એખલાં છેઇએ ને ઘેરમાં એક બી માટીડો નથી તે લાગેછ કેવું રમુજી ને નવાઇ જેવું !"—અને રતાં એના જવાબમાં ફકત ફીકકું હસી.

"આએ પોરીના સંબંધમાં કાંઇ ભેદ છે," વીરા તે પછી એકલી પડતાં મનંસે પટપટી. તે ચતુર હતી માટે રતનના ગભરાતનાં બાતેનમાં કાંઈ બી ભેદ સમાયલો હોવાનું તાબરતોબ ચેતી જઇ શકી હતી. વળી રતાંએ બી ચોરી પકડી હતી. તે છોકરી ખુશહાલ દેખાતી હતી, પણ ખુશાલ દેખાવાના ખાલી ઢોંગ કરતી હતી, બલ્કે બાતેનમાં તો ખરેખર ઉદાસ અને દુઃખી હતી એમ તેને ઝટ ખટકો થયો. તેણી અવારનવાર તેને વિચારવંત અને ચુપ પકડી કાઢતી. તેની જૈફ મમાઇએ પણ તે એક બે દીવસમાં જોઈ લીધું, અને તે વિશે પોતાની અજાએબી બતલાવી. "માએ, તુંને શું છે?" તે ડોસી ફીકરમંદ થઇને પુછતી. "તું આગળના જેવી ગરબરખોરી હસ્તી રમતી ને રમુજી કેમ નથી?"

"મમઇજી, હવે તો હું બુઢી થવા આવી કેની?" તે છોકરી હસીને કહેતી. "વીસ વરસની ભરતીમાં ભરાવા આવી તે હજી હું કંઇ બચ્ચું કહેવાઉં કે આગલના જેવીજ ગરબરખોરી ને તુફાંણી રેહું? કાંએ, ખરી વાત કેની, રતાં?"

રતાં જવાબ કરવા પહેલાં એકાદ પળ થોબી. શું વીરાએ તેની મમાઇને કરેલા એ ઠાવકા જવાબનાં હેઠાંણુમાં કાંઇ ભેદ નહી હતો?

"જી હા," તેણીએ તે પછી ધીમા અવાજે કહયું.

એમ દીવસો ગબડી ગયા. અને તે દરમ્યાનમાં રતાં અને વીરા વચ્ચે સહીઆરાં અલબત ઠીક થતાં આવ્યાં. વીરાને રતાં ઘણી ગમી, અને રતાંને તેની હરીફ અરધી ગમી અને અરધી તે તેનાથી બીહતી રહી. શું એ છોકરીનો ભેદ ફીરોઝને લગતોજ હશે? શું તે હજી ફીરોઝને ચાહતી હતી?

સહવારે ટપાલ આવતો ત્યારે રોજ વીરાને માટે નજદીક અરધી દજણ કાગળોનો ઢગલો આવતો. રતાંને તો કોઇ જુદાઇએ લખનારૂં કે

યાદ કરનારૂં બી નહી હતું! શું તે સઘલાં પ્યારપત્રો હતાં? શું તે પ્યાર-પત્રોમાં તેણીના ફીરોઝનું બી તેણીના જેવું કાગળ હશે? શું આ સુંદર છોકરી માટે તેને અદેખી પડવાનું કારણ નહી હતું?

તે અદેખાઇના સબબે વળી બની શકે તો ફીરોઝ માટેનો તેનો પ્યાર વધારે અધીરો, ઉંડો અને દ્રઢ થયો. તેના ફીરોઝને બીજી કોઈ ચાહે અથવા ચાહવાનો વિચાર પણ કરે તે તેણીએ જોયું કે તે ખમી શકે તેથી જ્યાદા હતું. એમ કેમ? તે તો પોતાના ખાવંદને તરક કરીને તજી આવી હતી, અને તેજ ખાવંદ માટે તે એમ વાહાલથી વીહળી કેમ પડતી હતી? શું તે વિચિત્ર અને ફાંટાબાજ નહીં હતી?

રતાંએ જોયું કે વીરા તેની ગોરી ગરદનપર એક સુનાની સાંકળી ઘરમાં બી પહેરી રાખતી હતી, ને તેમાં જે એક સોનાની હીરાજડીત લાકેટ હતી તેપર તે ઘણું જયાદા ધ્યાન આપતી હતી. તે ઉપર તે લગભગ વીહલી પડતી જણાતી હતી.

એક સહવારે રતાં વીરાના ઓરડામાં સુખલી ડોસાંનો તેણીના જોગો એક પેગામ લઇ ગઇ. તે વેળાએ વીરા પોતાનાં ધ્યાનમાં ચકચુર તે લાકેટ ધ્યાંનથી જોતી બારી આગળ ઉભેલી હતી. અને તે લાકેટની આસપાસના હીરા તે તડકાંમાં ઝલઝલ થઇ રહેવા હતા.

તે ચીંતાતુર દેખાતી હતી. અને તેના હાથમાં તે લાકેટ અરધી ઉઘાડી હતી. "સારૂંજ થયું કે તું આવી," તે રતાંને જોઇને ખુશી થઈ બોલી. "હું તુંને હમણાં તેરાવવાનુંજ ધારતીતી. જોની, આએ લાકેટનું સ્ક્રુ કઇ એવી રીતે બગરી ગીયુંછ કે એ બધજ નહી થતી."

રતાંએ તે લાકેટ પોતાના હાથમાં લીધી, પણ તે તેજ પળે તેના હાથમાંથી સાંકળી સુદ્ધાં ભોંયપર સરી પડી. તેમાં એક બાજુએ વીરાની અને બીજી બાજુએ તેના પોતાના ફીરોઝનીજ સબી હતી! તેજ ફક્કડ ચહેરો, તેજ તેજસ્વી મુખડો, તેજ પોહલી પેશાંની!!

તે શું બીજીનો હોય? બીજી શું તેની સબી પોતાની છાતીપર રાખ-વાની એમ પતરાજી કરે! તે તે કેમ ખમી શકે? તેનો ચહેરો ફીકો મારી ગયો.

"એ તુંને શું થયું, રતાં?" તે સાંકળી ને લાકેટ તાબરતોબ ભોંય-પરથી ઉંચકી લેતાં રતાંની એ અજબજેવી વર્તણુકથી તાજુબ થઇ વીરાએ લગાર ધીરજ ખોહી દેતાં પુછયું.

"મારા હાથમાંથી છટકી ગેઇ," રતાંએ ધીમે સાહદે બચાવ કીધો.

વીરાએ તે પછી તે લાકેટ ખોલીને અંદરના કાચને કે સબીને કાઇ બી હરકત પોંહચી હતી કે નહીં તે ધ્યાંનથી જોયું, અને એમ કરતાં તે ફીરોઝના મુખડા ઉપર મોજથી ટીકવા પડી. "જોની આ ચહેરો, રતાં," વળી અધુરામાં પુરૂં તેણીએ દુઃખપર તેને દાહમ દેવા માંડયો! "તુંને એ ચેહરો કેવો લાગેછ?"

તે એક અજબજેવું "સીચ્યુંએશન" હતું. એકનો ચહેરો દુઃખ ને અદેખાઇથી ફીકો મારી ગયો હતો—બીજનો ચેહરો આશાવંત ઉલટમદ અને ખુશાલ દેખાતો હતો. બન્ને એકજ જાણીતા અને પ્યારા આસા-મીના ચહેરા ઉપર તીકતી હતી, અને એમ તીકતી તે બન્ને હરીફો એક-મેકનાં પાસામાં સામસામે ઉભી હતી!

"કાંએ બોલતી નથી, રતાં? આએ ચેહરો તુંને કેવો લાગેછ?" વીરાએ નિર્દોશતાની ભોલપણુ વચ્ચે તેણીના જવાબની પાછી આર્જુ કરી.

"ઘણો મજાહનો," રતાંએ જેમ તેમ જીવપર ખેંડીને જવાબ કર્યો.

"મજાહનો એટલે ખુબસુરતીમાં?" વીરાએ કહયું. "હું તેની વાત નથી કરતી. ખુબસુરતીમાં તો અલબત ઘણો નામીચો ચહેરો છે, પણ હું તો એ ચેહરો કે જે ઓય હોઠ ઉઘાડીને જાણે આપરી સાથે વાત કરે તેવો દેખાયછ તે બીજી બધી વાતે તુંને કેવો લાગે છે તે પુછુંછ."

"જાણે એ ચહેરો કાઇને ચાહતો હોય તેમ દેખાય છે," રતાંએ મોગમ જવાબ કર્યો.

"તે કોઇ ખોદા કરે ને હું પોતેજ હોઉં!" વીરાએ આર્જુ કરી. "હું હવે તાહરેથી માહરો ભેદ છુપાવા જેટલી જરૂર જોતી નથી. આએ એક ખરો અમીરી ખવાસનો આસામી છે, અને હું એને ખરાં જીગરથી ચાહુંછ, હું તાહરી આગળ માહરી સચ્ચાઇનો એ એકરાર કરતાં જરા બી શરમાતી નથી, કેમકે તેમાં પાપભરેલું કશું બી નથી, અને હું—" પણ તે એકદમ બોલતી અચકી ગઇ! તેણીએ જોયું કે રતાંનો ચહેરો છેક મોહોત જેવો ફીકકો મારી ગયો હતો, અને તેમા હોઠો ધ્રુજતા હતા! શું તેમ ખરેખર થયું હતું કે (તે સુંદરીએ પોતાનાં મનને પુછ્યું કે) એ તેનો એક ખાલી ખ્યાલ માત્ર હતો?

પ્રકરણ ૩૨ મું.

શું એ વીરાનો એક ખાલી ખ્યાલ માત્ર હતો કે રતાં ફીરોઝ માટેના તેણીના એ મોટા અને સાચ્ચા પ્યારની કેફીઅતનો હેવાલ સાંભળના ફીકકી પડી અને ધ્રુજવા લાગી? હોવોજ જોઇએ, તે છોકરીએ વિજળીને વેગે ખ્યાલ કર્યો કે ખાલી ખ્યાલ નહી તો બીજું શું હોય? રતાંને એ વાતમાં ઉસ્કેરાવા જેવું હોયજ શું? અને તેથી તરત તેણે આગળ ચલાવ્યું.

"હું તો એ માહરા પ્યારમાં ફસાઈ ગએલી છેઉં, રતાં" તેણીએ દુઃખના દરેક હાવભાવથી કહ્યું. "માહરા જેવી કમનસીબ છોકરી બીજી કોણ થઇ શકે? લોક માહરી ખુબસુરતીની તારીફ કરેછ—મારાં માય તરફથી તેમજ બાપ તરફથી હું સારી રીતે તવંગર છેઉં, અને બધી બીજી પ્રકારે સુખી છેઉં, પણ દુઃખ માત્ર મને માહરા મોટા પ્યારની નાઉમેદીનું છે. તું એને ઓળખતી નથી—ઓળખે તો જાણે; તે એવો તો હાતમ જેવાં ઉમરાવ દીલનો ને તદનજ પ્રમાણીક હેતુઓનો જવાંન છે કે એવા એક સાથે જીંદગીમાં જોડાવા માહરી અરધી જીંદગીનો ભોગ આપવો પરે તો તે બી હું ઘણી ખુશીથી આપું. હું એ વિશની ખુદાને

ફોકટ બંદગીઓ કરતાં બી જાણે ઠાકી ગેઇછ! ખોદાને બારથી એવા ખરા લાયક આવંદના લાયક સુખની બેમુલી બખશેશ માગવામાં બુરૂં કાંઇજ નથી, અને તેથી એવી માહરી બંદગીનો એકરાર કરતાં બી હું તાહરી આગળ જરાએ શરમાતી નથી. ફીરોઝ વગર મને દુન્યા અકારી ઝેર જેવી છે. હું આટલી સુખી છતાં તેના વગર માહરૂં બધું સુખ અકારૂં નકારૂં છે,"—અને તેણે નાઉમેદીથી રડી વટીક દીધું!

રતાં સરજતનાં આ એક નવાઇજેવાં બેહુદાંપણાથી સુધ્ધબુધ્ધ ખોહી બેઠી! આએ અબળા તેની આગળ પ્યારનાં એટલાં જોસ સમેત કોણને માટે બોલતી હતી—તેના પરણ્યા ખાવીંદને માટે? તેના હકદાર ભરથારને માટે? એ ગજબ, એથી બદતર દુન્યામાં સાંભળવાનું થઇજ શું શકે?

વીરા ફીરોઝની જાબજા તારીફ કરતી હતી. તેને પરણ્યાથી તો બેહસ્ત જેવું સુખ હાથ કરી શકાય એવુંજ તે માનતી જણાતી હતી, અને રતાં પોતે? તેણે પોતે તો પોતાનું તે બેહસ્ત દોજખમાં ઉલટાવી નાખ્યું હતું! તે અભાગણી તો અધીરી ને આકળી બનીને તે બેહસ્ત જાણી બુજીને ખોહી બેસવા જેટલી હેમક પુરવાર થઇ ચુકી હતી!!

"માહરોજ કાંઈ વાંક નથી," વીરાએ જરા વારે પાછું ચલાવ્યું. "હું એ જવાંનને જોતાં સાથે મોહીત થઇ એ ખરૂં, પણ જો હું વખત-સર જાણતે કે તે મને ચાહી શકવાનો નથી તો હું ચોંકતે ને ચેતતે, ને માહરાં મનને તેની મોહબતનો શીકાર થવા દઇ હું પોતેજ માહરી જીંદગીનું નખ્ખોદ કાહરી નાખતે નહીં. પણ અફસોસ કે મને છેતરવામાં આવી—શરમભરેલી હદ સુધી ઠગવામાં આવી!"

રતાં એ સાંભળતાં એકદમ ચોંકી! કોણે તેને એમ શરમભરેલી હદ સુધી ઠગી—શું ફીરોઝે? શું તે એટલી હદ સુધી બુરો થઇ શકયો હતો કે જ્યારે આગલ કોઇને બી નહીં ચાહવાની તે તેની આગળ લખ્ખો વાર શેખી કરી ચુકયો હતો, ત્યારે ખરેખર તો તેણે આ નિરદોશ કુમારીકાને તે આગમચની ભોલવી ભમાવી ને છેતરી હતી? કેમ બને!

"તમે કહજો તમોને ઠગ્યાં તે કોણે ઠગ્યાં?" તેણીએ જેમ તેમ હીમ્મત એકઠી કરીને પુછયું. "તે જવાંનેજ કે?"

"તે જવાંન—કોણ ફીરોઝ? અરે ના રે, તાહરે તું તાહરની શું સાંભલેછ?" વીરાએ જુસ્સાથી કહ્યું. "તે તો સચ્ચાઈ ને પ્રમાણીકપણાંનીજ એક મુરતી છે. હું તો તેની એક લુચ્છી માએ છે તેને વાસ્તે કેહુંછ. જેની આએ પ્યારો પણોતો ચેહેરો. એ કોઇને બી ઠગે એવો જરા બી દેખાયછ?'

રતાંએ તે સબી ફરીને તીકી તીકીને જોઇ. કેવો નિરદોશ તે ચેહરો! રતાં તેને દગારો જાણતી હતી, કે જ્યારે આ દીલસોજ છોકરી તે પ્રમાણીક ચેહરાની નિરદોશતા પોતાનાં દીલનાં જોસ સાથે એટલી બધી વખાંણતી હતી:

"એની માએ મને ભુલવીને ભોલાવી: તેણે મને એવુંજ બતલાવ્યું ને એવુંજ સમજાવ્યું કે એ મને ચાહેછ, કે જ્યારે તેને તો બીચારાને એ વાતનો સ્વપ્નો બી નહીં હતો!" વીરાએ ફરયાદની ઢપે હોઠ ચઢાવી કહયું.

"તે બઇરીએ ત્યારે તમોને એમ જુઠું કાંએ સમજાવ્યું હોશે?"

"તે તો ખુદા જાણે, પણ હું ધારૂંછ કે તેને મોટે ઘેરની વહુ લેવા ગમતીતી, ને મને લાગેછ કે માહરા પપાના પૈસા ને મોટાં નામ પર તેનો ઘણો ડોળો ખોબાયલો હતો." વીરાએ જવાબ કરયો. "હવે તું સમજી શકશે, રતાં, કે હું બોહરથી ખુશ ને ઉલટમંદ દેખાવાના દેખાવો કરૂંછ તે તદન ઠગારા છે;—પણ તુંને મારી વાતનો કંટાલો આવેછ કે તે સાંભળવા ગમેછ?"

"સાંભળવા ગમેછ," રતાંએ ધીમે સાહદે કહયું. તેને તે સઘળી બાતમી મેળવી લેવા ગમતી હતી. તેવી તક તેને ફરીથી કાંહ મળે? તેના ફીરોઝના સંબંધમાં અને તેની કમસમજ માતાના સંબંધમાં જેટલું નીચવાય એટલું તે આ પોરી પાસે પોતાની વાફેરી સારૂં નીચવી લેવા ચાહતી હતી.

"ખોદા રાખે માહરા બાવા પાંચ પૈસે સુખી છે," તે છોકરીએ પાછું ચલાવ્યું. "મામજીનાં ગુજરવા પછીથી તેવણે બધો પોતાનો પ્યાર માહરામાં ભરી મુકયોછ. હું તેવણનુ એકપુરૂંજ બચ્ચું છેઉં. વળી આએ માહરાં મમઈજી પાસે બી સારૂં નાણું છે, ને હુંજ તેવણની એખલી વારેસ છેઉં; પણ અરે રતાં, એ બધી બીસીઆર ને બેસુમાર દોલત છતાં હું જરા બી સુખી નથી! હુ લારમાં ને પ્યારમાં ઉછરેલી છેઉં, ને દુઃખનો માહરી પર કોઇએ ઓળો વટીક પરવા દીધો નથી, પણ અરે—માહરા પ્યારનાં એ સુખ વગર એ બધું મને શું કામનું? મને ફીરોઝની માતાએ ચાહી ચીતીને મહેમાન બોલાવ્યા કીધી, ને પંદર પંદર દાહરા બોહસ કરીને પોતાને ત્યાં રાખ્યા કીધી, પણ માહરા ભોળા પપા તો બિચારા કાંઈ સમજ્યાજ નહીં અને સમજ્યા હોય તો તેવણે વાંધાભરેલું કશું જોયું નહી. ફીરોઝ માહરી સાથે એ દરમ્યાનમાં ઘણો મલતાવડો ને હેતભર્યો ચાલતો હતો, પણ તેની મતલબમાં ઠગાઇ કે દીલમાં પાપ જરા બી ન હતું, અને હું તો તેને જેમ વધારે જોતી ને વધારે ઓળખતી ગેઈ તેમ તેમ તેના સદગુણોની વધતી ને વધતી પુંજારી બનતી ગેઇ! પણ તેણે એવા કશા પ્યારની મને એક બી પુરવારી આપી નહીં. એમ છતાં તેની માએ તો મને સમજાવતી ને મનાવતીજ ગેઇ કે મને તે ખરાં દીલથી ચાહતો હતો, જેથી ભલે ભલે ઘેરનાં માગાંઓ જે માહરા વાહલા પપા માહરી મંજુરીઆત વાસ્તે લાવતા ગીયા તે હું ડહાપણથી ને હીમ્મતથી નાજ પાડતી ગેઇ. કદાચ માહરી બેહેનો હોતે કે માહરી માએ હોતે તો તે માહરી ભુલ પકડી કાહરતે ને તે માહરી ભુલ ભાંજતે, પણ મેં તો માહરી નાદાન અકલે મહેરબાઇનું કહેલું બધું માન્યાજ કીધું, ને તેથીજ માહરી ખરાબી થઈ. તે ફકત શરમાતો હતો અને પોતાના ઠડાવનો એકરાર કોઈ વધારે લાયક પ્રસંગ પર મુલતવી રાખતો હતો એમજ મેં તો માન્યું. "તારા જેવી ઘેરશોભત વહુ મને મલશે તો મારૂં જીવ્યું જીવતર સફલ થશે," તે ડોસી મને સમજાવતી રહી, "ને જીભરૂં એને બી બધા તારા તેરટ ને તારી ચાલ-

મલણુ એટલી બધી ગમેછ કે માહરી એ ઉમેદ છેલ્લે અંતે પાર ઉતરયા વગર રેહવાનીજ નથીઃ"—અને એ બધું હડેલીમાં ચાંન. બતલાવવાનું મેં તો માહરા અંધાપા વચ્ચે ખરૂંજ માન્યું! તેણે માહરો ભેદ કદી વાંચ્યો નહીં, અને હું છેક ગલાં સુધી એ નખ્ખોદમાં ગીરફતાર થઇ રહી નહી ત્યાં સુધી મને એ માહરી ભુલ કદી દેખાઇ નહીં. તે માહરી સાથે ઘણી છુટથી ભેળાતો ને હેતથી વાત કરતો, પણ પછીજ મેં જાણ્યું કે તેને મન હું એક બેહન સિવાય જ્યાદા કાંઇ હતીજ નહીં. મેં એક વખત તો માહરો શક વટીક મેહરબાઇ આગળ ખુલ્લાં દીલે જાહેર કીધો, પણ ત્યારે બી તેણે તો મને જરા બી નાઉમેદ નહીં થવા માટે હીમ્મત આપ્યા કીધી, અને હું તે માહરા અંધાપા માટે હવે જનમેજનમનાં પસતાવામાં પડીછ."

"પણ શું કરવા?" રતાંએ જીક્કર કરી. "હજી બી ખુદા ચાહશે તો બીજે કોઇ સારે ઠેકાંણે પરણીને તમે સુખી થશો?"

"હવે તે બનવુંજ માહલ છે," વીરાએ દીલગીરીથી કહ્યું. "માહરૂં દીલ તુટી ગીયુંછ. ને હવે હું તુટેલાં દીલેજ મરી જવશ. ખરાં દીલના પ્યારમાં એમજ થાયછ, અને તે તો જે એવા પ્યારથી ચાહી જાંણે તેજ જાણે."

અહીં રતાંએ યાદ કર્યું કે ધનીએ તેના મોટા પ્યારની તેની આગળ વાત કરી હતી ત્યારે તે પણ એમજ બોલી હતી, અને ત્યારે એ શું બનવાજોગ હતું કે તેણે તેના વાહલા ફીરોઝનું દીલ બી એજ મુજબ તોડી નાખ્યું હશે? તે તેને ખરાં દીલથી ચાહતો હતો એમાં તો કશોજ સંદેહ ન હતો, અને તે આ રીતે ક્રુરપણે તેને તરક કરીને તજી આગી તેથી શું તે બીચારાનું દીલ તુટી ગયું નહી હોય?

તેની વીરાને મોઢે વખાંણુ પર વખાણુ થતી સાંભળીને તેનું દીલ તે વાહલા જવાન તરફ હવે હેતથી ખેંચાતું રહ્યું હતું. શું તેણીએ તેને ગેરઇનસાફ કર્યો હતો? શું તેણીએ તેનાં ને પોતાનાં સુખનો નાશ કર્યો હતો?

"આગળ તો સાંભલ—હજી તો ઘણું સાંભલવાનું છે," વીરાએ તેને તેના વિચારો વચ્ચે રોકી નાંખતાં કહ્યું. "એક વખત હાલ થોડું-એકપર એ ગામેગામની સેહલગાહે ઉતરી ગયો હતો તે વખતે બી હું એની માએની જીદને લીધે તેને બંગલે થોડુંક સુધી રેહવા ગેઇતી પણ તે વખતે મને જાણે ત્યાં ફડયા વા વાગા! જાણે તેના વગર તે ઘેરનું તેજજ સમી ગીયુ હતું! એ વખતે બી મને તો એ ડોસીએ ઉમેદો આપ્યાજ કીધી; તે પછી વળી હું હમણાં મુંબઇ પાછી ફરી ત્યારે જઇ આવી, પણ હમણાં તો મેં જોયું કે તે ઘેરનો બધો રંગજ ફરી ગીયેલો છે!"

રતાં મુશકેલીથીજ પોતાની લાગણીઓ છુપાવી શકી. તેણે જોયું કે હવે તેને પોતાનેજ લગતી વાતપર વીરા આવતી હતી!

"માહરી તો બધી તે વાત સાંભલીને છાતીજ ફાતી ગેઇ," વીરાએ જારી રાખ્યું. "કેહજે તેની મુસાફરીમાં કોઇ અભણ ગામરેની ગોરી પર તે મોહી પરયો અને તેની સાથે છુપાછુપ પરણ્યો. એની માએનાં કેહવા પ્રમાણે તે કોઇ છોકરી તો એને જરા બી ચાહતીતી નહીં, પણ હું પોતે તે વાત જરા થઇને માનતી નથી. એવા એકને જો તે ચાહી નહી શકે તો તે કરમઅભાગનીજ કેની? તેના જેવી મુરખ ને હેમક બીજી કોણ હોય? તાજુબીની વાત તો એ છે કે તે કોઇ પોરી શ્રીમંતોની મોટી શત્રુ પુરવાર થઈ, અને તેથી ફીરોઝ તેને એટલો બધો ચાહતો હતો કે તેની એ સુગને લીધે પોતાના પૈસા ને પદવી તેનાથી છુપાવીને વટીક તે તેને ઠાગાથી એક ખાંનગી આસામી તરીકે પરણ્યો! એમ છતાં મેહરબાઇ તો ધારે છે કે તે જાણુવા પછીથી તે પોરી બીચારા એ ભલા જવાનને હંમેશ કરતાં વધારે ખરાં દીલથી ધીકકારતી હતી!"

"તદન જુઠું," રતાં જોસથી બોલી પડી.

"જુઠું કેમ હોય?" રતાંનાં જોસનો ભાવાર્થ જરા બી સમજ્યા વગર વીરાએ જારી રાખ્યું. "જો આએ ચેહરો પાછો! એ જરા બી

ઠગારો છે? અને એવા એકને તે મુઇ કોઇ કમજાત છોકરી તરફ કરીને તજી ગેઇ."

રતાં આ તુચ્છકાર તળે ફ્રચડાઇ ગઇ. આજવેર તે જાણતી કે શીરોઝે તેને દુઃખ આપ્યું હતું, પણ હવેજ તેણે જોયું કે તેણે પોતે શીરોઝને કમસમજ ઉતાવળથી અપજશ ને મોટામાંમોટું દુઃખ આપ્યું હતું!

"કેવો સાચ્ચો માણુસ!" વીરાએ આગળ ચલાવ્યું. "બીજો કોઇ હોતે તો તે પોરીને ધુતી છેતરીને ચાલ્યો જતે, પણ એણે તો ફકત પોતાના મોટા પ્યારને લીધેજ પહેલી હરોળમાં પોતાની પદવી છુપાવી, પણ પોતાના સાચ્ચા પ્યારને તો એ છેક સેવટ સુધી સાચ્ચો રહ્યો ને એવી મુઇ કોઇ અભણુ ગામરચન પોરીને ખાતર પોતાના એવા હીરાને ઓણેના સંસારનું ગમે એમ નખ્ખોદ વલી જવા દીધું."

પ્રકરણ ૩૩ મું.

રતાંએ તાજુબીથી ડોળા ફાડીને વીરાના તે ગુસ્સાથી ને જુસ્સાથી ઉશ્કેરાયલા ચહેરા ભણી જોયા કીધું!

"મુવાં અભણુ તે અભણુ!" તે સુંદરીએ ગુસ્સાભેર ચાલુ રાખ્યું. "લીમડામાંથી સાકરની આશા તે કેવી રાખવાની? બીચારો જર ને જીંદગીથી તે કોઇ ગામરચન પોરી પછવારે બધો પાયમાલ થઇ ગીયો, ને તે તો મુઈ તેને અપજશ આપીને છુપાછુપ ઘેર મુકીને નાહસી ગેઈ! જે તેણે ભોગો આપ્યા અને જે પ્યારથી એવી એકને અંતની ઘડી સુધી વલગી રહયો તે તરફ જોતાં કોઇ જરા બી સમજદાર છોકરી હોતે તો તેની ઉપર બધો જીવજ કાહરી નાંખતે, ને તેને બદલે તે ભરતેગેઇ તો આએ રીતે જશ પર જુતીઆં આપીને ચાલી ગેઇ!"

રતાંનું લોહી ઉકળીને ગરમ થઈ આવ્યું હતું. તેની નાડી જોસથી ચાલતી હતી. તેની છાતીના ધબકારા સાંણુ માણુસ સાંભળી શકે એટલા જોસથી વાગતા હતા !

"એમાં બી અલબત મેં તેહકીકથી જાણ્યુંછ તેમ પેલી માએ સતીનો ઘણો વાંક હતો," વીરાએ કહયું. "તેણે તે પોરીને ઘણીજ પજવી ને તેનાં લગન તોરી નાખવાનું વટીક પોતાના સોલીસીટરોને કાંઈ લખ્યું હોશે તે વાતની તે પોરીને પસગવસ ખબર પરી ગેઈ, જેથી તે પોતાની સાસુ સાથે માથોમાથ લરીને સરોબર ઉતરી, અને પછી તે વાહલો જવાંન ઘેર આવે તેટલાં તો તે કુવામાં પરીને તે ઘેર છોરી ગેઈ!"

"તેની જગ્યે તમે હોતે તો શું કરતે ?"

"હું શું ઘેર મુકીને નાહસી જતે ?" તેણીએ તુચ્છકારથી હસીને કહયું. "હું તો માહરા તે વાહલાની વાર જોઇને બેસી રહેતે, અને તેની સાથે મત કરીનેજ જે કરવાજોગું હોતે તે પછીથી કરતે."

રતાંએ મોટી ગમખારીનાં અસહ્ય દુઃખથી પોતાનું માથું નીચે નમાવ્યું.

"તે મુઇમાં તો કાંઇ પ્યારજ નહીની ?" વીરાએ જારી રાખ્યું. "પ્યાર હોતે તો એમ કદી જતે બી ખરી ? હું તો ધારૂંછ કે બધાંનો વાંક હતો. મુવાં મેહરબાઇએ બી એટલી બધી કચુંબર નહી કરી નાખવી હતી."

"કચુંબર ! હું તો તેણે જે કીધું તે તદન પાપભર્યું ને મોટી શરમભર્યું ધારૂંછ," રતાંએ જોસથી કહ્યું.

"તે વિશે હું તુને તદન એકમત છેઉં," વીરાએ કહયું. "કોણુ જાણે તે પોરી હવે હાલમાં કાંહ જતી રેહીછ ! તે પછીથી તેની આજવેર ગંધનસલ જણાઇજ નથી !"

"એ લગન ઘણાં ભુલભરેલાં થયાં," રતાંએ મોટી ગમખારીથી કહ્યું.

"ઘણુંજ ભુલભરેલાં," વીરાએ તદન એકમત થતાં કહ્યું. "જોની, એ ભુલભરેલાં લગનથી કેટલાં જણની ખરાબી થઈ ગેઇ! પેહલી તો માહરીજ, કારણ કે હું ફરીથી કદી બી પરણી શકવાની નથી. ફીરોઝની પોતાની, કારણ કે એ અપજશથી તે પોતે દુ:ખી થઇ ગીયો; તે ગામરથન પોરીની, કારણ કે તે પોતે બી કોઇ રીતે સુખી હોવી જોઇએજ નહીં; ફીરોઝની માતાની, કારણ કે તેનો દીકરો તેને સદા સુધીનો છોડી ગીયોછ! એકજ ભુલભરેલાં લગનને સબબે એ બધાનું સુખ એક તડાકામાં ધુળ થઈ ગીયું. હું છેલ્લી જઇ આવી ત્યારે તે ઘરમાં બધાં રડારડ કર્યાં કરતાં હતાં. ફીરોઝની બેહનો વડીક એ ફટકો ખમી શકતી જણાતી ન હતી. એ બધાંને બદલે જો તે મને પરણ્યો હોતે તો મામલોજ કેવો ફરી જવે!"

"ખોદા કરે ને તે છોકરી મરી જાએ!"

"કેઇ!"

"તે ગામરથન છોકરી," રતાંએ મોટા સંતાપનાં દુ:ખથી જવાબ કર્યો. "તે દુ:ખી તો હોવીજ જોઇએ, વાસ્તે તે મરે તો દુ:ખથી છુટે, ને તેનાં એકનાં મરવાથી બધાં બાકીનાં પાછાં મલતાં ભેટતાં ને સુખી સુખીઆરાં થઈ શકે."

"હું ધારતી નથી," વીરાએ કહ્યું. "ફીરોઝ હવે કદી બી બીજી કોઇને ચાહી શકવાનો નથી. તે તો તે પોરી વગર ઝુરપંજર પડી ગયેલો હોવો જોઇએ."

."તે તેની શોધખોળ કરતો હોશે?" રતાંએ આશાવંત ઉગરે સવાલ કર્યો.

"ખચ્ચીતજ; પણ તે દુકતી ઘણી ભેજાંફાટેલ છે," વીરાએ કહ્યું. "મેં તો એમ બી સાંભલ્યુંછ જે તે તેને સાફ છેલ્લા કાગલમાં લખી ગેઇ કે હવે તે પાછી મલશે તો બી કદી તેની મોહબત કબુલ કરવાની નથી."

"ને ફીરોઝની માએ, તે એ વાતથી ખુશી છે કે?" રતાંએ પુછ્યું.

"હું નથી ધારતી," વીરાએ જવાબ કર્યો. "તેનો એકનોએક સપુત તેને એમ સદાનો છોડી ગયલો હોવાથી તે હવે હદ વગરની દુ:ખી જણાય૭, અને પોતે જે કીધું તે માટે હવે અતીઅંત શરમાયછ ને પસતાયછ. ફીરોઝ બી કોઇને મલતો નથી. ભલાં ભલાંઓ તેને મનાવા ગીયાં ને અંતે ઠાકીને પાછાં ફર્યાં. તે તો જાણે બસ સન્યાસ લઇ બેઠેલો છે! કેવી બેઇન્સાફ છોકરીને ખાતર એ બીચારાનો અવતાર રાહમાલ ગીયો."

"પણ ત્યારે એ બન્નાંનું સેવટ શું?"

"ખોદા જાણે; હું તો કાંઇ કેહીજ નથી શકતી," વીરાએ કહ્યું. "હું સખત દીલની નથી," વીરાએ કહ્યું, "પણ એટલું તો ખરૂં કે જે દુકતીએ આટલી બધી ખરાબીઓ કીધીછ તેને હું ખરાં જીગરથી ધીક્કારૂંછ. તે જો એ ભલી ભુંડી સાસુને વેઠીને પોતાના વાહલાને વલગી રહેતે તો અલબત હું બી તેની દોસ્ત થતે."

"પણ તે પોતેજ તેને નહી વલગી રહયો તેનું કેમ?" રતાંએ તકરાર ઉઠાવી. "તેણે પોતાની માએનાં નજીસ કાવત્રાં પર આંખ વીચામણાં શું કામ કીધાં?"

"તેણે આંખ વીચામનાં કીધાં તેની પુરવારી શું છે?" વીરાએ જોસથી કહ્યું. "તે તો એ ડોસીની સઘળી બનાવત હોવી જોઇએ. બીચારા ફીરોઝને તો એ હીલચાલનો સ્વપ્નો બી હોવો નહી જોઇએ."

રતાંની આ દીલસોજ તકરારથી ઘણી ખાત્રી થઇ. "બધો વાંક એની માએનો છે," તેણીએ નીચી નજરે ને ધીમે સાદે આગ્રહ કર્યો.

"બઇરીનો વધારે," વીરાએ જીકકર કરી. "માએ તો વરહું આસામી હતી; તેણે એ દીકરાને મોટે ઘેર પરણાવાની મોટી મોટી ઉમેદો દીલે વસાવી હતી, અને તે બધું ખોટું થયું તેની નાઉમેદી કે ખફગીમાં તેણે એટલી મુરખાઇ કીધી તે મને તો વખતું ઓછું માફ કરવા જોગું લાગેછ, પણ એ દુકતીએ જે ચાલ ચલાવીછ અને એક નજીવી જેવી વાતમાં

વરને તરત છોડીને ચાલતી થઇછ તે સૌથી મોટું વાંધાભરેલું લેખાવું જોઇએ. તેના હાતમ દીલના વરે તેને ખાતર શું શું ભોગ આપ્યા તે તે એક લેહજામાં ભુલીજ કેમ જઇ શકી હોશે તેજ મને તો અજબ કરેછ? પણ મરે, હું તો તાહરી સાથે બધી એ વાત એવી રીતે કરૂંછ કે તું જાણે એ બધાંને ઓળખતી હોય અને એ બધી વાત જાણતીજ હોય!! મેં તાહરો કેટલો બધો વખત લેઇ લીધો!"

"પણ તમે મારી આગળ એ વાત કરવા વાસ્તે દલગીર છો?" રતાંએ પુછ્યું.

"જરા બી નહી," વીરાએ કહ્યું. "ઉલટો મારી છાતી પરનો ભાર હલકો થયો. હું ઘણી ફાંતાબાજ છું ને ફાંતો ફરે ને લાહત પર આઉં ત્યારે નહીં કરવાનું કરી દેઉં તેમાંનીજ છેઉં. તું માહરીજ ઉમ્મરની છે. અને તું મને જરા ગમી ગઇ એટલે મેં માહરી વાત તુંને કેહી દેવાનો ઉભરો થઇ આયો"—અને રતાં મનથી અજબ થઇ કે તે પોતે કોણ હતા તે વાત જો તે જાણવા પામે તો પોતાનો વિશ્વાસ તેને એમ સપુર્દ કરવા ખાતર તે જીવ જીકાનીને મરી જાએ કે નહીં?

"તમોને લાકેટની આએ સખી કોણે આપી?" રતાંએ જરા વારે પુછ્યું.

"એની માએજ," વીરાએ કહ્યું. "તે બીચારો પોતે તો એ વિશે કંઇ જાણતો બી નથી"—અને તે સાંભળી રતાંને ઘણી ધીરજ મળેલી દેખાઇ. તેણે પોતે પોતાની આએ સખી તે છોકરીને તેની છાતી પર લટકાવા આપી નહીં હતી એમ જાણવાથી તેની છાતી પરથી જાણે ભાર ઉંચકાઇ ગયો!

તે બંને છોકરીઓ વચ્ચે એ દીવસ પછી ઘણી ઘાડી મિત્રાચારી થવા પામી. તેઓ હર હમેશ સુખલી ડોસાંની જંજાલમાંથી બચી શકતાં ત્યારે વીરાના ઓરડાનાં એકાંતમાં એકલાં મલતાં, અને તે જવાંન શેઠાણી પોતાનાં સુખ દુખની વાત કાઢી બેસતી, જે અલબત ફીરોઝનાજ સંબંધની હતી.

"તે ગામરથન છોકરી કે જેને તમે કેહોછ તેમ તેનાં સાસરાં ઘરમાં કોઈ એક બી જણ ચાહી નહીં શકયું તેનું નામ શું છે?" રતાંએ અંજાણી થઈ એક દિવસ પુછ્યું.

"કોઈ ચાહીજ નહી શકયું એમ મેં કયારે કેહ્યું?" વીરાએ યાદ આપી કહ્યું. "મેં તુંને કેહ્યુંની કે શીરોઝની બેહન ધની સાથે તે પોરીને ઘણાં સારાં સહીયારાં થઈ ગીયાં હતાં! ધની તો હંમેશ તેની તારીફ કરીને તરફેણમાંજ બોલતી હતી. તે તો પોતાની ભોંજાઈની કશી તકસીર માનતીજ નથી."

"અને હીરૂ?"

"હીરૂ બેઉ બાજુવાલાની પક્ષ કરતી નથી, ને હીરૂનો વર મંચી મને લાગેછ કે વધારે કરીને તે છોકરીનીજ તરફેણમાં છે," વીરાએ કહ્યું.

"પણ તેનું નામ?"

"તેનું નામ તો હજી હું પોતે બી નથી જાણતી; હું ધારૂંછ તાંહ સુધી તેનું નામ તો કોઈ માહરી આગળ બોલ્યું નથી."

અને એ રીતે સરજતના એક અજબ જેવા નીર્માન કરેલા સંજોગનાં પરીણામમાં તે બે હરીફો એકમેકની મોટામાંમોટી મિત્રો થવા પામી અને અરસપરસ વિશ્વાસ વગર આનાકાંનીએ આપ લે કરવા પડી હતી! અલબત રતાંએ હજી વીરા આગલ પોતાનો ભેદ ખુલ્યો નહીં હતો, અને તેથી તેને એ મોટા ભયંકાર ભેદનો સ્વપ્નો પણ નહીં હતો, પણ રતાં શું એ પોતાનો ભેદ હજી લાંબો વખત એમ સલામતીથી સાચવી શકશે? તે હવે પછીથી જોવાનું છે.

પ્રકરણ ૩૪ મું.

વીરાને તો રતાં શીરોઝની મોહરદાર હોવાનો કશોએ દુરનો સ્વપ્નો પણ ના હતો. તેણે તો ઉલટું શીરોઝને તજી જનાર તે પરણી

મોહરદારની "છત્રી પત્રી" ધોઇ કાઢી, અને ફીરોઝની એટલી હદ સુધી વખાણ કરી કે પોતાની ગમે એટલી નામરજી છતાં રતાં અતી ઘણી જંખવાણી થઇ, ને તે પોતે પોતાને જાણે પોતાની એ મોટી ભુલ અથવા પાપ માટે હવે ધિક્કારવા લાગી !

એ પછી તે બેઉ સહીઓ હરહંમેશ એ મુજબ મલતી ભેટતી ને વાતચીત કરતી રહી. રતાંએ તો પોતાનો ભેદ મોટી સંભાલથી છુપાવી રાખ્યો, કે જ્યારે વીરાએ દોસ્તીના એખલાસથી પોતાનો સઘળો વિશ્વાસ સરયામ ભોલાપણામાં તેને સપુર્દ કરેલો હોવાને લીધે તે હવે તેના જોડે એ પોતાના મોટા પ્યારને લગતી વાતો કરતાં જરાએ આંચો ખાતી નહીં. "કેવું અજબ જેવું," વીરા કેહતી, "કે હું જે સુખને માહરી જીંદગીથી જ્યાદા જાણુંચ તેજ સુખને એ દુકતી થોકર મારીને ચાલી જઈ શકી! હું ચાહુંચ કે તે દુકતી ફીરોઝને માહરી આંખે જોઇ શકતે, અથવા તો હું તે વાહલા જવાંનને તે દુકતીની આંખે જોઇ શકું"—અને રતાં આ સઘળી તેજી તકરારનું વાસ્તવિકપણું પોતાનાં મનથી સ્વીકારયા વના રહી શકી નહી.

"એ ઘણું પુરાણું ખાંન્દાંન છે," વીરાએ જારી રાખ્યું, "અને પેહરી દર પેહરી ફીરોઝની માતાનાં કેહવા મુજબ એના પુર્વજો અસલવારેથી ઉતરી આવેલા છે, કે જ્યારે હવે આએ કમનસીબ લગનનાં પરીણામમાં કેવું દુખભરેલું કે એ વંશવેલો વધતો સદાનો અટકી જવાનો!"

રતાંને એ સાંભળતાં વિજળીના જેવો ઝટકો લાગ્યો. તેને એ વાતનો તો આજ તક કદી ખ્યાલ બી થયો ન હતો! પોતાના ખાવંદને તેણીને એક બી બાળકની ભેટ નહીં કરેલી હોવાનાં પરીણામમાં તે ખાવંદનાં ખુશાલ ઘરનો જાણે પાયોજ તેણે ખણી નાખ્યો હતો એમ હવેજ તેને લાગ્યું, અને તેણે ત્યારે પોતાનાં મનને પુછ્યું કે શું તેને એમ છોડી આવવા સારૂ ખુદાની દરગાહમાં તે બેવડી ગુનેહગાર ને જવાબદાર નહીં હતી?

પણ વધારે સારૂં કરી શકવા માટે બેશક હવે ઘણું મોડું થઈ ચુકયું હતું! તે તેના ધણીથી સદાની અલગ થઇ ચુકી હતી, તે ધણી પોતે તેની પરવાહ કરતો જણાતો નહી હતો, અને તે પોતે બી એટલી મગરૂર ને તુમાખી હતી કે તે તેને શોધતી કે માફ માંગતી જાએ એ બનવાજોગ ન હતું!

"જો તમારી મરજીનું થાય તો તમો શું કરો?" હયાં અચણુચ વિચાર થતાં રતાંએ વીરાને પુછ્યું; "તમારીજ મરજીનું થઇ શકે તો, તે પોતાના ભરથારને તજી જનાર મોહરદાર મરી જાએ અને તમો તેને પરણીને સુખી થાવો એવું ઇચ્છો, કે તે વર બઇઅરને પાછી સલ્લાહ થાય ને તેઓ એકઠાં થાએ તેવું તમો ઇચ્છો?"

"હું પોતે બી માહરાં મનને એ સવાલ એક હજાર વખત પુછી રહી હોવશ," વીરાએ હસીને કહ્યું, "પણ મને લાગેછ કે હું દીલની મેલી કે કપટી નથી. હું તે વાહલા જવાનને ખરાં જીગરથી ચાહુંછ વાસ્તે તેનાં સુખથીજ હું તો સુખી થઇ શકું, અને તે વાત જો ખરી હોય તો પછી તે પોતાની મોહરદારને મળે અને હજી બી સુખી થાય તેજ માહરે તો ચાહવું જોઇએ. તે એ મોહરદારને માહરા કરતા વધારે ચાહેછ, અને તે દુકની તેને તજી ગઇ તેથી તો પોતાનુ સઘળું સુખ તે ધુળધાંણી થઇ ગયલું માનેછ. તો પછી તે મરી જવાથી શીરાઝ મ : પરણીને સુખી થઇ શકે એ માનતુંજ બેજા છે."

"હું તો એ તમારા બધા વિચારો સાંભળીને ઘણી તાજુબ થાઉંછ," રતાએ ખરાં દીલની તાજુબીથી ધીમે સાદે કહ્યું.

"એમાં તાજુબ થવા જેવું કશું બી છેજ નહીં," વીરાએ જવાબ કર્યો "ખરા પ્યારનો સદા એજ તોર હોય છે. ખરા પ્યારમાં આપમતલબ કે અનીતિ કદી બી આમેજ થયલી હોતીજ નથી. એ તો મેં તુંને કહ્યું તેમ એક ખરેખરી ખોદાઇ લાગણી છે, અને તેમાં તેથી બધું ખરૂં ને ખરાં દીલનુંજ હોઇ શકે. માહરી તો એમ બી ઉમેદ છે કે હું કોઇ બી દાહડે તે હેમક છોકરીને મેડે જોઇ કાહરી શકું કે જેથી તેને

સમજાવીને તેની ભુલ બતલાવવા જોગી તેની ખાત્રી કરી આપું. એ પોરીને જો હું મલું તો જરૂર તેના ખાવંદની માફી ચાહી લેવા તેને સમજાવી શકું."

"માફી ચાહવા!" રતાંએ તુચ્છકારી કહ્યું; "હું તો તેણે શું કરવા માફ માંગવી જોઇએ તે જોઈ શકતીજ નથી!"

"તું બરાબર એ વાત ત્યારે સમજી શકતીજ નથી," વીરાએ લગાર ગરમ થઇને કહ્યુ: "ગમે એવા જોરાવર સબબોએ એવા એક બાદશાહ જેવા ધણીને ગેરઇનસાફ કરીને જતી રહેવાનો તે દુકટીનો વાંક કંઇ જેવો તેવો વાંક તું સમજેછ?—પણ મરે તુંને શું થયું? તું કાંય એટલી લાલ ભુંડ થઇને માહરીપર ડોલા કાહારતી હોશે?"

"મને તો તે છોકરીનુંજ વધારે લાગેછ," રતાંએ નીચી નજરે કહ્યું—અને તે "બેવકુફ પોરી"નાં ધ્યાનમાં પોતાની વાત નહીં ઉતરતી જોઇને વીરાએ તુરતવેળા સમજદારથી નાખતીજ કરી.

એક દહાડો રાત અંધારી અને તોફાંણી હતી; વરસાદ ધોધમાર પડતો હતો; ઓરડાઓ બીનાસવાલા અને અસુખકારક બની ગયા હતા; સઘળાંને બારી બારણાં ઢાંકી ઢપોતીને ઘરમાંજ ચંપાઈ રહેવું પડયું હતું! તે વેળાએ એક ઓરડામાં તે બે છોકરીઓ એખલીજ હતી, અને ત્યારે વળી વીરાએ ફીરોઝનીજ પાછી યાદ કરી. "આવી રાતે કોઇ બી સોબતી કે સાથી વગર તે બીચારો એખલો અટુલો શું કરતો હોશે?" તેણીએ દયાના દેખાવથી કહ્યું.

"તમારૂ ધકધ્યાન બધું તેને ને તેને લગતીજ વાતચીતમાં રોકાયલું રેહેચ," રતાંએ પોતાના ધણી માટેની આ છોકરીની હદ વગરની ફીદા-ગીરીથી કાંઇક કચવાટ પામતાં વધતી ઓછી કરાજીથી કહ્યું.

"અને એ વાત કબુલ કરવાને હું કાંઇ શરમાતી નથી," વીરાએ હીમ્મતથી કહ્યું. "તેની કમનસીબ બઇરી તે બીચારાને તજી ગયા પછીથી તે પોતાની માએ બેહેનોથી બી અલગ થયલો અને દુન્યાદારી અકારી

કરી બેઠેલો છે, તેવી વખતે આવી બીહામણી રાત્રે તેને કેવા ઉડયા વા વાગતા હોવા જોઇએ! મને તો તેની ઘણીજ દયા લાગેછ,"—અને ત્યારે રતાં પોતાની મરજી ઉપરાંત તે દયાળુ લાગણીઓમાં સામેલ થયા વના રહી શકી નહીં! તેણે પણ તે ઉદાસીભર્યું પીકચર પોતાના ખ્યાલોની આંખ્યોએ કલ્પી લીધું. તેણે પોતાના ખ્યાલોની આંખમાં ફીરોઝને એકલો, ગમખાર, ચીંતાતુર ને દુઃખી જોયો, અને ત્યારે તેનાં દીલમાં દયાનો એક ચમટો તુટયા વગર રહયોજ નહીં.

તેણીએ પ્યારની લાગણી આગળ કદી અનુભવી ન હતી, પણ એ દયા અને હેત હવે તો જાણે પ્યારમાંજ એક પગલું હતું. વીરામાં તેને એક એવી દીલસોજ દોસ્ત મળી ગઈ હતી કે જે એક પવિત્ર અને સાચ્ચા પ્યારનાં પ્રબળમાં માનવાવાલી હતી, અને તેવી એકની બાંહેધરી હેઠળ દયા, ઈર્ષા, ખેદ, અને એવી અનેક મિશ્રીત લાગણીઓ સમેત રતાં પોતાના વીસારેલા ભરથારને સરબસર ચાહતાં શીખી તેમાં અજાએબી કશીએ નથી. એ મુજબ આગળ તેણે કદી એમ તેને ચાહયોજ ન હતો. રાંદેરમાં તેણે પોતે તેને પ્રથમમાં ચાહી અને જીતી તે પ્રસંગે પણ એ વાહલા જવાનને માટે આ કીસમની કશીજ લાગણીઓ તે સુંદરીનાં દીલમાં ઘરપા થઇ શકી ન હોતી. તે તો એવી કશી બી નાજુક લાગણીઓના ખ્યાલ વના જેમ સેંહકડો બલ્કે બધાં જોડાંઓનાં બાબમાં બને છે તેમ તેને પરણવાને ખાતરજ પરણી આવી હતી. તેવા એક પ્યાર અને તેને લગતી લાગણીઓની હસ્તીથીજ તે વખતે તો તે બીચારી બીનમાહીતગાર અને નાવાકેફ હતી, જ્યારે હમણાં હમણાં તે લાગણીઓ તેને અજબજેવી કીસમે સમજ પડતી ગઇ હતી!

અદેખાઇના અવગુણનો પણ તેને આજ તક કશોજ અભ્યાસ થયો ન હતો. તે પોતાના ફીરોઝને માટે વ્હાલથી વીહલી કે અદેખી પડશે એમ તેણીએ આગલ કદી માન્યું કે જાણ્યું ન હતું, અને હવે તો નસેનસ સઘળી હેતવંતી લાગણીઓએ તેણીને કબજે કરી લીધી હતી!

તેણીએ તેનાથી અલગ થઇને પોતાનું બાગેબેહસ્ત જેવું એક સર્વોત્તમ સુખ ગુમાવ્યું હતું એમ હવેજ તે પોતાની મરજી ઉપરાંત માનવા લાગી. સુખ જેવું સુખ! તેના ખાવંદે તેને માટે કરેલી અનેક છતર છાંયાં તેણીએ હવેજ આંસુભરી આંખોએ યાદ કરી. પતરાજીખોર પવન બી પોતાનાં આલીંગણુમાં ઘાટકી થઇ તે બાળાનો એક બાલ વાંકો ન કરે તેની જાણે તે ખંતથી કાલજી કરતો અને હેતથી સંભાલ રાખતો; અને આજે? તે આજે મરેછ કે જીવેછ તે પણ કોઇ જોનારૂં ન હતું! તે સુખી હતી કે દુઃખી, તે ખુશી હતી કે દીલગીર, તે સાજી હતી કે માંદી તે સઘળું પલકેપલક જોનારો અને જાલવનારો તેનો ફીરોઝ હતો; આજે તેમ કયાં હતું? તેનાં નખને દુઃખ થતું તો ફીરોઝ તેના પરથી મરી ફીટવા ચાહતો; આજે તો તે એક ટુકડખોર અને પરઆધીન જીંદગીએ જીવતી હતી, કે જ્યાં તેની ઠાક, તેની બીમારી, તેનાં સુખ કે તેની જીંદગીની વટીક કોઇને તુંભા કે પરવાહ ન હતી!

તેણીએ મોહોતની તલબ કરી. તે મરે તો ઘણાં જણ સુખી થાય એમ હતું. માટે તેણીએ ખરાં દીલથી મરવા માગ્યું, પણ મોહત માગેલું અને આરાધેલું મળતું કે આવતું નથી. વળી ગમે એવાં દુઃખ છતાં તે મરીને વીરાનો રસ્તો સાંમો મોકળાસભર્યો કરી આપે એ તેને ગમ્યું નહી. તે અદેખી થઇ. તે અદેખી થઇ, અને તે અદેખાઇ તેણીના ભરથારને માટેનાં તેનાં નવાં બરપા થયલાં વાહલનુંજ એક સીધું પાધરૂં પરીણામ હતું.

'પણ હવે એ બધાંને માટે જોઇએ તે કરતાં વધારે મોડું શું થઈ ચુકયું નહીં હતું? તે માફ માંગતી જાએ તો ફીરોઝ તેને તરત માફ કરે એમાં સંદેહ ન હતો, પણ તે માફ માગતી જાએ ત્યારે કેની? તે ઘણી મગરૂર હતી, અને મગરૂર હતી તેટલીજ હઠીલી હતી તે તો આ લંબાણુ વારતાના વિશાલ સફાઓમાં આપણે આગળ પુરતું જોઇ આવ્યાં છીએ. એટલામાટે તે પ્યાર ને હેતનીજ લાગણીઓ છતાં તેણે તેના ખાવંદ પાસે માફ માગી લેવાનો ખ્યાલ સૌથી હેમક વિચાર તરીકે એક

મુસ્તકીમ ઠરાવ સાથે પોતાનાં મનમાંથી ખંખેરી કાઢયો, અને ત્યારે હવે તો જે થાય તે જોયા કરવા અને જે ગુજરે તે ખમવાજ તેણીએ તેટલીજ હીમ્મત ને દ્દઢતાથી નિશ્ચય કર્યો.

પ્રકરણ ૩૫ મું.

તે સુકાતી ચાલી. વીરાની મારફતે તે જે કાંઇ નવુ જાણવા પામી હતી તે ભયંકર ભેદે તેનાં મનપર એટલી ઉંડી અસરનો છાપ માર્યો કે તે ખરેખરી બીમાર થઇ અને સુકાતી તેમજ નખાતી ચાલી-તે એટલે સુધી કે એક દીવસ તો વીરા તેને જોઇને બીહી તેમજ ગભરાઇ ગઇ. "નહી તો તું કંઇ દવા લેની, રતન?" તેણીએ બીહી જઇને કહ્યું. રતાએ અલબત તેની ફીકરો હસી કાઢી.

"મેં એક ઠડાવ કીધો છે," વીરાએ કહ્યું. "તું પેલા ફીરોઝને લગતા માહરા એક ઠડાવની વાત સાંભળવા જેવી સાજીસમી હાલતમાં છે કે?"

"મને કાંઇજ નથી, હું તો તદન સારી પેઠે છેઉં," રતાંએ ઉલટ મંદ થઇને કહ્યું; "નવી શું વાત છે?"

"માહરી ઉપર ફીરોઝનાં માએનું એક લંબાણ કાગજ આવ્યુંછ" વીલ્લુએ સમજાવ્યું; "તેવણ ઘણી બજીદાઇથી મને પોતાને બંગલે રેહવા બોલાવેછ, અને ફીરોઝ સાથે સલ્લાહ કરાવી આપવા ઘણી કાકલુદી સાથે મને અરજ કરેછ. પપેટીનું શુભ ટાંકણું માથે છે તે તકનો લાભ લેઇને જો હું પોતે ફીરોઝને મનાવતી ને સમજાવતી જાઉ તો તેવણ ધારેછ કે તે મનાશે ને માએ સાથે સલ્લાહ કરશે. બીચારી ડોસી ઘણીજ દુઃખી થતી લાગેછ."

રતાંએ કશો જવાબ કર્યો નહીં.

"મને કાંઇ પેલી દુકતીની કેહર મલી જાય કેની તો હું બધું પાછું એક તડાકે સરખું કરી આપું," વિલુએ વીચારવંત અદાથી કહ્યું. "હવે

હાલ તરત તો મેં એ બે માએ દીકરાનેજ સલ્લાહ કરાવી આપવાનું માથે લીધુંછ, ને તેથી હું તે લોકોને બંગલે જવા ધારૂંછ."

"ફીરોઝ બી ત્યાંજ છે શું?"

"ત્યાં તો નહીંજ હાશે, પણ જ્યાં હોય ત્યાંથી સોહોધી કાહડીને હું તેને મળવા જવસ," તે ભલી છોકરીએ હીંમતથી ને કડાવથી કહ્યું. "માહરી ખાત્રી છે કે તે માહરો સખુન પાછો ફેરવશે નહીં. મને તો એ બચારાંનું બધાંનુ ઘણુંજ લાગેછ. બેહનો બી ભાઈ વગર અછોવછો પરી ગેઇછ. તુંને નહીં લાગતુ કે એ લોકની ફ્રેન્ડ તરીકે માહરે એવા હીંગામમાં કાંઈ કરવાની ફરજ છે?"

"હા, કાંઇ તમો કરી શકો તો," રતાંએ શકમંદ ઢપે કહ્યું.

"હું તો ધારૂંછ કે હું કાંઇ બી કરી શકશઉ." વીલ્લુએ કહ્યું. "હું કાલે અહીંથી ઉપડી જવાનો વીચાર રાખુંચ; પણ તુંને શું છે, રતાં? તું ખરેખર સારી પેઠે હોય એમ દેખાતુંજ નથી! તાહરા સંબધમાં બી કાંઇ ભેદ હોય એમ મને તો લાગેછ. તું મને તાહરી જે વાત હોય તે એટલાજ વીશ્વાસથી કેહે, અને હું તુંને માહરીથી બનતી મદદ કરસ."

"માહરાં દુઃખની વાત કોઇને કેહવાજોગ છેજ નહીં," રતાંએ દુઃખથી કહ્યું; "મને માફ કરો—તે હું કહી શકતી નથી."

"હું કાઇ તુંને તાહરી મરજી ઉપરાંત ફરજ પાડતી નથી," વીલ્લુએ જરાતરા તુચ્છકારથી કહ્યું, કેમકે તે પોતે શેઠાણી જેવી હોવા છતાં સમ વયની આએ પોતાની નવી સહીઅરને જોતાં સાથે તેણે તો પોતાનો સઘળો ભેદભરમ કહી આપ્યો હતો ત્યારે રતાં એક નોકર આદમી થઇને તેના જોડે એટલા ઓછા વીશ્વાસથી વરતતી હતી, તે જોઈ સ્વભાવિક રવેસે તેનું દીલ દુઃખાયુ. "મેં તો તુંને માહરો બધો ભેદ કહી દીધેલો છે. અને તે તું તાહરા પોતાના તરીકે જાળવશે એવી મને ઉમેદ રાખવાની છે."

"તેની વગળ બી માહરા હોઠો બાહર નીકળશે નહીં, બાઇજી." રતાંએ ખાત્રી આપી.

"આપરે બેઉ ઘણું ગુડ ફ્રેન્ડસ થઇશું ને રહીશુ." વીલ્લુએ પોતાની કરાજી તરતજ ભુલી જતાં પાછું મીઠાસથી ને એખલાસથી કહ્યું. "તું મને તાહરો ભેદ કેહતી નથી, પણ તાહરી આંખમાં નીતી ને પ્રમાણીકપણું એટલું બધું હું વાંચી શકુંછ કે હું તુંને માહરી ફ્રેન્ડ બનાવતાં જરા બી અચકાતી નથી. હું ફીરોઝનાં ભલાંની માહરી એ ઝેહમતમાં કેટલી હદ સુધી ફ્તેહ પામુંછ તે હવે જોવાનું છે. હું તુંને અવારનવાર એ વિશે વીગત સાથે લખ્યા કરશ."

"તમારી માહરાપર ખરેખર ઘણી માયા મેહરબાંની છે," રતાંએ શાંતપણે કહ્યું.

"હવે ચાલ માહરા ઓરડામાં," વીલ્લુએ કહ્યું, "મેં તો માહરો સામનસુમન પેક કરાવવા માડયોછ. મમાઇજીની બી મેં રજા લીધીછ. આએ વખત તો હું એવણુને ત્યાં તાહરે લીધે હંમેશ કરતાં વધારે રેહી;"—અને તે બે છોકરીઓ કે જેઓ એકમેકની મોટી હરીફ હતી અને અજાંણુ ભોલાઇમાં એકમેકનાં જીંદગી સુધીનાં સુખની આડે આવી હતી, તેઓ મોટાં હેતના દરેક હાવભાવ સાથે હાથમાં હાથ મેલવી ત્યાંથી બાહેર પડી!

વીરા રતાંને પોતાના ઓરડામાં લઇ ગઈ. ત્યાં કપડાંચપડાં, દર-દાગીણા વિગેરે અસબાબ બધો પેકપુક થતો હતો. તહરેવાર જાતની લેસ, તહરેવાર ભરતકામ, તહરેવાર અસબાબ ત્યાં હતો, અને તેમાંથી કાંઇ ને કાંઇ વીલ્લુએ રતાંને પોતાની યાદ તરીકે ભચડી ભચડીને આપવા માગ્યું, પણ રતાંએ એક તસુનો તાર પણ કબુલ રાખ્યો નહીં. તે પોતે જે બેકીમતી અને બેસુમાર અસબાબ પોતાની પાછલ પોતાના ભરથારિનાં ઘરમાં બેપરવાહી સાથે છોડી આવી હતી તે તેણે યાદ કર્યું, અને ત્યારે આજની તેની આ અવદશા સાથે તેનો મુકાબલો કરતાં તે સુંદરતાની આંખ્યો આંસુઓથી ભરાઇ ગઈ!

વીરાની દરેક વાતમાં ને દરેક વિચારમાં ફીરોઝ વસતો હતો! તે જાણે ફીરોઝનીજ દુન્યામાં જીવતી જાગતી હતી. "આએ કલરની સારીઓ ફીરોઝને ઘણીજ ગમે." "ફીરોઝ સાથે ફરવા જવાનું હોય ત્યારે આએજ

પોલકાઓ હું તો પેહેરૂં," "ફીરોઝે આએ લેસની એક વખતે ઘણી વખાણ કીધીતી," વિગેરે એકનીએક કીસમના પીજનપાતલા સાંભળતાં રતાંનો નાકમાં દમ આવી જતો! "તમારી વાતમાં તો ફીરોઝ સિવાય બીજી વાતજ નથી જો!" તેણીએ પોતાની ગમખારી વચ્ચે હસવાની કોશેશ કરતાં કહ્યું.

"ખચ્ચીતજ નહીં," વીલ્લુએ જવાબ કર્યો. "માહરી જીંદગીના સીહા અંધકારમાં તેની એ મીઠી યાદજ જાણે પ્રકાશ આપી શકેછ,"—અને એ જવાબ સાંભળતાં રતાંને અદેખાઇની એવી જોરાવર ઝાંઝ ચઢી કે તેણે તે કીંમતી અસબાબ ખીજવાતની મારેલીએ સઘળો ત્યાં ને ત્યાંજ ચુંથી પીખી નહીં નાખ્યો તેજ એક અજાએબી હતી! તેણે મોટી મેહેનતે મન મારયું, અને પોતાના ઉસ્કેરાયલા સ્વભાવને જેમ તેમ કાબુમાં રાખ્યો.

\+ \+ \+

વીલ્લુના જયા પછી આંઠમે દાહડે રતાંપર તેનું એક કાગળ આવ્યું. તેમાં રતાં વગર તેને કાંઈ ગમતું ન હતું તે મકસદનું ઘણાં હેતવંતા સહીઆરાંના તોરનું તેણીએ ઘણુંએક લખેલું હતું. વળી ફીરોઝની માતા ઘણી બેમાર થઈ જવાના તેમાં સમાચાર લખાઇ આવ્યા હતા, અને ઘની અંને હીરૂએ બી ઘણું દીલ નાંખી દીધેલું હોવાની બી હકીકત લખાઇ આવી હતી. "મેં અહીં આવીને ફીરોઝને વિનવીને એક કાગલ લખેલું છે." તે લખતી હતી; "તેનાં ઘરનો બધો સરેલો કારોબાર મેં તેને સમજાવીને લખેલો છે, અને મારે ખાતર તેની બીમાર માએને જોવા આવવા તેને મેં બોહોત લખેલી છે, તેથી હું ધારૂંછ કે માહરો સુખન કરીને તે હવે આવશે ખરો;"—અને એ તેણીની ઉમેદની વાતો વાંચતાં રતાંની આંખમાં ખુન આવ્યું! એક બીજી તેનાસે એમ કાગલપત્રો ચલાવે અને તેને મનાવે પતાવે તે તેણી લઇ ચલાવી શકે એવી ઠડી પ્રકૃતીની તે હતીજ નહીં તે હવેજ તેણીએ જાણ્યું ને નક્કી કર્યું! વીરા તેને મનાવે, રીઝવે, રાજી કરે, ગમ ભુલાવે, અને કદાચ તેણીને બી તેનાં મનમાંથી વીસરાવે એ બધા ખ્યાલોએ તેને જાણે ઘેલી ઘેલી કરી મુકી! તેઓ બેઉ એકઠાં મળે

અને સાથે થાય એ ખ્યાલજ તેણીને એક જીવતા ગજબ જેવો લાગ્યો. રાત્રે એ ખ્યાલોના ધખારાથી તે સુઇ શકી નહીં, અને દીવસે તે અદેખાઇના ઠગઠગતા અંગાર હેઠલ તે તેજ પ્રમાણે જલતી રહી !

વીલ્લુએ તેનાં કાગળનો તરત જવાબ કરવાને રતાંને અતીઘણો આગ્રહ કરીને લખ્યું હતું, પણ તેણે જવાબ કરવાની કશીજ પરવાહ કરી નહીં. તે કદી પરવાહ કરત તોપણ તેને હીમ્મત થતે નહીં. એનવેલપ પરના તેના દસ્કતથીજ ધની કે હીરૂ આગળ તે પકડાઇ આવે, અને તે સલામતી સાથે જયાં છુપાઇ રહેલી હતી ત્યાં ઉંચ્રાડી પડી જાએ તેવા જીવસતોસત જોખમનો તેણીએ ખ્યાલ કરવો રહયો હતો !

એમ છતાં તેઓને તે પોતાનાં મનથી એક ઘડી બી વીસારી શકી નહીં. ફીરોઝ તેની વિનતી માન્ય કરીને બંગલે ગયો હશે કે નહીં, તેઓ મલ્યાં હશે કે નહીં, મા દીકરાને પાછી દોસ્તી થઇ ગઇ હશે કે નહીં એ સઘળા જીવ જખમાવનારા સવાલો તેને ઉપરાસાપરી સતાવતા ને સંતાપતા રહ્યા. વીલ્લુ તેને ચાહતી હતી એમાં તો જરા એ સદેહ ન હતો, અને એવો એક પ્યાર પ્યારને નહીં બરપા કરી શકે એ માનીજ કેમ શકાય? ફીરોઝે તેને અત્યાર સુધી ચાહી ન હતી એ વાત ખરી, પણ હાલના તે એકલવાયા સંજોગો વચ્ચે બી તે વીલ્લુની અસર હેઠળ એટલો બેઅસર રહી શકે એ શું બનવા ને માનવાજોગ હતુ?

તેનું હૃદય ચીસ પાડીને રડતું હતું! તેણીએ ચાહયુ કે તે પરણીજ ન હતે અને બગલીપ્રુઇના આંકોશમાંથી તે કદી એમ બચવા ને છુટી પાડવા પામીજ ન હતે ! તે ચક્રમ ડોસીના સઘળા જુલમાતભર્યા જાપતા અને સખતાઇભર્યા ધાક છતાં તે વેળાએ તે ત્યાં પુરતી સુખી હતી. તે વેળાએ તે હરણી જેવી ચપલ, ખુશાહલ, હસતી રમતી અને નાચતી કુદતી એક નિર્દોષ બાળકી હતી. પ્યાર કે અદેખાઈ તે વખને તેને કેવળ ત્રાહીત હતાં, અને હવે આજની તેની આ અવદશા તેને દુસ્કે દુસ્કે રડાવતી હતી.

તે રડતાં રડતાં તદન આજેજ બની થાકી ગઇ. તેની લાગણીઓ સુન મારી ગઇ, અને તેના અવયવો ધીલાધચ થઈ ગયા! અસહ્ય દુઃખ અને નાઉમેદીએ તેને છેકજ હૈયાંસુની અને ભાણુભુલી બનાવી દીધી, અને મગજની હદ વગરની ઉસ્કેરણીઓએ તેને એક દિવસ એટલી બેજાર અને બેમાર બનાવી દીધી કે તે સુદ્ધિ ખોહીને અંતે બેફામ પોતાની બેડકપરથી ભોંયપર ટુટી પડી!

તેને એ હાલતમાં બેહોસ પડેલી ઘરના કોઇ એકાદ નોકરે ઘણે વારે જોઇ, અને ત્યારે તેણે સોહોર કરવાથી તે આખું ઘર ગભરાનમાં હલમલી રહ્યું. સુખલી ડોસાંના તો હાથપગ ધ્રુજતા કાંપતા થર પડે નહીં! તેવણુને તો એ શું "હુનારત" બની ગેઇ હોશે તેની સહમજજ નહી પડે, કેમજે આજ વેર રતાં કશી બી બીમાર તબ્યતની કે હીસ-ટીરયાની અસરથી હેરાન થતી કદી જણાઇ ન હતી. તેવણે તાબરતોબ પોતાના ડાકટરને તેડી લાવવા ઘોડાવાલા મકાનને જીવ નાંખતો દોડાવ્યો!

તે (ડાકટર મેહરજી) તે લત્તાનો એક પંકાયલો તબીબ હતો. તે કોઇ બાલ પાકેલો બુઢો હતો, અને જુના જમાનાનો જી. જી. એમ. સી. હતો. ને સુખલી ડોસાંનાં ઘરમાં પલાટાયલો હતો. ડોસીને સઘળું પુરાણું ને અસલી હોય તેજ ગમતું હતું, ને તેના તેવા મોહને જવાબ કરે એવોજ આ એક જુના જમાનાનો ઘરડો જપ થવા આવેલો "કાગડો" હતો.

તેણે આવીને તે બેફાંમ પડેલી છોકરીને તપાસી, ને પછી ગંભીર-તાથી માંથુ ધુણાવ્યું. "જોખમ જેવું કશુંજ નથી," તેણે સુખલી ડોસાંને હીંમત આપી પોતાના ઓરડામાં મોકળી દેતાં કહ્યું; "ફક્ત સાધારણ બેસુધ્ધિ આવી ગયલી છે. હું એને એક તડાકામાં હુસ્યાર કરીને તમારા ઓરડામાં તમોને મળતો જવશ. તમે અહીં બેસશો તો વગર ફોકટની ફીકર કરીને તમારી પોતાની બી તબ્યત બગાડશો,"—અને ભલાં સુખલી ડોસાં પોતાના લાયકીવાળા ડાકટરની તે સલ્લાહ માથે ચડાવી બડબડતાં ભડભડતાં ને અતવત કરતાં પોતાના ઓરડામાં ચાલતાં થયાં.

તે પછી ડાકટરે પોતાના ચોક્કસ વેહેમોને લગતી તેહકીક કરવા માંડી. અવલ તો તેવણે આયાને તે છોકરીનું નામ નિશાંણ પુછ્યું, ને જ્યારે જવાબમાં તેને કેહવામાં આવ્યું કે તે કુમારી છે ત્યારે તેનાં જેઇ કપાળ પરની ચીમરાયલી ચામડીની ચીતરાયલી કરચલીઓ કાંઇ જારતી કરમાતી જણાઇ!

તે ઘણુંજ ભલા ખવાસનો ને દયાળુ દીલનો એક તબીબ હતો, ને તેનાં ઘરમાં રતનનીજ ઉંમરની તેની પોતાની બેટીઓ હતી. માટે રતનને તે એક બાપનાંજ હેતથી જોઇ રહયો. તે શું વમાણુસ કરતો હતો! તે ફીકરમંદ નહીં તો ચિંતાતુર દેખાતો હતો એ તે શું!

તેણે પછીથી તરત પોતાના ઉપાયો ચાલુ કરયા, ને રતાંએ પેતાની મીઠી ચશ્મો ધીમેથી ખુલીને આસપાસ જોયું. 'હું કાહાં છેઉં!" તેણીએ ઝીણે સાહદે પુછ્યું; "શું હું મુવેલી જીવતી થઇછ?"

"મુવેલાં કદી જીવતાં થતાંજ નથી," ડાકટર મેહેરજીએ મીઠાસથી હસીને કહ્યું. "તમે ઘણાં નબલાં થઇ ગયલાં છેઓ, ને બેહોસ થઇ ગીયાંતાં; હવે તમોને કેમ લાગેચ?"

"મને નબલાઇ હજી બી ઘણીંજ લાગેછ. ડાકટર," રતાંએ ફરયાદ કરી; "માહરાથી માહરા હાથપગ જાણે હીલવી કે ઉંચકી શકાતા નથી!"

"બધું સારૂં થશે," ડાકટરે કહ્યું,—ને તેના ચેહેરાપરથી જણાતું હતું કે તે કાંઇક જ્યાદા ને જરૂરનું તે છોકરીને હજી પુછવા ચાહતો હતો. તે એક બાપનીજ મમતાથી તે અજબ જેવી સુંદરતાને જોતો ઉભો હતો! તેના લાંબા સહવાસ ને અનુભવમાં તેણે આવી અનુપમ ખુબસુરતી આગળ ઓહે જોઇ ન હતી એમ તેને લાગ્યું.

પ્રકરણ ૩૬ મું.

"ડાકટર, તમોને નથી લાગતું જે હું હવે મરી જવશ!" રતાંએ પુછ્યું. "મને તો એમજ લાગેછ."

"તમારી ભુલ છે; એમ લાગવા કે માનવાજેવું કશુંજ કારણ નથી," ડાકટરે કહ્યું;—અને પછી બાજુમાં ઉભેલી આયાને કાંઇ કામને મસે પોતાનાં દવાખાનાંમાં મોકળી દઇને તે તખીબ પોતાની ચેહરેનસુન દરદી પાસે ખુરસી તાણી બેઠો. તે ઘણો ગંભીર દેખાતો હતો. તે શાંત સ્વભાવનો ડાહ્યો પાકો અનુભવી આસામી અતીઘણો ઉસ્કેરાઇ આવેલો માલમ પડતો હતો!

"મને તમોને કાંઇ પુછવા ગમેછ," તે પછી તેણે રતાંને ધીમેથી કહ્યું; "મને ખરોજ જવાબ દેશો?"

"હાજી," તે છોકરીએ બિહીધેલી અદાઓથી કહ્યું.

"તમારા હાથપર લગનની વીટી નથી, ને અહીં તમોને બધાં કુમારાં માનેછ," ડાકટરે કહ્યું; "પણ તે વાતમાં શું કાંઇ ભેદ નથી? હું તો કેહુંછ જે તમે પરણેલાં છેઓ!"

"ઓ ડાકટર!" રતાંએ ફીકરથી લગભગ ચીસ પાડી દીધી.

'ગભરાઓ ના, હું તમારાં ભલાંમાં છેઉં," ડાકટરે હીંમત આપી કહ્યું.—અને તેણે પછી રતાંના કાનપર પડી જે કાંઇ કહ્યું તેથી રતાં તેનાં બીમાર બિછાંણાંમાં છેકજ હડબડી ગઇ! શું એ ખરી વાત હતી? ડાકટરનું અનુમાન શું ખરૂં હતું?

"ઓ ત્યારે હું હવે શું કરૂં?" તે રડી રડીને બોલી.

"મને વિશ્વાસથી બધું કેહો, ને હું તમોને મદદ થવા માહરૂં બનતું કરશ," ડાકટરે આગ્રહ કરયો.

"હું કંઇજ જાંણુતી નથી; હું કંઇજ કહી શકવાની નથી," તેણીએ એક દીવાનીનીજ અદાથી કહ્યું. "આએ ઘેરમાં કોઇ માહરો ભેદ માહરી પાસ બોલાવી શકવાનું નથી! મુઇ રે હું તો કંઈ અત્યાર સુધી સહમજી બી નહીં."

"તેજ મને માનવાને વધારે કારણ છે કે તમે ઘણાં નિર્દોષ ને ભલાં છેઓ," ડાકટરે કહ્યું: "હું તમારે વાસ્તે બુરૂં કંઇજ માની શકતો

નથી. તમારા બચ્ચાં જેવો નિર્દોષ ચેહેરોજ તમારાં દીલની સાદાઇ ને પ્રમાણીકપણાંનો એક આયનો છે. કેહો મને ત્યારે, હું કેહુંછ તે ખરૂંજ છે કેની કે તમે પરણેલાં છેઓ ?"

"હા. પણ મેં તો માહરાં લગન માહરી રાજીખુશીથી પોતેજ રદબાતલ કરેલાં છે," રતાંએ પોતાની આવી માંદગી છતાં ઉશ્કેરાઇને ઘણા જુસ્સાથી કહ્યું.

ડાકટર તે સાંભળીને ખરખર હસ્યો !

"તમે તે લગન રદબાતલ કીધાં ત્યારે ખુદાવંદતાલાએ તો તે સાંબાં વધારે ઓસ્તવાર કરી આપ્યાં !" તેણે હસીને કહયું. "મને તમારી બધી વાત વિશ્વાસથી કેહશો ?"

"આએ ઘેરમાં હું કંઇજ કહી શકવાની નથી, ડાકટર," તેણીએ જોસથી કહયું; "મને પુછોજ ના."

"પણ તમારાં લગનના એ હકમાં કાંઈ બી ઠગારૂં કે વહેમ ભરેલું નથી તે વિશે તો તમારી ખાત્રી છે કેના ?"

"તદન ખાત્રી," રતાંએ ભોલાઇથી કહયું. "એ ખાત્રીને લીધે તો માહરાં સાસુ માહરાં લગન રદબાતલ કરાવાના પછારા મારીને નાહેક અટવાઇ ગીયાં ! મેં માહરી ખુશીથી પોતેજ એ લગન રદબાતલ કીધાં નહીં ત્યાં વેર કોઇ તે રદબાતલ કરી શકયુંજ નથી."

"ભોલી છોકરી !" ડાકટર મીઠાસથી હસીને પટપટયો. "દરયાના ધસી આવતા મોજાનું જોર કોઇ અટકાવી શકેછ ? છતાં કદી તે મોજાનું જોર બી અટકાવી શકાય, પણ દાદારને બાર બંધાયલા લગનના પાક ગાંઠ તો તાગાદ કોણુની જે એમ છોડી કે તોડી શકે ?"

રતાંએ ધ્રુજતા હોઠો સાથે એ તકરાર સાંભળ્યા કરી, અને પછી જરા વારે કહ્યું, "ત્યારે તે લોક પોતેજ કાંએ એ માહરાં લગન તોરાવી નાખવાના પછારામાં પરયાંતાં ?"

"કોઇના બાપથી બી તે બને એમ નથી," ડાકટરે ધીરજ ને હીંમત આપી. "તું તાહરીજ હાલત જોની, છોકરી ! તુ જાણે જે

ખુદાની ઉપરવારી થઇ તું તાહરા વર સાથનું જોડાંણુ તોડીજ નાંખે, કે જ્યારે ખુદાએ તો તે જોડાંણુ સાંણું વધારે પાકકું ને કાયમ કરી આપ્યું. હવે માહરી સલ્લાહ માન, ને તાહરો વર જે બી હોય તેને તેડાવીને તેના સાથ સલ્લાહ કરી નાંખ. હું કંઇ તાહરી બધી છુપી વાત જોર જુલમથી તાહરા પાસ પરાવી લેવા કે જાણવા ચાહતો નથી. તું હકદાર લગનની ક્રિયાથી પરણેલી છે એટલુંજ જાણવાથી હું ખુશ થયો ને મને ધીરજ મલી. બાઇ, હું તાહરાં ભલાંમાં છેઉં—બુરાંમાં નથી."

પણ તે તો હાયઅફસોસ કરતી બિછાંણાંમાં પડી રહી! તે ભલા આસામીની દીલસોજી ને દયાળુ સલ્લાહ માટે ઉપકાર માનવા જોગું બી તે બાળાને જાણે ભાંન ન હતું!

તે હવે પાછી કેમ તેના વરને મનાવતી જાય? શું તે તેની સાસુના બીહીનાટપલા ને હડધુત સોહોબતની પાછી જાય? કેમ બને! તે કેમ તે ભરથારને હવે પાછો તેડાવી તેની પનાહ સોહધે કે જ્યારે તે પોતેજ પોતાની ખુશીથી તેને સદાનો તરક કરીને તજી આવી હતી?

"તું તેને કાંએ છોરી આવી, છોકરી?" વળી જરા વારે ડાકટરે પટાવીને પુછયું, "તે શું તુંને બેવફા થયો? તુંને શું તે ચાહતોનો નહીં?"

"નહીં રે, તેવણ તો મને ઘણીજ ચાહતાતા, ને તેજ તેવણની તકસીર થઈ," તે ભોલી ભારજાએ કહયું, 'તે માહરે વાસ્તેના ઘણા ચાહને લીધેજ. તેવણ માહરી સાથ દગલબાજી રમ્યા, ને પોતાનું ખરૂં નામ નિશાંણુ છુપાવીને માહરા સાથે ઠાગાથી પરણ્યા."

"ને તેમાં તાહરૂં બુરૂં શું થયું?"

"હું જો તેવણની પદવી ને પૈસાની ખરી વાત જાણુતે તો આએ એમ જનમે જનમની દુખી થવા કદા બી તેવણ સાથ પણુતેજ નહીં," રતાંએ ગુસ્સાનાં નેણ જમાવી કહયુ; "હું આવી ને આવી તેવણની માએ માહરી દુશ્મન થઇ ને અમારાં લગન તોરાવી નાંખવા તે ડોસીએ પોતાનો જાન પડકી નાંખ્યો."

"ત્યારે તો તદ્દનજ દમ વગરની વાત દેખાયછ, છોકરી," તે ડાક્ટરે ધીરજ તેમજ ગમત પાંમીને કહ્યું; "તાહરા ભરથાર સાથના તાહરા કજ્યાનાં પેટમાં તો કાંઇ જીવ નથી! હવે માહરી સલ્લાહ માન, ને તેને જલ્દીથી તાહરી પાસે પાછો તેડાવી મંગાવ! ફક્ત ગરૂરીને ખાતર તું એમ કરવા અચકાતી હોય તો તે તાહરી ખોટી ગરૂરી મનમાંથી ખંખેરીને કહાડી નાંખ!"

"તમે બિચારા શું જાણો? એમાં તમે નહીં સહમજો, ડાક્ટર!" તે હઠીલી છોકરીએ કહયું.

તે ડાક્ટર ખુશ મિજાજે પાછો અને પાછો હસ્યો. "હવે હું સાંહાંજે તાહરી પાછી ખબર લેવા આવશ," તેણે ઉઠતાં ઉઠતાં કહયું, "ને તેટલાં તો માહરી ખાત્રી છે કે તું તદન સારી પેઠે થઇ જશે. તાહરા ભેદને વાસ્તે કંઇજ બીહીતી ના. હું હમણાં ને હમણાં એ વિશે કોઇને કંઇજિ કેહવાનો નથી—સાહેબજી;"—અને તે ચાલતો થયો.

તેણે ત્યાંથી પાધરો સુખલી ડોસાંના ઓરડામાં જઇને તે ડોસીને દરેક ધીરજ આપી. "ફક્ત નબલી પડી ગયલી છે," ડાક્ટરે કહયું. "એને પુરતી આસાએસ આપજો, ને હાલ તુરત થોડુંક સુધી બિછાંણુંમાંજ પડી રેહવા તાકીદ કરજો,"—અને તે ગયો.

તે તરેહવાર વિચાર કરતો ને અજબ થતોજ ગયો. રતાંમાં એક એવું દીલપઝીર ખેંચાંણ હતું કે જે બી તે ચેહરો જુએ તે મોહ પામ્યા વના રહે નહીં, અને તેથા એક બાપનીજ મોહબત ને મમતાથી આ જૈફ તબીબનું દીલ તેણીની પક્ષમાં જીતાઈ ગયું હતું!

તેનો ખરખરો દુર થઇ ગયો હતો, ને તેને ઘણી મોટી ધીરજ મળેલી જણાતી હતી. રતાં પરણેલી હતી ને પોતાના ખાવંદથી કાંઇ બચ્ચાંનાં ચેડાં જેવા એક ફાંટાથી રીસાઇનેજ અલગ થઇ હતી એમ જાણવાથી તેને ઘણીક હદ સુધીની ખુશી હાંસલ થઇ, અને સાંહાંજે જઇને તે છોકરીનાં મનનું તે દરમ્યાંનમાં સમાધાન થયલું હોય તો તે રીસાયલાં

વરઐયરને મનાવા ને મેલવવાનો તેણે ઘણીજ દીલસોજી સાથે કસ્દ કરી મેળ્યો.

તે અજબ એમ થયો કે રતાં પોતાનો ભેદ જે બી હોય તે આએ ઘેરના સંબંધમ' છુપાવાનું ભાર નાંખીનાંખીને કેહતી હતી! તે કેમ હોય? રતાં આ ઘરને લાગતી વળગતી ન હતી એ તો તે જાણુતો હતો. તે સુખલી ડોસાંનો અસલવારેનો ડાકટર હતો માટે સુખલી ડોસાંનાં સઘળાં સગાંવ્હાલાંઓને વટીક તે સારી રીતે જાણુતો ને પીછાંણુતો હતો; ત્યારે આ કોણુ હતી? ખુદ સુખલીબાઇનાં કેહવા મુજબ તે ડોસાંની જતન લેવા રહેલી એક ખીદમતગાર માત્ર હતી, ને ત્યારે તેને પોતાનો ભેદ આએજ ઘરથી અગત કરીને છુપાવાનો શો સબબ હોવો જોઇએ? તે ભેદમાં ભેદ હતો! તે એક ભેદી ઉખ્યાણું હતું, ને ડાકટર ગમે એટલા તરગો ને તરકો ચલાવવા છતાં તેના ખુલાસાને પોંહચવા પામ્યો નહીં.

બીજા હાથ પર તેના જવા પછી રતાં કુદકો મારી ઉભી થઈ. "માહરે એકદમ જવું જોઇએ," તે મનથી પટપટી. "માહરી આએ હાલતમાં માહરે આએ ઘેરમાં હવે એક ઘડી બી થોબવું જોઇતું નથી,"—અને પોતાની સખ્ત બેમારી માટે બીલકુલ બેદરકાર તે અભાગણી છોકરી છુપાછુપ બારણું બંધ કરી તૈયાર થવા લાગી.

તે જતી રહેવા ચાહતી હતી, ને તે વાતની ઉસ્કેરણીનાં પરીણામમાં તેનું આંગ બોખારથી ખખડી આવ્યું હતું તેનુંએ તેને કશું ભાન ન હતું. તે લેત્રાયેંલી લુટાયલી, ભખાયલી ભુત જેવી ત્યાંથી સર્વની નજર ચોરાવી ન્હાસી જવા તૈયાર થઈ ગઈ હતી!

તે કયાં જશે?

તે કયાં જશે તે તેને પોતાને પણુ ખબર ન હતું. તેની તમામ તબયત ઉશ્કેરાયલી હતી! તેણે ખુશ થવું કે દીલગીર, સારૂં માનવું કે બુરૂં, અજબ થવું કે ખફા તે કાંઈ તેની નાદાન અક્કલમાં આવી શક્યું નહીં. ડાકટરે તેની પોતાની નાજુક હાલત માટે તેના કાનપર પડી જે એસારો આપ્યો હતો, ને પોતે એ પોતાના અભિપ્રાયમાં ખાત્રીપુર્વક

હોવાની ઉપરથી ખાત્રી કરી આપી હતી તેથી જાણે તેનું માંથુંજ ખસી ગયું હતું !

તે ડાક્ટરે શું કહ્યું હતુ ? ડાક્ટરે તે છોકરી બીજા થોડાક મહીનાઓ પછી માતા થનાર હતી તે તેની હાલતથી તે નાવાકેફ છોકરીને માહીતગાર કરી હતી, અને તે સમાચાર સાંભળી તેણીએ એક વધાઇ તરીકે તેથી રાજી થવું કે એક દુખ તરીકે તે સમાચારને શ્રાપ દેવા તે કાંઇજ તેને સહમજ પડી શકયું નહીં ! જો તેના ખાવંદ સાથ હાલ જે તેને બેબનાવ હતો તે નહીં હતે તો અલબત એ શુભ સમાચારને એક વધાઇ લેખે તે પોતાના આશિષથી વધાવતે ! પણ હાલ તેમ કયાં હતું ? તે તો પોતેજ પોતાનાં લગન રદબાતલ બનાવી બેઠી હતી !

તે શ્રીમંતોની પુરવાર થયલી એક શત્રુ હતી, પણ તેણે યાદ કરયું કે જો તેને એક બાળક બેટો અવતરે તો તે એજ શ્રીમંત ખાનદાંનનો એક નબીરો લેખાશે, અને ત્યારે શ્રીમંતો માટેની પોતાની ગમે એવી શુગ છતાં તે પોતેજ પોતાનાં બેટાની શત્રુ કેમ થઇ શકનાર હતી ?

રીરોઝ તેની એ "નવી સ્થિતી"ની વાત જો જાણે તો હરખથી ઘેલો થાય તે તેણે તૈયાર થતાં થતાં ઘણાં જોસ સાથે યાદ કરયું. તે હંમેશ એક બેટાની આરજુ કરતો હતો ! વળી વીરાએ એ જવાનનો વંશવેલો નાબુદ થઇ જવાની ફીકરોની વાત કરી હતી તે પણ તેને યાદ આવ્યા વના રહી શકયું નહીં, ને ત્યારે આ નવાજીસની કેફયતે તેને જેટલી હરખાવી તેટલીજ વળી સંતાપી ને સતાવી !

છેલ્લે, તે ઘેરમાંથી તે નજર ચોરાવી સટકી જઇ શકી. તે ઘણી બેમાર હતી. તેને બોખાર વટીક ચઢી હતી, પણ તેનાં મનની ઉશ્કેરણીએ તેના પગને પાંખ ને બદનને કૌવત આપવાથી તે ઘણી આસાનીથી ચાલતી થઇ, ને તે ઘરની સહરદથી ઘણી દુર નિકળી જવા પછીજ હવે વળી કયાં જવું તેનો તે સુંદરીએ ધ્રુજતી છાતીએ એકાદ પળ થોભીને ગમખાર દરયાફત કરયો !

પ્રકરણ ૩૭ મું.

તેની બગલા કુંઇને ઘર જવાની છાતી ચાલી નહીં. તે ચકમ ખ્યા-લોની ડોસી તો તેનોજ વાંક પુકારી તેનાપર હવે ઝાડનાં ઝાડ તોડી પાડશે એમ તેણીને લાગ્યું, અને ત્યારે ઇંડાંવાલાની મીઠીબાઇની ઓથથી બેહેતર આશરો તેને એકે જણાયો નહીં. એ ડોસી રતાંને ઘણીજ ગમતી હતી. તે તેનાજ તોરની અબળા હતી. વળી અત્યાર સુધીમાં તેણેજ તેણીની મુરબ્બીગીરી ને કદર કરી હતી, ને પોતે આપેલાં સુવચનો વટીક પાલીને તેની સમાલ કરી તેનો ભેદ છુપાવ્યો હતો, માટે હીંમત કરી તે એક ગાડી કરી લઈ પાધરી તે ડોસીનેજ બંગલે ગઈ.

તેણે ઘણી મોટી સંભાળથી કામ લેવું હતું. તેણીએ તેથી દીલથી દુઆ કરી કે એદલજી ને તેનો દીકરો નાદીર, એ વેળાએ ઘરમાં નહીં હોય, ને તેમના મીઠાંના અગરનાં કામકાજને લીધે કંઠે દુર દેસાવર જતા રહેલા હોય, ને સુભાગ્યે તેમજ થયું ! તેણીએ ગાડીમાં બેસીનેજ એ વાતની ભાલ કઢાવી, અને ત્યારે તે પોતાની મતલબને પેશ પડતોજ જવાબ મેળવીને મનથી અતી ઘણી રાજી થઇ.

મીઠીબાઈ પોતે તો ઘરમાંજ હતી. તેણે ખરાં દીલની દીલસોજી ને હેતથી તે અભાગણી બાળાને પોતાને ત્યાં આવકાર આપ્યો. તે ડોસી ગમે તેવી પણ ભલી તો હતીજ. પૈસાની ખેંચ ને ખુશામદમાં તે ભરી રહેલી હતી એ એકજ અવગુણ જો બાદ કરયે તો સામટી રીતે તે ઘણી અસીલ અબળા હતી. તેને રતાંપર એકદમ પ્રીતી આવી ગઇ હતી, અને તે એક મોહબતવંતી માતાનાંજ વ્હાલથી એ છોકરીને ચાહતી હતી, માટે તેણીને એમ અચબુચ એવી લેવાયલી લુંટાયલી હાલતમાં પોતાની ઓસ-રીએ આવી ઉભેલી જોઇ તે પેહલી હરોળની ખુશાલી સમી જવા પછી ઘણી ગભરાઇ ગઇ.

રતાંએ તેની ખાંધપર માંથુ નાંખી રડીને પોતાની ભરાઇ રહેલી છાતીને ખલાસી આપી, ને ઇંડાંવાલાની મીઠીબાઇ એ ચોંકાવનારી તેમજ

તાજુબીભરી ખબર સાંભળી અતી ઘણી અજબ તેમજ ખુશ થઈ. તેણે રતાંને ઘણીજ મૌટી ધીરજ ને હીંમત આપી પોતાને ત્યાં રાખી. તેણીએ ઘણું કરવું હતું, પણ તુરત વેળાની ઉસ્કેરણીમાં તેણીએ અધટીટ ઉતાવળથી ડોહરં કશું કરયું નહીં, અને તેથી ખામોસી અખ્ત્યાર કરી રતાંને દીલાસો ને ધીરજ આપી પોતાને ત્યાં રાખી. "માતીદાઓ" રતાંનાં રૂડાં નસીબે આ વખત તો કાંઇક છેક લાંબે પ્રવાસે નિકળી ગયલા હતા, ને પાંચ પંદર દિવસોમાં તેઓ ઘર પાછા ફરે એવો પણ કશોજ જોગ જણાતો હતો નહીં.

રતાંએ તેથી હીંમત પામીને હવે તે મા જેવી મેહેરબાન ડોસીને સઘળી હકીકત વીગતવારે બ્યાન કરીને કહી. તેણીએ કશુંજ છુપાવ્યું નહીં. વીરા જોડેની તેની મીલાકાત ને તે છોકરીના તેના ભરથારને માટેના હદ બનાના સાચ્ચા પ્યારની પણ તમામ તપસીલ તે અબળાએ તે ડોસીને કહી, ને છેવટે કસમ આપીને એટલુંજ માંગી લીધું કે સુખલી ડોસાંવાલાંને ત્યાંનાં કોઇજ જાણવા ન પામે કે તે અહીં રહેલી ને છુંપાયલી હતી! "માહરે વાસ્તે પેહલી તલ્લાસ ને જુસ્તેજુ અહીંજ થશે," તે પોરીએ ઘણી કાકલુદી સાથે માંગી લીધું, "વાસ્તે તમે મને તમારાં ઘેરમાં કેઠે એકાંતમાં છુપાવો, ને હું અહીં છેઉ એમ હાલ તુરત તો કોઇને જાણવા દેતાંજ ના;"–ને મીઠીબાઇને પકકાઇથી ને દાનાઇથી કામ લેવું હતું એટલે તેની વાત મંજુર કરી તે ડોસીએ તેમજ ને તેજ રસ્તે કામ લીધું.

પેલી તરફ રતાંના જવા પછી સુખલી ડોસાંને ત્યાં મસ્સ મોટો ગભરાત ચાલ્યો! તે બીમાર છોકરી "પવન"ની કસરમાં કેઠે ચાલી ગઇ એમજ તે ડોસાંએ માન્યું, ને મોટા ગભરાતમાં ડાક્ટરને તરતજ પાછો તેડી મંગાવ્યો; પણ તેણે તે હુલકું સારી સહમજદારીથી નરમ પાડી નાંખ્યું. તે જમાનેખાધેલ બુઢો તરત સહમજી ગયો કે પોતાનો ભેદ ખાસ કરીને આજ ઘરથી છુંપાવાને રતાં અતી ઘણી ખંતી દેખાતી હતી માટે તે ખાખસુસ જીવપર ખેડીને ત્યાંથી ન્હાસી ગયલી હોવી જોઇએ, ને તેથી 'તે પોરી કોઇ સગાં વ્હાલાંને ઘેર જતી રહી હોશે" એ મકસદની ભોલ્યાં

સુખથી ડોસાંને હીંમત આપીને તેણે એ ફુલકું નરમ પાડી નાંખ્યું. એમ છતાં ડોસાંના ચટપટયા જીવની ખટપટ હજી કાંઇ એકદમ નરમ પડી નહીં. ઈંડાંવાલાનાં મીઠીબાઈ તેને લાવ્યાં હતાં માટે સઘળી હકીકત તેવણે તેનાપર લખાવી, ને જ્યારે ત્યાંથી બી "તે તેને ઘેરેથારે જતી રહી હોશે" એવો ઠંડું પાંણી નામનારો ઠંડોજ જવાબ ફરી વળ્યો ત્યારેજ તે ડોસાંના જીવને જરા તરા બી ધીરજ આવી! તેઓ દીલથી બહુજ દીલગીર થયાં. રતાંએ એક ઘણીજ નમાની, કહ્યાગરી ને સહમજુ છોકરી તરીકે તેઓનું દીલ જીતી લીધું હતું. વાસ્તે તેવી એકનાં એમ જતી રેહવાથી તેમને ઘણું વસમું લાગ્યું. તેનામાં "આજની દુકતીઓનો ઇતિરાત કે પતરાજી" જરા એ નહીં જોવાથી તેઓ તેનાંપર રાજી રાજી હતાં, માટે આ અચણુચ સઘળું શું થઇ ગયું તેની તેમને કશીજ સહમજ પડી નહીં, ને દાહડાના દાહડાઓ સુધી તેવણુ બિચારાંને હજાર આબકતોરા થતા રહ્યા.

હવે પેલી મેર ઇંડાંવાળાની મીઠીબાઇને ત્યાં શું રંગ હતો? તે પછીથી ધીરજથી સમો સમાલીને મીઠીબાઇએ રતાંને ઘણીજ સમજાવી. "જો મા." તેણીએ કહયું, "હવે તુંને તાહરા વર હાતે હલીઆરાં કએરા વગર એક ઘરી બી ચાલે નહીં. થવાનું ઉતું તે થઇ ગીયું, હવે બધું ભુલી જા, બધી નાંખતી કર ને માહરૂં માંનીને તેનાંણુને તુંને મલવા તેરાવ. તે પોરો તો જીવ નાખતો આવહે. તે બીચારાને કાંઇ બે વાર કેહવું નહીં પરવાનું. તેને માંફ કરવા તું લખહે તો તેં તો બિચારો તરતજ માંફ કરહે"

"પણ માહરો વાંક શું જે હું માંફ માંગું?"

"ચાલ વારૂં, માંફ નખે માંગતી, પણ દોહતી તો કર?" તે ડોસીએ આગ્રહ કરયો; અને ટુંકમાં, એ જાતની ઉપરાસાપરી ઉસ્કેરણીઓ ને સમજાવતોની તે સુંદરતાં પર અંતે ધારેલી અસર થઇ. પોતાની "સ્થિતી"ની તેને માહીતી થવા પછીથી તેના ભરથાર તરફ વચારે ઉંડાં વહાલથી તેનું હૃદય ખેંચાતું રહયું હતું, માટે તે અંતે મનાઇ ને જીતાઈ, ને છેલ્લે અંતે પોતાની સઘળી ગરૂરી બાજુ મુકી તેણીએ એક કાપલી પર નિચે મુજબ લખ્યું:—

"વ્હાલા ફીરોઝ, માહરે તમોને કાંઈ ઘણી જરૂરની ખબર આપવી છે. હું ઇંડાંવાળાની મીઠીબાઇને ત્યાં છેઉં. મને તમે ત્યાં આવીને મળશો ને તમારી માયામાં પાછી લેશો?

લા૰ તમારી રતાં."

એ કાગળ ક્યાં પોસ્ત કરવો તે પેહલી હરોલની એક મુશ્કેલી હતી; પણ રતાંએ તરતજ યાદ કરયું કે વીરા તેને મનાવવા ને તેની મા સાથ મેલવવા ગઇ હતી માટે હાલમાં ઘણું કરીને તે પોતાને બંગલે પાછો ફરયો બી હોય? ગમે તે હોય પણ મીઠીબાઇએ સલાહ આપી કે તે કાગળ તેને બંગલે મોકળવાનુંજ પુરતી સલામતી ભરેલું હતું. કેમજે તે જ્યાં બી હોય ત્યાં તે તેને ત્યાંથી પુગાડવામાં આવે એમાં સંદેહ શો હતો?

રતાંએ પોતાના ધ્રુજતા અને આશાવંત હાથોએ તે નાધકરાં કવર પર પોતાના પ્રિય પતીને નામનું શિરનામું કરીને બાજુમાં "તાકીદનું" કરી લખ્યું. એકજ પળ—ને તે કાગળ પોસ્ટના ખાંભની પનાહને તાકીદથી સપુર્દ કરી દેવામાં આવ્યું!

હવે રતાં સુખથી ને છુટકારાથી દમ લેતી હતી. ખુદા જાણે કેમ તેને હવે એ મીલાકાતમાં સુખ ને સુખજ દેખાતું હતું! તે હવે અધીરતાની તાપથી એ સુખી મેલાપની તલબ કરતી રહી. "ઓ ફીરોઝ!" તે ચીસ પાડયા કરતી, ને ઇંડાવાલાની મીઠીબાહને તો ધ્રુજરાં બી પણ લાગ્યાં કે રખે એમ કરતાં ફીરોઝ આવ્યા પેહલાં રતાં દીવાંની થઈ જાય!

રતાંએ યાદ કરયું કે "વીરા હાલમાં ફીરોઝને ત્યાં હતી, ને જ્યારે તે ફીરોઝને અંતે પોતાના પ્યારમાં જીતી લઇ શકી હોય તો? ઓ ગજબ, તે અબળા તેના પરથી ફીરોઝનો મન ઉતારો કરાવી શકી હોય તો? ફીરોઝ હવે તેનો તુચ્છકારજ કરે ને તેને માંફ નહીંજ કરે તો? હવે જો તેને પનાહ આપતો અત્રે નહીંજ આવે તો? હવે તેનું કાગળ કબુલ બી નહી કરે કે તેનો જવાબજ નહીં કરે તો? કદાપી તે કાગળ જશે ને ફીરોઝ તે વાંચશે ત્યારે વીરા તેનાં ખભાંપર ટીંગાઇને તે વાંચવા લાગશે;—અને ત્યારે?"

ટુંકમાં, કમનસીબ રતાં પોતાની હદ વનાની ઉશ્કેરાયલી તબ્યત સાથે પોતાની આવી નાજુક હાલતમાં એ બધા ઘેલાગાંડા વિચારો કરતાં કરતાં સરબસર ઘેલીજ થઇ નહીં ગઈ એ ખુદાની ખાસ દયાનો એક મોજેજો માત્ર થયો !

એમ બે દિવસો વહી ગયા. બે આખા દિવસ !! રતાંનું કાગળ પોસ્ટ કરવામાં આવ્યું તે બ્રેસપતવાર હતો, ને તે પછી સુકર ને સની ગબડી ગયા, પણ કશોજ જવાબ ફરી વળ્યો નહીં ! ના તો ફીરોઝ આવ્યો કે ના તો તેનો જવાબ આવ્યો ! અત્યારમાં તો બે દિવસના રસ્તાપરનો બી જવાબ ફરી વળે ને એ શું થયું ? શું કાગળ ગરવલે ગયું હશે ? શું તે એટલો ખફા હશે કે કાગળ મળવા છતાં તે તેની પરવાહ નહીં કરતો હશે ? શું વીરાએ તેનું દીલ જીતી લઈ તેણીને તેનાથી સદાની અલગ ને જુદી કરી મેલી હશે ?

તે કાગળ લખ્યું ત્યારે તો બીજેજ દિવસે ફીરોઝની દયાળુ ગોદમાં પનાહ પામવા માટે તે તદન ખાત્રીપુર્વક હતી, ને આ શી નહીં ધારેલી મોહકાંણુ વલી ગઇ ? તેને હવે એક પળનો કરાર ન હતો ! જરા કોઇનાં પગલાં સંભળાતાં કે તેનું આસાવંત જીગર હરખાતાં ઉછલી નીકળી તેનાં ગલાંમાં આવી ખુંટી બેસ્તું, અને પછી બાજીજ પળે તો નાઉમેદીના શીહા અંધકારમાં તે ડરાંમણી ને દયામણી ચીસ સાથે ગીરફતાર પાછું ગરક જતું !

એકવખત તો એક ગાડી ધમધમાત સાથે એદલજી ઈ.ાંવાલાના બંગલામાં દાખલ થઇ, ને રતાં જીવ નાંખતી બારીપર પડી તો કોઇ કાલા ડગલાવાલાને ઉતરીને અંદર જતો અછરતો જોવા પાંમી, અને તે હરખથી આંજેજ ફસડાઈ પડી; તેણે ખાત્રીથી માન્યું કે તે ફીરોઝ હતો, પણ તે ફીરોઝ હતોજ નહીં ને ફીરોઝ તો આવ્યોજ નહીં !

તે કલાકે કલાક બલ્કે મિનીટે મિનીટ હવે તેની વાત જોતી હતી ! આટલો વખત સુધી તેણીએ તેના મોટા પ્યારનો તુચ્છકાર કરયો હતો, ને તે જ્યારે તેનીપર મરી ફીટવા આહતો હતો ત્યારે તેનો તે પ્યાર હાલની

જીસમે મીઠા મધ જેવો તેને કદી લાગ્યોજ ન હતો. એ બી શું ખુદાની ખુદરત છે કે એક સદા કાલ મળતી ચીજ જ્યાં તક આપણા હાથમાંથી છીણવી લેવાયલી આપણને લાગતી નથી ત્યાં સુધી આપણે કદી બી તેની કદર કરી શકતાંજ નથી! રતાંનો તેજ હાલ હતો. હવે તેને ફીરોઝ વગર ચાલતું ન હતું. પોતાની છાતીમાં પોશાતા પ્યારા જીવને ખાતર હવે તે ફીરોઝનીજ દયા ને દસ્તગીરીની જાબજા તલબગાર બની ગઈ હતી!

અને તો બી ફીરોઝ આવતો ન હતો! જો તે નહીજ આવે તો? જો તે હવે તેનો સદા સુધીનો તુચ્છકારજ કરે તો? અફસોસ, હવે એ ગજબના ખયાલથીજ થથરી જઇ તે દુખી છોકરી થરથર ધ્રુજતી હતી!

પ્રકરણ ૩૮ મું.

રવિવાર થયો. કાગળ લખવા પછીનો ચોથો દિવસ ઉગ્યો, ને રતાંની હીંમત, ધીરજ ને ઉમેદની સંદતર ઓટ થઇ ગઇ. તે નાઉમેદીનું એક દીલ જખમાવનારૂં ચિત્ર હતી!

"જરા હીમ્મત રાખ, છોકરી," તે ધ્રુજતો ફીકકો ચેહરો જોઇને મીઠીબાઇએ એકદમ ડર ખાઇ જતાં કહ્યું. "એમ ને એમ ચાલહે તો તાહરો વર આવહે તે આગમચ તાહરી દુહમેન પુરી થઈ જહે!"

"હું હવે ધારતીજ નથી કે તેવણ આવે" રતાંએ ઉંડી નીરાશા ને નાઉમેદીથી જવાબ કર્યો.

એ પછી વળી પાંચમો, છઠ્ઠો અને સાતમો દિવસ બી ગબઠી ગયો; અને રતાંને વધતી અને વધતી નાઉમેદ થતી જોઇ મીઠીબાઇએ તહરેવાર તરકો ચલાવી ને તકરારો કરી. "કદાચ તે કેઠે બાહરગામ ગીયો ઓહે ને તેણીઢા કાગત મલતાં વાર લાગી ઓહે; કદાચ તે બીમાર ઓહે ને તેથી આવી હકતો નહી ઓહે?"

પણ રતાંનાં ધ્યાનમાં એ તકરારોનું વાસ્તવિકપણું મુતલગ ઉતરી શક્યું નહીં. એમ છતાં તેણીએ તરતજ એક બીજો કાગળ કાકલુદીભર્યો

લખીને રવાના કરવાનો એકદમ હીમ્મતભર્યો ઠરાવ કીધો. પેહલાં કાગળમાં તો તેણીએ ફક્ત દોસ્તીની તલબ કરી હતી, પણ હવે તો આ કાગળમાં તેણીએ તેની મારીનીજ આર્જુ કરી!

કેટલો ફેરફાર! અત્યાર સુધી ફીરોઝ પાસ મારી ચાહી લેવાની જણેજણની દરખાસ્ત તે તીખ્ખા સ્વભાવની છોકરી તીરસ્કારથી તુચ્છકારી કાઢતી રહી હતી અને હવે, પોતાની નવી સ્થિતીની માહીતી થવા પછી, તે પોતાના ભરથારને પાછી ટોટે વળગવા અચણુચ અને હદ વનાની તલબગાર થઈ રહી હતી!

"મને માફ કરો," તેણીએ લખ્યું.—'અને હું તમારા પ્યારની ઉમેદ કરતી આવીછ ત્યારે, ઓ વાહલા ફીરોઝ, મને ઠોકરે મારો ના! જલદીથી આવો, અને મને તમારા પ્યારમાં અને વિશ્વાસમાં આવીને મને પાછી લેઓ! માહરી તકસીરો ઘણી મોટી છે, અને હવે તે હું જોઇ શકું છું. મેં માહરી ઉતાવળ અને મુર્ખાઇને વાસ્તે પુરતું ખમ્યુંછ. માહરા પહેલાં કાગળનો જવાબ નહીં આવવાથી હું હદ વગરની દુ:ખી ને કંગાલ બની ગયલી છું. મેં તમોને તે કાગળમાં લખ્યું છે તેમ માહરે તમોને કાંઇ ઘણુંજ ખાનગી ને જરૂરનું એકદમ કહેવું છે. ખુદાને વાસ્તે આએ માહરી કાકલુદી કબુલ કરજો, અને વેહલા મને આવી ભેટજો. મને કલાકો બી એકેક વરસની લંબાઇના લાગે છે, વાસ્તે આએ કાગળ મલતાં સાથે, ઓ ફીરોઝ, વાહલા ફીરોઝ, મને તમારી મીઠી ગોદમાં પનાહ આપવા દોડી આવજો!"

એ કાગળ અસાધારણ સંભાલ સાથે પોસ્ટ કરાવવામાં આવ્યું, અને ત્યારે જેમ તેણીને પોતાને તેમ મીઠીબાઇને પણ પુરતી ખાત્રી આવી કે ફીરોઝ ગમે એટલો બી તેણીની જોડે ચીરડાયલો હોય તોપણ આટલી બધી કાકલુદી ને મીનતજારીઓ તે મમતાલુ ખવાસના ભલા જવાંનપર હવે હરાંમ જવાની નથી; અને એમ છતાં મિનિટો, કલાકો, અને દહાડાઓ પાકવીને પલેથર કરે તેવાં હદ વનાનાં ધીમાં કદમે એકેક પછવાડે ચાલતા ગયા, પણ ફીરોઝનો કશોજ પત્તો મળી શક્યો નહીં! બીજા છ દિવસો

પણ આખા ગબડી ગયા, પણ ફીરોઝ આવ્યો નહીં. "નહીં આવે તો બલા ગેઈ, પણ કાંઇ બી લખે તો ખરો ?" મીઠીબાઇ તે કમનસીબ અબળાનો કકલાત નહીં જોઇ શકવાને લીધે અરધું મોટે ને અરધું મનસે ખિજવાઇને પટપટી.

એમ એક આખું અઠવાડીયું પુરૂં થયું, અને ત્યારેજ તે બેઉ જણે સદંતર આશા મેલી. હવે કરવું શું ? એદલજી અને નાદર બીજા આંઠ દસ દિવસોમાં તો પોતાની મુસાફરીએથી પોતાનાં મુકામપર પાછા ફરનાર હતા, અને તે આગમચ રતાંનો કાંઈ બી રસ્તો થવો જોઇતો હતો !

મીઠીબાઇએ ઘણો લંબાણુથી વિચાર કર્યો, અને અંતે તારાપોરમાં તેવણુની એક વીધવા માસી રેહતી હતી તેની તે ડોસીએ રતાં માટેના પોતાના મોટા પ્યાર વચ્ચે યાદ કરી. તે કોઇ નિર્ધન વીધવા હતી, અને તેનું ઉદરપોષણ એદલજીની ઉદારતાથીજ થતું આવતું હતું. જેથી આ મોટે ઘેરની શ્રીમંત ભાણેજ તે માસીપર હકુમત ચલાવી શકે તેમ જાણે હતું. રતાંને, તેથી, તેને ત્યાં લઇ જઈ રાખવાનું તેણે એકદમ નકકી કર્યું. એ વતરોગે બીજો ઉપાયજ ન હોતો. રતાંની સુવાવડ તેવી કોઈ એકાંત જગ્યાએ થાય એ ઘણું જરૂરનું હતું. તેનો વર તે પરણી મોહરદારના પવિત્ર હક પીછાંણુવાથી શરમભરલી હદ સુધી અલગ રેહતો હતો, અને તે બાપડી કદમ કદમ મોહોત માંગતી હતી, તે દરમ્યાનમાં તેને એવે કોઇ ગરગામડે રાખવામાં સલામતી અને શાંણુપત હતી. રતાં પોતેજ તે ચાહતી હતી. તે હવે એવાં કોઇ એકાંતમાંજ મરવા માંગતી હતી. તે ચાહતે ને હીમ્મત કરતે તો તેની બગલી ફુઇને પડખે પણ જઇ શકતે, પણ આશા એક વખત તેનાં જીગરમાં જોસથી ઉછલી નિકળ્યા પછી હવે તેની સઘળી ઉમેદ ને હીમ્મત મરણ પાંમી ગઈ હતી, જેથી સઘળાં પોતાનાં ઓળખીતાં પાળખીતાં અને સગાં વાહલાંઓથી વટીક તે છુપાવા અને અલગ થઇ જવા ચાહતી હતી. તેણે તેજ મકસદનું મીઠીબાઇ પાસ માંગી લીધું. તે આપઘાતથી પોતાની દુઃખી જીંદગીનો છેડો લાવત, પણ પોતાની છાતીમાં પોશાતા પ્યારા જીવને ખાતર તે હજી થોડુંક વધારે જીવવા ચાહતી

હતી, અને તેમ જીવવા વળી ખચુસ કરીને છુપીજ હવે રેહવા ચાહતી હતી. એટલા માટે તેને છુપીજ રાખવા તેણે મીઠીબાઇ પાસે પાછાં ઉપરાસાપરી વચનો લીધાં, અને તે વચનો નહીંજ આપવામાં આવે તો જીવપર ખેડીને કેઠે જતી રેહવા કે પોતાનો ગમે એમ નાશ કરવા તેણીએ પોતાનો મુસ્તકીમ કસ્દ જાહેર કર્યો, જેથી પરીણામમાં પોતાની સુના માસીને ઘર તારાપોર ખાતે તે ભલી ડોસી જાતે જઇ તે જવાંન અબળાને છોડી આવી.

તેનાં ખરચખુટણની વટીક સઘળી તેણેજ બંદોબસ્તી કરી આપી. તે આ સઘળું પરમાર્થે કરતી હતી. તે ભલાઇનો તેને બદલો મળે એવી તેને હવે કશી ઉમેદ કે ગણત્રી ન હતી. તેને તો સુંદર રતાંની મોહીની લાગી હતી, અને તેથી ફક્ત દયાનેજ ખાતર તે ભલી ડોસીએ આ પરોપકાર આદરયો હતો.

રતાંને સુના માસીનું તે સુવડ ગામડાંનું ગરીબ અને એકાંત પણ સુખવાસી ઘર ઘણુંજ ગમ્યું. તેણે જોયું કે તે "સુના માસી" પણ કોઇ ઘણીજ અસરાફ અને ભલી વીધવા બાંનુ હતી. તે પણ જૈફ હતી, અને રતાંને તેને ત્યાં દરેક સુખ સાથે ઠર પાડીને મીઠીબાઈ તેણીના ઘણા ઘણા આશીષ વચ્ચે મુંબાઇ પાછી ફરી.

તેણીની સુવાવડનો વખત લગભગ માથે આવતો હતો. વખત સપાટા સાથે પવનની પાંખપર વહયો જતો હતો, અને સુના માસી જેવી એક પાકટ અનુભવી બાનુને હસ્તક તે પ્રસવપ્રસંગને અનુસરતી સઘળી સામગ્રીઓ તૈયાર કરવામાં આવી હતી.

તે ફીરોઝને એક ઘડી બી પોતાનાં મનથી હજી વીસારી શકતી ન હોતી. તેનાં કાગળોના જવાબો ફરી નહીં વલવાની માહેતમપોશીમાં આજ વેર તે જેવી ને તેવી ગીરફતાર હતી. ભોળી બાળા! તેને ખરી હકીકતની શી માહીતી હોય? તે કેમ જાણી શકે કે ફીરોઝની લુચ્છી માતા હજી પણ પોતાનું કરપીણપણું છોડતી ન હતી? કરમસંજોગે એક પછી એક તે બન્ને કાગળો તે ડોસીનાજ હાથમાં જવા પામ્યાં, ને તેણે રતાંનાં હરફ

તાબરતોબ પીછાંણી તે એધડક છુપાવ્યાં, ઉખેડીને વાંચ્યાં. અને ફીરોઝના હાથમાં તે જવા પામે નહીં તે મકસદથી માહ કરપીણુપણે તે બન્ને કાગળો સઘડીમાં તરત ને તરત જલાવી મેલ્યાં હતાં!!

તે વરબઇએર એકઠાં થાય તેવું હજીએ તે ચાહતીજ ન હતી. તેઓના લગન તેણીની જીંદગીનું કાતીલ ઝેર પુરવાર થયાં હતાં. એ મોટાં કીસુભાગ્ય લગનનાંજ પરીણામમાં તે મા દીકરાનો સદાનો વિયોગ થવા પામ્યો હતો, અને ત્યારે પોતા ઉપર ગમે એવું ગુજરવા છતાં તે કેમ પોતાની મુફલેસ વહુને માફ કરી શકે? તેણીએ પોતે એ જે કપાત્ર કામ કર્યું તે તેની પોતાની નજરમાં ખુદા વાજબી અને ખરૂં હતું, કે જ્યારે ખુદાની તો તે આ જીંદગીમાંજ નહીં પણ પેલી દુન્યા માટે બી મોટામાં-મોટી ચોર થઈ હતી તેનું તે લુચ્ચી અબળાને ભાન રહ્યું ન હતું!

એક દિવસ સુનામાસી રતાંના ઓરડામાં ગઈ, તો તેણે તે છોકરીને લાંબી છર ભોંય ઉપર ઉંધે મસ્તક સુવેલી પડેલી જોઇ!

શું તે મરી ગઇ હતી?

મીઠીબાઇ અવારનવાર રતાંની ખબર લેવા આવતી હતી, અથવા તો કાલજી કરીને કાગળો મારફતે તે તેની ચાલુ ખબરઅંતર મંગાવતી રહી હતી. વળી રતાં પણ પોતાની સરજતને તાબે થઇને શાંતતાથી રહેલી જણાતી હતી. તેનો વર તેની કાકલુદીઓથી બી નહીં મનાઇ શકાયો એ વાસ્તેનો તેનો ગમ ને કકલાત રોજનો હતો, પણ તે છતાં તે વધતીઓછી ખુદા પાસ સબર માની રહેલી જણાતી હતી.

"કદાચ તાહરાં કાગલ તેને મલ્યાંજ નહીં હોય?" સુનામાસી તે છોકરીની દયા ખાઇને કેહતી.

"નહીં માસીમાએ,"—રતાં તે ડોસીને માસીમાએજ કેહતી હતી, "જો કોઈ સંજોગથી તે કાગલો તેવણુને નહીં પુગવા પામતે તો તે મને પાછાં ફરતે, પણ તેમ તે ફરયાંજ નથી એટલે તો પુરવાર થાયછ કેની કે તે કાગળો તેવણુને પુગાં, અને તોબી પોતે આવવાની કે મળવાની તેવણે

દરકાર કીધી નહીં? પણ એ બી એક લેખે ઠીકજ થયું છે, કેમકે હું નથી ધારતી કે હું આએ માહરી સુવાવડમાં જીવવા પામું, અને હું જો મરીને સુખી થવશ તો તે લેકો બી પરણીને સુખીજ થશે."

તે કલાકોના કલાકો સુધી ફીરોઝનોજ વિચાર કરતી બેસતી. તેને ચીરાએ પોતાની પક્ષમાં જીતી લીધો હતો એમ તે હવે ખાત્રીપુર્વક માનતી દેખાતી હતી. પોતાના ખ્યાલોની આંખમાં તે તેઓને ભેગાં ઉભાં રહેલાં, હસ્તાં બોલતાં, અને એકએકસે લાડ કરતાં જોતી હતી, અને એવી મનની ઉસ્કેરાયલી હાલતમાં તે બેફાંમ જેવી બનીને અંતે મોહોત માંગતી!

સુનામાસીને ત્યાં કાંઇ પેપરો આવતાં ન હતાં; ને રતંને પોતાને બી કાંઇ ઝાઝો વાંચવાનો શોખ નહીં હતો, પણ વખત તેને માંથે અતીઘણો ટીંગાઇ રેહતો ત્યારે પોતાના દુઃખી વિચારોથી છુંટી પડવા કોઇક વાર તેનું મન થઇ આવતું તો તે એક પાડોશીને ત્યાંનું મુંબાઇનું ન્યુસપેપર અવાર-નવાર મંગાવતી, અને તે પર એક દુઃખી નજર નાંખી જતી. એમ કરતાં એક દિવસ તેણીએ તે પેપરમાં એક હેબતાવનારો ફકરો વાંચ્યો, કે જેણે તેનું જીગર આરપાર ચીરી નાખ્યું. તે ફકરો નીચે મુજબ હતો—

"મોટે ખાંચરેની એક નાલેસીની વાત ઘણે પાકકે પાયે અમારા સાંભળવામાં આવી છે, અને હાલમાં અમો નામઠામ આપવાને ખુશી નથી તોપણ જલદીજ તે વરઘોડો વાજતે ગાજતે કોર્ટની હેવડીએ પુગવાનો છે, એટલે અમોરાં સર્વ વાંચનારાઓને તે માટે લાંબો વખત સુધી ટપવું પડવાનું નથી. સાંભળવા મેળે મોટે ખાંચરેના એક પારસી જવાને પોતા કરતાં એક ઘણી ઉતરતી પદવીની એક ગામરયન છોકરીને પરણવાની ભુલ કરી છે, અને તે લગનને લાગતાંવલગતાંઓ એક ચોકકસ બારીકીનો લાભ લઇને હવે રદબાતલ ઠરાવવા માંગે છે, કેમકે તે જવાનની ઘણે મોટે ને સારે ઘેર બીજી વારની સાજવારી થવાનો દરેક સંભવ છે."

ખરી રીતે તો આ ફકરાને ફીરોઝ સાથે કશુંજ લાગતુંવલગતું નહીં હતું! તે કોઇ એક બીજાજ જવાંનને લગતી બીના હતી કે જેની વારતાને

આપણી વારતા સાથે કશોજ સબંધ નહીં હોવાને લીધે અમો અત્રે તે વીગતો આપીને લંબાણ કરવા યોગ્ય નહીં; પણ રતાં તો પોતાની ઉશ્કેરાયલી તબીઅત સાથે એ સઘળા સમાચાર પોતાને લગતાજ માની ગઇ, અને ત્યારે તેનું જીગર અમોએ ઉપર કહ્યું તેમ આરપાર ચીરઇ ગયું. તેણે જોયું કે ફીરોઝે જવાબ નહીં કર્યો તેનું કારણ આજ હતું. તે તેને મુતલગ ચાહતોજ ન હતો, ને વીલ્લુ સાથે ફરીથી પરણવાની ઝેહમતમાં પડયો હતો. તે અદેખાઇનાં ભડકાંમાં જળીને ખાખરાખ થઇ ગઇ, અને "ફીરોઝ! ફીરોઝ!!"ની ચીસ પાડતી તે ઉંધે મસ્તક ઉપર કેહવા મુજબ બેહાંમ અને બેહોસ જમીન પર તુટી પડી!

પ્રકરણ ૩૬ મું.

સુનામાસીએ ગભરાઇને મીઠીબાઇને તાર કર્યો, અને રતાંને એ મુજબ પડેલી જોઇને તેણે શોર કરવાથી પરગજુ પારપડોસીઓથી તે ઘર એક તડાકે ભરાઇ ગયું. એ પછી ડાકટરની તરત દોડ પોંહચાડવામાં આવી પણ રતાંની હાલત એ રાત સુધીમાં વધારે બિગડતી ચાલી, અને ડાકટરે વકી રાખવા જેવું કહી મેલ્યું હતું તેમ તે મધરાત્રે તેણીને ત્યાં એક બાળક બેટાનો જન્મ થયો, પણ તે સુભાગ્યનું તે કમભાગ્ય માતાને પોતાને ભાગ્યેજ ધ્યાંન હતું! તેની હાલત એકદમ વધારે ખરાબ થતી ચાલી, અને ડાકટરોએ તેનાં જીવવાની આશા મુકી—તે એટલે સુધી કે તે થોડી ઘણી હુશીઆરીમાં આવી ત્યારે તે પોતેજ પોતાની હાલત સમજી જઇ શકી. એ ઉપરથી પોતાનાં તરતના જન્મેલાં નિરદોશ બચ્ચાંનો હવાલો ફીરોઝને હાથ જાએ તેવી કીસમે કોણને સોંપવો તેનો તેણીએ પોતાનાં મોહોતનાં બિછાણાંમાં એકાદ પળ મગજ ઠેરવીને વિચાર કર્યો, અને પછી પોતાના વરને બંગલે પેલી વીરા ઉપર તેણીએ પોતે એક તાર તાબરતોબ વીગતવારે કરાવ્યો. તે છોકરીએ તેણીની મોટાં-મોંમોટી દોસ્ત થવાનો તેને કોલ આપ્યો હતો, માટે તે એ મા વગરનાં

બચ્ચાંની મા થશે અને તે બચ્ચાંને તેના બાપ જોડે મેળવશે એમ રતાંને લાગ્યું, માટે સુખલી ડોસાંની નોકરીમાં તેણે તે છોકરીને પોતાનું જે નામ આપ્યું હતું તેજ નામનો તાકીદના મેળાપની આરજુનો પોતાનાં હાલનાં તારાપોરનાં મથકનાં ઠરેઠેકાણાં સાથે રતાંએ વીલ્લુને તાર કરાવ્યો.

તે દોડતી આવી. આ તાર મળવાથી તે અતી ઘણી અજબ થઇ ને તેજ રાતના મેલમાં પોતાના કારભારી અને એક આયા સાથ નિકળી પડેલી વળતી સહવાર પહેલાં તો રતાં હતી તે ઘરમાં વીરા આવી પુગી. તેને એસ્તેકબાલ લેવા મીઠીબાઇએ માણુસ મોકલ્યું હતું. તેણીના ગભરાત ને અજાએબીની હદ ન હતી.

મીઠીબાઈ પેહલાં તેણીને એકાંતમાં મળી, અને પોતાની ઓળખ પોતેજ આપી. તે ધારતી હતી કે પોતાના લક્ષાપતી પતીની મશહુર આબરૂને લીધે તે શ્રીમંત ઘરની છોકરી તેને ઓલખ્યા વગર રેહશેજ નહીં, પણ તેમ નહીં થવાથી તે ગમે એવા આ ગભરાતને સમયે પણ અતી ઘણી નાઉમેદ બની !

"તે બીચારી મરવા હુતીચ," મીઠીબાઇએ ઉપર ટપકેની ઓળખ-પીછાંણુ પુરી થતાં કહયું; "મને લાગે કે પોતાના બચ્ચાંનો હવાલો આપ-વાજ એણે તમોને આણીફા તેરાવેલાં.

"બચ્ચાંનો હવાલો ?"—અને વીલ્લુ એકદમ ચમકી !

"એ ખરેખરી કોણ છે તે તમો જાણો ?" એ ઉપરથી મીઠીબાઇએ કહયું,—અને હવે કશો બી ભેદ છુપ્યો રાખવાની કશી જરૂર નહીં જોઇ-રતાં ખરેખર કોણ હતી તે તેણે ભેદ ભાંજીને તે જવાન છોકરીને કહયું.

તે અજાએબીની એક ચીસ સાથે પાછલ હઠી ગઇ ! તે શું બનવા-જોગ હતું ! એ શું માનવાજોગ હતું કે તે ફીરોઝનીજ પરણી મોહરદાર હોય ? અને હવે વધારે ખુલાસાઓથી તે વિષે તેણીની ખાત્રી કરવામાં આવી ત્યારે તે એદલજી ઈંડાંવાલાની મીઠીબાઇને પણ ઓળખી શકી. ત્યારેજ તેણીએ યાદ કર્યું કે તેની મમાઇને ત્યાં તે છોકરીને નોકરી આપ-

વનાર તરીકે એ મીઠીબાઇનું નામ અવારનવાર બોલાતું હતું. વળી તેણીએ યાદ કર્યું કે રતાંને એક ત્રાહીત જાણીને ફીરોઝ માટેના પોતાના મોટા પ્યારની વાત તેણીએ વીગતવારે તેને કહી હતી; અને તેમ કહીને તેણીએ પોતેજ અંજાણ ભોળાઇમાં જાણે આ બધી વધતી ખરાબી કરી હતી!

તે થથરી ગઇ. એ સઘળી ગઇગુજરીઓ એક ઝપાટે યાદ કરતાં તેની છાતી ધ્રુજી આવી; પણ હમણાં પસતાવો કરવાનો પણ વખતજ ક્યાં હતો?

"તમે એકદમ એના વરને તાર કરો," તેણીએ માંગી લીધું. "ફીરોઝને એકદમ અત્રે આવવું જોઇએ."

"તેને તાર કરવો તદન ફોકટ છે," મીઠીબાઇએ લગભગ ગુસ્સાથી તપી આવી કહ્યું. "તેજ તો એ પોરીનો ખુની છે! તેનેજ લીધે તો એ બચારી મરવા પડેલી! બીચારીએ બબે કાગળો તેનીપર મીનતજારીનાં લખેલાં, પણ એ કોઇ પથ્થરનાં કલેજાનાં પારસીએ તે બેઉ કાગળો ડોનકેર કરેલાં"

"તે કદી બી બનેજ નહીં," વીલ્લુએ તેટલાજ ગુસ્સાથી ને જોસથી કહ્યું. "તેના જેવો વર કોણ થશે? તે હજુર વેર તો પોતાની પરણીત મોહરદારની જુદાઇનો ગમ મુકતો નથી! તે છોકરી તેને મલવા મંગેછ એવો જો તે સંસારો બી જાણવા પાંમતે તો તે દોડીને આવ્યા વગર રેહતેજ નહીં."

"પણ મા, મેં મારે હાથે આગળ રહીને તે કાગળો લખાવેલાં, ને મેં પોતે આગળ રહીને તે ટપાલમાં નખાવેલાં ને તું ના કેહ તે કેમ ચાલે?"

"ત્યારે એમાં બી કાંઇ દગલબાજીજ થયલી છે," વીલ્લુએ દુઃખથી કહ્યું. "કોઇએ બી તે કાગળો ગડાવેલાં છે; પણ ચાલો, મને એ છોકરી સાથે જલદી મેલવો. ખુદા જાણે તે મને કેમ માફ કરશે!"

તેઓ ધીમે કદમે રતાંવાલા ઓરડામાં દાખલ થયાં. ત્યાં અસલી ઢપના એક નજીસ પરડાનાં કેદખાનામાં એક ખાટલી ઉપર તે સુંદર અબળા પડેલી હતી. તે મોહોત જેવીજ ફીકકી હતી. ને અરધી બેહોંશ હતી. તે ઝાઝું જીવવાની હોય એમ લાગતુંજ ન હતું.

વીરાએ આસપાસનાંઓની પરવાહ કીધા વના તેની છેક નજદીક જઇ તેના કાનપર પડી પોકાર માર્યો, અને રતાંએ ઝળકાતથી આંખ ખોલી તેની તરફ જોયું.

"હું આવીછ, બેહન," વીલ્લુએ કહયું. "હું સઘલું જાણીને આવીછ; તું મને માફ કરશે ?"

"મેં તમારે વાસ્તે કદી બી બુરૂં માન્યુંજ નથી," રતાએ ધીમે સાદે કહયું. 'તમે માહરાં બચ્ચાંની માએ થવાનું ને એ કમનસીબ બચ્ચાંને તેના બાપ સાથે મેળવવાનું કબુલ થાવો તો હું સુખથી મરૂં. માહરા મુવા પછી તમે સુખેથી તેની સાથે પરણજો, અને જેમ માહરા ધણીને તમે હાથ કરો તેમજ માહરાં માએ વગરના બચ્ચાંને બી હાથ કરીને તેની માએ થજો !"

"પણ તું ફીરોઝને મળવા ખુશી છે ?"

"હું તો ખુશી છેઉં પણ તેવણ નથી," તેણીએ આંખોમાં આંસુ લાવી કહયું. "મેં તો બએ વખત ઘણી કાકલુદીથી મને માફ કરવાનું લખીને તેડાવ્યા પણ તેવણ આવતા નથી."

"ત્યારે હું તુંને આજ ને આજ તેવણ સાથે મેળવી આપું,"—અને તે તરતજ તે ઓરડામાંથી બાહર ગઈ. તે પોતે તાર આફીસમાં ગઇ, ને પાધરો ફીરોઝ જ્યાં હતો તે મુકામ પર તેણીએ વીગતવારે એક તાર કર્યો.

ફીરોઝ તે તાર વાંચતાં એકદમ હબતી ગયો ! રતાં મરવા સુધી હતી અને વીરા તારાપોર ખાતે તેની માવજતમાં હતી એ બધી અજબ-જેવી કેફીઅતોએ તેને જાણે બેહોસ બનાવી મેલ્યો !

તે સૌથી પેહલી ટ્રેન જે હાથ આવી શકી તેમાં નિકળ્યો. તેને લેવા વીલ્લુ પોતેજ સ્ટેશનપર આવી હતી.

તેણીએ સઘળી વાત માંડી મેળીને કરી, અને ફીરોઝ એવા અજબ જેવા સંજોગોની તે કેફીઅત સાંભળતાં અકકલથી હેરત રહયો. વળી રતાં મરવા સુતેલી હોવાની વાત સાંભળીને તે એક બુઢયા કે બાળક માફક ઠાબો ખેંચીને રડયો, અને તે અક્ષેસના સાહેબે તેને ત્યાં એક બાળક બેટાની નવાજેશ કરેલું સાંભળીને તે પોતાનાં મોટાં દુઃખ વચ્ચે બી ઘણો ખુશી અને શુગરગુજાર થયો. તેને છડાંવાલાની મીઠીબાઇ માટે પણ અતી ઘણું માન બરપા થયું. તે અબળાએ રતાંને માટે અવલથી આજતક જે જે કર્યું હતું તે તેની ભલાઇ ને ભલમણુસાઇની સઘળી વાત સાંભળી તે ઘણોજ તાજુબ થયો; તાજુબ થયો એટલુંજ નહીં પણ તે ગામરયણુ ડોસી તરફની પોતાની વર્તણુક માટે તે ખરેખર લજવાઇ ગયો. વળી પેલાં બે કાગળો જે તેને કદી પોંહચવાજ પામ્યાં ન હતાં તે વાત પણ પહેલીજ વાર તે હમણુંાંજ જાણુવા પામ્યો.

હવે તેઓ ફુલ જેવાં નરમ કદમે તે બીમાર ઓરડામાં દાખલ થયાં. તેઓને ઘણીજ સંભાળથી કામ લેવું હતું. રતાં ઓચંબાની કે હરખની મારેલી ફીરોઝને જોઇને નહીં મરતી બી મરી નહીં જાએ તે માટે ઘણી સંભાલ લેવાની ડાકટરે તેમને સખત તાકીદ ફરમાવી હતી.

વીલ્લુએ રતાંને કાંન પર પડીને ઘણાક હાંક મારયા, પણ કશોજ જવાબ મળી શકયો નહીં. શું તે ફીરોસ્તાઓમાં મળી જઈ ચુકી હતી?

"મને લાગેછ કે તમે ઘણા મોરા આયા," વીલ્લુએ પોતાની છાતીમાં ઉભરાઇ આવેલું એક મોટું દચકું દબાવી દેવાની વ્યર્થ કોશેશ કરતાં કહયું. "ડાકટરને જલદીથી પાછા તેરાવો; મને લાગેછ કે એનો જવાંન જીવ આખર થઇ જાએછ."

હવે ઘણા મોટા ગભરાતમાં થરથર ધ્રુજતો ફીરોઝ પોતે બિછાંણાં આગળ પડયો. તે એક ચીસ સમેત તેની આગળ ફસડાઇ પડયોહ અને

તેની તે ચીસે રતાંનાં અંતરને જાણે એકદમ જગાડયું હોય અને જે થોડીઘણી હયાત તેનામાં બાકી રહી હોય તે તેની યારીએ તેથી ઉભરી નિકળ્યું હોય તેમ રતાંએ સુસ્તપણે આંખ ખોલીને આસપાસ જોયું

તે ફીકકા હોઠો સહેજ મલકાતમાં હસ્યા!

"રતાં, વાહલી રતાં, હું આયોચ તે તું જાણી શકેછ?" ફીરોઝે તવલાતથી પુછયું.

"તમે છેક અત્યારે આયા?" તે જેમ તેમ ઝેહમતથી બોલી,—ને પછી પોતાનાં બચ્ચાંને લગતું તે કાંઇ બબડી, જે ફીરોઝ બરાબર સાંભળી શકયો નહીં. તે ઉપરથી આસપાસનાંઓએ તે મોટી દોલતના ભવીષના વારેસને લાવીને તેને બતલાવ્યો, અને તેમ થતું જોઇને રતાં ઘણી રાજી થયલી દેખાઇ.

"એની જતન લેજો," તે વળી થોડે વારે બોલી; "વીરા સાથે પરણ્યા પછી બી એ બચ્ચાંની ઘણી જતન લેજો."

"તું મરી જશે તો હું બીજાં કોઇ બી સાથે કદી પરણવાનો નથી," ફીરોઝે જુસ્સાથી કહ્યું. "તારા સિવાય બીજીને મે કદી બી ચાહીજ નથી, ને હું કોઇ કાલે બી બીજી કોઇને ચાહવાનો નથી."

"ત્યારે મેં માઇનાં બબે કાગલો લખ્યાં તો આયા કાંય નહી?"

"મને તાહરૂં એક બી કાગલ મલ્યુંજ નથી," ફીરોઝે સચ્ચાઇનાં નિષ્કલંકપણાંથી કહ્યું. "મેં તો તે બધી વાત અહીં આવ્યા પછીજં જાણીય."

રતાંએ મોટા સંતોષથી આંખ વીચી દીધી; તેનાં મનનું મોટી હદ સુધી સમાધાન થયલું દેખાયું.

"મને કાગળો મલતે તો હું એક પળ બી આવવાનું ખોટી કરતે નહીં," ફીરોઝે પાછું કહ્યું. "માહરી વાહલી, તું મરશે નહી; ખુદા માહરે ખાતર તાહરી સમાલ કરશે."—અને પછી રતાંના સવાલના જવાબમાં

પેલો પેપરનો ફકરો તેને લગતો હતોજ નહીં તે વિષે તે ભલા જવાને તે મરતી અબળાની ખાત્રી કરવા જોગું ઘણું કહ્યું, કે જ્યારે રતાં હદ વનાની ખુશાલીની ઠાકથી આજેજ થયલી જલ્દીજ પાછી એક એફ્રીમીની ઉંઘમાં ઉતરી ગઇ.

ડાકટરને વળી પાછો તેડયો, અને તેણે ત્યારે તપાસ કરીને કાંઇક ખુશાલી દેખાડી. "જો એ છોકરી આએ એનાં મોહોતનાં બીછાણુંમાંથી બચશે તો તેને બચાવવાનું માન, બાઇ, તમોનેજ છે," તેણે વીરા તરફ ફરીને કહ્યું; "જો એવણુ સાહેબને તમે એટલી તાકીદથી નહીં બોલાવ્યા હોતે તો માહરી ગણુત્રી મુજબ અત્યારે તો એ છોકરી આખર થઇ જવી જોઇતી હતી."

તે કલાકો સુધી ઉંઘી રહી, અને તે કલાકો તલક આતુર ચોકસીમાં ફીરોઝ અને વીરા તેની બોરદુમાં ખંતથી બેસી રહયાં. તેઓ ડાકટરના હુકમ મુજબની તેની આવજાવ માવજત કરતાં જરાએ ઠાકયાં કે કંતાલ્યાં નહીં. ફીરોઝે તો મોટા ખરચથી મુંબાઇનાં મોટા ડાકટરોને બી ત્યાં એકઠા કરવાની તજબ કરી, પણુ તે ગામરેના તે ગરીબ પણુ હુશીઆર ડાકટરે તેવું કશું કરવાની હવે જરૂર જોઇ નહીં. તેણે ફીરોઝનાં આવ-વાથી રતાંની તબીઅતમાં એકદમ એક અકકલ નહીં કબુલ કરી શકે એટલો મોટો ફેરફાર પડી ગયલો જોયો, અને દેખીતી રીતે તેનાં મોહનું કારણુ દુર થઇ ગયલું હોવાથી તેને હવે તેને જીવાડવાની ઘણી ઉમેદ અને ઘણી હીમ્મત આવી ગઈ હતી! હજી અલબત ઘણી જીવસતોસત વાત હતી, પણુ કદમ કદમ ચાંપતા ઉપાયોથી રતાંને કરપીણુ મોહતના પુઞ્જામાંથી પાછી અને પાછી છોડવી લેવામાં આવતી હતી.

તે બાકીનો દિવસ અને તે આખી રાત તેજ મુજબ રતાંની અર્ધ બેભાનીમાં ગુજરવા કેડેની સહવાર સખની ને સુખની આવી. રતાંની તબીઅતમાં દેખીતો મોટો ફેરફાર થયો. તે વધારે ખુલ્લા સાદે વાત કરી શકી અને વધારે હુશીઆર રહી શકી, જે જોઇ ફીરોઝનો હર્ષ માયો-સમાયો ગયો નહીં!

"માહરી બહેરીને જીવાડવા ને મને પાછી સપુર્દ કરવાનું બધું માન તમોને છે, બાઇજી," શીરોઝે ઇડાંવાલાની મીઠીબાઇને કહ્યું. 'મેં તો તમોને ઘણો ગેરઇનસાફ કીધેલો મને યાદ આવેછ ત્યારે હું લજવાઇ જાઉંછ. તમે માહરી રતાનાં મોટાંમાંમોટાં દોસ્ત તરીકે સદા માહરી આંખો-પર હવે પછી માહરે બંગલે આવતાં જતાં રેહજો. હું તમારૂં ને એદલજી શેઠનું હેસાંન જીવશજાગસ ત્યાં સુધી ભુલશ નહીં"—અને ઇડાંવાલાનાં મીઠીબાઈ એ કીંમતી સુખનોથી રાજી રાજી થઇ ગયાં, કેમકે તેઓએ એવા એક બી બદલાની ઉમેદ વગર જે કીધું તેનો આયદે પોતાની મરજીને જવાબ કરતોજ બદલો મળવાથી તેમને ઘણી ધીરજ મળી. તેઓએ જોયું કે હવે શીરોઝ ને રતાં જેવાં વગદાર દોસ્તોની બાંહે-ધરી ને મદદથી શ્રીમંત સરકલમાં તેઓ પોતાની ઘણી દીકરા સાથે આગલ પડી શકશે, અને તેઓના પૈસાને મુકાબલે તેઓને ફકત એ એકજ વાતની ખોટી હતી અને એજ તે ત્રણેનો રાત દીવસનો લોભ હતો તો હવે બીજું શું જોઇએ ?

વીરાનો ઉપકાર તે વરબઇએરે માનવાની જરૂર જોઇ નહીં. તે શીરે-સ્તાઇ ખસલતની જવાંન આનું એક શીરેસ્તોજ પુરવાર થઇ હતી, તેણેજ આવીને રતાંને જીવતદાંન આપ્યું હતું, અને તે વરબઇએરે તે બીનસ્વાર્થી બાનુંનું એ હેસાન બેહદ કીંમતી જાણતાં હતાં.

અંતે તે દિવસ આવ્યો કે જયારે બારીબારણાં ફરાગતથી ખોલીને રતાંના ઓરડાને ખુશનુમા બનાવવામાં આવ્યો, અને તે મોહતમાંથી માંદમાં આવેલી બાળા પોતાના ધણી સાથે એકાંતમાં ખુશમીજાજે તહ-રેવાર વાતચીત કરતી બેઠી હતી. તે જાણે આગલની હઠીલી રતાં હવે હતીજ નહીં! શ્રીમંતોની તે સુંઆત્રી અબલા હવે પોતાના શ્રીમંત ખાવીંદ અને બચ્ચાંને ખરાં જીગરથી ચાહતાં શીખી હતી! હવે આરસ-પરસ ઘણા બીજા ખુલાસા થયા. હવેજ શીરોઝે જાણ્યું કે તેની આગે રતાંને ખુલ્લેખુલ્લું કહ્યું હતું કે શીરોઝે એ લગન રદબાતલ કરાવા ખુશી

હતો' અને ત્યારે તે તેને અપજશ આપીને નાહસી ગઇ તેમાં તેણે જોયું કે અજાએબી શી હોય ?

પણ હવે જ્યારે પાછી ઘરે જવાની વાત આવી ત્યારે રતાંનો ચેહરો દર્દમંદ થયો. "મને પાછી તમારાં માએ સાથેજ લઇ જઇને રાખવા માગોછ ?" તેણીએ ફીકરમંદ પુછ્યું.

"પણુ માહરાં માએ તુંને અહીં પોતે લેવા આવે," ફીરોઝે આતુર સવાલ કરયો, "અને પોતાની ચાલ વાસ્તે દલગીર બતલાવીને તથા તુંને હવે પછી ચાહવાનું પ્રામીસ કરીને લઇ જાએ તો તું આવશે કેની ?"–અને તાબેદાર રતાંએ ત્યારે નમનતાઇથી કહ્યું, "હા."

પ્રકરણ ૪૦ મું

સુખી સેવટ.

ફીરોઝની તુમાખી માતા મહેરબાઇ અતી ઘણી દુઃખી હતી. તેણે પોતાના દીકરા સાથે સલ્લાહ કરાવવા વીલ્લુની મદદની આર્જુ કરી તેને તેડાવી હતી, પણ તેણીના તે હેતવંતા પરીશ્રમો બી સઘળા વ્યર્થ ગયા હતા. તેની નાની બેટી ધની પોતાને મનને ગમતો ભરથાર નહીં. પામવાનાં દુઃખમાં દેખીતી રીતે તવાતી જતી હતી, અને હીરૂનો સંસાર બી કોઈ રીતે જોઇએ એટલો સુખી હતો નહીં. એ રીતે દોલતના દરંગ છતાં સામટી રીતે પોતાનાં બચ્ચાંઓના બાબમાં તે ડોસીએ જોયું કે તે પોતે ઘણી કમબખ્ત ને દુઃખી પુરવાર થતી હતી !

તે અગત કરીને પોતાના દીકરા જોગાં આવેલાં તેની પરણેતરનાં બે કાગળો ઉતાવલી હુંફમાં તેણે બાળી નાખ્યાં તે માટે દુઃખી બની રહી હતી. તેના જીવને જરાએ જપ કે કરાર ન હતો. તે દીકરો જો એ

વાત જાણુવા પામે તો તેનું હવે મુવે મોઢું જેવાનો નથી એમ તેને લાગ્યું, અને પસતાવાનો કીડો તેનું જીગર તેથી કોરીને ખાઇ જતો હતો, એટલે અને તે પેતાની દીકરીઓ આગલ રહીને તે પોતાનાં મોટાં પાપ માટે પોતાની છાતીને ખુલાસો આપ્યા વના તેને ચાલ્યું નહીં!

તે છોકરીઓએ તે વાત દવાઇને સાંભળી, અને પછી પોતાની માની એ હેમાકાત બલ્કે મોટાં પાપ માટે તેણીની ઉપર તેઓએ ઝાડનાં-ઝાડ તોડી પાડયા; અને તે જેફ્ અબલાપર તેથી ઘણીજ ગંભીર અસર થયલી હતી તેજ ઘડીએ ખોદાના નીર્માણ કરેલા સંજેગો મુજબ ફીરોઝ પોતે ત્યાં આવી લાગ્યો.

તેને એમ અચંબુચ આવેલો જોઇ તે માતા અને બેહનો ગભરાઇ ગઇ. કશી બી ખબર આપ્યા વના એમ કશાં બી જોરાવર કારણ વગર તો તે આવેજ નહીં?

તેઓ તેને ધસીને મલવા જવા ગયાં, પણ એક હાથની અધીરી અછાતથી તેણે તેઓને બધાંને દુર રાખ્યાં. "પેહલાં આપરે થોરીક વાત કરી લઇશું," તેણે તુમાખથી ને થરસાથી કહ્યું. 'માએ, મારી રતાં મરવા સુતેલી હતી, અને તે એક મોજેજાથીજ બચી છે; જો તે મરી જતે તો તમેજ તેનાં ખુની કહેવાતે! તમે તેનાં બે કાગલો માહરા જોગાં અત્રે આવેલાં ચોરયાંછ એ વાત ખરી છે કે નહીં?"

તે જેફ્ હોઠો આ પાધરા આરોપના જવાબમાં થરથર ધ્રુજયા! તે હોઠો કશો અવાજ કરી શકયા નહીં! 'મમા એ માટે ઘણુંજ દલગીર છે, વાહલા ફીરોઝ," હીરૂએ તેથી બીહતાં બીહતાં કહયું.

'હું બી તે વાસ્તે કાંઇ કજ્યો કરવાજ આવ્યો નથી," હવે ફીરોઝે કહયું. "હું તો હજી બી એવણુ ચાહે તો એવણુ સાથે નાખતી કરવા ને દોસ્તી કરવા આવેલો છેઉં,"—અને પછી રતાંને ત્યાં એક બેટો અવતરવાની તે હરખાવનારી કેફીએત અને તેની ભયંકાર માંદગીની તમામ

હકીકત તેણે તેઓને બ્યાન કરીને કહી, અને રતાંની હવે પછી સદા માટે દોસ્ત થવાની તેણે તેની મા પાસે કબુલાત માંગી.

એક થોડીક ઝેહમત—અને તે માતા અંતે મનાઇ! રતાં સાથે શત્રુવત કરવામાં હવે પોતાની ખોહારી સિવાય બીજો એક બી ફેજ નહીં હતો તે તેણે એક તડાકે જોઇ લીધું. વળી તેને ત્યાં બાળક બેટો અવતરવાથી એ લગનનો પાક હક પરવરદેગારે એકદમ વધારે પાકકો કરી આપેલો પુરવાર થતો હતો તે બી તેણે જોયું, અને ત્યારે પોતાના દીકરાની દરેક માફ માંગીને તે વહુદીકરાને વાજતેગાજતે પોતે જાતે જઇને ઘરમાં લાવવા તે ફાંટાબાજ માતા સતવચનથી કબુલ થઇ, એટલુંજ નહીં પણ ખરાં દીલથી ખુશી થઇ!

હવે તેની સઘળી જાણે વલાંણુજ ફરી ગઇ! હવે તેને એ હીલચાલમાં સુખ અને સુખજ દેખાવા લાગ્યું, અને તેજ રાત્રે તે ચારે જણાં તેથી તારાપોર ખાતે રતાંને અને તે "નવા પરોણાં" ને હેતથી મલવા ઉપડી ગયાં.

અલબેત તે નાના કસબામાં તો શ્રીમંતોને ઘરના આએ એક બવાડાની વાતે ઘણી ચરચા ચલાવી હતી, અને તોપણ સર્વ કોઇ દીલોજાનથી રતાંની દયા ખાતુ ને પક્ષ ખેંચતું હતું; મગર હવે એક સુખી સેવટથીજ આ લંબાણ વારતા આટોપી લેવી છે એટલે તે વિષે લખીને વગર અગતે અત્રે વધારે લંબાણ કરવા થોબશું નહીં.

તેઓ બધાં હવે ઘણાંજ સંપમેલનાં સુખમાં એકઠાં મળ્યાં, અને પોતપોતાનો ભેદ ભુલી જઇ સંપમેલના સુખમાંજ હવે પછી માટે રેહવા અને જીવવા સંતોષ સાથે એકમત થયાં, રતાંએ તેમાં ઘણો ભાગ ને ઘણો લાભ લીધો. તે તુમાખી માતાપર થયલી ગંભીર અસરોનાં દરમ્યાનમાં અને પોતાની જીતનાં પરીણામમાં તેણે ઘણાં હેતથી તે માતા પાસે ધનીને તેની પસંદગીના ખાવંદ સાથ પરણવા દેવાનું વટીક માંગી લીધું, અને તે માતા કે જેણે ગરીઓને તુચ્છકારવા માટે અત્યાર સુધીમાં પુરતું

બગ્યું હતું તેને સઘળાંઓએ સાથે મળીને એ વાતમાં પણ વશ કરી લીધી !

છેલ્લાં, તેઓ સુખીસુખીઆરાં ઘર પાછાં ફર્યાં, અને ઘેર આવ્યા. પછીથી જીમજીભાઇ સુરતીના અસલી બેટા હોમજીને ખાશ મેહમાન નોતરવામાં આવ્યો, જે આ નહીં વકી રાખેલાં ધનીનાં સુખમાં અચણુચ પાછો પોતાને સુખી થયલો જોઇ ખોદાનું જાબજા હેસાંન માનવા લાગ્યો.

બગલી ડોસાંને પણ ભુલવામાં આવ્યાં નહીં. ફીરોઝ અને રતાં પોતાના બાળક બેટાને લઇને પોતે રાંડેર ગયાં, અને તે ચક્કમ ખ્યાલોનાં અમરગચ્ચાં ડોસાંને મનાવી પતાવીને મુંબાઇ લઇ આવ્યાં. તેઓ પણ મનાયાં ને જીતાયાં, જે રતાંને ત્યાં થયલી તે ગુલાબ જેવા બાળક બેટાની નવાજેસનુંજ પરીણામ હતું. તેઓ ઘણું બડબડયાં ને ઘણું ભડભડયાં, પણ અંતે પોતાનું ઘર બંધ કરી "પાંચ હાત દાહરા" ફીરોઝને બંગલે ઓશકાતાં શરમાતાં મેહમાન આવ્યા અને તે ભાઠેલી વેહવાણુને પણ તુમાખી મેહરબાઇએ એમ છતાં પુરતો ને દીલોજાંન આવકાર આપ્યો.

ફીરોઝનાં લગનની વાત હવે પુરતી રીતે સઘળાં સરકલોમાં આશકારા થઇ, અને સર્વ કોઈ તે નવી મોહરદારને જોવા અને જોઇને ફીરોઝને મુબારકબાદી આપવામાં દીલોજાંનથી ઉશ્કેરાયાં. ફીરોઝે ઇડાંવાલાનાં કુટું-બને પણ તેમનાં સદાના લોભમાં ઘણું પગભર બનાવી આપ્યું. તેઓનો ફીરોઝને ત્યાં જાથુકનો આવજાનો પઢીંગો થયો, અને નાદીર જે ફીરોઝનો એક વાંરં શત્ર હતો તે પણ મનાયો ને હવે મિત્ર થયો. તે ફીરોઝને ઘરે આવતો જતો થવા પછી એક ઘણે સારે ઘેરની છોકરી પર મોહીત થયો, અને ફીરોઝે મીઠીબાઇની મરજીને માન આપીને પોતે મેહનત કરી એ કારજ પાર ઉતારી આપ્યું ત્યારે તેઓ જાણે બધાં જીવતાંજીવત બેહસ્તમાં ગરક ગયાં !

ભલી વીરા પણ તે બન્ને વરબઇરની ઘણાંક વરસો સુધી તો બેહનુ થઇને રહી, પણ અંતે તેનું બી દીલ એક લાયક જવાંન પોતાના

લાભમાં જીતી શક્યો, અને ત્યારે તે પણ પરણીને તેનાં સુખમાં દરેક વાતે સુખી થઇ. સુખલી ડોસાં અને તેઓનો વરસાનવાલો દાકટર મેહરજી પણ આ સઘળી કેફીઅત જાણવા પામતાં જેટલાં તાજુબ તેટલાં રાજી થયાં, અને એ રીતે આપણી વારતાનાં વલાંમાં, દેખાવ કરનારાં સઘળાં અગતનાં પાત્રોએ ઘણીક "લીલી સુકી" નો પેટ ભરતો અનુભવ અને લ્હાવો લીધા કેડે તેઓએ બધાંએ હવે સદા સુખચેનમાં રહીને "ખાધું પીધું ને મોજમજાહ કીધી!"

સમાપ્ત.